સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 10 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૮ માર્ચ ૨૦૨૬, (૨૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૧૧ થી ૧૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,832/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## સૂર્યા સહિત કરોડ ભારતીયોની હાથ જોડીને આજે એક જ પ્રાર્થના કે,
# વિશ્વ કપ થાય આપણો...


અમદાવાદ: ભારતની અત્યંત ટૅલન્ટેડ, ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ માટે પ્રખ્યાત, લક્ષ્યાંક ચેઝ કરવા માટે પણ જાણીતી અને સારા પર્ફોર્મન્સમાં સાતત્યતા જાળવવા માટે વખણાતી ભારતીય ટીમનો આજે અહીં ક્રિકેટની દુનિયાના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લગભગ ૧,૦૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોની હાજરીમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં (સાંજે ૭.૦૦ વાગ્યાથી) જંગ છે જે જીતીને સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપની આ સ્થળ ભારત માટે શુકનવંતુ નથી એવો ટૅગ દૂર કરી શકશે.

૨૦૦૭માં એમએસ ધોનીના નેતૃત્વમાં અને ૨૦૨૪માં રોહિત શર્માની કૅપ્ટન્સીમાં ભારતે આ ફૉર્મેટનો વર્લ્ડ કપ જીતી લીધો હતો અને હવે એ સન્માન સૂર્યકુમારને મળશે તો ભારતીય ક્રિકેટને ચાર ચાંદ લાગી જશે. જોકે ન્યૂ ઝીલૅન્ડની ટીમ મર્યાદિત ઓવર્સની ક્રિકેટ (ટી-૨૦માં કે વન-ડેમાં) ક્યારેય વર્લ્ડ કપ નથી જીતી એટલે આજે એ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા કિવીઓ છેલ્લા શ્વાસ સુધી લડશે એવું કહીએ તો ભારતીયોએ જબરદસ્ત લડત માટે તૈયાર રહેવું પડશે. ૨૦૧૯માં કિવીઓ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં અને ૨૦૨૧માં ટી-૨૦ વિશ્વ કપની ફાઇનલમાં પરાજિત થયા હતા.

૨૦૨૩ની ૧૯મી નવેમ્બરે રોહિત શર્મા અત્યંત હતાશ હાલતમાં અને આંખોમાં આસું સાથે ડ્રેસિંગ રૂમના પગથિયાં ચડી રહ્યો (જુઓ પાનું ૨) ▶▶



**જી લલચાયે, રહા ન જાયે...:** અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ફાઈનલની પૂર્વસંધ્યાએ ટ્રોફી ભણી લાલચભરી નજરે જોઈ રહેલો ભારતીય કૅપ્ટન સૂર્યકુમાર યાદવ. (એજન્સી)

THE JN TATA ENDOWMENT LOAN SCHOLARSHIP
Fall 2026–Spring 2027

About the Program
The J N Tata Endowment extends financial assistance to Indian students who wish to pursue Postgraduate/Doctoral/Postdoctoral studies overseas.
Eligibility
- Open for Indian citizens under 45 years old as of June 30, 2026.
- Graduates of a recognised Indian university with at least 60% marks on average in their undergraduate or postgraduate studies.
- Candidates who have completed at least one undergraduate degree OR those who are in the final year of any undergraduate programme at a recognised university/college/institution in India.
- Candidates admitted to the course recognised as a Graduate Program (postgraduate in Indian terminology).
- Candidates already pursuing postgraduate studies abroad may apply at the end of their first year or the start of the second, provided at least 12 months of study remain at the time of the award (typically in July).

Application Deadline: March 15, 2026
Applications are invited on www.jntataendowment.org
For any queries please write to jnte@tatatrusts.org

# વૉર ઈફેક્ટ: ગેસ સિલિન્ડર હવે ૧૧૫ રૂપિયા મોંઘું

**કમર્શિયલ વપરાશ માટેના ગૅસના ભાવમાં પણ ૬૦ રૂપિયાનો વધારો: જોકે હાલ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો નહીં**

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઊર્જાના વધતા ભાવ વચ્ચે ઘરેલું એલપીજીના ભાવમાં ૧૧૪.૫ રૂપિયાનો અને કમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો મોટો વધારો ગઈ કાલે ઝિંકવામાં આવ્યો છે. જોકે સરકારે એવી સ્પષ્ટતા કરી હતી કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારા કરવાની હાલ કોઈ વિચારણા નથી. ઇન્ડિયન (જુઓ પાનું ૨) ▶▶

# ઈરાને પડોશીઓની માફી માગીને આખરે શરણાગતિ સ્વીકારી: ટ્રમ્પ

**હુમલાઓ બદલ ઈરાનના પ્રમુખે પડોશી દેશોની માફી માગી તોય હુમલાઓ ચાલુ જ રહ્યા: જોર્ડનમાંની ૨૨,૦૦૦ કરોડની અમેરિકી ઍન્ટિ-મિસાઈલ થાડ સિસ્ટમ ઉડાવી ઈરાને**

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે દાવો કર્યો હતો કે ઈરાને મિડલ-ઈસ્ટના તેના પડોશી દેશની માફી માગીને શરણાગતિ સ્વીકારી છે.

ઈરાનના પ્રમુખે શનિવારે અમેરિકા અને ઈઝરાયલ સાથેના એક અઠવાડિયા પૂરા કરનારા યુદ્ધમાં અખાતના દેશો પર મિસાઈલ અને ડ્રોનના હુમલાની માફી માગી હતી. જોકે આ સૂચવે છે કે અમેરિકા અને ઈઝરાયલના હવાઈહુમલાએ દેશને (જુઓ પાનું ૨) ▶▶

079 7136 6982
ARVIND SMARTSPACES
A LIFESTYLE SO Distinct, IT RARELY WAITS
AN ADDRESS CRAFTED FOR THE SELECT FEW WHO RECOGNISE OPPORTUNITY BEFORE THE REST.

LAUNCHING
ARVIND GREENFIELDS
VADODARA'S FIRST SPORTS-THEMED PLOTTED DEVELOPMENT
PREMIUM PLOTS STARTING ₹47.5L+
AVAIL PRE-LAUNCH BENEFITS TILL 15TH MARCH, 2026
SCAN TO KNOW MORE
SITE ADDRESS : ARVIND GREENFIELDS, AJWA ROAD, VADODARA
The stock images and visuals contained herein are digitally enhanced artistic impressions and may vary from the actual Project. All details relating to designs, dimensions, elevations, layouts, plans, amenities, facilities, services, specifications, prices, surrounding infrastructure, furniture, accessories, interiors, and fit-outs, if any, are purely indicative and for representational purposes only, and may not form part of the standard offering or create any representation or obligation on the part of the Developer. Arvind Dream Homes LLP (the "Developer") reserves the right to modify, add, alter, or delete any aspect of the Project, in accordance with applicable laws and approvals, without prior permission/ notice. [Information regarding external infrastructure, connectivity projects, and future events is based on publicly available data and may be subject to change by the respective authorities.] Starting price is indicative and subject to availability. [This Project does not constitute an assured return, guaranteed rental, or guaranteed appreciation program.] This printed material is issued for general informational purposes only and does not constitute an offer, commitment, assurance, or contract of any nature. The Developer makes no representation or warranty, express or implied, regarding the accuracy or completeness of the information contained herein, and in no event shall the Developer or its group entities be liable for any loss or damage arising from reliance on the contents hereof. The official website of the Developer is www.arvindsmartspaces.com, and recipients are advised not to rely on information available on any other website or third-party source.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૮-૩-૨૦૨૬ થી તા. ૧૪-૩-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આખો સપ્તાહ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી બુધ કુંભ રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. મિથુન રાશિમાં વક્રી ગુરુ તા. ૧૧મીએ માર્ગી થાય છે. શુક્ર મીન રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તુલા રાશિમાં રહે છે. તા. ૯મીએ વૃશ્ચિક રાશિમાં, તા. ૧૧મીએ ધનુ રાશિમાં, તા. ૧૪મીએ મકર રાશિમાં રહે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર લાભદાયી થશે. નોકરીમાં પરિશ્રમ, પુરુષાર્થ મહેનત કરાવનાર ગોચરગ્રહો છતાંય સફળતા અનુભવશો. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૩ શુભ જણાય છે. નોકરીના જૂનાં કામકાજ અધિકારીના સહયોગથી પૂર્ણ કરી શકશો. નિજી વ્યવસાયમાં મિત્રો ઉપયોગી થશે. નાણાવ્યવસ્થા જળવાશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ સફળ બનતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવાં નાણારોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૯, ૧૦ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરો, મિત્રો દ્વારા અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. વેપાર વધશે. વેપારના કામકાજ સફળ બની રહેશે. વેપાર માટે જરૂરી નાણાસહાય પ્રાપ્ત થશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૨ શુભ જણાય છે. નોકરીના અધિકારી દ્વારા હસ્તગત કાર્યો સરળતાથી પૂર્ણ કરી શકશો. નોકરી વિશેની મુંઝવણો પણ દૂર થશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. કાર્યક્ષેત્રે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવાં નાણારોકાણ માટે સફળતા જણાશે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરી માટે સંઘર્ષ, પુરુષાર્થ છતાંય યશ મેળવશો. લાંબા અંતરનો પ્રવાસ સફળ જણાશે. નવા કામકાજનો પ્રારંભ થાય. અકારણ નાણાં ખર્ચના પ્રસંગને ટાળી શકશો. નવા કામકાજના પ્રારંભ માટે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો શુભ પુરવાર થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની નવી પ્રવૃત્તિઓ સફળ પુરવાર થશે. સપ્તાહમાં શેરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ અને સફળતા મેળવશો. નોકરી માટે તા. ૮, ૯, ૧૪ શુભ પુરવાર થશે. ભાગીદારીના જૂનાં મતભેદનો ઉકેલ આવશે. મિત્રો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ રચનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં સફળતા, યશ મેળવશો. સહકાર્યકરોમાં સંપ જળવાશે. અધિકારીની કૃપા મેળવશો. આત્મવિશ્વાસ દૃઢ બનવાથી કાર્યક્ષેત્રે ઉત્સાહ જણાશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓનો સહપરિવાર પ્રવાસ જણાય છે. અર્થવ્યવસ્થા જાળવવા માટે આ સપ્તાહમાં મહિલાઓને સરળતા અને સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પર્યટન, પ્રવાસ અનુકૂળ બનતો જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૯, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના હસ્તગત કામકાજ પૂર્ણ કરવા માટે સફળતા મેળવશો. નવી જવાબદારીઓ પણ સફળતાથી પૂર્ણ કરી શકશો. કામકાજમાં યશ મેળવશો. સરકારી કામકાજ પૂર્ણ કરવામાં સરળતા જણાશે. આ સપ્તાહમાં મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને સહકાર્યકરો ઉપયોગી થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જરૂરી માર્ગદર્શનપૂર્વકનો વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૮, ૧૩, ૧૪ શુભ જણાય છે. મિલકતનો નિર્ણય લઈ શકશો. મિલકતના નિર્ણયોમાં પરિવારના સભ્યો પણ ઉપયોગી થશે. વેપારના કામકાજમાં સફળતા જણાય છે. વેપારની જૂની ઉઘરાણીની આવક પ્રાપ્ત કરશો. વેપાર દ્વારા અર્થઉપાર્જન સરળ બનતું જણાશે. ગૃહિણીઓને સંતાનની મૂંઝવતી જવાબદારીઓમાં ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ નિત્ય અભ્યાસમાં નિયમિતતા અનુભવશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નાણાકીય હિસાબ-કિતાબ પૂર્ણ કરી શકશો. નોકરી માટે તા. ૮, ૯, ૧૩, ૧૪ શુભ જણાય છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરશો. નવા કામકાજમાં જરૂરી સાધનો આર્થિક સગવડતાઓ પણ પ્રાપ્ત કરશો. નાણાવ્યવસ્થા વધુ દૃઢ મજબૂત બનશે. મહિલાઓને સંતાનની મૂંઝવતી જવાબદારીઓમાં અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયન અને શિક્ષણમાં નિયમિતતા દાખવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા વેપારના કામકાજ સફળ જણાશે. નોકરી માટે તા. ૮, ૯, ૧૦ શુભ જણાય છે. નોકરીમાં જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવા માટે સફળતા મેળવશો. કાયદા કાનૂની સવાલોનો ઉકેલ આવશે. વેપાર વધશે. નાણાં આવક વધશે. મહિલાઓને કુટુંબના સભ્યોનો પ્રસંગોપાત સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓ માટે અનુકૂળતાઓ જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ કરશો. નોકરી માટે તા. ૧૧, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના કાર્યકરોમાં સંપ અનુભવશો. આત્મવિશ્વાસ દૃઢ બનશે. હસ્તગત કામકાજ પૂર્ણ કરવામાં સફળતા મેળવશો. કુટુંબના સભ્યોમાં મહિલાઓના મતભેદોનો ઉકેલ આવશે. મહિલાઓને પતિનો સહયોગ પરિવારના જવાબદારીના કામકાજમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓમાં માનપ્રતિષ્ઠા પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. અધિકારી દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરવા માટે સરળતા અનુભવશો. કાયદાના પ્રશ્નોમાં રાહત જણાશે. મૂંઝવણો ઉકેલાશે. મહિલાઓની નાણાવ્યવસ્થા સફળ બની રહેશે તથા પ્રવાસનાં આયોજનો પણ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૮-૩-૨૦૨૬, રંગ પંચમી, શ્રી જયંતી

ભારતીય દિનાંક ૧૭, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૫

જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૫

પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭

નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૩-૩૧ સુધી પછી વિશાખા

ચંદ્ર તુલામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૭, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ બપોરે ક. ૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૭ (તા. ૯)

ઓટઃ સવારે ક. ૦૮-૩૫, રાત્રે ક. ૨૦-૪૭

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ પંચમી. રંગ પંચમી, શ્રી જયંતી, બીજોય ગોવિંદ હલદંકર જયંતી (મણિપુર).

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ, ઉપનયન, પ્રતિષ્ઠા.ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, વાયુદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, વાહન, મહેંદી લગાવવી. માલ લેવો, દુકાન, રત્નધારણ, ઉપવાટિકા બનાવવી, વૃક્ષ રોપવા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.

આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, શુક્ર-શનિ યુતિ મર્યાદિત લાગણીવાળા, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, સર્વાંગી ઉદય.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, શુક્ર-શનિ યુતિ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ.

ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૮-૩-૨૦૨૬ થી તા. ૧૪-૩-૨૦૨૬

રવિવાર, ફાલ્ગુન વદ-૫, વિ. સં. ૨૦૮૨, તા. ૮મી માર્ચ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૩-૩૧ સુધી પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. રંગ પંચમી, શ્રી જયંતી, બીજોય ગોવિંદ હલદંકર જયંતી (મણિપુર). લગ્ન, વાસ્તુ, ઉપનયન પ્રતિષ્ઠા. શુભ દિવસ.

સોમવાર, ફાલ્ગુન વદ-૬, તા. ૯મી. નક્ષત્ર વિશાખા સાંજે ક. ૧૬-૧૧ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૯-૨૯ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. સંત એકનાથ ષષ્ઠી, વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૯-૨૯, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૨૭. લગ્ન,ખાત સામાન્ય દિવસ

મંગળવાર, ફાલ્ગુન વદ-૭, તા. ૧૦મી, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૨-૩૯. લગ્ન, શુભ દિવસ

બુધવાર, ફાલ્ગુન વદ-૮, તા. ૧૧મી, નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, શનિ પશ્ચિમાસ્ત, ગુરુમાર્ગી, વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૨-૦૧, લગ્ન, સામાન્ય દિવસ.

ગુરુવાર, ફાલ્ગુન વદ-૯, તા. ૧૨મી, ૨૦૨૬, નક્ષત્ર મૂળ મધ્યરાત્રે ક. ૨૪-૪૩ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ફાલ્ગુન વદ-૧૦, તા. ૧૩મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૨ સુધી (તા. ૧૪મી) પછી, ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. દસમી વૃદ્ધિતિથિ છે. પારસી ૮મો આવા માસારંભ, ભદ્રા પ્રારંભ ક. ૧૯-૨૩. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, ફાલ્ગુન વદ-૧૦, તા. ૧૪મી, નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૮ સુધી (તા. ૧૫), પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૯-૩૨ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. બુધનો પૂર્વમાં ઉદય થાય છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૦, સૂર્ય મીનમાં મધ્યરાત્રે ક. ૨૫-૦૧, મું.૪૫. સમર્ઘ, મીનાર્ક - કમુહૂર્તા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫-03. શુભ દિવસ. ■

# નીતીશ-પુત્ર નિશાંતને ડેપ્યુટી સીએમ બનાવાશે

પટણાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રવિવારે સત્તાવાર રીતે જનતા દળ (યુનાઈટેડ)માં જોડાશે. નિશાંતને વિધાન પરિષદમાં સભ્ય બનાવાશે અને નાયબ મુખ્ય પ્રધાન બનાવાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર નિશાંત અહીં પાર્ટી મુખ્યાલય ખાતે વરિષ્ઠ નેતાઓ, પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યોની હાજરીમાં જોડાશે. પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું કે નિશાંત કુમારે શુક્રવારના રોજ જેડી (યુ)ના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સંજય ઝાના નિવાસસ્થાને પાર્ટીના ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યો સાથે મુલાકાત કરી હતી. તેમજ ભાવિ રણનીતિ પર લાંબી ચર્ચા કરી હતી. નિશાંત રવિવારે એટલે કે આજે સત્તાવાર રીતે જેડીયુમાં જોડાયા બાદ સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે તે નક્કી થઇ ગયું છે. પાર્ટીના અન્ય એક સૂત્રએ જણાવ્યું કે જેડી (યુ)ના વરિષ્ઠ નેતા શ્રવણ કુમાર બિહારના એકમાત્ર પ્રધાન હતા, જે બેઠકમાં હાજર હતા. ■

# મમતાએ કર્યું રાષ્ટ્રપ્રમુખનું અપમાન

## મુર્મૂના કાર્યક્રમનું સ્થળ છેલ્લી ઘડીએ બદલ્યું, મમતા પોતે કે એકેય પ્રધાન હાજર ન રહ્યાંઃ વડા પ્રધાને આ કૃત્યને શરમજનક ગણાવ્યું

સિલિગુડીઃ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ શનિવારે બાગડોગરા એરપોર્ટ નજીક આયોજિત આદિવાસી સમુદાયના કાર્યક્રમમાં લોકોની ઓછી હાજરી અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કાર્યક્રમનું સ્થળ બિધાનનગરથી બદલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યો હતો અને તેમની મુલાકાત દરમિયાન પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને તેમના પ્રધાનોની ગેરહાજરીની પણ નોંધ લીધી હતી.

તેમણે જનમેદનીને સંબોધતા કહ્યું કે, સામાન્ય રીતે જ્યારે રાષ્ટ્રપ્રમુખ આવતા હોય ત્યારે મુખ્ય પ્રધાને સ્વાગત કરવું જોઈએ અને અન્ય પ્રધાનોએ પણ હાજર રહેવું જોઈએ. પરંતુ તેઓ આવ્યા નથી. રાજ્યપાલ બદલાયા છે અને તેઓ આવી શક્યા નથી. પરંતુ કાર્યક્રમની તારીખ અગાઉથી નક્કી હોવાથી હું આવી છું. પણ ઠીક છે, અહીં આવવા બદલ હું તમારો આભાર માનું છું. બીજી તરફ, પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મુર્મૂ દ્વારા રાજ્યમાં આદિવાસીઓના વિકાસની ગતિ પર સવાલ ઉઠાવવા બદલ તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે રાષ્ટ્રપ્રમુખ પર વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપના ઈશારે રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. મુર્મૂની ટિપ્પણીઓ પર આકરી પ્રતિક્રિયા આપતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ રાજ્ય સરકારને બદનામ કરવા માટે રાષ્ટ્રપ્રમુખના પદનો ઉપયોગ કરી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ સરકાર પર રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂના પ્રવાસ દરમિયાન તેમનું અપમાન કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, આ શરમજનક અને અભૂતપૂર્વ છે અને તૃણમૂલ કોંગ્રેસ શાસને ખરેખર તમામ હદે વટાવી દીધી છે.

મોદીએ કહ્યું કે રાષ્ટ્રપ્રમુખનું પદ રાજકારણથી ઉપર છે અને તેની ગરિમાનું હંમેશા સન્માન થવું જોઈએ. ■

# રશિયા પાસેથી ઓઈલની ખરીદી માટે કોઈની મંજૂરીની જરૂર નથીઃ ભારત

નવી દિલ્હીઃ ભારતને રશિયાથી તેલ મંગાવવાની છૂટ આપ્યાના અમેરિકી દાવા બાદ ભારતે આ વિષય પર મહત્ત્વની સ્પષ્ટતા કરી છે. ભારત સરકારે ચોખવટ કરતા કહ્યું હતું કે, રશિયા પાસેથી તેલ ખરીદવા માટે આપણે કોઈની મંજૂરીની જરૂર નથી. રશિયા પાસેથી તેલની ખરીદી યથાવત રહેશે. અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલાએ દુનિયાના એનર્જી સેક્ટરને ઊથલપાથલ કરી નાંખ્યું છે. આ યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થયો છે. ઈરાનમાં આવેલા હોર્મુઝ સ્ટ્રેઇટમાંથી જહાજ પસાર ન થવા દેવાની ધમકી બાદ ક્રૂડ ઓઈલ પર માઠી અસર થઈ છે.

ભારત સરકાર તરફથી સામે આવેલા નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, તેલ ખરીદવા માટે કોઈ શોર્ટ ટર્મ છૂટ પર ભારત નિર્ભર નથી. ભારત રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ક્યારેય કોઈ દેશની મંજૂરી પર નિર્ભર રહ્યો નથી.

ભારત ફેબ્રુઆરી ૨૦૨૬થી રશિયા પાસેથી ક્રુડ ઓઈલની આયાત કરી રહ્યો છે. ભારત માટે રશિયા હજુ પણ ક્રૂડ ઓઈલને લઈ મોટો સપ્લાયર રહ્યો છે. અમેરિકાએ ફેબ્રુઆરીમાં એક ટ્રેડ ડીલ અંતર્ગત ભારતીય એક્સપોર્ટ પર પચીસ ટકા ડ્યૂટી પાછી ખેંચી હતી. ભારત પાસે શોર્ટ ટર્મના કેટલાક મુદ્દાઓને ઉકેલવા પચીસ કરોડ બેરલથી વધારે ક્રૂડ અને પેટ્રોલિયમ ઉત્પાદનનો પૂરતો સ્ટોક છે. ■

# દુબઈ એરપોર્ટ પર હુમલા પછી એમિરેટ્સ એરની સેવા ફરી શરૂ

દુબઇઃ ઈરાની હુમલા બાદ દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ અને એમિરેટ્સ એરલાઇને સંચાલન કામચલાઉ રીતે સ્થગિત કરી દીધું હતું. સુરક્ષા કારણોસર હવાઇ સેવા બંધ કરવામાં આવી હતી. જો કે હવે એરલાઇને તેની સેવાઓ ફરી શરૂ કરવાની શનિવારે જાહેરાત કરી હતી. આ સમાચારથી દુબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ખુશીની લહેર જોવા મળી હતી. જ્યાં યાત્રીઓએ પ્રચંડ વિસ્ફોટનો અવાજ સાંભળ્યા બાદ આશ્રય લીધો હતો. જો કે અધિકારીઓએ એરપોર્ટ પર કોઇ વિક્ષેપ કે નુકસાન થયું હોવા અંગે માહિતી આપી ન હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. ■

# ઈરાનના હુમલાઃ સઉદીના સંરક્ષણ પ્રધાનને મુનીર મળ્યા

દુબઈઃ પશ્ચિમ એશિયામાં તંગદિલી વધી રહી છે ત્યારે સુરક્ષા પરિસ્થિતિની ચર્ચા કરવા પાકિસ્તાનના ચીફ ઑફ ડિફેન્સ ફોર્સીસ (સીડીએફ) ફિલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનીરે સઉદી અરેબિયા જઈને સંરક્ષણ પ્રધાન પ્રિન્સ ખાલિદ બિન સલમાનની મુલાકાત લીધી હતી. ઈરાને સઉદી અરેબિયા પર હુમલા કરતા ગયા વર્ષની ઈસ્લામાબાદ અને રિયાધ વચ્ચેની પારસ્પરિક સંરક્ષણ સંધિ સંકટમાં આવી છે. આ કરાર પ્રમાણે કોઈ ત્રીજો દેશ પાકિસ્તાન કે સઉદી પર હુમલો કરે તો એકમેકની મદદમાં આવવાની વાત કરે છે.

અફઘાન તાલિબાને ૨૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો ત્યારે સંરક્ષણ સંધિની પહેલી કસોટી થઈ હતી. પાકિસ્તાનના સંરક્ષણપ્રધાન ખ્વાજા અસિફે કહ્યું હતું કે આ બે દેશ વચ્ચેનું 'ખુલ્લું યુદ્ધ' ચાલુ છે. અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હવાઈહુમલાને પગલે ઈરાને સઉદી કિંગડમ પર ડ્રોન અને મિસાઈલ વડે હુમલો કર્યો હતો. જો સઉદી અને ઈરાન વચ્ચે ઔપચારિક યુદ્ધ ફાટી નીકળશે તો શું પાકિસ્તાન સઉદી અરેબિયાની તરફેણમાં ઊભું રહેશે કે નહીં એ અંગે સવાલો પુછાય રહ્યા છે. પ્રિન્સ ખાલિદ બિન સલમાને શનિવારે પોસ્ટ મૂકીને લખ્યું હતું કે મારી ફિલ્ડ માર્શલ મુનિર સાથે મીટિંગ થઈ. (એજન્સી) ■

# નેપાળમાં ચાર વખતના પીએમ ઓલી શર્મા હાર્યાઃ બાલેન શાહની સરકાર

કાઠમંડુઃ રેપરમાંથી રાજકારણી બનેલા બાલેન્દ્ર કે બાલેન શાહની નવી રચાયેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) શનિવારે હિંસક યુવા વિરોધ પ્રદર્શનો પછી નેપાળની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં પ્રચંડ જીત તરફ મેળવી છે. જેના કારણે જૂના રાજકીય પક્ષોનો દબદબો ચકનાચૂર થવા પામ્યો છે. બાલેન શાહે શનિવારે ચાર વખત વડા પ્રધાન બનેલા કેપી શર્મા ઓલીને મોટી સરસાઈથી હરાવ્યા હતા અને હવે આગામી સરકાર બનાવવા સજ્જ થયા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૨માં રવિ માલિછાએ આરએસપીની રચના કરી હતી. પાર્ટીએ અત્યાર સુધીમાં જાહેર કરાયેલી ૫૦ બેઠકોમાંથી ૩૯ બેઠકો પર વિજય મેળવ્યો છે. જેમાં કાઠમંડુ જિલ્લાની ૧૦ બેઠકો પર સૂપડાં સાફનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ૮૦ બેઠકો પર આગળ ચાલી રહી છે. જે પાર્ટીએ બાલેન શાહને પોતાના વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કર્યા હતા અને મધેશના ધનુષા જિલ્લાના જનકપુરમાં પોતાનું પહેલું ચૂંટણી અભિયાન હાથ ધર્યું હતું, તે પ્રાંતમાં કલીન સ્વીપ તરફ આગળ વધી રહી છે. 'બાલેન' તરીકે લોકપ્રિય બાલેન્દ્ર શાહે ચૂંટણી અભિયાન દરમિયાન પોતાને મધેશના પુત્ર તરીકે રજૂ કર્યા હતા. તેમજ પાર્ટીએ 'અબ કી બાર બાલેન્દ્ર સરકાર' અભિયાન શરૂ કર્યું હતું.

## મોદીના અભિનંદન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નેપાળમાં ચૂંટણી સફળતાપૂર્વક થવા બદલ નેપાળના લોકો અને સરકારને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ તેમણે આ ઐતિહાસિક સીમાચિહ્ન નેપાળની લોકશાહી યાત્રામાં એક ગર્વની ક્ષણ હોવાનું પણ જણાવ્યું હતું.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે એક નજીકના મિત્ર અને પાડોશી તરીકે ભારત શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિની નવી ઊંચાઇઓ સર કરવા માટે નેપાળના લોકો અને તેની નવી સરકાર સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતામાં અડગ છે. મોદીએ એક્સ પર જણાવ્યું કે હું નેપાળના લોકો અને સરકારને ચૂંટણીના સફળ અને શાંતિપૂર્ણ સંચાલન બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. મારા નેપાળી ભાઇઓ અને બહેનોને આટલા ઉત્સાહ સાથે તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરતા જોઇને આનંદ થાય છે. આ ઐતિહાસિક સીમાચિહ્ન નેપાળની લોકશાહી યાત્રામાં ગર્વની ક્ષણ છે.

આરએસપીએ મધેશ પ્રાંતના આઠ જિલ્લાઓની કુલ ૩૨ બેઠકોમાંથી ૭ બેઠકો પર વિજય મેળવ્યો છે અને ૨૩ અન્ય મતવિસ્તારોમાં આગળ ચાલી રહી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### વિશ્વ કપ

હતો. આ દિવસે ઑસ્ટ્રેલિયા સામે ભારતનો વન-ડેના વર્લ્ડ કપમાં પરાજય થયો હતો અને એ કમનસીબ ઘટનાને ભૂલાવવાના પ્રયાસમાં સૂર્યકુમાર અને તેની ટીમ આજે ફાઇનલ જીતવા કોઈ કસર બાકી નહીં રાખે. જોકે સૂર્યકુમાર અને તેના શૂરવીરો બરાબર ૩૬૪ દિવસ પહેલા (૨૦૨૫ની નવમી માર્ચે) જે બન્યું હતું એના પરથી પ્રેરણા લઈને પણ જીતી શકે એમ છે. એ દિવસે ભારતે વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડને પરાજિત કરીને આઇસીસી ટ્રોફી જીતવાનું નિરાશાજનક ૧૩ વર્ષના સમયગાળાનો અંત લાવી દીધો હતો. ત્યારે રોહિત શર્માની ટીમમાં સૂર્યા નહોતો, પરંતુ તેની અત્યારની ટીમ એ જીત પરથી કંઈક શીખી તો શકશે જ.

આજે ટી-૨૦ જગતને એવું વિજેતા મળી શકે જે આ ટ્રોફી ડિફેન્ડ કરનારો પ્રથમ દેશ કહેવાશે. અથવા તો એવું ચૅમ્પિયન મળશે જે પહેલી જ વખત આ ફૉર્મેટમાં પોતાને વર્લ્ડ ચૅમ્પિયન તરીકે ઓળખાવી શકશે. સૂર્યકુમાર બે વર્ષથી ભારતીય ટી-૨૦ ટીમનું સુકાન બહુ સારી રીતે સંભાળી રહ્યો છે. તેણે આ બે વર્ષમાં બૅટિંગ પર્ફોર્મન્સમાં ઘણી વખત ચાહકોને નિરાશ જરૂર કર્યા છે, પરંતુ તેની ટીમમાં ઘણા મૅચ-વિનર્સ છે એ પણ કોઈએ ન ભૂલવું જોઈએ. આ વર્લ્ડ કપની શરૂઆતમાં કોઈએ પણ ધાર્યું નહીં હોય કે સંજુ સૅમસન એકલા હાથે ભારતને સેમિ ફાઇનલમાં અને પછી ફાઇનલમાં પહોંચાડશે.

સૂર્યકુમાર આજે જીતવા બદલ પોતાની કરીઅરને અને કૅપ્ટન્સીને સર્વોચ્ચ ઊંચાઈએ લઈ જઈ શક્યો એવું છાતી ઠોકીને કહી શકશે. જોકે તેના સાથીઓએ ન્યૂ ઝીલૅન્ડના ખાસ કરીને ઓપનર ફિન ઍલન, ટિમ સિફર્ટ તથા ઑલરાઉન્ડર ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર તેમ જ કૅપ્ટન મિચલ સૅન્ટનર તથા બોલર્સ મૅટ હેન્રી અને લૉકી ફર્ગ્યુસનથી ચેતવું પડશે.

આજે ટીમ ઇન્ડિયા સંજુ સૅમસન અને ઇશાન કિશન ઉપરાંત ખાસ કરીને ગુજરાતના ત્રણ ખેલાડી પાસે સર્વોત્તમ પર્ફોર્મન્સની અપેક્ષા રાખશે. જસપ્રીત બુમરાહ અમદાવાદનો જ છે એટલે તે અનેરા ઉત્સાહ સાથે રમશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૫૦૦ વિકેટ લઈ ચૂકેલા બુમરાહને અર્શદીપ સિંહના રૂપમાં સારો પેસ-સાથી મળ્યો છે. હાર્દિક પંડ્યા સામાન્ય રીતે બોલિંગમાં સારું ન કરી શકે તો બૅટિંગમાં ઝળકે છે અને ક્યારેક એનાથી ઊલટું પણ બનતું હોય છે. જો તે બૅટિંગ-બોલિંગ બન્ને ચમકશે તો કિવીઓનું આવી જ બન્યું સમજો. અક્ષર પટેલના ટર્ન પણ કિવીઓને ચક્કર ખવડાવી દેશે. ■

### વૉર ઈફેક્ટ

ઓઇલ કોર્પોરેશનની વેબસાઇટ અનુસાર, સબસિડી સિવાયના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ૯૧૩ રૂપિયા થશે, જે અગાઉ ૮૫૩ રૂપિયા હતી. એક વર્ષથી ઓછા સમયમાં ભાવમાં આ બીજો વધારો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં લશ્કરી સંઘર્ષ ફાટી નીકળ્યા બાદ વૈશ્વિક ઊર્જાના ભાવમાં થયેલા તીવ્ર વધારાને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ ભાવ વધારા છતાં પાડોશી દેશોની સરખામણીમાં ભારતમાં રાંધણગેસની કિંમત હજુ પણ સૌથી ઓછી છે.

દસ કરોડથી વધુ ગરીબોને ૨૦૧૬થી અત્યાર સુધીમાં મફત એલપીજી કનેક્શન જેની હેઠળ મળ્યા છે એ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ પણ આ કિંમતમાં થયેલો વધારો વેઠવો પડશે. વર્ષમાં ૧૨ રિફિલ સુધી મળતી સિલિન્ડરદીઠ ૩૦૦ રૂપિયાની સબસિડી ગણતરીમાં લીધા પછી, તેઓએ હવે ૧૪.૨ કિલોના સિલિન્ડર માટે ૬૧૩ રૂપિયા ચૂકવવા પડશે.

સરકારના ઉચ્ચ સૂત્રોએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ઊર્જાના ભાવમાં થયેલા ઉછાળાને કારણે આ વધારો જરૂરી બન્યો હતો. આ વધારા છતાં, વર્તમાન કિંમત ૧,૦૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર (૧૪.૨ કિગ્રા)ના તે દર કરતા ઓછી છે જે પડતર કિંમત સરભર કરવા માટે જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જો પરિવાર દીઠ વાર્ષિક સરેરાશ ચારથી પાંચ સિલિન્ડરનો વપરાશ ગણવામાં આવે, તો આ વધારો ચાર સભ્યોના પરિવાર માટે દિવસના ૮૦ પૈસા અથવા વ્યક્તિ દીઠ માત્ર ૨૦ પૈસા જેટલો થાય છે. ■

### ઈરાને પડોશીઓની

હચમચાવી દીધા છે ત્યારે તહેરાનનું રાજકીય નેતૃત્વ ઈસ્લામિક રિપબ્લિકનાં લશ્કરી દળો પર સંપૂર્ણ અંકુશ જમાવી શક્યું નથી. જોકે આ માફી પછી પણ ગઈ કાલે દુબઈથી લઈને સઉદી અરેબિયા સુધી ઈરાને હુમલા કરવાનું ચાલુ જ રાખ્યું હતું. આ હુમલા ભાગરૂપે જોર્ડનમાં ઈરાને તેના બેલિસ્ટિક મિસાઈલની મદદથી અમેરિકાની અંદાજે ૨૨,૦૦૦ કરોડની ઍન્ટિ-મિસાઈલ સિસ્ટમને નષ્ટ કરી હતી. અમેરિકા પાસે આવી સાત સિસ્ટમ છે.

ટ્રુથ સોશ્યલ પ્લેટફોર્મના પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું હતું કે ઈરાને વચન આપ્યું છે કે તે પડોશી દેશ પર હમલો નહીં કરીએ. આ અમેરિકા અને ઈઝરાયલના હુમલાને લીધે થયું છે. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે હવે ઈરાન મિડલ-ઈસ્ટના પડોશીને ડરાવી નહીં શકે. અમેરિકાએ કહ્યું કે ઈરાન પર અમેરિકાના હુમલા વધુ પ્રબળ બનશે. અમે નવા લક્ષ્યો નક્કી કર્યા છે. ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન સંપૂર્ણ શરણાગતિ નહીં સ્વીકારે ત્યાં સુધી હું ઈરાન જોડે વાતચીત નહીં કરું. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ કરવામાં આવેલા સૈન્ય હુમલાઓ અંગે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી સેનાના પ્રહારથી ઈરાનની સૈન્ય ક્ષમતા લગભગ નષ્ટ થઈ ગઈ છે. વાઈટ હાઉસમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું કે આ કાર્યવાહી માત્ર રક્ષણાત્મક નથી, પરંતુ વર્ષોથી અમેરિકી નાગરિકો પર થયેલા અત્યાચારોનો જડબાતોડ જવાબ છે. આક્રમક વલણ અપનાવતા જણાવ્યું કે, ઈરાનની આર્મી, નેવી અને કમ્યુનિકેશન સિસ્ટમ હવે સંપૂર્ણપણે નાશ પામી છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ઈરાન પાસે હવે લડવાની ક્ષમતા બચી નથી.

તેમણે ઉમેર્યું કે ઈરાનના ટોચના નેતાઓ પણ આ જંગમાં માર્યા ગયા છે, જેને કારણે ત્યાં નેતૃત્વનું સંકટ ઊભું થયું છે.

#### કાં વિજય, કાં શહીદીઃ ઈરાન

ઈરાની લોકો અમેરિકા અને ઇઝરાયલ સાથે ચાલી રહેલા સંઘર્ષમાં પીછેહઠ નહીં કરે, એમ ભારતમાં ઈરાનના રાજદૂત મોહંમદ ફતહલીએ શનિવારે જણાવ્યું હતું. તેમણે આગળ કહ્યું કે તેઓ કાં તો જીતશે અથવા પ્રયાસો કરતા મોતને ભેટશે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર ઈરાન પર યુએસ-ઇઝરાયલી હુમલાઓ પછી વધી રહેલા લશ્કરી સંઘર્ષ વિશે વાત કરતાં ફતહલીએ જણાવ્યું કે અમે ઈરાની લોકો સ્પષ્ટપણે કહીએ છીએ કે આ માર્ગ પર અમે કાં તો વિજય પ્રાપ્ત કરીશું અથવા શહીદી વહોરી લઇશું. અમારા માટે બંને સન્માન અને આનંદ છે. (એજન્સી) ■

# મહિલા દિવસ નિમિત્તે મેટ્રો-૩ મહિલા સ્ટાફ સાથે ચલાવવામાં આવશેઃ એમએમઆરસી

### કુલ ૮૫ મહિલા સ્ટાફ સભ્યો વિવિધ શિફ્ટમાં સેવા આપશે

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) આઠમી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મેટ્રો લાઇન ત્રણ (જેને એક્વા લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે) પર બે સ્ટેશનો સંપૂર્ણપણે મહિલા સ્ટાફ સાથે ચલાવશે.

શનિવારે જારી કરાયેલા એક નિવેદનમાં, એમએમઆરસીએ જણાવ્યું હતું કે આ પહેલ હેઠળ મરોલ નાકા મેટ્રો સ્ટેશન અને સીએસએમટી મેટ્રો સ્ટેશન પર મહિલા સશક્તિકરણના પ્રતીક તરીકે દિવસભર મહિલા કર્મચારીઓ દ્વારા કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

કુલ ૮૫ મહિલા સ્ટાફ સભ્યો વિવિધ શિફ્ટમાં સ્ટેશન નિયંત્રણ, ટિકિટિંગ, મુસાફરોને મદદ, સુરક્ષા, જાળવણી સહાય અને હાઉસકીપિંગ સહિત વિવિધ ઓપરેશનલ ભૂમિકાઓનું સંચાલન કરશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

કોર્પોરેશન પાસે હાલમાં ૨૭ મહિલા ટ્રેન ઓપરેટરો છે જે એક્વા લાઇન પર મુખ્યત્વે ભૂમિકા ભજવે છે, એમ નિવેદનમાં જણાવાયું છે. કુલ ૧,૩૮૮ મહિલા કર્મચારીઓ એમએમઆરસી સાથે સંકળાયેલા છે, જેમાં ઓફિસ સ્ટાફ તેમજ ઓપરેશન્સ, ટિકિટિંગ, હાઉસકીપિંગ અને સુરક્ષા સેવાઓમાં કામ કરતા કર્મચારીઓનો સમાવેશ થાય છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

'આ પહેલ લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા અને શહેરી પરિવહન ક્ષેત્રમાં મહિલાઓની વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે એમએમઆરસીની પ્રતિબદ્ધતાને દર્શાવે છે,' એમ એક નિવેદનમાં જણાવાયું છે. ■

સાબિત કેલ્સીયોગ®
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.
• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
Amazon પર કેશ ઓન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai



મહિલાદિન વિશેષ



Purest Alphonso Aamras, Served Daily Unlimited With Thali
Also available in 1/2 litre & 1 litre packs.
An Authentic Gujarati & Rajasthani Thali place.
Packed Lunch / Dinner Box / Tiffin Available
GOLDEN STAR® THALI
Serving Unlimited Thali Since 1990
Opp. Charni Road Station (E), Mumbai - 400004.
Tel.: +91 9619519024 / 31630773 / 31612223
Email: goldenstarthali@gmail.com
www.goldenstarthali.com
We serve as long as you can eat



તમારી બેંકમાં 10 વર્ષથી વધુ સમયથી દાવા વગરના પડેલા તમારા પૈસાને પાછા મેળવો

UDGAM Unclaimed Deposits Gateway To Access Information

UDGAM પર શોધો અને બેંકમાંથી તેનો દાવો કેવી રીતે કરવો તે જાણો

• UDGAM પોર્ટલ પર નોંધણી કરો.
• ખાતા ધારકનું નામ, બેંકનું નામ(નામો) અને વિગતો જેમ કે જન્મ તારીખ, PAN કાર્ડ વગેરેનો ઉપયોગ કરીને શોધો.

આરબીઆઈ કહે છે... જાણકાર બનો, સતર્ક રહો!

UDGAM માત્ર એક શોધ સુવિધા છે. દાવો ન કરેલ થાપણોનો દાવો સંબંધિત બેંક(બેંકો) પાસેથી કરવાનો હોય છે.

બેંકોની યાદી UDGAM પોર્ટલ પર ઉપલબ્ધ છે.

વધુ વિગતો માટે, https://rbikehtahai.rbi.org.in/ud પર જાઓ
ફીડબેક માટે, rbikehtahai@rbi.org.in પર લખો

જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

# હાઈવે પર એસટીની બસનું ટાયર ફાટતાં પ્રવાસીઓના જીવ અદ્ધર

પુણેઃ કોલ્હાપુરથી પુણે જનારી એસટી મહામંડળની 'હિરકણી' બસને પુણે-બેંગલુરુ હાઈવે પર નડેલા અકસ્માતને કારણે પ્રવાસીઓના જીવ અદ્ધર થઈ ગયા હતા. ટાયર ફાટવાને કારણે બસ હાઈવેના ડિવાઈડર સાથે ભટકાઈ હતી. સદ્‌નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

મળતી માહિતી અનુસાર બસ સવારે આઠ વાગ્યાની આસપાસ આજરાથી પુણેની દિશામાં જવા નીકળી હતી. બસ પુણે-બેંગલુરુ હાઈવે પર તાંદુળવાડી ગામ નજીક પહોંચી ત્યારે એકાએક બસનું ટાયર ફાટ્યું હતું.

કહેવાય છે કે પ્રચંડ અવાજ સાથે ટાયર ફાટ્યું હતું, જેને કારણે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી બસ ડિવાઈડર સાથે ભટકાઈ હતી. બસ ડિવાઈડર પર ચઢી જતાં પ્રવાસીઓના જીવ અદ્ધર થઈ ગયા હતા.

ઘટના સમયે બસમાં ૨૧ પ્રવાસી હતા, જેમાંથી માત્ર એક મહિલાને નજીવી ઇજા થઈ હતી. અકસ્માત થતાં જ સ્થાનિક રહેવાસીઓ દોડી આવ્યા હતા અને પ્રવાસીઓને બસ બહાર નીકળવામાં મદદ કરી હતી. હાઈવે પર વાહનોની ગતિ તેજ હોય છે. એવામાં ટાયર ફાટે તો વાહન ઊંધું વળી જવાની શક્યતા હોય છે, પરંતુ સદ્‌નસીબે ડિવાઈડર સાથે ભટકાયા બાદ બસ ઊભી રહી ગઈ હતી. ■



When REDEVELOPMENT BEGINS, WE HOLD WHAT MATTERS.
YOUR BELONGINGS ARE IN SAFE HANDS.
Whether you're an individual who's migrating for work, or a business that's looking to expand, we have storage solution for everyone. No matter how big or small a space you need, we'll always be there for you.
Doorstep & 24x7 Hrs Customer Support
Local Domestic & International Moving
Customized Packaging Support
Storage Insurance Cover
GURUKRUPA™ STORAGE & SHIFTING SOLUTIONS
अमानत आपकी. ज़िम्मेदारी हमारी.
CONTACT US
98215 30702 | 93202 54460
To know more, visit :
www.gurukrupastoragesolutions.com



DAHISAR EAST Bang on Western Express Highway
'A' Grade Glass Facade Commercial Tower
METRO SQUARE
• Office Spaces Available from 325 Sq. Ft. Onwards
• Exclusive Inventory Available for Hospitals, Diagnostic Centre, Bank, Restaurants Etc... (10,000 To 15,000 Sq. Ft.)
FULL APPROVAL RECEIVED
AMENITIES:
• CCTV • Fire Detection Systems
• 3 High-Speed Elevators
• 360° Panoramic View
A Project By: DHARTI DEVELOPERS
CREATIVE HAVEN
9099 9099 68
Rera No. P51800076946



MALAD WEST
IMPERIAL™ HAVA HIRA
Possession April 2026
1 BHK 99 Lacs ++*
2 BHK 1.32 Cr. ++*
Opp Jain Derasar, Nr. Shiv Shakti Mandir
AMENITIES:
• Walk of 8 • Sun Deck
• Fitness Center • Game Zone
• Reading Nook
• Yoga & Meditation Center
• Rain Water Harvesting
RERA NO: PR1180002500372
A Project By: SHREE SAI REALTY Builders & Developers
98212 91100
75069 53114

GOREGAON (East)
Multiple Resale Deals At
OBEROI ELYSIAN
OBEROI ESQUIRE
3 BHK - (7.25 cr-12.5 cr)
4 BHK - (13.50 cr-19 cr)
3 BHK+3 BHK - (17 cr-25 cr)
Dinesh Haswani
86930 33369
Rera Number - A51800004556

મહિલા દિવસની શુભેચ્છા
મહિલા દિવસ વિશેષ પ્રદર્શન સહ વેચાણ
મહિલા અને નાના ઉદ્યોગસાહસિકો દ્વારા ઉત્પાદિત ઘરગથ્થુ ઉત્પાદનોનું વેચાણ
Organiser Smithasya
ભવ્ય ગ્રાહક પેઠ
તમારી મુલાકાત, અમારું પ્રોત્સાહન



છેલ્લા ૩ દિવસ
સમયઃ સ. ૧૧થી રા. ૯
લક્ષ્મી નારાયણ પ્રસાદ લૉન
રામ મંદિર કમ્પાઉન્ડ, મહિલા સંઘ સ્કૂલ પાસે, સુભાષ રોડ, વિલે પાર્લા (પૂ.)
વાજબી દરે ઘણા વધુ આકર્ષક અને ઉપયોગી ઉત્પાદનો.
ડેબિટ અને ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય.
આગામી ગ્રાહક પેઠ: ૧૨મી માર્ચથી ૧૫મી એપ્રિલ, દાદર | ૧૭મી થી ૨૧મી એપ્રિલ, લાયન્સ રેઈન્બો પ્રદર્શન, કોપરખૈરણે
આયોજન કર્તાઃ સ્મિતા પુરોહિત ૯૮૨૦૮૧૬૬૧૭, મંજુષા ૯૯૨૦૯૭૪૦૨૪

PRIME INDUSTRIAL UNIT - VAPI GIDC FOR OUTRIGHT SALE
Established 30+ year operational Chemical Manufacturing Facility (Surfactants & Specialty Chemicals) available for structured transition.
* 1625 Sq.Mtr. Industrial Plot - Three-side Road Access.
* RCC Industrial Building with utilities.
* Installed Plant & Machinery.
* Active GPCB & Factory Licenses.
* Gas & Power Infrastructure.
* Strategic location in established industrial belt.
* Structured discussions Invited (Rs. 14 Cr+range).
Call:+91 9987883675
Email: vapiasset@gmail.com

DAHISAR (EAST)- S.V ROAD
1 Bed 400 Sq.Ft. 1.13 Cr. | 1 Bed 475 Sq.Ft. 1.36 Cr.
All Inclusive + Parking
1 Bed Jodi 800 Sq.Ft. (2.26 Cr.) | 1 Bed Jodi 950 Sq.Ft. (2.72 Cr.)
All Inclusive + 2 Car Parking
IMMEDIATE POSSESSION
Aayush :- 7718862111
(BROKERS WELCOME)

# શા માટે આઠમી માર્ચના જ ઉજવાય છે મહિલા દિવસ?

મુંબઈ: દર વર્ષે આઠમી માર્ચના રોજ દુનિયાભરમાં ઈન્ટરનેશનલ વિમેન્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. વિમેન્સ ડેનું સેલિબ્રેશન માત્ર મહિલાઓને ગુલાબ, સુંદર મોંઘી ગિફ્ટ્સ આપવી કે પછી તેમને એક દિવસ સ્પેશિયલ ફીલ કરાવવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ આ દિવસ સ્ત્રીઓના સંઘર્ષ, સમાનતા અને તેમના અસ્તિત્વના ગૌરવનો પોંખવાનો ઉત્સવ છે. તમને જાણીને નવાઈ લાગશે કે ૧૦૦થી વધુ દેશોમાં ઉજવાતા આ દિવસનો ઈતિહાસ લોહી અને પરસેવાથી સીંચાયેલો છે.

મહિલા દિવસની શરૂઆત કેવી રીતે થઈ અને આઠમી માર્ચ જ કેમ પસંદ કરવામાં આવી? આના રસપ્રદ ઈતિહાસ વિશે વાત કરીએ. ન્યૂયોર્કની ગલીઓથી શરૂ થયેલું આંદોલન અને 'રોટી-શાંતિ'ના સંઘર્ષની ગાથા છે વિમેન્સ ડે. આજે આપણે જે મહિલા અધિકારો જોઈએ છીએ, તેની પાછળ વર્ષો જૂના મજૂર આંદોલનો અને હજારો મહિલાઓનો અવાજ રહેલો છે. આ આંતરરાષ્ટ્રીય દિવસના મૂળ ૨૦મી સદીના મજૂર આંદોલનમાં છુપાયેલા છે.

એક અહેવાલમાં કરવામાં આવેલા દાવા અનુસાર અમેરિકાના ન્યૂ યોર્ક શહેરમાં અંદાજે ૧૫,૦૦૦ મહિલાઓએ રસ્તા પર ઉતરીને પ્રદર્શન કર્યું હતું.

કામના કલાકો ઘટાડવા, સારો પગાર આપવો અને સૌથી મહત્વનું - મતદાનનો અધિકાર આપવો. આ આંદોલનના પરિણામે ૧૯૦૯માં અમેરિકામાં પહેલી જ વખત 'રાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૧૦માં ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં કામકાજી મહિલાઓનું આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જર્મનીના સામાજિક કાર્યકર ક્લેરા જેટકિને દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલા દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૧૭ દેશોની ૧૦૦ મહિલાઓએ આ પ્રસ્તાવને ટેકો આપ્યો અને ૧૯૧૧માં ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝરલેન્ડમાં પહેલી વખત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી.

હવે વાત કરીએ આઠમી માર્ચ જ કેમ એની તો એની પાછળ રશિયાની એક મોટી ઘટના જવાબદાર છે. વર્ષ ૧૯૧૭માં રશિયાની મહિલાઓએ 'બ્રેડ એન્ડ પીસ' (રોટી અને શાંતિ)ની માગણી સાથે હડતાળ શરૂ કરી દીધી હતી. ધીરે ધીરે આ આંદોલન એટલું બધું ઉગ્ર બની ગયું કે રશિયાના સમ્રાટે સત્તા છોડવી પડી હતી.

એ સમયે રશિયામાં 'જુલિયન કેલેન્ડર' ચાલતું હતું, જેમાં તારીખ ૨૩ ફેબ્રુઆરી હતી, પરંતુ પશ્ચિમી દેશોમાં પ્રચલિત 'ગ્રેગોરિયન કેલેન્ડર' મુજબ તે દિવસ ૮ માર્ચ હતો. ત્યારથી આ તારીખ વિશ્વભરમાં મહિલા દિવસ તરીકે નક્કી થઈ ગઈ.

વર્ષ ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આ દિવસને સત્તાવાર માન્યતા આપવામાં આવી હતી.

ત્યાર બાદ ૧૯૭૭માં સંયુક્ત રાષ્ટ્ર સંઘના તમામ સભ્ય દેશોને ૮મી માર્ચના રોજ 'મહિલા અધિકાર અને વિશ્વ શાંતિ' માટે સમર્પિત દિવસ તરીકે ઉજવવા માટે આહ્વાન કર્યું. ■

# 'ડિજિટલ અરેસ્ટ' વિરુદ્ધ સાવચેત કરવા પોલીસ સિનિયર સિટિઝન્સના ઘરે પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મની લોન્ડરિંગ, આતંકવાદીને મદદ જેવા ગુનાઓમાં ધરપકડનો ભય દેખાડી 'ડિજિટલ અરેસ્ટ'ને નામે સાયબર ઠગ ટોળકી દ્વારા સિનિયર સિટીઝનો પાસેથી નાણાં પડાવવાના સમયાંતરે બની રહેલા બનાવોને રોકવા સાયબર પોલીસ દ્વારા નવી પહેલ કરવામાં આવી છે. ગોરેગામથી બોરીવલી પશ્ચિમમાં એકલા રહેતા સિનિયર સિટીઝન્સના ઘરે જઈને પોલીસ દ્વારા હવે માર્ગદર્શન આપીને સાવચેત રહેવાનું સમજાવવામાં આવી રહ્યું છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ડિજિટલ અરેસ્ટનો હાઉ ઊભો કરીને વરિષ્ઠ નાગરિકોને છેતરી નાણાં પડાવવાના કેસ છાસવારે નોંધાઈ રહ્યા છે. અનેક માધ્યમોનો ઉપયોગ કરીને આ અંગે જનજાગૃતિ કરવામાં આવી રહી છે. ડિજિટલ અરેસ્ટ જેવું કંઈ હોતું નથી, એની સમજ વારંવાર આપવા છતાં ડરના માર્યા સિનિયર સિટીઝન્સ આવી છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. પરિણામે પોલીસે હવે સિનિયર સિટીઝન્સને વ્યક્તિગત મળીને સાવચેત કરવાનો માર્ગ અપનાવ્યો છે.

આ માટે ઝોન-૧૧ હેઠળના ગોરેગામ પશ્ચિમથી બોરીવલી પશ્ચિમ સુધી વિસ્તારોમાં એકલા રહેતા સિનિયર સિટીઝન્સની વિગતો પ્રાપ્ત કરવામાં આવી હતી. બાદમાં પાંચેય રિજનનાં સાયબર પોલીસ સ્ટેશન અને ક્રાઈમ બ્રાન્ચના આઠ પોલીસ અધિકારી અને ૩૬ કર્મચારીને આ ઝુંબેશ પાર પાડવાની જવાબદારી સોંપાઈ હતી.

અધિકારીઓએ એકલા રહેતા ૫૬૩ સિનિયર સિટીઝનના ઘરે જઈને 'ડિજિટલ અરેસ્ટ'થી ડરીને નાણાં ટ્રાન્સફર ન કરવાનું સમજાવ્યું હતું. વરિષ્ઠ નાગરિકો સારી રીતે સમજી શકે તે માટે તેમને મરાઠી અને ઈંગ્લિશમાં છપાયેલાં પેમ્ફલેટ પણ આપવામાં આવ્યાં હતાં. પોલીસ, સીબીઆઈ, ઈડી કે કોઈ પણ સરકારી તપાસ એજન્સી ડિજિટલ અરેસ્ટ કરતી નથી. કાયદામાં એવી કોઈ જોગવાઈ ન હોવાનું સમજાવવામાં આવ્યું હતું. આવી છેતરપિંડીથી બચવા અજાણી વ્યક્તિના વીડિયો કૉલ રિસીવ ન કરવાનું પણ કહેવામાં આવ્યું હતું. ■

# એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭ની ફ્લાઈટે છ વર્ષે ફરી ઉડાન ભરી

મુંબઈ: એર ઇન્ડિયાનું વિશાળ બોઇંગ ૭૭૭-૩૦૦ER વિમાન ધીમે ધીમે નાગપુરના રનવે પર દોડી ઝડપ પકડી આકાશમાં ઉડવા લાગ્યું ત્યારે કર્મચારીઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ. આ ટેકઓફ એક ટેસ્ટ ફ્લાઈટ માટે હતું. છ વર્ષ માટે ગાયબ રહ્યા પછી આ વિમાન ફરી ઉડવા લાગ્યું છે. ટેકનિકલ ખામીને કારણે એનું ઉડ્ડયન બંધ કરવામાં આવ્યું હતું. હવે આસમાનમાં ઉડવા સજ્જ થઈ ગયું છે.

વાત એમ છે કે એર ઇન્ડિયાના આ બોઇંગનું ઉડ્ડયન લગભગ છ વર્ષ પહેલાં ટેકનિકલ સમસ્યાને કારણે નાગપુરમાં અટકાવી દેવામાં આવ્યું હતું. કોઈપણ વિમાન માટે આટલા લાંબા સમય સુધી ઉડ્ડયન ન કરવું અસાધારણ માનવામાં આવે છે. જો કે આ સમય દરમિયાન તેનું સંપૂર્ણપણે સમારકામ કરી ફરીથી ઉડાન માટે તૈયાર કરવાનું કામ ચાલુ રહ્યું.

આ વિમાનની કમર્શિયલ ફ્લાઈટ ફરી શરૂ કરવામાં આવે તે પહેલાં નાગપુરથી અમદાવાદ સુધી તેની ટેસ્ટ ફ્લાઈટ રાખવામાં આવી હતી. આશરે ત્રણ કલાકની આ ફ્લાઈટ સફળ રહી. અમદાવાદ પહોંચ્યા પછી, વિમાન નાગપુર પાછું લાવવામાં આવ્યું. આ સમય દરમિયાન વધુ કોઈ તકનીકી સમસ્યાઓ ન થાય તેની ખાતરી કરવા માટે તમામ વિમાન સિસ્ટમોનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવ્યું. ■

# યુદ્ધ લંબાવી અમેરિકા-ઈઝરાયલના ઍર ડિફેન્સ ભંડારને ખાલી કરવાનો ઈરાનનો વ્યૂહ

લીડેન (નેધરલેન્ડ્સ): ઈરાનના સતત ડ્રોન અને મિસાઈલ હુમલાઓએ અમેરિકા અને તેના સાથી દેશો ખાસ કરીને ઈઝરાયલ અને ગલ્ફ દેશો માટે ગંભીર લશ્કરી પડકાર બની ગયો છે. નિષ્ણાંતોએ કહ્યું હતું કે જો હુમલા લાંબા સમય સુધી ચાલુ રહેશે તો પશ્ચિમી દેશોની એર ડિફેન્સ સિસ્ટમના ભંડાર ઝડપથી ખતમ થઈ શકે છે, જ્યારે ઈરાન પાસે હજુ પણ નોંધપાત્ર સંખ્યામાં ડ્રૉન અને મિસાઈલો છે.

રિપોર્ટ્સમાં સંકેત આપવામાં આવ્યા હતા કે અગાઉ ઈઝરાયલ અને અમેરિકાને આશા હતી કે ઈરાન પોતાના પર થયેલા હુમલાઓના કારણે ઝડપથી ઝૂકી જશે પરંતુ તેમ થઈ રહ્યું નથી. પોતાના સર્વોચ્ચ નેતા અયાતોલ્લાહ અલી ખામનેઈ અને ઘણા વરિષ્ઠ અધિકારીઓના મૃત્યુ છતાં ઈરાન પશ્ચિમ એશિયામાં અમેરિકાના વિવિધ બેઝ પર ડ્રોન અને મિસાઈલોથી સતત હુમલાઓ કરી રહ્યું છે. અમેરિકા અને તેના સાથી દેશો ઈરાનની મિસાઈલો અને ડ્રોનને તોડી પાડવા માટે વિવિધ એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરે છે. આમાં થાડ ઇન્ટરસેપ્ટર, પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ અને સ્ટાન્ડર્ડ મિસાઈલ, નૌકાદળ મિસાઈલોનો સમાવેશ થાય છે, જ્યારે ઇઝરાયલ લાંબા અંતરની 'એરો' ઇન્ટરસેપ્ટર સિસ્ટમનો પણ ઉપયોગ કરે છે. જો કે, તાજેતરના વર્ષોમાં આ સિસ્ટમોની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થયો છે.

આમાંની ઘણી સિસ્ટમો પહેલાથી જ યુક્રેનને પહોંચાડવામાં આવી છે, જ્યાં રશિયા વારંવાર હવાઈ હુમલા કરી રહ્યું છે. ઈરાન સમર્થિત હુથી બળવાખોરોના હુમલાઓથી જહાજોને બચાવવા માટે લાલ સમુદ્રમાં કેટલીક સિસ્ટમો તૈનાત કરવામાં આવી છે. ઉત્તર કોરિયા અને ચીન તરફથી સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને દક્ષિણ કોરિયા અને તાઇવાનને સુરક્ષિત રાખવા માટે વધારાની એર ડિફેન્સ સિસ્ટમ પણ તૈનાત કરવામાં આવી છે.

એવું માનવામાં આવે છે કે આધુનિક યુદ્ધ માટે આવશ્યક હોવા છતાં આ એન્ટિ મિસાઇલ શસ્ત્રોનો સ્ટોક અમેરિકા પાસે ઓછો હોઈ શકે છે. ઉત્પાદન વધારવાના પ્રયાસો તાજેતરમાં તીવ્ર બન્યા છે, જ્યારે જૂન ૨૦૨૫માં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે લડાયેલા ૧૨ દિવસના યુદ્ધમાં અમેરિકાની થાડ ઇન્ટરસેપ્ટર સ્ટોકના લગભગ એક ચતુર્થાંશનો ઉપયોગ થયો હતો. આવી સ્થિતિમાં યુદ્ધ દરમિયાન કયા લક્ષ્યોને પ્રાથમિકતા તરીકે સુરક્ષિત કરવા જોઈએ અને કોને નહીં તે નક્કી કરવું જરૂરી છે. સામાન્ય રીતે વ્યૂહાત્મક લશ્કરી બેઝનું રક્ષણ કરવામાં પ્રાથમિકતા આપવામાં આવે છે, જ્યારે કેટલાક નાગરિક વિસ્તારોને નુકસાન થઈ શકે છે. ૧૨ દિવસના સંઘર્ષ દરમિયાન ઈઝરાયલે સમાન વ્યૂહરચના અપનાવી હોવાનું માનવામાં આવે છે.

નિષ્ણાતોના મતે, આ પરિસ્થિતિ ફરીથી ઊભી થઈ શકે છે પરંતુ આ વખતે ખતરો ફક્ત ઈઝરાયલ પૂરતો મર્યાદિત નથી પરંતુ પશ્ચિમ એશિયાના અન્ય ઘણા દેશોમાં પણ વિસ્તરી શકે છે. ખાસ કરીને ગલ્ફ દેશો ઈરાનની લાંબા અને ટૂંકા અંતરની મિસાઈલોની રેન્જમાં છે.

ઈરાનના 'શાહેદ' વિસ્ફોટક ડ્રૉનને પણ એક મોટો ખતરો માનવામાં આવે છે. તેઓ મિસાઈલો કરતાં વધુ સરળતાથી અને ઓછા જોખમી રીતે તહેનાત કરી શકાય છે અને મિનિટોમાં ગલ્ફ દેશોમાં પોતાના લક્ષ્યો સુધી પહોંચી શકે છે. એવો અંદાજ છે કે ઈરાન પાસે આવા આશરે ૮૦,૦૦૦ ડ્રૉન હોઈ શકે છે.

નિષ્ણાતોએ કહ્યું કે જો ગલ્ફ દેશોની એર ડિફેન્સ સિસ્ટમ નબળી પડશે તો ઘણા મહત્ત્વપૂર્ણ લક્ષ્યો, જેમ કે અમેરિકન લશ્કરી બેઝ, તેલ અને ગેસ માળખાગત સુવિધાઓ અને વ્યાપારી જહાજો જોખમમાં મુકાઈ શકે છે. વધુમાં અમેરિકા અને તેના સાથી દેશોની લાંબા સમય સુધી યુદ્ધ લડવાની તૈયારી ઓછી હોય તેવું લાગે છે. જો ઈરાન તેની લાંબા અંતરની મિસાઈલો ગુમાવે તો પણ તે લાંબા સમય સુધી ડ્રૉન હુમલા ચાલુ રાખી શકે છે, જેનાથી ક્ષેત્રમાં ઊર્જા ઉત્પાદન અને દરિયાઈ વેપાર પર અસર પડશે અને વૈશ્વિક તેલના ભાવમાં વધારો થશે. ■

# રોકાણકારો માટે દુબઈ અસલામત: ઈન્વેસ્ટમેન્ટ હવે સિંગાપોર ભણી

દુબઈ: અમેરિકા અને ઇઝરાયલે ઈરાન પર હુમલો કરીને છેડેલા યુદ્ધમાં સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સહિતના અખાતના ઘણાં દેશો લપેટાઈ ગયા છે. દુબઈ પર પણ ઈરાનની કેટલીક મિસાઈલ અને ડ્રોન પડ્યા હતાં, જેને કારણે દુબઈના રહેવાસીઓ અને ત્યાં ફરવા ગયેલા પ્રવાસીઓમાં ગભરાટનો માહોલ છે. આ યુદ્ધ લાંબો સમય ચાલે એવી શક્યતા છે, એવામાં અહેવાલ છે કે ભારતીયો દુબઈમાંથી તેમનું રોકાણ અન્ય દેશોમાં શિફ્ટ કરી રહ્યા છે

જાણકારોના મત મુજબ દુબઈને સલામત આશ્રયસ્થાન માનવામાં આવે છે, પરંતુ તાજેતરમાં શરૂ થયેલા યુદ્ધને કારણે રોકાણકારો ચિંતામાં છે, જેના કારણે ઘણા એશિયાના ઉદ્યોગપતિઓ દુબઈમાં જમા કરાવેલી રકમ સિંગાપોર અને હોંગ કોંગમાં ખસેડી રહ્યા છે. અહેવાલ મુજબ વકીલો અને નાણાંકીય બાબતો નિષ્ણાતોને નાણા ખસેડવા માટે સલાહ લેવા માટે સતત ફોન આવી રહ્યા છે.

સિંગાપોરસ્થિત એક વકીલના જણાવ્યા મુજબ દુબઈસ્થિત તેમના ૨૦ ક્લાઈન્ટમાંથી છ એ આ અઠવાડિયે તેમનો સંપર્ક કર્યો હતો, જેમાંથી ત્રણ તાત્કાલિક સંપત્તિ અન્ય દેશમાં ટ્રાન્સફર કરવાની યોજના બનાવી રહ્યા હતા. દરેક પાસે સરેરાશ પાંચ કરોડથી વધુની સંપત્તિ છે.

નોંધનીય છે કે ઉદ્યોગપતિઓ ટેક્સ, નિયમો, પ્રાઈવસી અને ઓપરેશનને ધ્યાનમાં રાખીને અલગ અલગ પ્રદેશમાં રોકાણ કરતા હોય છે. તાજેતરના વર્ષોમાં દુબઈ નાણા રોકવા માટે પસંદગીનું કેન્દ્ર બન્યું છે, ખાસ કરીને ભારત અને ચીનના ઉદ્યોગસાહસિકો અને શ્રીમંત પરિવારો દુબઈની પોલિસીઓનો લાભ લઇ રહ્યા છે. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
| --- | --- | --- |
| ૧) શિવમ સુપ્રિયો મોન્ડલ | | ૫,૦૦,૦૦૦ |
| ૨) માનવી દત્તા તેલંગે | | ૩,૫૦,૦૦૦ |
| ૩) અયાંશ સંજય યાદવ | | ૧૯,૦૦,૦૦૦ |
| ૪) ભાર્ગવી કામ્બરી | | ૩,૫૦,૦૦૦ |
| ૫) શ્રીમય પાંડે | | ૧,૦૦,૦૦૦ |
| ૬) પ્રિયારણજં રણજિત ગાયકવાડ | | ૮,૦૦,૦૦૦ |
| ૭) તન્મય સમીર સુકાલે | | ૫,૦૦,૦૦૦ |
| ૮) ગાર્ગી લક્ષ્માં સુરોશે | | ૩,૫૦,૦૦૦ |
| ૯) ડીવીશ કુમારી | | ૩,૦૦,૦૦૦ |
| ૧૦) પિયાશ સુતાર | | ૩,૦૦,૦૦૦ |
| ૧૧) શિવરાજ સતીશ ચવાણ | | ૪,૫૦,૦૦૦ |
| ૧૨) ગૌરી પ્રેમસિંઘ રાજપૂત | | ૩,૦૦,૦૦૦ |
| ૧૩) અંકિતા બીકાશ માજી | | ૩,૦૦,૦૦૦ |
| ૧૪) સ્વરા સંજય ગૂગલે | | ૩,૫૦,૦૦૦ |
| ૧૫) શિવાંશ વિકાસ કુંભાર | | ૩,૦૦,૦૦૦ |
| ૧૬) આવોહિ અનિલ પ્રસાદ | | ૩,૦૦,૦૦૦ |
| ૧૭) શિવનશ લાલણ દૂબે | | ૫,૦૦,૦૦૦ |
| ૧૮) ગણેશ રાકેશ યાદવ | | ૪,૫૦,૦૦૦ |
| ૧૯) શિવમ સુપ્રિયો મોન્ડલ | | ૫,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
| --- | --- | --- |
| ૨૦) અવિનાશ શંકાર પગારે | | ૩,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# અલ્ગોરિધમ કિલિંગ: યુદ્ધમાં કોણ જીવશે અને કોણ મરશે એઆઈ નક્કી કરશે

વૉશિંગ્ટન: મિડલ-ઈસ્ટના યુદ્ધમાં આકાર પામી રહ્યું છે અલ્ગોરિધમ વૉર. ડેટા અને મશીન નક્કી કરે છે આગામી ટાર્ગેટ. આ અગાઉ કોઈ યુદ્ધમાં આટલા મોટા પ્રમાણમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરાયો નથી. હૉલિવૂડની 'ટર્મિનેટર' ફિલ્મમાં મશીનો માણસના જાન લે છે. આ જોઈને આપણે સ્તબ્ધ થઈ ગયા હતા. આ સાયન્સ ફિક્શન હવે કડવું અને ડરામણું સત્ય બની ગયું છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હવે ઑફિસમાં ઈ-મેલ ડ્રાફ્ટ કરનાર કે તસવીરો બનાવનાર બાળકોનું નિર્દોષ ટૂલ રહ્યું નથી. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં વરસાવામાં આવતી મિસાઈલનો માર્ગ માણસો નહીં, પરંતુ અલ્ગોરિધમ નક્કી કરે છે. તમે એન્થ્રોપિક અને ઓપન એઆઈનું નામ સાંભળ્યું હોય તો તમને ખબર હશે કે આ જંગમાં આડકતરી રીતે સામેલ છે. અમેરિકા આનો ઉપયોગ કરી રહ્યું છે.

લશ્કરી નિષ્ણાતો હવે સ્વીકારે છે કે આગામી વર્ષોમાં યુદ્ધ ફક્ત સૈનિકો અને હથિયારો વડે લડાશે નહીં, પરંતુ ડેટા, અલ્ગોરિધમ અને મશીનોની મદદથી લડાશે. ભવિષ્યમાં કોને મારવું કે છોડવું એ માણસ નહીં પરંતુ એઆઈ સિસ્ટમ કરે છે.

પહેલાં કોઈ લશ્કરી ઑપરેશનના થોડા કલાક કે દિવસો પહેલાં ઈન્ટેલિજન્સ ભેગા કરવામાં આવે છે. ડ્રોન ફૂટેજ અને સેટેલાઈટ ઈમેજનો વિશ્લેષકો અભ્યાસ કરે છે. અલગ સ્તરની મીટિંગમાં નક્કી કરવામાં આવે છે કે હુમલો કરવો કે નહીં. સેટેલાઈટ જમીનની એક્ટિવિટીનો રેકોર્ડ સતત આપે છે. ડ્રોન પણ હજારો તસવીર મોકલાવે છે. હવે આ ડેટાનું વિશ્લેષણ કરવાનું માનવીનું કામ નથી.

અમેરિકાએ ૨૦૧૭માં અમેરિકા ડિફેન્સ ડિપાર્ટમેન્ટે પ્રોજેક્ટ માવેન નામનો કાર્યક્રમ શરૂ કર્યો છે. આનો હેતુ ડ્રોન અને સર્વિલાન્સ કેમેરાથી આવનારા વીડિયોને એઆઈની મદદથી સમજવામાં આવે છે. હવે એઆઈનો ઉપયોગ ડેટાના વિશ્લેષણ સુધી સીમિત રહ્યો નથી. હવે એઆઈ ટેક્નોલોજી વૉરમાં ટાર્ગેટ ઓળખવાની પ્રોસેસ સુધી પહોંચી ગયો છે.

ઈઝરાયલના લશ્કરે લાવેન્ડર અને ગોસપેલ એઆઈ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. લાવેન્ડર ફોન રેકોર્ડ, સોશ્યલ નેટવર્ક કનેકશન, લોકેશન ડેટા અને સર્વિલાન્સથી મળતા ડેટાના આધારે રિસ્ક સ્કોર તૈયાર કરે છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## મહારાષ્ટ્ર દેશમાં

ફડણવીસે પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું હતું.

વર્ષ દરમિયાન ૨.૫ લાખ કરોડ રૂપિયાના દેવાના વધારા અંગે સ્પષ્ટતા કરતી વખતે, નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી અથવા અન્ય બોર્ડના દેવાને કોન્સોલિડેટેડ દેવામાં સામેલ કરવામાં આવ્યા છે. ઉપરાંત, દેવાનો અમુક ભાગ કેન્દ્ર સરકારના લાંબા ગાળાના દેવામાં પણ સામેલ કરવામાં આવ્યો હતો. તેથી, એવું કહેવામાં આવ્યું હતું કે ૨.૫ લાખ કરોડ રૂપિયાના દેવામાં વધારો આર્થિક પરિસ્થિતિ બગડતી જવાને કારણે નથી.

ખાધનો ટ્રેન્ડ ચાલુ છે

આગામી નાણાકીય વર્ષનું બજેટ ૪૦,૫૫૨ કરોડ રૂપિયાની ખાધ છે. છેલ્લા કેટલાક વર્ષોથી ખાધ બજેટનો ટ્રેન્ડ ચાલુ છે.

૨૦૨૦-૨૧: ૪૧,૧૪૨ કરોડ, ૨૦૨૧-૨૨: ૧૬,૩૭૪ કરોડ, ૨૦૨૨-૨૩: ૧,૯૩૬ કરોડ, ૨૦૨૩-૨૪: ૧૩,૭૫૪ કરોડ, ૨૦૨૪-૨૫: ૨૯,૯૯૫ કરોડ. ૨૦૨૫-૨૬ : ૩૭,૦૫૫ કરોડ. ■

# હિન્દુ મરણ

**કપોળ**

મહુવાવાળા, સ્વ. હસમુખરાય મણિલાલ શેઠના ધર્મપત્ની દેવયાનીબેન (ચંપાબેન) તે સંગીતાબેન ભરત કાણકિયા, સ્વ. ભારતી, ભાવના સંજય દલાલ, જીજ્ઞા બીરેન પારેખ, રૂપલ ધીરેન વળીયાના માતુશ્રી. પિયરપક્ષે જાફરાબાદવાળા સ્વ. નાગરદાસ માધવજી વોરાના દીકરી. ૬/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૮/૩/૨૬ના ૪ થી ૬. દૈવી ઇન્ટરનીટી બેન્કવેટ હોલ, એમ કે ભાટિયા હાઇસ્કૂલ સામે, સાઇબાબા નગર બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

બોળી નીવાસી હાલ પાલઘર, જમનાદાસ વિઠ્ઠલદાસ સોઢા (ઉં. વ. ૯૨) તે સ્વ. કનકબેનના પતિ. મનોજ સોઢા નીલેશ સોઢા, અ.સૌ. દીપ્તિ મહેન્દ્ર કોટેચા,અ.સૌ. ઇલા પ્રભુદાસ સવજાણીના પિતાશ્રી. અ,સૌ. લતા સોઢા, અ.સૌ ઇલાક્ષી સોઢાના સસરા. સ્વ. મકનજી સોઢા, સ્વ. મથુરાદાસ સોઢા, સ્વ. મોહનલાલ સોઢા, સ્વ. અમ્રુતલાલ સોઢા, સ્વ. ગોપાલદાસ સોઢા, સ્વ. દામોદર સોઢા, સ્વ. કસ્તૂરબેન કરસનદાસ ઠક્કર, સ્વ. શાન્તાબેન જયંતીલાલ ઘેવરિયા સ્વ. વિજયાબેન ગોરધનદાસ રાયઠઠા, સ્વ. ઊજમબેન રૂઘનાથ સેજપાલના ભાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૯/૦૩/૨૦૨૬ને સોમવારના ૪ થી ૬. શ્રી અંબાજીમંદીર, દેવીશા રોડ, પાંચબત્તીની પાસે, પાલઘર વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલોદ દશાનીમા વણિક**

ઝાલોદ નિવાસી હાલ અંધેરી, શોધન ઘનશ્યામભાઈ દેસાઈ (ઉં. વ. ૬૬) તે ગં.સ્વ. લીલાબેન ઘનશ્યામ દેસાઈના પુત્ર. રીટાબેનના પતિ. પ્રતિકના પિતા. હિરલના સસરા. અચલાબેનના દિયર, શૈલેષભાઈ અને સાધના શૈલેષ પરીખના ભાઈ. બુધવાર તા. ૫/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગાંગજી લક્ષ્મીદાસ વીંછી (ઉં. વ. ૭૩) ગામ પત્રી હાલે મુલુંડ, તે જયવંતીબેનના પતિ. સ્વ. ભાનુમતી લક્ષ્મીદાસ વીંછીના પુત્ર. સ્વ. તારાવંતી તુલસીદાસ લીયાના જમાઈ. કરણના પિતા. પૂજાના સસરા. સ્વ. વૃજલાલ, સુંદરજી, સ્વ. હરીલાલ, મોહનલાલ, સ્વ. હંસરાજ તથા જ્યોતિબેન જમનાદાસ છાટબારના ભાઈ. તા. ૫/૩/૨૦૨૬ ગુરૂવારના રોજ રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા દશાવ પ્રથા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી**

દહાણુ નિવાસી, સ્વ.જમનાદાસ મૂળજી ભગતના દીકરી. ગં.સ્વ. ભારતી ગુણવંતભાઈ પારેખ ભાવિન, અર્ચના, અનિશા, અલ્પાની માતા. નીલમ, હિતેશ, કેતન, હેમાંશુના સાસુ. નગીનભાઈ, ચંદુભાઈ,કનુભાઈ, જ્યોતિબેન, ઉષાબેનના બહેન. તા. ૫/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાથના ૮/૩/૨૬ શ્રી દશાશ્રીમાળી વાડી ૩/૫ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મોટા ભાડીયાવાળા, સ્વ. બેચરદાસ વેલજી રાયચનાના ધર્મપત્ની ગં. સ્વ. ઝવેરબેન (ઉં.વ. ૮૪) હાલે મુલુંડ તા. ૬-૩-૨૬ના રામશરણ પામેલ છે તે સ્વ. રવજી ગોવિંદજી જોબનપુત્રા ભુજવાળાની પુત્રી. સ્વ. દિનેશ લતાબેન જયસિંહ પાંધી, મીનાબેન કિરીટ ગડા, ગં. સ્વ. દમયંતીબેન દિલીપ ઠક્કરના માતુશ્રી. ગં. સ્વ. રંજનબેન દિનેશ રાયચનાના સાસુજી. પ્રશાંત, મારીશા, ભાવિકા, ભક્તિના નાનીમા. સ્વ. માધવજી વેલજી રાયચના, સ્વ. કેશવજી વેલજી રાયચના, સ્વ. લીલાધર વેલજી રાયચના, સ્વ. જાધવજી વેલજી રાયચના, સ્વ. મોહનલાલ વેલજી રાયચના, સ્વ. ચંચલબેન કાનજી સોમેશ્વર, સ્વ. સાકરબેન તુલસીદાસ સેજપાલના ભાભી. તે બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૬ રવિવાર, સાંજે ૫.૩૦થી ૭. ઠે. શ્રી બ્રહ્માંડેશ્વર ભક્ત મંડળ હોલ, જવાહરલાલ નેહરુ રોડ, આર્ય સમાજ હોલની પાછળ, મુલુંડ (વેસ્ટ). બૈરાઓએ એજ દિવસ આવી જવું. લૌક્કિ વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ માટુંગા, સ્વ. ત્રિભોવનદાસ બાલુભાઈ મોદીના ધર્મપત્ની ગં. સ્વ. અનસુયાબેન (ઉં.વ. ૯૦) તા. ૬-૩-૨૬ને શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે હેમેન્દ્ર-ઉર્વશી, વિજય-સ્વ. કરૂણા તથા રૂચિક-ઉર્મિ (ઉમા)ના માતુશ્રી. શૌનક-સિદ્ધિ, ધ્રુવિન-પ્રિયંકા તથા વૈષ્ણવીના દાદી. સ્વ. હરકિશનદાસ - સ્વ. હંસાબેન, સ્વ. હરેશભાઈ-માધુરીબેન, સ્વ. તારાબેન, સ્વ. મંજુબેન, સ્વ. નીમુબેન, સ્વ. દમયંતીબેન તથા ગં. સ્વ. પુષ્પાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. મગનલાલ જમનાદાસ પારેખના દીકરી. સ્વ. કનૈયાલાલ, જીતેન્દ્રભાઈ, જસવંતરાય, સ્વ. પ્રવિણભાઈ, ગં. સ્વ. કાંતાબેન, ગં. સ્વ. જયાબેન, જ્યોત્સનાબેન, ગં. સ્વ. ભાવનાબેન તથા રેખાબેનના બેન. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૬ રવિવારના ૫થી ૭. ઠે. રવજી જીવરાજ ચાંદડાઈવાલા (એસ.એન.ડી.ટી.) હોલ, રફી અહેમદ કિડવાઈ હોલ, માટુંગા-૧૯.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

(સરતાનપર, હાલ મુંબઈ) વસંતબેન (ઉં.વ. ૯૦) તે સ્વ. મનહરલાલ (બટુકભાઈ) અજમેરાના ધર્મપત્ની. તે પંકજ, રાજુ, જયેશ તથા હીનાબેન સતીશભાઈ સરવૈયાના મમ્મી. તે (સ્વ.) પરમાનંદભાઈના ભાઈ. (સ્વ.) કિશોરભાઈ અને રમેશભાઈ અજમેરાના ભાભી. નયના, હેતલ અને અલ્પાના સાસુ. તે (સ્વ.) નાગરદાસ, મથુરદાસ મહેતાના સુપુત્રી તા. ૬ માર્ચ ૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌક્કિ વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ત્રિભુવનદાસ શ્રીમાંકર (ઉં.વ. ૮૩) તે નર્મદાબેન ગોરધનદાસ શ્રીમાંકરના પુત્ર. સ્વ. અ. સૌ. મંજુલાબેનના પતિ. ગૌરી પ્રતિક શેઠના પિતા. સ્વ. ભગવાનદાસ, સ્વ. યમુનાબેન સ્વ. ચંપકલાલ પારેખ, દુર્ગાબેન પ્રવિણચંદ્ર માવાણી, લીલાબેન સ્વ. નટવરલાલ ધાબલીયા, ઈન્દુબેનના ભાઈ. સ્વ. ન્યાલચંદ પારેખના જમાઈ. સ્વ. સુરેશ ગિરધરલાલ શેઠના વેવાઈ તા. ૬-૩-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

# પારસી મરણ

મેહર રોહીનતન મુનશી તે મરહુમ રોહીનતનના ધન્યાની. તે મરહુમો જર માનેક મેહતાના દીકરી. તે રોશની ને હુફરીઝના માતાજી. તે બોમીના સાસુજી. તે મરહુમ ખોરશેદના બહેન. તે ડિમ્પલ, પ્રીયંકા, વહીસતા, નશઈતાના મમઈજી. (ઉં.વ. ૮૮). ઠે. બી-૮, કેપતન કોલોની, પહેલે માળે, જીનવાલા બિલ્ડીંગ, હાજી અલી, મુંબઈ-૪૦૦ ૦૩૪. ઉઠમણાની ક્રિયા: તા. ૮-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગ્યારીમાં છેજી.

જેરીન જીમી મરચંત તે મરહુમ જીમીના ધન્યાની. તે મરહુમો ધનબઈ રુસ્તમજી મરચંતના દીકરી. તે બેપસી, નવલ ને કેશમીરાના માતાજી. તે ઝીબા, દેલનાઝ, દેલઝીન ને હીરાના બપઈજી. તે મેહર ને દારાયુસના મોટા બપઈજી. (ઉં.વ. ૮૭). ઠે. સાઈરસ કો.હા.સો., ભોઈ તળે, બ્લોક નં. ૪, ગોવથાન લેન, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮. ઉઠમણાની ક્રિયા: તા. ૮-૩-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે અંધેરી પતેલ અગ્યારીમાં.

# જૈન મરણ

**વીશા શ્રીમાળી જૈન**

પાટણ નીવાસી મણિયાતી પાડો હાલ ભાયંદર, સ્વ. હસમુખલાલ મણિલાલ ગભરૂચંદ શાહના ધર્મપત્ની. ગં.સ્વ. રશ્મિકાબેન (ઉં. વ. ૮૪) ૬/૩/૨૬ના અરિહંતશરણ થયા છે. કુંભારીયા પાડાના નિર્મલાબેન શાંતિલાલ ચંદુલાલ શાહની પુત્રી. ભદ્રાબેન, જ્યોતીબેન, મિતાબેન, દિપકભાઈ, નલિનભાઇના બેન. ભાવેશ, ધર્મેશના માતૃશ્રી. ઈના, રક્ષાના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે . સરનામું: એ/૩૦૨, વાલચંદ આશીષ, આય.ડી.બી. આય બેન્ક ની બાજુમાં, ૧૫૦ ફિટ રોડ. ભાયંદર વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ મુંબઈ બોરીવલી, સ્વ. કીર્તિભાઇ નગીનદાસ શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૬૯) ૬/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ હીરાચંદ ગાંધી ઘાટકોપરના દીકરી. નિહિર તથા ફોરમના માતુશ્રી. બીજલ રિપૂણ રૂપાણી તથા સોહીલકુમાર ભરત મહેતાના સાસુ. આરવ તથા ઝિયાના બા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી દેરાવાશી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુલુંડ, મીનાબહેન (માયા) અનિલ શેઠ (ઉં. વ. ૭૪) ૫ માર્ચ ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે, જે સ્વ. નગીનદાસ તારાચંદ શેઠના પુત્રવધૂ. સ્વ. ભગવાનજીભાઈ જગજીવનદાસ મહેતાના સુપુત્રી. સ્વ.અનિલ નગીનદાસ શેઠના ધર્મપત્ની. સ્વ. પ્રકાશભાઈ, અરુણભાઈ, પંકજભાઈ અને ચંદ્રિકાબેનના બેન. કોમલ કુમારપાળ શાહના માતુશ્રી. સ્વ. સુમનભાઈ, વિનોદભાઈ, હર્ષદભાઈ, પ્રફુલભાઈ, સ્વ દિલીપભાઈ, સ્વ. સુશીલાબેન, ઇન્દુબેન, સ્વ. જ્યોત્સનાબેન, રીટાબેન અને જયશ્રીબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના શ્રીમતી મણીબેન દામજી નાગડા (ઉં. વ. ૭૬) તા. ૬-૩-૨૦૨૬ ના અવસાન પામેલ છે. બાયાંબાઇ દેવરાજ નાગડાના પુત્રવધૂ. દામજીના ધર્મપત્ની. અજય, લીના, ભાવેશના માતુશ્રી. કો. મહાદેવપુરના જેતબાઈ વસનજી હરશી સાવલાની સુપુત્રી. લક્ષ્મી, પ્રવીણ, ઝવેર, મહેન્દ્ર, કિશોરના બેન. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ સં., કરસન લધુ હોલ, દાદર (વે), સાંજે ૪ થી ૫.૩૦.

દેશલપુર (કંઠી)ના મોહનભાઈ પ્રેમજી સોની (ઉં. વ. ૭૭) તા. ૬-૩-૨૬ ના અવસાન પામ્યા છે. મણીબેન પ્રેમજી ચાંપશીના સુપુત્ર. મીનાબેનના પતિ. મિલનના પિતાશ્રી. પોપટભાઈ (પ્રવિણભાઈ), સ્વ. અમૃતબેન, ઈલાબેન, રંજનબેનના ભાઈ. કારાઘોઘાના ભાણબાઈ ડુંગરશી મુરજી શેઠીયાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫.૩૦.

**પાટણ જૈન**

પાટણ નિવાસી શાંતિનાથનિપોળ, હાલ અંધેરીના સ્વ. પ્રભાવતીબેન પોપટલાલ મોતીલાલ પાલેજવાલાના સુપુત્ર દિનેશભાઈ (ઉં.વ.૭૯) ૫ માર્ચ ૨૦૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે રેણુબેન (યશોદા)ના પતિ. યશ અને પુનિતના પિતાશ્રી. રીમા અને પૂજાના સસરા. કૈલાસભાઈ, સ્વ. જતીનભાઈ અને નયનાબેનના ભાઈ. સ્વ. વસંતબેન ચંપકલાલ ઝવેરીના જમાઈ. પ્લોટ નં. ૭૫, વૈકુંઠ સોસાયટી, લલ્લુભાઈ પાર્ક, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરત વીસા ઓસવાલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

નમ્રતા સૂર્યકાંત જવેરી (ઉં.વ. ૪૧) તે સ્વ. પ્રતિભાબેન તથા સ્વ. સૂર્યકાંત અભેચંદ જવેરીના સુપુત્રી. જાશ્મીન સમીર જવેરી તથા હેતા વિશાલ કોઠારીની બેન તથા કવીશ અને કાશ્વીના માસી તા. ૬-૩-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર, નાનચંદ પ્રેમચંદ રવાસાના પુત્ર તનસુખલાલ (ઉં.વ. ૮૭) તા. ૬-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. તે સંજય, ભાવેન તથા પિયુષના પિતાશ્રી. તે અ. સૌ. પ્રીતિ, કૃપા અને પાયલના સસરા. પ્રિયાંશી, પાર્શ્વ, અનિકા અને નિવના દાદા. તે શ્વસુર પક્ષે ઉમરાળાવાળા ચુનીલાલ લાલચંદ શાહના જમાઈ. (લૌક્કિ વ્યવહાર તથા સાદડી બંધ રાખેલ છે.)

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી, સ્વ. પ્રતાપરાય ચત્રભુજ સંઘવીના ધર્મપત્ની. સ્વ. કમળાબેન છોટાલાલ ઉત્તમચંદ શાહના પુત્રી (માંગરોળ) હીરાબેન (ઉં.વ. ૯૫) હાલ ડોંબિવલી, નીલાબેનના માતુશ્રી. મુકેશભાઈના સાસુમા. ધ્રુવિકા પારસ શાહ અને આદિત્યના નાની તા. ૬-૩-૨૬ના શુક્રવારે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

## હીલિંગ હેન્ડ્સ, ફિયરલેસ હાર્ટ

## ‘ધ જર્ની ઑફ અ વુમન પીડિયાટ્રિક સર્જન’

એક લેખક દ્વારા સુંદર રીતે વર્ણવ્યા મુજબ, ‘‘એસ્ક્યુલેપિયસનું મગજ, ગરુડની આંખ, સિંહનું હૃદય અને સ્ત્રીના હાથ’’ એક સાચા સર્જનને વ્યાખ્યાયિત કરે છે. ‘‘સ્ત્રીના હાથ’’ દ્વારા લેખક કરુણા, ધીરજ અને કાળજીનો ઉલ્લેખ કરે છે જેની સાથે આપણે આપણા દર્દીઓ અને તેમની બીમારીઓની સારવાર કરીએ છીએ. આપણી સ્ત્રીઓ પાસે ખરેખર બધું છે.

આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હું મારી જાત સાથે તેમજ દેશ અને વિશ્વની દરેક મહિલાઓ સાથે ઊજવવા માગું છું. આજે, સ્ત્રીઓ ફક્ત પુરુષોની સમકક્ષ જ નથી, પણ સર્જરી સહિત વિવિધ ક્ષેત્રોમાં ઘણી સંસ્થાઓનું નેતૃત્વ પણ કરી રહી છે. પવઈની **ડૉ. એલ.એચ. હિરાનંદાની હૉસ્પિટલમાં હું પીડિયાટ્રિક સર્જરીમાં H.O.D. તેમજ મુખ્ય વરિષ્ઠ સલાહકાર** તરીકે ગર્વભેર જણાવું છું કે એક સમયે પુરુષોની દુનિયા માનવામાં આવતી હતી ત્યાં સાથીદારો સાથે ખભે ખભા મિલાવીને કામ કરી ખરેખર અમારું સ્થાન મેળવ્યું છે.


ડૉ. નતાશા એલ. વાગેરિયા
વરિષ્ઠ સલાહકાર બાળરોગ સર્જન

મંત્ર સરળ છે: કુશળતા, ગંભીરતા અને કરુણા સાથે તમારા દર્દીઓની સેવા કરો. તમારું શ્રેષ્ઠ આપો અને હંમેશાં તમારા માટે ઊભા રહો.

**પરંતુ શું આ સફર સરળ હતી? ચોક્કસ નહીં.**

હું એવા પરિવારમાં જન્મી હતી જ્યાં મારી મોટાભાગની પિતરાઈ બહેનોના લગ્ન ૧૯ વર્ષની ઉંમરે થઈ ગયા હતા અને થોડા સમય પછી જ પરિવાર શરૂ કરી દીધો હતો. શિક્ષણ અને સર્જરી જેવા મુશ્કેલ વ્યવસાયને પસંદ કરવા માટે દૃઢ નિશ્ચય અને હિંમતની જરૂર હતી. મારા વીર પિતાએ મારા સ્વપ્નમાં વિશ્ર્વાસ કર્યો અને તેમના સમર્થનથી મારો પરિવાર આખરે મારી પડખે ઊભો રહ્યો.

સર્જનનું જીવન ક્યારેય સરળ નથી હોતું, પરંતુ તે ખૂબ જ ફળદાયી છે. વર્ષોનો સઘન અભ્યાસ, લાંબા કામના કલાકો, રાત્રિ ફરજો, કટોકટી અને ઉચ્ચ દબાણવાળા નિર્ણયો એ બધું જ વ્યવસાયનો ભાગ છે. સ્ત્રીઓ તરીકે આ સફર ઘણીવાર વધુ મુશ્કેલ બની જાય છે, કારણ કે અમારે કૌટુંબિક જીવન, બાળકોનો ઉછેર અને ઘરનું સંચાલન સાથે વ્યાવસાયિક જવાબદારીઓનું સંતુલન બનાવવું પડે છે.

સૌથી મોટા પડકારોમાંનો એક હતો મારી ગર્ભાવસ્થાના છેલ્લા દિવસો સુધી કામ કરવું અને પ્રસૂતિ પછીના માત્ર ત્રણ મહિના પછી કામ પર પાછા ફરવું. ઈમરજન્સી સર્જરી માટે મારા પોતાના બાળકને દૂધ માટે રડતું છોડી દેવું સરળ નહોતું. છતાં મેં મારી જાતને યાદ અપાવ્યું કે હું બીજી માતા માટે બીજા બાળકને બચાવવામાં મદદ કરી રહી છું, જ્યારે તે યુવાન દર્દીઓ સ્વસ્થ થયા અને બચી ગયા, ત્યારે દરેક બલિદાન સાર્થક લાગ્યું.

ત્યાં ડરની ક્ષણો પણ હતી. COVID-19 મહામારી દરમિયાન, મેં એકવાર ગંભીર રીતે બીમાર અને નિસ્તેજ બાળક પર ઇમરજન્સી બ્રોન્કોસ્કોપી કરી હતી. COVIDની સ્થિતિ તપાસવાનો અથવા સંપૂર્ણ રક્ષણાત્મક પોષાક પહેરવાનો પણ સમય નહોતો. પછીથી અમને ખબર પડી કે બાળક COVID પોઝિટિવ હતું અને મને ક્વોરેન્ટાઇન થવું પડ્યું અને મારા પરિવાર માટે જોખમ હતું, પણ એ બાળક બચી ગયું અને એ પરિણામથી મારો સંકલ્પ ખૂબ જ મજબૂત બન્યો હતો.

એક બાળરોગ સર્જન તરીકે ફક્ત ૮૦૦ ગ્રામ વજનવાળા એક દિવસના અકાળે જન્મેલા બાળક અથવા ૧૬ વર્ષના કિશોર પર શસ્ત્રક્રિયા હંમેશાં ખૂબ જ સંતોષકારક હોય છે. દરેક શસ્ત્રક્રિયા ફક્ત એક પ્રક્રિયા જ નહીં, પરંતુ તે બાળક માટે આગળનું જીવનકાળ હોય છે.

સ્ત્રીઓ દવામાં પણ એક ખાસ શક્તિ લાવે છે. બાળકોને નમ્રતાથી સંભાળવા, માતાપિતાને કરુણાપૂર્વક સલાહ આપવા અથવા મુશ્કેલ નિર્ણયો દ્વારા પરિવારોને માર્ગદર્શન આપવા, સહાનુભૂતિ અમારી સૌથી મોટી સંપત્તિ બની જાય છે.

જોકે, કામ, પરિવાર અને જવાબદારીઓનું સંતુલન બનાવતી વખતે ઘણી સ્ત્રીઓ પોતાના સ્વાસ્થ્યની અવગણના કરે છે. તણાવ, ચિંતા, હાયપરટેન્શન અને હોર્મોનલ વિકૃતિઓ વધુને વધુ સામાન્ય બની રહી છે. સ્ત્રીઓએ તેમની **શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારીને પ્રાથમિકતા આપવી જરૂરી છે.**

સંતુલન એ ચાવી છે. થોડી મિનિટોનું દરરોજનું આયોજન અને સ્વ-સંભાળ આપણી જવાબદારીઓનું સંચાલન કરવાની અને સ્પષ્ટતા અને શક્તિ સાથે આગળ વધવાની રીતને બદલી શકે છે.

હું ક્યારેય નહીં કહું કે **‘‘સ્ત્રી હોવા છતાં, મેં આ હાંસલ કર્યું.’’** તેના બદલે, હું ગર્વથી કહું છું કે **‘‘કારણ કે હું એક સ્ત્રી છું, હું તે પ્રાપ્ત કરી શકી.’’**

બધી મહિલાઓને **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ખૂબ જ ખુશી અને સશક્ત બનાવવાની શુભેચ્છાઓ.**

## ભારતમાં મહિલાઓમાં ફેટી લીવર

## એક છુપું સ્વાસ્થ્ય જોખમ

**ભારતીય મહિલાઓમાં ફેટી લીવર રોગનો છુપો વધારો**

ભારતની હૉસ્પિટલો અને ક્લિનિક્સના શાંત કોરિડોરમાં એક એવી સ્થિતિ સ્ત્રીઓમાં છુપી રીતે ફેલાઈ રહી છે - જે ભાગ્યે જ સ્પષ્ટ લક્ષણો સાથે પોતાને જાહેર કરે છે છતાં ગંભીર લીવર, યકૃત નુકસાનની સંભાવના ધરાવે છે. મેટાબોલિક ડિસફંક્શન-એસોસિએટેડ સ્ટીટોટિક લીવર ડિસીઝ (MASLD), જે અગાઉ નોન-આલ્કોહોલિક ફેટી લીવર ડિસીઝ (NAFLD) તરીકે ઓળખાતું હતું, તે લગભગ ૩૮-૪૦% શહેરી ભારતીયોને અસર કરે છે અને આ બાબતમાં સ્ત્રીઓ વધુને વધુ સંવેદનશીલ છે. આ વલણ ચિંતાજનક છે તે જ ઘણીવાર ધ્યાન ના અપાય તો નુકસાન ચિંતાજનક રીતે વધી જાય છે.


ડૉ. ગીતા માલકન-બિલ્લા
દ્વારા ડિરેક્ટર- ગેસ્ટ્રોએન્ટેરોલોજી
અને હેપેટોલોજી

**છુપાયેલો રોગચાળો**

જ્યારે લીવર (યકૃત)ના કોષોમાં વધારાની ચરબી એકઠી થાય છે ત્યારે ફેટી લીવર વિકસે છે, જે બળતરા અને આખરે ફાઇબ્રોસિસનું કારણ બને છે. તેના પ્રારંભિક તબક્કામાં, લિવર અલ્ટ્રાસાઉન્ડ પર થોડું મોટું દેખાઈ શકે છે, પરંતુ કોઈ નોંધપાત્ર લક્ષણોનું કારણ નથી. ઘણી સ્ત્રીઓમાં નિયમિત આરોગ્ય તપાસ દરમિયાન આ સ્થિતિ આકસ્મિક રીતે જોવામાં આવે છે. થાક, પેટમાં અગવડતા અથવા કમળો જેવાં લક્ષણો દેખાય ત્યાં સુધીમાં, રોગ પહેલાથી જ ખૂબ વધી ચૂક્યો હોય છે.

ભારતીય મહિલાઓમાં ફેટી લીવરનું એક ખાસ ભ્રામક પાસું શરીરની રચનાનો વિરોધાભાસ છે. ઘણી અસરગ્રસ્ત મહિલાઓ પરંપરાગત ધોરણો મુજબ મેદસ્વી નથી હોતી. તેમનો બોડી માસ ઇન્ડેક્સ સામાન્ય હોઈ શકે છે, પરંતુ તેઓ વધારાની **વિસેરલ ચરબી** ધરાવે છે.

- આંતરિક અવયવોની આસપાસ ચરબી - એક મેટાબોલિક પેટર્ન જે સામાન્ય રીતે દક્ષિણ એશિયાઈ લોકોમાં જોવા મળે છે. આ ઘટના, જેને ઘણીવાર **‘‘લીન MASLD’’** કહેવામાં આવે છે, તે પશ્ચિમી વસ્તી કરતાં ભારતમાં વધુ સામાન્ય છે અને તેને વારંવાર અવગણવામાં આવે છે.

**સ્ત્રીઓ ખાસ કરીને કેમ સંવેદનશીલ હોય છે**

સ્ત્રીના જીવનમાં હોર્મોનલ ફેરફારો નબળાઈની ઘણી બારીઓનું નિર્માણ કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન, **સગર્ભાવસ્થા ડાયાબિટીસ અને પ્રી-એક્લેમ્પસિયા** જેવી પરિસ્થિતિઓ ફેટી લીવરનું લાંબા ગાળાનું જોખમ વધારે છે. મેનોપોઝ પછી એસ્ટ્રોજનના સ્તરમાં ઘટાડો- જે સામાન્ય રીતે લીવરને સુરક્ષિત રાખે છે તે ચરબીના સંચયને ઝડપી બનાવી શકે છે.

**પોલિસિસ્ટિક ઓવરીઅન સિન્ડ્રોમ (PCOS)** એ બીજું એક મુખ્ય જોખમી પરિબળ છે. પ્રજનન વયની લગભગ પાંચમાંથી એક ભારતીય મહિલાને અસર કરતી, PCOS ઇન્સ્યુલિન પ્રતિકાર સાથે સંકળાયેલ છે, જે સ્ત્રીઓને તેમના વીસી અને ત્રીસીના દાયકામાં પણ ફેટી લીવર રોગનો શિકાર બનાવે છે.

જીવનશૈલીના પરિબળો પણ યોગદાન આપે છે. ઘણી સ્ત્રીઓ કામ અને ઘરેલુ જવાબદારીઓને કારણે બેઠાડું જીવન જીવે છે. શુદ્ધ કાર્બોહાઇડ્રેટ્સથી ભરપૂર આહાર - જેમાં સફેદ ચોખા, મેંદા આધારિત ખોરાક અને ખાંડવાળા પીણાંનો સમાવેશ થાય છે- મેટાબોલિક અસંતુલનને વધુ ખરાબ કરે છે. વધુમાં, **હાઇપોથાઇરોડિઝમ**, જે ભારતીય મહિલાઓમાં સામાન્ય છે, ઇન્સ્યુલિન પ્રતિકાર અને પેટના વજનમાં વધારો વધારે છે.

**વહેલી તપાસ શા માટે મહત્ત્વપૂર્ણ છે**

જો સારવાર ન કરવામાં આવે તો, ફેટી લીવર સાદી ચરબીના સંચય (**સ્ટીટોસિસ**)થી **મેટાબોલિક ડિસફંક્શન-એસોસીએટેડ સ્ટીટોહેપેટાઇટિસ (MASH)**માં પ્રગતિ કરી શકે છે, જ્યાં બળતરા લીવર કોષોને નુકસાન પહોંચાડે છે. સમય જતાં, આ **સિરોસિસ** તરફ દોરી શકે છે, જેના કારણે કાયમી લીવરમાં નુકસાન થાય છે. MASLD **કાર્ડિયોવેસ્ક્યુલર રોગ, ટાઇપ 2 ડાયાબિટીસ અને ક્રોનિક કિડની રોગ** જેવી અન્ય સ્થિતિઓ સાથે પણ જોડાયેલું છે, જે એકંદર આરોગ્ય જોખમો વધારે છે.

**દરેક સ્ત્રીએ શું જાણવું જોઈએ**

ફેટી લીવરને ક્યારેય અવગણવું જોઈએ નહીં. તેને લગતા અલ્ટ્રાસાઉન્ડ ફાઈન્ડીંગથી **લીવર એન્ઝાઇમ્સ**, ફાસ્ટિંગ ગ્લુકોઝ, ઇન્સ્યુલિન **લેવલ્સ અને લિપિડ પ્રોફાઇલ** જેવાં પરીક્ષણો દ્વારા વધુ મૂલ્યાંકન થવું જોઈએ.

પ્રોત્સાહક રીતે, **પ્રારંભિક તબક્કાનું ફેટી લીવર ઊલટાવી શકાય તેવું છે, મટાડી શકાય છે.** શરીરના વજનના ૭-૧૦% સતત વજન ઘટાડો, નિયમિત શારીરિક પ્રવૃત્તિ કરવી અને શાકભાજી, કઠોળ અને આખા અનાજ વધારતા અને રિફાઇન્ડ કાર્બોહાઇડ્રેટ્સ ઘટાડવાથી લીવરના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે.

**બ્રેકિંગ ધ સાઈલન્સ**

ભારતે મહિલાઓમાં ડાયાબિટીસ અને હાઇપરટેન્શન વિશે જાગૃતિ લાવવામાં પ્રગતિ કરી છે, પરંતુ ફેટી લીવર પણ આવું જ ધ્યાન આપવાને પાત્ર છે. લીવરમાં શરૂઆતમાં જ શોધી કાઢવામાં આવે ત્યારે સાજા થવાની નોંધપાત્ર ક્ષમતા હોય છે. આ છુપી સ્થિતિને ઓળખવી એ લાંબા ગાળાની ગૂંચવણોને રોકવા તરફનું પ્રથમ પગલું છે.

Hiranandani Hospital
Your Family Superspeciality Hospital™
વધુ માહિતી માટે
ડૉ. એલ. એચ. હિરાનંદાની હૉસ્પિટલ,
પવઈ, મુંબઈ
8424007007 પર કોલ કરો
અમને ઇમેઇલ કરો:
wecare@hiranandanihospital.org.

## પ્રજનનની પસંદગીઓ થકી મહિલા સશક્તીકરણ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એ જીવનના દરેક ક્ષેત્રમાં મહિલાઓની શક્તિ, સ્થિતિસ્થાપકતા અને સિદ્ધિઓની ઉજવણી કરવાની ક્ષણ છે. એક IVF નિષ્ણાત તરીકે આ દિવસ મને માતૃત્વની શોધમાં ઘણી સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતી ઊંડી વ્યક્તિગત સફરની યાદ અપાવે છે- સફર જેમાં ઘણીવાર હિંમત, ધીરજ અને આશાની જરૂર હોય છે.

મારી પ્રેક્ટિસમાં, હું વિવિધ પૃષ્ઠભૂમિની સ્ત્રીઓને મળું છું. કેટલીક વ્યાવસાયિકો એવી છે જેમણે માતૃત્વ ધારણ કરવાનો વિચાર કરતા પહેલા પોતાની કારકિર્દી બનાવવામાં વર્ષો વિતાવી દીધા હોય છે. કેટલાક યુગલો સામાજિક દબાણ અને ભાવનાત્મક તણાવનો સામનો કરીને વંધ્યત્વનો અનુભવ કર્યો છે. અન્ય એકલ મહિલાઓ સ્વતંત્ર રીતે માતૃત્વ પસંદ કરે છે, જ્યારે કેટલીક કૅન્સરથી બચી ગયેલી મહિલાઓ જીવન બચાવતી સારવાર પહેલાં પ્રજનનક્ષમતા જાળવવાની શોધમાં છે. દરેક વાર્તા અનોખી છે, છતાં તેઓ એક સામાન્ય સ્થિતિ શેર કરે છે - તેમના પ્રજનન ભવિષ્ય વિશે પસંદગી કરવાની સ્વતંત્રતા મેળવવાની ઇચ્છા.


ડૉ. હેતલ પારેખ
સિનિયર કંસલટન્ટ- ઈન વિટ્રો ફર્ટિલાઝેશન

વંધ્યત્વ ઘણા લોકો સમજે છે તેના કરતાં ઘણી સામાન્ય છે, ખાસ કરીને ભારતમાં કરેલા અભ્યાસ મુજબ અંદાજે ૧૦-૧૫% પરિણીત યુગલો વંધ્યત્વનો સામનો કરે છે, જેનો અર્થ થાય છે કે લગભગ **અઢીથી ત્રણ કરોડ યુગલો ગર્ભધારણ માટે સંઘર્ષ** કરી રહ્યા છે. આટલી મોટી સંખ્યા હોવા છતાં, વંધ્યત્વ એક એવો વિષય છે જેની ભાગ્યે જ ખુલ્લેઆમ ચર્ચા થાય છે અને તે ઘણીવાર કલંક અને ખોટી માહિતીથી ઘેરાયેલો હોય છે.

એક સતત ગેરસમજ એ છે કે વંધ્યત્વ મુખ્યત્વે ‘‘સ્ત્રીની સમસ્યા’’ છે. વાસ્તવમાં, તબીબી પુરાવા દર્શાવે છે કે **વંધ્યત્વના લગભગ ૩૦% કેસોમાં પુરુષ પરિબળો યોગદાન આપે છે**, બીજા ૩૦% કેસોમાં સ્ત્રી પરિબળો યોગદાન આપે છે અને લગભગ ૩૦% કેસોમાં બંને ભાગીદારો જવાબદાર હોય છે. આ યુગલો જ્યારે પ્રજનનક્ષમતાની સારવાર લે છે ત્યારે બંને ભાગીદારોનું સમાન રીતે મૂલ્યાંકન અને સમર્થન કરવાના મહત્ત્વને કેન્દ્રિત કરાય છે.

બીજો પડકાર એ છે કે ઘણા યુગલો તબીબી સલાહ લેવામાં વિલંબ કરે છે. અભ્યાસો સૂચવે છે કે **વંધ્યત્વનો અનુભવ કરતા અડધાથી ઓછા યુગલો જાગૃતિના અભાવ**, કલંક અથવા નિર્ણયના ડરને કારણે **ડોક્ટરની સલાહ** લે છે. આ વિલંબ સ્ત્રીઓ માટે ખાસ કરીને નોંધપાત્ર હોઈ શકે છે, કારણ કે ઉંમર સાથે પ્રજનનક્ષમતામાં કુદરતી રીતે ઘટાડો થાય છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં, પ્રજનન દવામાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. **IVF, ICSI,** એગ **ફ્રીઝિંગ, ઓવરીઅન ટીસ્યુઝ ફ્રીઝિંગ અને એમ્બ્રીયો ફ્રીઝિંગ** જેવી તકનીકોએ સ્ત્રીઓ માટે નવી શક્યતાઓ આપે છે. આજે જે સ્ત્રીઓ કારકિર્દીના લક્ષ્યો, તબીબી સારવાર અથવા વ્યક્તિગત સંજોગોને કારણે ગર્ભાવસ્થામાં વિલંબ કરવા માંગે છે તેઓ તેમના પ્રજનન ભવિષ્યની યોજના વધુ આત્મવિશ્વાસ સાથે કરી શકે છે.

જોકે, ભારતમાં પ્રજનન સંભાળની પહોંચ એક પડકાર બની રહે છે. સારવારનો ખર્ચ એક મહત્ત્વપૂર્ણ અવરોધ બની શકે છે, જે ઘણા પરિવારો માટે પ્રજનન સંભાળને નાણાકીય અને ભાવનાત્મક બંને રીતે અસર કરે છે.

જીવનશૈલીના પરિબળો પણ પ્રજનન પડકારોમાં ફાળો આપી રહ્યા છે. શહેરી તણાવ, બેઠાડું જીવનશૈલી, વધતી જતી સ્થૂળતા, પર્યાવરણીય પ્રદૂષણ અને વિલંબિત લગ્નો પ્રજનન સ્વાસ્થ્યને વધુને વધુ અસર કરી રહી છે.

પ્રજનન સ્વાસ્થ્યમાં સશક્તિકરણ ટૅક્નોલૉજીથી આગળ છે - તે જાગરૂકતાથી શરૂ થાય છે. સ્ત્રીઓને માસિક સ્રાવના સ્વાસ્થ્ય, પ્રજનન સમયરેખા અને પ્રજનન પસંદગીઓ વિશે સચોટ માહિતીના ઍક્સેસની જરૂર છે જેથી તેઓ તેમના ભવિષ્ય વિશે યોગ્ય નિર્ણયો લઈ શકે.

ભાવનાત્મક ટેકો પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. વંધ્યત્વની સારવાર શારીરિક અને માનસિક રીતે પણ અગત્યની છે. IVF નિષ્ણાતો તરીકે, અમારી ભૂમિકા તબીબી પ્રક્રિયાઓથી આગળ વધે છે - અમે સ્ત્રી દ્વારા અનુભવવામાં આવતી સૌથી ભાવનાત્મક સફરમાંથી એકમાં સલાહકાર, શિક્ષક અને ભાગીદાર બનીએ છીએ.

તે જ સમયે, એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે **માતૃત્વ એ સ્ત્રીત્વની એકમાત્ર વ્યાખ્યા નથી.** કેટલીક સ્ત્રીઓ બાળકો ન રાખવાનું પસંદ કરી શકે છે, જ્યારે અન્ય લોકો દત્તક લેવા અથવા દાતા-સહાયિત પ્રજનન જેવા પરિવારો બનાવવાના વૈકલ્પિક માર્ગો શોધી શકે છે.

આ મહિલા દિવસ, હું ફક્ત માતાઓ જ નહીં, પણ માતા બનવાનો પ્રયાસ કરતી સ્ત્રીઓ, તેમની પ્રજનન ક્ષમતા જાળવી રાખતી સ્ત્રીઓ અને જીવનના વિવિધ માર્ગો પસંદ કરતી સ્ત્રીઓની પણ સરાહના કરું છું. દરેક સફર આદરને પાત્ર છે.

કારણ કે સાચું સશક્તિકરણ **પસંદગીમાં** રહેલું છે - માતૃત્વને અનુસરવાની, તેને વિલંબિત કરવાની જરૂર પડે ત્યારે મદદ લેવાની અથવા પોતાની રીતે પરિવારને વ્યાખ્યાયિત કરવાની પસંદગી.

## વધુ જોખમી ગર્ભાવસ્થા

## ચેતવણીનાં લક્ષણો જે દરેક સ્ત્રીએ જાણવા જોઈએ

**વધુ જોખમી ગર્ભાવસ્થાના ચેતવણી લક્ષણોને ઓળખવા**

સ્ત્રીઓ એક સ્વસ્થ પરિવાર અને સમાજનો પાયો છે. ગર્ભાવસ્થા સામાન્ય રીતે આનંદદાયક અને કુદરતી પ્રક્રિયા છે. જોકે, ક્યારેક ગૂંચવણો ઊભી થઈ શકે છે અને જીવન માટે જોખમી બની શકે છે. ઘણી માતા મૃત્યુ અને ગર્ભાવસ્થા સંબંધિત ગૂંચવણો સારવાર ઉપલબ્ધ ન હોવાને કારણે નહીં, પરંતુ ચેતવણી ચિહ્નોને વહેલી તકે ઓળખવામાં ન આવવાને કારણે થાય છે.

મહિલા દિવસ પર ઉચ્ચ જોખમી ગર્ભાવસ્થા અને તેના ચેતવણીનાં લક્ષણો વિશે જાગૃતિ વધારવી એ માતા અને બાળક બંનેને સુરક્ષિત રાખવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જ્યારે સ્ત્રીઓ અને તેમના પરિવારો સમજે છે કે ક્યારે તબીબી સંભાળ લેવી ત્યારે ઘણી ગૂંચવણોને સમયસર અટકાવી શકાય છે અથવા તેનું સંચાલન કરી શકાય છે.


ડૉ. અનિતા સોની
ડાયરેક્ટર-પ્રસૂતિ અને સ્ત્રીરોગવિજ્ઞાન

**ઉચ્ચ જોખમી ગર્ભાવસ્થા શું છે?**

જ્યારે માતા, બાળક અથવા બંનેના સ્વાસ્થ્યમાં ગૂંચવણોનું જોખમ વધારે હોય ત્યારે ગર્ભાવસ્થાને ઉચ્ચ જોખમ માનવામાં આવે છે. આ પહેલાથી અસ્તિત્વમાં રહેલી તબીબી પરિસ્થિતિઓ, ગર્ભાવસ્થા સંબંધિત ગૂંચવણો અથવા આનુવંશિક વલણને કારણે થઈ શકે છે.

**ગર્ભાવસ્થાના જોખમમાં વધારો કરતા સામાન્ય પરિબળોમાં સામેલ છે:**

- ૧૮ વર્ષથી ઓછી ઉંમર અથવા ૩૫ વર્ષથી વધુ ઉંમર
- હાઈ બ્લડ પ્રેશર અથવા ડાયાબિટીસ
- ગંભીર એનિમિયા
- બહુવિધ ગર્ભાવસ્થા (જોડિયા અથવા ત્રણ બાળકો)
- અગાઉ જટિલ ગર્ભાવસ્થા અથવા સિઝેરિયન ડિલિવરી
- હૃદય, કિડની અથવા થાઇરોઇડ રોગ જેવી ક્રોનિક સ્થિતિ

જોકે, જે સ્ત્રીઓએ અગાઉ સ્વસ્થ ગર્ભાવસ્થા કરી હતી તેમાં પણ ગૂંચવણો વિકસી શકે છે. તેથી ગર્ભાવસ્થા દરમિયાન ચેતવણી ચિહ્નોને ઓળખવા જરૂરી છે.

**સિવિયર વજાઈનલ બ્લીડિંગ**

ગર્ભાવસ્થા દરમિયાન યોનિમાર્ગમાં ભારે રક્તસ્રાવ હંમેશાં ગંભીર ચેતવણીનો સંકેત ગણવો જોઈએ, જ્યારે ગર્ભાવસ્થાના પ્રારંભમાં હળવું સ્પોટિંગ થઈ શકે છે, ત્યારે ભારે રક્તસ્રાવ કસુવાવડ, પ્લેસેન્ટલ ગૂંચવણો અથવા એક્ટોપિક ગર્ભાવસ્થા સૂચવી શકે છે. પેટમાં દુખાવો, ચક્કર અથવા નબળાઈ સાથે રક્તસ્રાવ માટે તાત્કાલિક તબીબી સહાયની જરૂર છે.

**સતત માથાનો દુખાવો અથવા ઝાંખી દ્રષ્ટિ**

એક ગંભીર માથાનો દુખાવો જે આરામ કર્યા પછી પણ સુધરે નહીં, ખાસ કરીને જ્યારે ઝાંખી દ્રષ્ટિ અથવા ચમકતી લાઇટ્સ સાથે, ગર્ભાવસ્થા દરમિયાન ખતરનાક રીતે હાઈ બ્લડ પ્રેશર સૂચવી શકે છે. આ સ્થિતિ જેને પ્રિક્લેમ્પસિયા તરીકે ઓળખવામાં આવે છે, તે મગજ, યકૃત અને કિડની જેવા મહત્ત્વપૂર્ણ અંગોને અસર કરી શકે છે. જો સારવાર ન કરવામાં આવે તો તે એક્લેમ્પસિયામાં પરિણમી શકે છે, જે હુમલા સાથે સંકળાયેલ જીવલેણ સ્થિતિ છે.

**ચહેરા અને હાથ પર અચાનક સોજો**

ગર્ભાવસ્થા દરમિયાન પ્રવાહી રીટેન્શનને કારણે પગમાં હળવો સોજો સામાન્ય છે. જોકે, ચહેરા, પોપચા અથવા હાથ પર અચાનક સોજો ગર્ભાવસ્થા-પ્રેરિત હાયપરટેન્શન અથવા અન્ય ગૂંચવણો સૂચવી શકે છે, ખાસ કરીને જ્યારે માથાનો દુખાવો અથવા દ્રષ્ટિની સમસ્યાઓ સાથે સંકળાયેલ હોય.

**ગર્ભની ગતિમાં ઘટાડો**

ગર્ભાવસ્થાના લગભગ ૨૦મા અઠવાડિયા પછી માતાઓ નિયમિતપણે તેમના બાળકની ગતિવિધિઓ અનુભવવાનું શરૂ કરે છે. આ હલનચલન ગર્ભના સ્વાસ્થ્યનું એક મહત્ત્વપૂર્ણ સૂચક છે. ગર્ભની ગતિમાં ઘટાડો અથવા ગેરહાજરી ગર્ભની તકલીફનો સંકેત આપી શકે છે અને તાત્કાલિક તબીબી મૂલ્યાંકન કરાવવું જોઈએ.

**પેટમાં તીવ્ર દુખાવો**

ગર્ભાવસ્થા દરમિયાન સતત અથવા પેટમાં તીવ્ર દુખાવો સામાન્ય નથી. તે પ્લેસેન્ટલ એબ્રેક્શન, અકાળ પ્રસૂતિ અથવા ચેપ જેવી સ્થિતિઓ સૂચવી શકે છે. રક્તસ્રાવ, તાવ, ઊલટી અથવા મૂર્છા સાથે સંકળાયેલ પીડાને કટોકટી તરીકે ગણવામાં આવે છે.

**તાવ અથવા ચેપનાં લક્ષણો**

ગર્ભાવસ્થા દરમિયાન વધુ તાવ ચેપ સૂચવી શકે છે, જે માતા અને બાળક બંનેને અસર કરી શકે છે. $38^0C$ થી વધુ તાવ, પેશાબ કરતી વખતે બળતરા, ગંભીર નબળાઇ અથવા સતત ઊલટી જેવાં લક્ષણો માટે તબીબી સહાયની જરૂર છે.

**પ્રસૂતિ પહેલાની સંભાળનું મહત્ત્વ**

નિયમિત પ્રસૂતિ પહેલાની તપાસ જટિલતાઓને વહેલા શોધવામાં મદદ કરે છે. માતા અને બાળક બંને સ્વસ્થ રહે તે સુનિશ્ચિત કરવા માટે ડૉક્ટરો બ્લડ પ્રેશર, ગર્ભ વિકાસ, રક્ત પરીક્ષણો અને અલ્ટ્રાસાઉન્ડ પરિણામોનું નિરીક્ષણ કરે છે. ગર્ભાવસ્થાની વહેલી નોંધણી, યોગ્ય પોષણ અને સમયસર તબીબી પરામર્શ જટિલતાઓને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જ્યારે આધુનિક દવા ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભાવસ્થા માટે અદ્યતન સંભાળ પ્રદાન કરે છે ત્યારે જાગૃતિ એ સૌથી શક્તિશાળી સાધન છે. ચેતવણીના સંકેતોને વહેલા ઓળખવા અને સમયસર તબીબી સહાય મેળવવાથી માતા અને બાળક બંને માટે પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે.

# ગુજરાતમાં બે અલગ અલગ ઘટનામાં ચાર યુવતીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિક્ષિત સ્ત્રી-પુરુષોમાં પણ નિરાશાનું પ્રમાણ વધ્યું છે અને ખાસ કરીને યુવાનો પણ આત્મહત્યાનું આત્યંતિક પગલું ભરે છે. આવી જ બે ઘટના ગુજરાતના ગાંધીનગર અને સુરતમાં પ્રકાશમાં આવી હતી. આજે વિશ્વ મહિલા દિવસના એક દિવસ અગાઉ પ્રકાશમાં આવેલી આ ઘટનાઓમાં કુલ ચાર આશાસ્પદ યુવતીનાં મોતના સમાચાર ચિંતાજનક છે. એક ઘટનામાં બે બહેનપણીએ કેનાલમાં છલાંગ લગાવી હતી જ્યારે બીજા કેસમાં બે કોલેજ વિદ્યાર્થિનીના મૃતદેહ મળી આવ્યા હતા, જેમણે પણ આત્મહત્યા કર્યાની શંકા સેવવામાં આવી રહી છે.

## ગાંધીનગરમાં બે યુવતીએ કેનાલમાં છલાંગ લગાવી

ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશનની બે મહિલાકર્મીએ કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરતાં ચકચાર મચી ગઈ હતી. પરિવારજનોને ફોન કર્યા બાદ બંનેએ મોતની છલાંગ લગાવી હતી. કલાકોના સર્ચ ઓપરેશન બાદ ઝુંડાલ કેનાલમાંથી બંને મૃતદેહ બહાર કાઢીને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

બંને મૃતક મહિલા અમદાવાદમાં રહેતી હતી. સૂત્રો દ્વારા મળતી વિગત પ્રમાણે, મૃતક યુવતીઓની ઓળખ ૨૬ વર્ષીય સેજલ જશવંતભાઈ પટેલ(નરોડા) અને ૨૪ વર્ષીય રિપલ રાકેશભાઈ રાવત (થલતેજ) તરીકે થઈ હતી. આ બંને યુવતીઓ શુક્રવારે રાત્રે નભોઈ કેનાલ પર પહોંચી હતી. કેનાલમાં પડતા પહેલા બંનેએ પોતપોતાના પરિજનોને ફોન કરીને પોતે આપઘાત કરવા જઈ રહી હોવાનું જણાવ્યું હતું.

અચાનક આવેલા આ ફોનથી ગભરાયેલા પરિવારો તાત્કાલિક કેનાલ પર પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતા જ અડાલજ અને ગાંધીનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. રાત્રિના અંધકારમાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. પાણીનો પ્રવાહ વધુ હોવાથી બંને યુવતીઓ તણાઈ ગઈ હતી, જેમના મૃતદેહ છેક ઝુંડાલ કેનાલ પાસેથી મળી આવ્યા હતા. ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે હાલમાં આપઘાતનું કારણ જાણવા મળ્યું નથી કે સ્યુસાઇડ નોટ પણ મળી નથી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

## સુરત સ્વામિનારાયણ મંદિર પરિસરમાં બે યુવતીના મૃતદેહ મળ્યા

સુરતના સ્વામિનારાયણ મંદિર પરિસરના બાથરૂમમાંથી બે કોલેજ વિદ્યાર્થિનીના મૃતદેહ મળ્યા હતા. આ સાથે ઝેરી દવાઓ સાથેના ઈન્જેક્શન પણ મળી આવ્યાં હતાં. પ્રાથમિક તપાસ અનુસાર બન્નેએ આ દવાઓના ઈન્જેક્શન લઈ જીવન ટૂંકાવી દીધું હોવાનું તારણ બહાર આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જ્યોત્સના અતુલ ચૌધરી શુક્રવારે સવારે કોલેજ જવા નીકળી હતી. બન્ને યુવતી ઘરે પરત ન ફરતા પરિવારે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે તેમના મોબાઈલ લોકેશન ટ્રેસ કર્યા હતા. તેમનું છેલ્લું લોકેશન મંદિર પરિસર બતાવતું હતું અને તેમના સ્કૂટર પણ અહીં જ મળ્યાં હતાં. મંદિર પરિસરના સીસીટીવી ફૂટેજ ચેક કરતા બન્ને યુવતી બાથરૂમ તરફ જઈ રહી હોવાનું દેખાયું હતું. પોલીસ અંદરથી બંધ કરેલા બાથરૂમનો દરવાજો તોડતા બન્નેનાં મૃતદેહ મળ્યા હતા. આ સાથે ઝેરી દવાની ત્રણ બોટલ અને ઈન્જેક્શન પણ મળ્યાં હતાં. આ સાથે તપાસમાં એમ પણ બહાર આવ્યું હતું કે બન્ને છોકરીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પર આત્મહત્યા કઈ રીતે થઈ શકે, તેવી માહિતી પણ શોધી હતી. હાલમાં તેના મોબાઈલ, ઈન્જેક્શન, દવાની બોટલો ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ડિંડોલી પોલીસ સ્ટેશને અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક તપાસ બાદ જ તેમના મોતનું ખરું કારણ બહાર આવશે, તેમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

# અમદાવાદ એરપોર્ટ પરથી યુએસ ડૉલર સાથે મહિલા કરિયર ઝડપાઈ, ગુનાખોરીમાં મહિલાઓનો ઉપયોગ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ એરપોર્ટ સહિતના એરપોર્ટ પરથી દાણચોરીનો માલ કે ફોરેન કરન્સી કે પછી ડ્રગ્સ લઈને આવતા બનાવોમાં મહિલાઓનો કરિયર તરીકેનો ઉપયોગ વધ્યો છે, જે ચિંતાજનક છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી થાઈ એરલાઈન્સની ફ્લાઈટમાં બેંકકોક જઈ રહેલા એક મહિલા પ્રવાસી અને તેની સાથે મુસાફરી કરી રહેલા અન્ય એક પેસેન્જર પાસેથી ભારતીય મૂલ્ય પ્રમાણે કુલ ૬૩ લાખ ૪૪ હજારના યુએસ ડૉલર મળી આવ્યા હતા. એરપોર્ટ કસ્ટમ વિભાગના ટોચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પેસેન્જર ટ્રોલીબેગની અંદર વેક્યુમ પેકિંગ કરીને યુએસ ડૉલર છુપાવીને લઈ જતા હતા, જેની માહિતી કસ્ટમ વિભાગના અધિકારીઓને મળી ગઈ હતી. જેના આધારે બંને પેસેન્જરની પૂછપરછ કરવામાં આવતા સંતોષકારક જવાબ મળ્યો ન હતો, પરંતુ બેગેજ સ્ક્રિનિંગ મશીનમાં ટ્રોલીબેગની અંદર શંકાસ્પદ વસ્તુ દેખાતા બેગ ખોલીને તપાસ કરવામાં આવતાં મહિલા પેસેન્જર પાસેથી રૂ. ૩૫,૩૦૦ યુએસ ડૉલર અને તેની સાથે જઈ રહેલા અન્ય એક પેસેન્જર પાસેથી રૂ. ૩૫,૪૦૦ યુએસ ડૉલર મળી આવ્યા હતા, જેની ભારતીય ચલણ અનુસાર કિંમત રૂ. ૬૩ લાખ ૪૪ હજાર થાય છે. આ ડૉલર બંને પેસેન્જરને કોણે આપ્યા હતા તે અંગે કોઈ સંતોષકારક જવાબ પેસેન્જર આપી શક્યા નથી.

છેલ્લાં બે વર્ષથી અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટથી અખાતી દેશોમાં અને બેંગકોક તેમજ થાઈલેન્ડ જતા પેસેન્જર પાસેથી મોટી માત્રામાં યુએસ ડૉલર મળી આવ્યાના કેસ નોંધાયા છે. તેમની પાસે આરબીઆઈની ગાઇડલાઇન પ્રમાણે અથવા તો કોઈપણ પ્રકારના માન્ય દસ્તાવેજો હોતા નથી, જેના કારણે ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ હેઠળ કસ્ટમ વિભાગ તપાસ કરી રહ્યો છે. વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ ડિસેમ્બર સુધીમાં અંદાજે ૭ થી ૧૦ કરોડના ડૉલર તેમજ જુદી જુદી ફોરેન કરન્સી સહિત ૧૫થી વધારે પેસેન્જરની અટકાયત કરવામાં આવી છે. આવા કેસોમાં મહિલા કરિયરનો ઉપયોગ વધારે થઈ રહ્યો છે. માત્ર ફોરેન કરન્સી નહીં, પરંતુ સોના અને ડ્રગ્સ માટે પણ મહિલા કરિયર્સનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# માર્ચના આરંભ સાથે જ ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી, અમદાવાદ-રાજકોટમાં તાપમાનનો પારો ૩૮ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ઉનાળાએ આકરા તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે. માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં અંગ દઝાડતી ગરમીએ રેકોર્ડ તોડવાનું શરૂ કર્યું છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં માર્ચ મહિનામાં જ તાપમાનનો પારો ૩૮ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા વાતાવરણની આગાહી કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૬ માર્ચ સુધી રાજ્યના દરિયાકાંઠા વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં ભેજવાળી હવાના કારણે અકળામણનો અનુભવ થશે. જ્યારે રાજ્યના બાકીના ભાગોમાં હવામાન સૂકું રહેશે.

હવામાન વિભાગ મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે અન્ય વિસ્તારોમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં તાપમાન સામાન્ય કરતા ઘણું વધારે નોંધાયું છે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૩૯.૨ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ, ડીસા, ગાંધીનગર, વડોદરા, અમરેલીમાં ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.સુરત, સુરેન્દ્રનગર, મહુવા, કેશોદમાં ૩૭ ડિગ્રી જ્યારે ભુજ, ભાવનગર, વેરાવળમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દમણ અને વેરાવળ જેવા દરિયાકાંઠાના સ્ટેશનો દરિયાઈ પ્રભાવને કારણે પ્રમાણમાં ઠંડા રહ્યા હતા. હવામાન વિભાગ મુજબ, માર્ચમાં ગુજરાતમાં હીટ વેવના દિવસોની સંખ્યા વધુ રહેશે.

ગુજરાતના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ અને કેન્દ્રશાસિત પ્રદેશો દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં ૧૧ માર્ચ સુધી સૂકું હવામાન યથાવત રહેશે. હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને આગામી ત્રણ દિવસ દરમિયાન, ખાસ કરીને બપોરના સમયે ગરમી અને બફારાને કારણે થતી અકળામણથી સાવધ રહેવાની સલાહ આપી હતી. ■

# ભુજના આકાશમાં દેખાયેલી ઝગમગતી વસ્તુઓ એલઈડી ફુગ્ગા હોવાની પોલીસની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સંવેદનશીલ માનવામાં આવતા કચ્છના ભુજમાં સ્થાનિક શુક્રવારે આકાશમાં ચમકતા પદાર્થો દેખાયા હતા. જેના કારણે લોકોમાં ઉત્સુકતા સાથે ઉચાટ પણ જોવા મળ્યો હતો. ઘણા રહેવાસીઓએ આ ઘટનાના વીડિયો તેમના મોબાઇલ ફોન પર રેકોર્ડ કર્યા હતા અને ક્લિપ્સ ઝડપથી સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી, જેના કારણે સમગ્ર શહેરમાં ચર્ચા શરૂ થઈ હતી. શુક્રવારે રાત્રે આશરે પોણા દસ વાગ્યાના અરસામાં ભુજ શહેરના આકાશમાં એકસાથે ૫૦થી વધુ ચળકતા, ડ્રોન જેવા દેખાતા ભેદી પદાર્થો એક હારમાળામાં ઉડતા જોવા મળ્યા હતા. આ પદાર્થો ખાસ કરીને ભુજના કેમ્પ વિસ્તાર, સરપટ નાકા અને ભીડ નાકા આસપાસના વિસ્તારોમાં સ્પષ્ટપણે દેખાયા હતા. જોકે, સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસ દરમિયાન રહસ્ય ઉકેલાઈ ગયું હતું. અધિકારીઓએ તપાસ બાદ જણાવ્યું હતું કે લાઇટ્સ ખરેખર ભૂજના પ્રાગ મહેલમાં આયોજિત એક સમારોહ દરમિયાન છોડવામાં આવેલા એલઈડી ફુગ્ગાને લીધે જોવા મળી હતી. એવું જાણવા મળ્યું હતું કે કાર્યક્રમની ઉજવણીના ભાગ રૂપે પ્રકાશિત ફુગ્ગાઓ આકાશમાં છોડવામાં આવ્યા હતા, અને ચમકતા ફુગ્ગાઓએ આકાશમાં અજાણી લાઇટ્સ ફરતી હોવાનું લાગી રહ્યું હતું. આ કાર્યક્રમનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કાર્યક્રમ દરમિયાન ફુગ્ગાઓ છોડવામાં આવ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ચિંતાનું કોઈ કારણ નથી અને આ ઘટના કોઈ ખગોળીય પ્રવૃત્તિ કે અજાણી ઉડતી વસ્તુ સાથે સંબંધિત નથી. ■

# ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ લેતી મહિલાઓની સંખ્યામાં થયો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રાથમિક શિક્ષણ લીધા બાદ છોકરીઓ આજેપણ ઉચ્ચ શિક્ષણ સુધી પ્રમાણમાં ઓછી પહોંચે છે. જોકે હવે શિક્ષણ પ્રત્યે ઘણી જ જાગૃતિ આવી છે. ગુજરાતમાં પણ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવતી વિદ્યાર્થિનીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૨૫-૨૬ મુજબ રાજ્યમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪માં ૮.૮૨ લાખ હતી, જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૯. ૦૭ લાખ થઇ છે. આ ઉપરાંત મહિલા શિક્ષકોની સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૧,૨૫૯ હતી જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૩,૭૮૫ થઇ છે. ટેક્નિકલ શિક્ષણમાં વિદ્યાર્થિનીઓની પ્રવેશ સંખ્યામાં ક્રમિક વૃદ્ધિ જોવા મળી છે. વર્ષ ૨૦૨૨-૨૩ વિદ્યાર્થિનીઓની સંખ્યા ૨૪,૭૩૨ હતી જે વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૧,૮૮૭ થઇ હોવાનં રાજ્ય સરકારે જણાવ્યું હતું. અખિલ ભારતીય ઉચ્ચ શિક્ષા સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ મુજબ દેશમાં ઉચ્ચ શિક્ષણ સ્તર પર વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત વિષયોમાં કુલ નોંધણીમાં મહિલાઓની ૪૩ ટકા ભાગીદારી છે. કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા પ્રકાશિત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સ્ટેટેસ્ટિક રિપોર્ટ-૨૦૨૩ અનુસાર, દેશમાં સંશોધન અને વિકાસ પ્રવૃતિમાં સ્ટેમ પ્રોફેશનલ તરીકે કાર્યરત કુલ કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી ૧૮.૬ ટકા છે. અખિલ ભારતીય ઉચ્ચ શિક્ષા સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ પ્રમાણે જેન્ડર મુજબ એનરોલમેન્ટની સંખ્યામાં ગુજરાત દેશના અગ્રણી ૧૦ રાજ્યોમાં સ્થાન ધરાવે છે. આ સર્વે મુજબ રાજ્યમાં અનુસ્નાતક કક્ષાએ ૧,૧૮,૭૪૭ અને પીએચ.ડી. કક્ષાએ ૩,૭૩૪ મહિલાઓનું એનરોલમેન્ટ થયું છે. ■

## ગુજરાત સરકારે અમદાવાદ સહિત ચાર મનપામાં વહીવટદાર નિમ્યા

અમદાવાદ: ગુજરાત સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં આઈએએસ મુકેશ કુમારને વહીવટકર્તા તરીકે નિયુક્ત કર્યા હતા. આ સાથે રાજ્ય સરકારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો હવાલો આઈએએસ શાલિની અગ્રવાલને વહીવટકર્તા તરીકે સોંપ્યો હતો અને આઈએએસ મિલિંદ તોરવણેને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટકર્તા તરીકે નિયુક્ત કર્યા હતા. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટકર્તા તરીકે હર્ષદ પટેલની નિમણૂક કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાતના કેશોદ એરપોર્ટ ખાતે પાઈલટ્સ ટ્રેનિંગ સેન્ટર ઊભું થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિસ્તરતા એવિયેશન સેક્ટર માટે પાઈલટ્સ તૈયાર કરવા જરૂરી બની ગયા છે. એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા(એએઆઈ)એ આ માટે ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાની યોજના બનાવી છે ત્યારે ગુજરાત-સૌરાષ્ટ્ર માટે આનંદની વાત છે કે આ સેન્ટર માટે કેશોદ એરપોર્ટની પસંદગી કરવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર એએઆઈએ કેશોદ એરપોર્ટ પર ફ્લાઇંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન (એફટીઓ) સ્થાપવા માટે બિડ મગાવી છે.

એએઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલા રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ અનુસાર, આ પ્રોજેક્ટ ડિઝાઇન, બિલ્ડ, ઓપરેટ, જાળવણી અને ટ્રાન્સફરના ધોરણે અમલમાં મૂકવામાં આવશે. પસંદ કરાયેલી કંપનીએ ૨૫ વર્ષના કન્સેશન સમયગાળા માટે ટ્રેનિંગ સેન્ટરના ડેવલપમેન્ટ અને ઑપરેશન માટે જવાબદાર રહેશે, ત્યારબાદ આખું સેન્ટર કોઈપણ ખર્ચ વિના એએઆઈને પાછું સોંપવામાં આવશે. એએઆઈએ આ પ્રોજેક્ટ માટે કેશોદ એરપોર્ટ પર લગભગ ૧૦૦ મીટર ડ ૫૦ મીટરના બે પ્લોટ પસંદ કર્યા છે. આ પ્લોટનો ઉપયોગ ફક્ત ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ચલાવવા માટે કરવામાં આવશે, જેમાં એરક્રાફ્ટ પાર્કિંગ, જાળવણી અને ટ્રેનિંગ સેશનનો સમાવેશ થાય છે.

ઓપરેટરે ડિરેક્ટોરેટ જનરલ ઑફ એવિયેશન (ડીજીસીએ)ના ધોરણો અનુસાર હેંગર, એપ્રોન, ક્લાસરૂમ, બ્રીફિંગ રૂમ અને ફ્લાઇટ ઓપરેશન વિસ્તારો જેવી બધી જરૂરી સુવિધાઓનું નિર્માણ કરવાનું રહેશે.

સુવિધાનો સક્રિય ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કન્સેશનરએ દર ત્રણ વર્ષમાં એક એકાઉન્ટિંગ વર્ષમાં ઓછામાં ઓછા ૩,૦૦૦ ઉડાન કલાક પૂર્ણ કરવા આવશ્યક છે. એરપોર્ટ પર નિયમિત તાલીમ પ્રવૃત્તિ જાળવવા માટે આ શરતનો સમાવેશ કરવામાં આવ્યો છે. ■

# ઉનાળામાં પાણીની ચિંતા દૂર: મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલા કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાવાર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે તા. ૦૫ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મિલિયન ક્યુબિક ફીટ (એમસીએફટી) એટલે કે, કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજ્યમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જ્યારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૬૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જેથી રાજ્યમાં આગામી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ એમસએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ એમસીએફટી પાણીનો જથ્થો જળાશયોમાં સચવાયો છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ એમસીએફટી, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. આમ રાજ્યમાં કુલ ૬,૪૬,૫૫૬ એમસીએફટી એટલે કે ૭૨.૪૯ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં ૧૪૧ જળાશયો, ઉત્તર ગુજરાતમાં ૧૫, મધ્ય ગુજરાતમાં ૧૭, દક્ષિણ ગુજરાતમાં ૧૩, કચ્છમાં ૨૦ તેમજ સરદાર સરોવર સહિત ગુજરાતમાં કુલ ૨૦૭ જળાશયો-ડેમ આવેલા છે. ■

# દુબઈમાં ફસાયેલા લોકો ફુજૈરાહથી મુંબઈની વન-વે ટિકિટ માટે ₹ ૭૫,૦૦૦ ચૂકવવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલના યુદ્ધથી ખાડી દેશોમાં ભારે તંગદિલી સર્જાઈ છે. સતત હવાઈ હુમલાઓના કારણે દેશની અગ્રણી એરલાઈન્સે પણ તેમની હવાઈ સેવા સ્થગિત કરી છે. જેના કારણે યુએઈના દુબઈમાં ફસાયેલા ભારતીયો પણ હવે મોંઘી ચાર્ટર ફ્લાઈટ પર નિર્ભર બન્યા છે. ચાર્ટર ફ્લાઈટની સેવા આપતી વિવિધ એરલાઈન્સે પણ પાંચ માર્ચથી યુએઈના ફુજૈરાહ એરપોર્ટથી મુંબઈ અને દિલ્હી માટે લિમિટેડ પ્રિમિયર સેફ રૂટ ફ્લાઈટ ઓપરેટ શરૂ કરી છે.

જો કે સરકારે પણ લોકોના સ્થળાંતરના પ્રયાસો શરૂ કર્યા છે. તેમ છતાં, મોટી સંખ્યામાં ભારતીયો હજુ પણ ઘરે પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છે અને સંભવિત હવાઈ હુમલાઓ અંગે ચિંતાઓ વધી રહી છે. એવિયેશન ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલીક એરલાઇન્સે હવે યુએઈના પૂર્વ કિનારે સ્થિત અમીરાત - ફુજૈરાહથી સુરક્ષિત ઉડ્ડયન કોરિડોરનો ઉપયોગ કરીને ખાસ ચાર્ટર સેવાઓ શરૂ કરી છે. મુસાફરોને ભારત પાછા લાવવા માટે ૭૦-સીટર વિમાનનો ઉપયોગ કરીને ફ્લાઇટ્સ ચલાવવામાં આવી રહી છે, તેવી માહિતી અહેવાલો આપી રહ્યા છે.

જોકે, આ મુસાફરી લોકોને ખૂબ જ મોંઘી પડી રહી છે. ફુજૈરાહથી મુંબઈ કે દિલ્હીની વન-વે ટિકિટ માટે મુસાફરો રૂ. ૭૦,૦૦૦ થી રૂ. ૭૫,૦૦૦ ની વચ્ચે ચુકવણી કરી રહ્યા હોવાનું કહેવાય છે.

મધ્ય પૂર્વીય દેશોમાં ફસાયેલા ભારતીયો ઘરે પાછા ફરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ૫ માર્ચથી, એર ઇન્ડિયા એક્સપ્રેસ અને સ્પાઇસજેટ જેવી એરલાઇન્સે યુએઈના ફુજૈરાહ એરપોર્ટથી મુંબઈ અને દિલ્હી માટે ૭૦ સીટર ચાર્ટર ફ્લાઇટ્સનું સંચાલન શરૂ કર્યું છે. ત્યારબાદ ૬ માર્ચે ૧૨ ફ્લાઇટ્સ અને ૭ માર્ચે એક ફ્લાઇટ્સનું સંચાલન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, યુએઈનું ફુજૈરાહ પૂર્વ કિનારા પર છે, જ્યાં લડાઈની બહુ ઓછી અસર થઈ છે. આ કારણે, આ રૂટ એકદમ સલામત માનવામાં આવે છે. સામાન્ય પરિસ્થિતિઓમાં, ઇન્ડિગો પર ફુજૈરાહથી મુંબઈ અથવા દિલ્હી સુધીના એક તરફી ભાડા ૯,૦૦૦ થી ૧૫,૦૦૦ રૂપિયાની વચ્ચે હોય છે. પરંતુ હાલની પરિસ્થિતિને કારણે, એરલાઇન્સ ૭૦-સીટર નાનાં વિમાનો ચલાવી રહી છે, જેના કારણે ટિકિટના ભાવમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ■

### આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

# ગુજરાતમાં અભયમ હેલ્પલાઈન ૧૨ વર્ષમાં ૧૮ લાખ મહિલાની મદદે આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહિલાઓ વિરુદ્ધ થતાં ગુનાઓ કે મુંઝવણ અનુભવતી મહિલાઓના માર્ગદર્શન અને મદદ માટે ગુજરાત સરકાર દ્વારા ૮મી માર્ચ, ૨૦૧૫ના રોજ અભયમ ૧૮૧ હેલ્પલાઈન નંબરની શરૂઆત કરવામાં આવી હતી. આજે ૧૨ વર્ષમાં આ હેલ્પલાઈન દ્વારા ૧૮.૫૦ લાખ મહિલાને મદદ મળી હોવાની માહિતી ગુજરાત સરકારે આપી હતી.

છેલ્લાં ૧૨ વર્ષમાં કુલ ૧૮,૧૦,૯૧૩ થી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડીને તેમને સશક્ત કરવામાં આવી છે. આ સેવા માત્ર ફોન પૂરતી સીમિત ન રહેતા, ૩,૬૦,૯૬૪ જેટલા કિસ્સાઓમાં અભયમની ટીમે ઘટના સ્થળ પર જઈને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે.

આ ઉપરાંત ૧૮૧ ટીમને કારણે ૨,૨૯,૬૬૦ કિસ્સાઓમાં કાઉન્સિલિંગ દ્વારા વિવાદોનો સ્થળ પર જ સુખદ નિકાલ લાવવામાં આવ્યો છે. આ સાથે અત્યંત જોખમી પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેમને સુરક્ષિત સ્થળ સુધી પહોંચાડવામાં આવી છે. આ માટે રાજ્યમાં અત્યાધુનિક ૫૯ અભયમ રેક્સયુ વાન પણ દોડે છે.

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવતા ‘૧૮૧ મોબાઈલ એપ’ માં આપવામાં આવેલા પેનિક બટન અને ફોન શેકિંગ જેવા ફીચર્સ મહિલાઓને મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ પોતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે.

આ હેલ્પલાઈન માત્ર હિંસા જ નહીં, પણ સાયબર ગુનાઓ, લગ્ન જીવનના વિખવાદો, કાનૂની જોગવાઈઓ અને સરકારી યોજનાઓની માહિતી પણ પૂરી પાડે છે.

મહત્ત્વની વાત એ છે કે, મદદ માગનાર મહિલાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. ગુજરાતમાં રહેતી અન્ય રાજ્યની મહિલાઓ પણ આ સેવાનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે, તેવી માહિતી સરકારે આપી હતી. ■

# શ્વાનના ત્રાસને મામલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે સોસાયટીના કમિટી સભ્યોને નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ સમસ્યા મોટી ચિંતાનો વિષય બન્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે વસ્ત્રાપુરમાં સેટેલાઈટ સેન્ટર સાથે સંકળાયેલા ૨૦૨૨ના વિવાદમાં કડક વલણ અખત્યાર કર્યું હતું. શ્વાનોના હુમલાથી ત્રાસેલા લોકોએ તેમની જ સોસાયટીની મેનેજમેન્ટ કમિટી વિરુદ્ધ કેસ કર્યો હતો, જેમાં નુકસાની અને વળતરની માગ કરવામાં આવી હતી. આ મામલે કોર્ટે સભ્યોને શો કોઝ નોટિસ પાઠવીને ૨૫મી માર્ચે સુનાવણી રાખી છે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી. સોસાયટીના લોકોએ આરોપ લગાવ્યો હતો કે કમિટીના સભ્યોએ ખોટા રેકોર્ડ રજૂ કરીને અને ખોટા પુરાવા રજૂ કરીને કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. તેના જવાબમાં, કોર્ટે ખોટી જુબાની અને બનાવટી પુરાવા માટે સમિતિના ૧૪ થી વધુ સભ્યને કારણદર્શક નોટિસ ફટકારી હતી અને તેમની પાસેથી ઔપચારિક જવાબો માગ્યા હતા. આ અગાઉ, અમદાવાદ કલેક્ટર અને હાઉસિંગ રજિસ્ટ્રારને પણ નોટિસ ફટકારવામાં આવી હતી, જોકે તે કચેરીઓના કોઈ પ્રતિનિધિ બેન્ચ સમક્ષ હાજર થયા ન હતા. સોસાયટીના રહેવાસીઓએ જણાવ્યું હતું કે, વારંવાર શ્વાનોના હુમલાથી સેટેલાઇટ સેન્ટરમાં મહિલાઓ, બાળકો અને મુલાકાતીઓમાં ભય અને અસુરક્ષાનું વાતાવરણ સર્જાયું છે, વારંવાર ફરિયાદો છતાં, સોસાયટીના સંચાલકો પગલાં લેવામાં નિષ્ફળ રહ્યા છે. ■

# મહિલાઓને મદદરૂપ યોજનાઓ લાવવાનું રાજ્ય સરકાર ચાલુ રાખશેઃ સુનેત્રા પવાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર મહિલાઓ માટે સુરક્ષા, શિક્ષણ, રોજગાર અને નાણાકીય સહાયને મજબૂત બનાવવા માટે યોજનાઓ લાવવાનું ચાલુ રાખશે એમ નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે શનિવારે જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગ દ્વારા શરૂ કરાયેલા મહિલા સન્માન પોર્ટલ'નું અનાવરણ અને સાયબર વેલનેસ વિભાગનું ઉદ્ઘાટન કર્યા પછી પવારે જણાવ્યું હતું.

મહિલા આયોગે તેનું સામયિક 'ભરારી' પણ રજૂ કરી તેના કાર્યોની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રભરમાં મહિલા સશક્તિકરણ માટે કામ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે બોલતા સુનેત્રા પવારે મહિલા આયોગના કાર્યની પ્રશંસા કરી જણાવ્યું હતું કે સરકાર મહિલાઓ માટે સંસ્થાકીય સહાય પ્રણાલી મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. મહારાષ્ટ્ર સરકાર મહિલાઓ માટે સુરક્ષા, શિક્ષણ, રોજગાર અને નાણાકીય સહાયને મજબૂત બનાવવા માટે યોજનાઓ લાવવાનું ચાલુ રાખશે. મહિલા આયોગનાં અધ્યક્ષ રૂપાલી ચાકણકરે જણાવ્યું હતું કે મહિલા આયોગે સાયબર વેલનેસ વિભાગની સાથે ફરિયાદ પોર્ટલની સ્થાપના કરી હોય એવું મહારાષ્ટ્ર દેશનું પહેલું રાજ્ય બન્યું છે. મહિલા સન્માન પોર્ટલ મહિલાઓને ઓનલાઈન ફરિયાદો નોંધાવવા અને એ ફરિયાદોનું શું થયું એ જાણકારી મેળવી શકશે. આને કારણે સમયસર નિરાકરણ અને વધુ પારદર્શિતા રહેશે.

ચાકણકરે વધુમાં જણાવ્યું હતું કે ઓનલાઇન સતામણી, છેતરપિંડી અને શોષણ સહિત મહિલાઓ સામેના સાયબર ગુનાઓને સંબોધવા અને ડિજિટલ પુરાવાઓની ઝડપી તપાસ અને જાળવણીને સરળ બનાવવા માટે સાયબર વેલનેસ સેલની સ્થાપના કરવામાં આવી છે.' (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના ૫૦ દીપડા વનતારા મોકલાશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પડોશી રાજ્ય ગુજરાતના જામનગરમાં સ્થિત રિલાયન્સ ફાઉન્ડેશનના વનતારા વન્યજીવ બચાવ અને સંરક્ષણ કેન્દ્રમાં ૫૦ દીપડા મોકલવાનો નિર્ણય લીધો હોવાનું રાજ્યના વન પ્રધાન ગણેશ નાઈકના નિકટના સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રોએ શુક્રવારે આપેલી જાણકારી અનુસાર મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં માનવ-ચિત્તાની વધતી જતી ઘટના સંબંધિત ચિંતાનો ઉકેલ તરીકે દીપડાના સંરક્ષણ માટે વન વિભાગે આ નિર્ણય લીધો છે. નાઈક અને વનતારા મેનેજમેન્ટ વચ્ચે ચર્ચા બાદ આ ગોઠવણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. દીપડાઓના સ્થાનાંતરણનો સમય અને કઈ રીતે મોકલવામાં આવશે એ વિશે વધુ વિગતો વન વિભાગ દ્વારા આપસી ચર્ચા પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૨૫માં દીપડાના હુમલાના શ્રેણીબદ્ધ બનાવો જોવા મળ્યા હતા. (પીટીઆઈ)■

# વર્તમાન પરિસ્થિતિમાં ભારત વિશ્વસનીય આધાર બની શકે છેઃ મુખ્ય પ્રધાન

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે ભૌગોલિક - રાજકીય પરિવર્તન અને પુરવઠા વ્યવસ્થાને હથિયાર બનાવવામાં આવી રહ્યા છે ત્યારે ભારત જેવું લોકશાહી રાષ્ટ્ર વૈશ્વિક પુરવઠા વ્યવસ્થા માટે વિશ્વસનીય આધાર તરીકે કામ કરી શકે છે.

નાગપુરમાં એક્સએસઆઇઓ (લોજિસ્ટિક્સ) એડવાન્સ્ડ ઇન્ડસ્ટ્રીયલ પાર્કના શિલાન્યાસ સમારોહમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે નવતર શોધ અને ઓટોમેશનને કારણે ઉત્પાદન પ્રક્રિયા સંપૂર્ણપણે નવો આકાર લઈ રહી છે. એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ આ યુગનો નવો મંત્ર બની રહ્યું છે અને ચોકસાઇ, નવીનતામાં ટકાઉપણું, ઓટોમેશન સાથે ઉત્પાદન આગામી સ્તરે પ્રવેશ કરી રહ્યું છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ આધારિત ટેકનોલોજી ઉત્પાદન ક્ષેત્રને મોટા પાયે બદલી રહી છે. વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયેલા અને ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માર્ગે છે એવા ભારત માટે ઉત્પાદન ક્ષેત્ર ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે ઈરાન કટોકટી અને હોર્મુઝના મહત્વપૂર્ણ સામુદ્રધુની પર તેની અસરનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા ફડણવીસે જણાવ્યું હતું કે 'ભૌગોલિક - રાજકીય કારણોસર વિશ્વમાં પુરવઠા વ્યવસ્થા મોટા પાયે બદલાઈ રહી છે અને એ શસ્ત્ર પણ બની રહી છે, ત્યારે ભારત જેવો લોકશાહી દેશ આવા સમયમાં વૈશ્વિક પુરવઠા વ્યવસ્થા માટે વિશ્વસનીય આધાર તરીકે ઊભો રહી શકે છે.' (પીટીઆઈ)■

# એલપીજી ભાવવધારા સામે શરદ પવારના પક્ષના કાર્યકરોનો થાણેમાં વિરોધ

થાણેઃ રાંધણ ગેસ એલપીજીના ભાવમાં તાજેતરના વધારા સામે શનિવારે મહારાષ્ટ્રના થાણે શહેરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરી એ પાછો ખેંચવાની માગ કરી હતી. પક્ષના થાણે જિલ્લા પ્રમુખ મનોજ પ્રધાને જણાવ્યું હતું કે કલેક્ટર ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મનોજ પ્રધાને જણાવ્યું હતું કે સરકારે ભાવ વધારાનું કારણ ઈરાન-ઇઝરાયલ યુદ્ધ ગણાવ્યું છે. આવી પરિસ્થિતિની અપેક્ષા હોવા છતાં કોઈ આયોજન નહોતું. આ વધારો સામાન્ય પરિવારોના બજેટને ખોરવી નાખશે.

પક્ષના કાર્યકરોએ કેન્દ્ર સરકાર પાસેથી ભાવવધારો પાછો ખેંચવાની માગ કરી કહ્યું હતું કે આ વધારો મોંઘવારીથી પીડાતી પ્રજાની આ લૂંટ બરાબર છે.

શનિવારે ઘરેલુ રાંધણ ગેસ એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૬૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. એક વર્ષ કરતાં ઓછા સમયમાં આ બીજો વધારો છે. ઓઈલ કંપનીઓ પશ્ચિમ એશિયાના સંકટ પછી વૈશ્વિક ઊર્જા દરોમાં થયેલા વધારાનો બોજો ભોગવી રહી છે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની વેબસાઇટ અનુસાર સબસિડી વગરના એલપીજી હવે મુંબઈમાં ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડર દીઠ ૯૧૨.૫૦ રૂપિયાનો ભાવ થશે, જે પહેલા ૮૫૨.૫૦ રૂપિયા હતો.

આ ઉપરાંત, હોટલ અને રેસ્ટોરન્ટ જેવા મથકો દ્વારા ઉપયોગમાં લેવાતા કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ ૧૯ કિલો સિલિન્ડરના ભાવમાં ૧૧૪.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# રાજ્યમાં ગેરકાયદે લવાતાં વ્હિસ્કી-બિયરનાં ૬૧૫ બૉક્સ જપ્તઃ એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરા-નગર હવેલીમાં વેચાણ માટેની વ્હિસ્કી-બિયર મહારાષ્ટ્રમાં ગેરકાયદે લાવવામાં આવતી હોવાનું સામે આવતાં સ્ટેટ એક્સાઈઝ વિભાગે કાર્યવાહી કરી હતી. વ્હિસ્કી-બિયરનાં ૬૧૫ બૉક્સ ભરેલો ટમ્પો જપ્ત કરી એક્સાઈઝ વિભાગે એક આરોપીની ધરપકડ કરી હતી.

મળેલી માહિતીને આધારે અધિકારીઓએ શુક્રવારે તલાસરીના ઉધવા નજીક છટકું ગોઠવી રાખ્યું હતું. શંકાસ્પદ જણાયેલા ટેમ્પોને આંતરી તેની તપાસ કરવામાં આવી હતી. ટેમ્પોમાં મોટા પ્રમાણમાં શરાબની બૉટલો ભરેલાં બૉક્સ રાખવામાં આવ્યાં હતાં.

પ્રાથમિક તપાસમાં આ વ્હિસ્કી-બિયર મહારાષ્ટ્રમાં ગેરકાયદે લઈ જવામાં આવતી હોવાનું જણાયું હતું. દાદરા અને નગર હવેલીમાં વેચાણ માટેનો આ શરાબનો સ્ટૉક હોવાનું માલૂમ પડ્યું હતું. સ્ટેટ એક્સાઈઝ વિભાગની ફરિયાદને આધારે તલાસરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી એકની ધરપકડ કરવામાં આવી હતી.

ટેમ્પોમાંથી રૉયલ સ્પેશિયલ, રૉયલ સ્ટેગ, ઈમ્પિરિયલ બ્લુ, રૉયલ ચૅલેન્જર્સ, ડીએસપી બ્લૅક વ્હિસ્કી સાથે બિયરની બૉટલ અને ટિનનાં બૉક્સ મળી આવ્યાં હતાં. ૬૧૫ બૉક્સ જપ્ત કરવામાં આવ્યાં હોઈ તેની અંદાજે કિંમત ૭૦ લાખ રૂપિયાથી વધુ હોવાનું અધિકારીનું કહેવું છે. ■


## ભારતીય આરોગ્યનિધિઃ ઝડપી સારવાર પ્રાથમિકતા અમારી, સ્વસ્થ રહે દરેક નારી

Your Health We Care

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ નિમિત્તે એક પહેલ. મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂરિયાત આજ પહેલા ક્યારેય સ્પષ્ટ થઈ નથી. ભારતમાં મહિલાઓને હઠીલા રોગો, પ્રજનન સ્વાસ્થ્ય સમસ્યાઓ, માનસિક સ્વાસ્થ્ય સંઘર્ષો અને જીવનશૈલી સંબંધિત પરિસ્થિતિઓ જેવા અનેક સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવો પડે છે. ભારતીય આરોગ્યનિધિ હૉસ્પિટલમાં, અમે વ્યાપક આરોગ્યસંભાળ ઉકેલો, અર્લી સ્ક્રીનિંગ અને સામાજિક પહોંચ કાર્યક્રમો પ્રદાન કરીને મહિલા સ્વાસ્થ્યની ત્વરિત દેખભાળ માટે પ્રતિબદ્ધ છીએ જે ગુણવત્તાયુક્ત સંભાળ મેળવવામાં મહિલાઓને અનન્ય પડકારોનો સામનો કરવો પડે છે.

### ભારતમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા મુખ્ય સ્વાસ્થ્ય પડકારો

**કિડની આરોગ્યઃ**

કિડની રોગ, ખાસ કરીને હઠીલા કિડની રોગ (CKD), એક શાંત રોગ છે જે ઘણીવાર છેલ્લા તબક્કા સુધી પહોંચે ત્યાં સુધી ધ્યાન બહાર રહે છે. રોગની પ્રગતિ ધીમી કરવા માટે પ્રારંભિક તપાસ અને હસ્તક્ષેપ મહત્ત્વપૂર્ણ છે. જો કે, કિડની રોગ સામાન્ય રીતે સૂક્ષ્મ લક્ષણો સાથે દેખાય છે, જેમ કે થાક, સોજો અને પેશાબની અનિયમિતતા, જેના કારણે તેને શરૂઆતમાં ઓળખવું મુશ્કેલ બને છે. હોર્મોનલ વધઘટ, ગર્ભાવસ્થા અને અમુક હઠીલી સ્થિતિના વ્યાપ સહિતના અનેક અનોખા પરિબળોને કારણે સ્ત્રીઓ ખાસ કરીને કિડની રોગ માટે સંવેદનશીલ હોય છે.

**કાર્યવાહીઃ**

• ચાલુ નેફ્રોકેર કેમ્પ (૧ માર્ચથી ૧૩ માર્ચ) - રૂ. ૨૩૦૦/- ને બદલે રૂ. ૧૨૪૯/-ના ખાસ દરે કિડની આરોગ્ય (CBC. HbA1c, પેશાબ રૂટિન, રેનલ પ્રોફાઇલ) માટે સ્ક્રીનિંગ અને વરિષ્ઠ નેફ્રોલોજિસ્ટ સાથે મફત પરામર્શ પ્રદાન કરે છે. +91-9372761995 પર કોલ કરીને અથવા WhatsApp-ing કરીને એપોઇન્ટમેન્ટ બુક કરો. • પ્રખ્યાત સલાહકારો, પ્રશિક્ષિત ટેક્નિશિયન અને કરુણાસભર નર્સિંગ સાથેનો એક વિશિષ્ટ AKD વિભાગ.

**ડાયાબિટીસ અને હૃદયરોગઃ વધતી જતી મહામારીઃ**

• મહિલાઓમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદયરોગનું જોખમ વધી રહ્યું છે. જોકે, આ સ્થિતિઓને ઘણીવાર અવગણવામાં આવે છે, જેના કારણે નિદાનમાં વિલંબ અને ગૂંચવણો ઊભી થાય છે.

**કાર્યવાહીઃ**

• હૃદય સ્વાસ્થ્ય અને ડાયાબિટીસ પર ધ્યાન કેન્દ્રિત કરતી વ્યાપક આરોગ્ય તપાસ. • જીવનશૈલીમાં ફેરફાર કાર્યક્રમો, જેમાં આહાર સલાહ અને ફિટનેસ યોજનાઓનો સમાવેશ થાય છે.

**ઓસ્ટીયોપોરોસિસ અને હાડકાનું સ્વાસ્થ્યઃ મૂક ચિંતા**

ઘણી સ્ત્રીઓ ઓસ્ટીયોપોરોસિસ અને કેલ્શિયમ અથવા વિટામિન ડીની ઊણપથી પીડાય છે, જેના કારણે તેમને ફ્રેક્ચર અને ગતિશીલતાની સમસ્યાઓનું જોખમ વધુ હોય છે. નબળું પોષણ અને કસરતનો અભાવ હાડકાના સ્વાસ્થ્ય માટે જોખમી છે.

**કાર્યવાહીઃ**

• હાડકાની ઘનતા તપાસ અને પ્રારંભિક તપાસ કાર્યક્રમો. • કેલ્શિયમ અને વિટામિન ડી પૂરકતા પર માર્ગદર્શન. • મજબૂત હાડકાં જાળવવા માટે કસરતની ભલામણો.

**સર્વાઇકલ કૅન્સરઃ એક રોકી શકાય તેવો રોગ**

ભારતીય મહિલાઓમાં સર્વાઇકલ કૅન્સર મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક છે, પરંતુ વહેલાસર નિદાન અને HPV રસીથી તેને અટકાવી શકાય છે.

**કાર્યવાહીઃ**

• નિયમિત સર્વાઇકલ કૅન્સર સ્ક્રીનિંગ (પેપ સ્મીયર્સ અને HPV પરીક્ષણ)
• સ્ત્રીઓને વહેલાસર નિદાન અંગે શિક્ષિત કરવા માટે જાગૃતિ ઝુંબેશ.
• ભવિષ્યના જોખમો ઘટાડવા માટે પરવડી શકે તેવું HPV રસીકરણ.

**પ્રજનન અને માસિક સ્વાસ્થ્યઃ**

ઉપેક્ષિત મુદ્દાઓનું નિરાકરણઃ હોર્મોનલ અસંતુલન, PCOS, એન્ડોમેટ્રિઓસિસ અને માસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી પરિસ્થિતિઓ સામાન્ય છે, પરંતુ ઘણીવાર ઓછી નિદાન થાય છે. સારવાર ન કરવામાં આવે તો આ પરિસ્થિતિઓ પ્રજનનક્ષમતા અને એકંદર સ્વાસ્થ્યને વિપરીત અસર કરી શકે છે.

**કાર્યવાહીઃ**

• PCOS, થાઇરોઇડ વિકૃતિઓ અને હોર્મોન અસંતુલન માટે વિશેષ સ્ક્રીનિંગ. • શાળાઓ, કાર્યસ્થળો અને સમુદાયોમાં માસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમો. • કાઉન્સેલિંગ, કસરતની પદ્ધતિઓ અને દવા સહિત ખાસ સારવાર યોજનાઓ.

**માનસિક સ્વાસ્થ્યઃ અશાંત જીવનઃ**

• ચિંતા, હતાશા અને તણાવ સંબંધિત વિકૃતિઓ જેવી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઘણી સ્ત્રીઓને અસર કરે છે. કમનસીબે, સામાજિક કલંક ઘણી સ્ત્રીઓને મદદ લેતા અટકાવે છે.

**કાર્યવાહીઃ**

• કાઉન્સેલિંગ અને ઉપચાર પ્રદાન કરતું સમર્પિત મનોચિકિત્સા એકમ. • ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે તણાવ વ્યવસ્થાપન કાર્યશાળાઓ.

**ભારતીય આરોગ્યનિધિ હૉસ્પિટલમાં વ્યાપક સંભાળઃ**

ભારતીય આરોગ્યનિધિ હૉસ્પિટલમાં, અમે નિવારણ, પ્રારંભિક તપાસ અને સર્વાંગી સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જેથી મહિલાઓ સ્વસ્થ, સુઘડ જીવન જીવે.

નીચે દર્શાવેલ સેવાઓ સામેલ છે.

• **પરવડી શકે તેવી અને સુલભ સારવારઃ** અમે પોષણ અને માનસિક સ્વાસ્થ્ય સહાય સહિત પરવડી શકે તેવી સારવાર યોજનાઓ અને સર્વાંગી સંભાળ પ્રદાન કરીએ છીએ, જે ગુણવત્તાયુક્ત સુલભ આરોગ્યસંભાળ છે તેની ખાતરી કરે છે. • **અદ્યતન નિદાન સેવાઓઃ** અમે સર્વાઇકલ કૅન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ અને હોર્મોન અસંતુલનના પ્રારંભિક તપાસ માટે અદ્યતન નિદાન સેવાઓ પ્રદાન કરીએ છીએ, જે સમયસર સારવારને સક્ષમ બનાવે છે.
• **સમુદાય આરોગ્ય કાર્યક્રમોઃ** અમે સુખાકારી પહેલ, કૅન્સર જાગૃતિ ઝુંબેશ, તણાવ વ્યવસ્થાપન કાર્યક્રમો અને કાર્ય-જીવન સંતુલનની હિમાયત દ્વારા સમાજમાં કાર્યરત છીએ. • **નિવારક આરોગ્યસંભાળ પૅકેજોઃ** અમારા આરોગ્ય તપાસ ખાસ કરીને મહિલાઓ માટે રચાયેલ છે, જેમાં કૅન્સર, હૃદયરોગ અને હોર્મોનલ મૂલ્યાંકન માટે સ્ક્રીનિંગનો સમાવેશ થાય છે. કેટલાક નિવારક પૅકેજોમાં સામેલ છેઃ • **વેલ વુમન પૅકેજઃ** મહિલાઓ માટે વ્યાપક આરોગ્ય તપાસ, જેમાં રક્ત પરીક્ષણો, ECG અને છાતીના એક્સ-રેનો સમાવેશ થાય છે.
• **વરિષ્ઠ નાગરિક મહિલા વિશેષ પૅકેજઃ** પેપ સ્મીયર્સ, થાઇરોઇડ સ્ક્રીનિંગ અને અન્ય સામેલ છે. • **હાડકાની સુખાકારી પ્રોફાઇલઃ** હાડકાંના સ્વાસ્થ્યની તપાસ અને ઓસ્ટીયોપોરોસિસ પરીક્ષણોનો સમાવેશ થાય છે.
ભારતીય આરોગ્યનિધિ હૉસ્પિટલમાં, અમે મહિલાઓના સ્વાસ્થ્યને સુધારવા માટે પ્રતિબદ્ધ છીએ, કારણ કે સ્વસ્થ મહિલાઓ મજબૂત પરિવારો અને સમુદાયોનો આધારસ્તંભ છે.

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ
ભારતીય આરોગ્યનિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ, એનએસ રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલે પાર્લે (વે.), મુંબઈ, ૪૦૦૦૪૯.
8108439203 / 022-69486060
info@arogyanidhihospital.com
www.arogyanidhihospital.com
@arogyanidhi_hospital


## ગૅસ સિલિન્ડરની અછતઃ
# નાગરિકોમાં ગભરાટ ફેલાવવાનું અયોગ્યઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષના વાતાવરણમાં એલપીજી સિલિન્ડરની અછત અંગે ઉપજાવી કાઢેલા સમાચાર અહેવાલ હકીકતથી વેગળા છે અને દેશના હિતમાં નથી. તેમણે મીડિયાને આધાર વિહોણા અહેવાલથી દૂર રહેવા અપીલ કરી કેન્દ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું હોવાની સ્પષ્ટતા કરી હતી.

એલપીજી સિલિન્ડરની અછત અંગેના સમાચાર અહેવાલોના સંદર્ભમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ફડણવીસે મીડિયાને કારણ વગર નાગરિકોમાં ગભરાટ કે ભય ન ફેલાવવા વિનંતી કરી ઉમેર્યું હતું કે આધાર વિનાના અહેવાલ દર્શાવી અને કાલ્પનિક પરિસ્થિતિઓની ચર્ચા કરવાથી ગભરાટ અને મૂંઝવણ થાય છે જે દેશ અને સમાજના હિતમાં નથી. કેન્દ્ર સરકારે શુક્રવારે આ બાબત સ્પષ્ટપણે જણાવી છે.' પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઉર્જા ખર્ચમાં વધારો થવાથી ઘરેલુ એલપીજી અને વ્યાપારી હેતુના સિલિન્ડરના ભાવમાં અનુક્રમે રૂ. ૬૦ અને રૂ. ૧૧૪.૫નો વધારો કરવામાં આવ્યો હતો. ઉદ્યોગ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં લશ્કરી સંઘર્ષ ફાટી નીકળ્યા પછી વૈશ્વિક ઊર્જાના ભાવમાં ભારે વધારાને કારણે આ વધારો થયો છે.

૨૦૨૬ - ૨૭ના બજેટમાં જાહેર કરવામાં આવેલી લોન માફીના અમલીકરણના સમય અંગે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું કે રાષ્ટ્રીયકૃત બેંકો, જિલ્લા બેંકો અથવા ચોક્કસ ક્રેડિટ સોસાયટીઓ દ્વારા પાક લોન માફીનો અમલ નહીં કરવામાં આવે એવો દાવો કરીને મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કેટલાક લોકો કરી રહ્યા છે. અમે પાક લોન આપતી કોઈપણ બેંક પર ૨ લાખ રૂપિયા સુધીની લોન માફી આપીશું. આ પહેલ દ્વારા ખેડૂતોને ફાયદો થાય બેંકોને નહીં. અમે પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે લોન માફી ૩૦ જૂન પહેલા લાગુ કરવામાં આવશે.' (પીટીઆઈ)■

# વિખે-પાટીલના નિકટવર્તીને ધમકી

અહિલ્યાનગરઃ અહિલ્યાનગરના રાહાતા તાલુકામાં પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલના નિકટવર્તી ગણાતા નગરસેવક દશરથ તુપેને પિસ્તોલ દેખાડી ધમકી આપવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. રાહાતા નગરપરિષદના ભાજપના નગરસેવક દશરથ તુપેની ફરિયાદને આધારે તુષાર સદાફળ અને તેના સાથીઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ટેન્ડરને મામલે સદાફળ તુપે પર રોષે ભરાયો હતો. ટેન્ડર પ્રક્રિયા સાથે પોતાને કોઈ નિસ્બત ન હોવાનું તુપેએ કહ્યું હતું, પરંતુ સદાફળ માનવા તૈયાર નહોતો. તેણે પોતાની લાઈસન્સવાળી પિસ્તોલ તુપે તરફ તાકીને જાનથી મારવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■







# પડોશણને 'મા' કહેનારી દત્તક પુત્રી સાથે મહિલાએ અમાનુષી અત્યાચાર કર્યો

## નિર્વસ્ત્ર કરીને બાળકીની મારપીટ પછી તેના મોં અને આંખમાં મરચાની ભૂકી નાખી

થાણેઃ પડોશણને 'મા' કહીને બોલાવનારી ત્રણ વર્ષની દત્તક પુત્રી સાથે મહિલાએ અમાનુષી અત્યાચાર કર્યો હોવાની ઘટના ભિવંડીમાં બની હતી. નિર્વસ્ત્રી કરીને બાળકીની મારપીટ પછી તેના મોં-આંખમાં ગંદકી અને મરચાંની ભૂકી ભરવામાં આવી હતી. ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

કહેવાય છે કે મહિલા તેની દત્તક પુત્રી પર અત્યાચાર ગુજારતી હતી ત્યારે તેનું એક વ્યક્તિએ વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. બાદમાં આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં ઘટના પ્રકાશમાં આવી હતી.

ભિવંડીમાં બનેલી આ ઘટનાના વીડિયોમાં મહિલા ત્રણ વર્ષની બાળકીને નિર્વસ્ત્ર કરતી, માથું દીવાલ સાથે અફાળતી અને પછી તેના મોં અને આંખમાં ગંદકી તેમ જ મરચાંની ભૂકી નાખતી દેખાય છે. વીડિયોને આધારે પોલીસે ઘટનાસ્થળ બાપગાંવ હોવાનું શોધી કાઢ્યું હતું.

પડઘા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે પહોંચી પોલીસની ટીમે બાળકીને છોડાવી હતી. તેને ચાઈલ્ડ કૅર સેન્ટરમાં રાખવામાં આવી છે અને મહિલા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બાળકી પડોશમાં રહેતી મહિલાને માતા કહેતી હતી, જેનો મહિલાને ગુસ્સો હતો. વારંવાર સમજાવ્યા છતાં બાળકી ફરી પડોશણને માતા કહેતી હોવાથી મહિલાનું મગજ છટક્યું હતું. (પીટીઆઈ)■

# પત્ની સાથે અફેરની શંકા પરથી પતિએ મિત્ર પર ચોપરના ઘા કર્યા


થાણેઃ પત્ની સાથે અફેરની શંકા પરથી પતિએ ચોપરના ઉપરાછાપરી ઘા ઝીંકી મિત્રને ગંભીર રીતે જખમી કર્યો હોવાની ઘટના થાણે જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ચોથી માર્ચની સવારે ભિવંડીના કામતઘર પરિસરમાં બની હતી. આરોપી વિજય રાઘો સહાએ મટન ચોપરથી નીરજ સુબાશ સહા (૨૦) પર હુમલો કર્યો હતો.

આરોપીને શંકા હતી કે તેની પત્ની અને નીરજ વચ્ચે આડાસંબંધ છે. શંકાને પગલે ગુસ્સામાં આરોપીએ ચોપરના ઘા ઝીંક્યા હતા. જખમીને પહેલાં નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ તેની હાલત નાજુક હોવાથી વધુ સારવાર માટે તેને મુંબઈની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી અને નીરજ એક જ ગામના છે અને એકબીજાના પરિચિત પણ છે. તેમની વચ્ચે મિત્રતા પણ હતી. આ પ્રકરણે પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■



# આજે ભારત જીતશે તો ત્રણ વિશ્વવિક્રમ પાક્કા

## અમદાવાદમાં સાંજે ૭.00 વાગ્યાથી ન્યૂ ઝીલૅન્ડ સાથે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ટક્કર

અમદાવાદઃ આઇસીસી ટી-૨૦ વર્લ્ડ કપની ૧૦મી સીઝનમાં કુલ ૨૦ ટીમે ભાગ લીધો અને એમાંથી હવે અંતિમ એવી બે ટીમ અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ફાઇનલ રમશે જેમાંની એક ટીમ (ભારત)નો ઇતિહાસ ભવ્ય છે, જ્યારે બીજી ટીમે (ન્યૂ ઝીલૅન્ડ) નવા ઇતિહાસનું સર્જન કરવાનું છે અને એ સાથે આ ટક્કરમાં નવા વિશ્વવિક્રમો પણ બનતા જોવા મળશે. ખાસ કરીને ભારત ચૅમ્પિયન બનશે તો ત્રણ એક્સાઇટિંગ વર્લ્ડ રેકૉર્ડ બનશે.

### કિવીઓ પ્રથમ વર્લ્ડ કપની તલાશમાં

ન્યૂ ઝીલૅન્ડ ક્યારેય મર્યાદિત ઓવર્સ (વન-ડે કે ટી-૨૦)ના વર્લ્ડ કપની ટ્રોફી નથી જીત્યું. જોકે ભારતને લાગલગાટ બીજી વખત ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતવાનો મોકો છે. જો ભારત જીતશે તો એક દેશ સતત બે વખત આ ફૉર્મેટનો વર્લ્ડ કપ જીત્યો હોય (ટાઇટલ ડિફેન્ડ કર્યું હોય) એવું પહેલી વાર બન્યું કહેવાશે. ભારત ૨૦૨૪માં રોહિત શર્માના સુકાનમાં વર્લ્ડ કપ જીત્યું હતું. બીજું, ભારત ચૅમ્પિયન બનશે તો એ ભારતની કુલ ત્રીજી ટી-૨૦ વર્લ્ડ કપ ટ્રોફી કહેવાશે અને એ પણ નવો વિશ્વવિક્રમ જ કહેવાશે. અત્યાર સુધીમાં ભારત, વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લૅન્ડ બે-બે વખત આ વિશ્વ કપ જીત્યા છે. ત્રીજું, જો ભારત આજે ચૅમ્પિયનપદ મેળવશે તો ટી-૨૦ વર્લ્ડ કપમાં યજમાન દેશ જ વિજેતા બન્યો હોય એવી પ્રથમ ઘટના બની કહેવાશે.

### ન્યૂ ઝીલૅન્ડ સામે 'પ્રથમ જીત' મળશે?

જો ભારત આજે વિજયી થશે તો ટી-૨૦ વર્લ્ડ કપમાં એણે ન્યૂ ઝીલૅન્ડ સામે પહેલી જ વખત વિજય મેળવ્યો કહેવાશે. અગાઉના ત્રણેય મુકાબલા કિવીઓ જીત્યા હતા.

### ત્રીજી ફાઇનલમાં સામસામે

વધુ એક વિક્રમ પણ બનવા જઈ રહ્યો છે. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ એવા માત્ર બે દેશ છે જેઓ ત્રણેય ફૉર્મેટની આઇસીસી ઇવેન્ટની ફાઇનલમાં સામસામે આવ્યા છે. ટેસ્ટના ૨૦૨૧ના વર્લ્ડ કપમાં ન્યૂ ઝીલૅન્ડે ભારતને હરાવ્યું હતું, જ્યારે વન-ડેની ૨૦૨૫ની સાલની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો કિવીઓ સામે વિજય થયો હતો. હવે તેઓ આજે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ટકરાશે.

### કોણ કેવી રીતે ફાઇનલમાં પહોંચ્યું?

**ભારતઃ**

(૧) લીગમાં અમેરિકા સામે ૨૯ રનથી વિજય, સૂર્યકુમાર યાદવ મૅન ઑફ ધ મૅચ

(૨) લીગમાં નામિબિયા સામે ૯૩ રનથી વિજય, હાર્દિક પંડ્યા મૅન ઑફ ધ મૅચ

(૩) લીગમાં પાકિસ્તાન સામે ૬૧ રનથી વિજય, ઇશાન કિશન મૅન ઑફ ધ મૅચ

(૪) લીગમાં નેધરલૅન્ડ્સ સામે ૧૭ રનથી વિજય, શિવમ દુબે મૅન ઑફ ધ મૅચ

(૫) સુપર એઇટમાં સાઉથ આફ્રિકા સામે ૭૬ રનથી પરાજય, ડેવિડ મિલર મૅન ઑફ ધ મૅચ

(૬) સુપર એઇટમાં ઝિમ્બાબ્વે સામે ૭૨ રનથી વિજય, હાર્દિક પંડ્યા મૅન ઑફ ધ મૅચ

(૭) સુપર એઇટમાં વેસ્ટ ઇન્ડિઝ સામે પાંચ વિકેટે વિજય, સંજુ સૅમસન મૅન ઑફ ધ મૅચ

(૮) સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડ સામે સાત રનથી વિજય, સંજુ સૅમસન મૅન ઑફ ધ મૅચ

**ન્યૂ ઝીલૅન્ડઃ**

(૧) લીગમાં અફઘાનિસ્તાન સામે પાંચ વિકેટે વિજય, ટિમ સિફર્ટ મૅન ઑફ ધ મૅચ

(૨) લીગમાં યુએઇ સામે ૧૦ વિકેટે વિજય, ટિમ સિફર્ટ મૅન ઑફ ધ મૅચ

(૩) લીગમાં સાઉથ આફ્રિકા સામે સાત વિકેટે પરાજય, માર્કો યેનસેન મૅન ઑફ ધ મૅચ

(૪) લીગમાં કૅનેડા સામે આઠ વિકેટે વિજય, ગ્લેન ફિલિપ્સ મૅન ઑફ ધ મૅચ

(૫) સુપર એઇટમાં પાકિસ્તાન સામેની મૅચ વરસાદને લીધે અનિર્ણીત

(૬) સુપર એઇટમાં શ્રીલંકા સામે ૬૧ રનથી વિજય, રચિન રવીન્દ્ર મૅન ઑફ ધ મૅચ

(૭) સુપર એઇટમાં ઇંગ્લૅન્ડ સામે ચાર વિકેટે પરાજય, વિલ જૅક્સ મૅન ઑફ ધ મૅચ

(૮) સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકા સામે નવ વિકેટે વિજય, ફિન ઍલન મૅન ઑફ ધ મૅચ

### હેડ-ટુ-હેડ રેકૉર્ડ-બુક

(૧) કુલ ૩૦ ટી-૨૦ મુકાબલાઓમાં ભારતનો ૧૮માં અને ન્યૂ ઝીલૅન્ડનો ૧૧ મૅચમાં વિજય. એક મૅચ ટાઇમાં પરિણમી.

(૨) ભારતમાં ભારતનો ૧૧ મૅચમાં અને ન્યૂ ઝીલૅન્ડનો પાંચ મૅચમાં વિજય. બે મૅચ તટસ્થ સ્થળે રમાઈ જેમાં ન્યૂ ઝીલૅન્ડનો વિજય.

(૩) ટી-૨૦ વર્લ્ડ કપમાં કુલ ત્રણ મુકાબલા જેમાં ત્રણેય (૨૦૦૭, ૨૦૧૬, ૨૦૨૧)માં ન્યૂ ઝીલૅન્ડનો વિજય અને ભારતને એકેય મૅચ નથી જીતવા મળી.

(૪) બન્ને દેશ વચ્ચેના મુકાબલાઓમાં સૌથી વધુ રન સૂર્યકુમાર યાદવ (૫૨૬).

(૫) બન્ને દેશ વચ્ચેના મુકાબલાઓમાં સૌથી વધુ વિકેટ ઇશ સોઢી (૩૦).

(૬) સામસામા મુકાબલાઓમાં (વર્તમાન ખેલાડીઓમાં) ટિમ સિફર્ટ ૪૨૫ રન સાથે સૂર્યા પછી બીજા નંબરે અને ડેરિલ મિચલ ૩૬૬ રન સાથે ત્રીજા ક્રમે. આજે ભારતે બંને કિવી ખેલાડીથી ખૂબ સાવચેત રહેવું પડશે.

(૭) સામસામા મુકાબલાઓમાં (વર્તમાન ખેલાડીઓમાં) મિચલ સૅન્ટનર ૨૩ વિકેટ બીજા નંબરે, અર્શદીપ સિંહ ૧૭ વિકેટ સાથે ત્રીજા ક્રમે.

### બન્ને દેશની સંભવિત ઇલેવન

ભારતઃ સૂર્યકુમાર (કૅપ્ટન), અભિષેક, સૅમસન (વિકેટકીપર), ઇશાન, તિલક, હાર્દિક, શિવમ, અક્ષર, અર્શદીપ, બુમરાહ, વરુણ/કુલદીપ/સિરાજ.

ન્યૂ ઝીલૅન્ડઃ સૅન્ટનર (કૅપ્ટન), સિફર્ટ, ફિન ઍલન, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, ચૅપમૅન, ડેરિલ મિચલ, કોલ મૅકૉન્કિ, નીશૅમ/ડફી, મૅટ હેન્રી, લૉકી ફર્ગ્યુસન. ■



**આ ચહલને ઓળખ્યો? તેને પણ ફાઈનલ રમવી છે!** અમદાવાદના મેદાન પર ગઈ કાલે અર્શદીપ સિંહ એક સમયના ટીમ ઈન્ડિયાના મુખ્ય સ્પિનર યુઝવેન્દ્ર ચહલને ભેટી પડ્યો હતો. (પીટીઆઇ)



**હલ્લાબોલઃ** તિલક વર્માએ ભરપૂર પ્રૅક્ટિસ કરી હતી અને બોલિંગમાં પણ નસીબ અજમાવ્યું હતું.

## ન્યૂ ઝીલૅન્ડ ફાઈનલ નહીં જીતે તો 'ચૉકર્સ'નું ટૅગ એનુંઃ સ્ટેન

નવી દિલ્હીઃ સાઉથ આફ્રિકા ગયા વર્ષે ટેસ્ટનો વર્લ્ડ કપ (વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ) જીત્યું એ પહેલાં 'ચૉકર્સ'નો ટૅગ એને લાગેલો હતો અને હવે સાઉથ આફ્રિકાને 'ચૉકર્સ' તરીકે ઓળખાવવાનું બંધ થઈ ગયું છે, પરંતુ એ જ દેશના મહાન ફાસ્ટ બોલર ડેલ સ્ટેનનું એવું માનવું છે કે આજે અમદાવાદમાં ભારત સામેની ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલ જો ન્યૂ ઝીલૅન્ડ ન જીતે તો 'ચૉકર્સ'નો બિલ્લો એને જ લગાવવો જોઈશે.

જોકે ડેલ સ્ટેને એવું પણ કહ્યું છે કે ભારતને એની જ ધરતી પર ફાઇનલમાં હરાવવું (ચૅમ્પિયનપદેથી ઉથલાવવું) અસંભવ જ કહી શકાય. ન્યૂ ઝીલૅન્ડ આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં બીજી વખત ફાઇનલમાં પહોંચ્યું છે. એણે ટ્રોફી માટે ફેવરિટ ગણાતા સાઉથ આફ્રિકાને ફાઇનલમાં નવ વિકેટે કચડી નાખ્યું હતું. બીજી બાજુ, ભારતે સેમિમાં ઇંગ્લૅન્ડ સામે સાત રનથી વિજય મેળવ્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડ ૨૦૧૯માં વન-ડે વર્લ્ડ કપની, ૨૦૨૧માં ટી-૨૦ વર્લ્ડ કપની અને ૨૦૨૫માં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચ્યું હતું, પરંતુ ત્રણેય વખત ટાઇટલ નહોતું જીતી શક્યું.

ડેલ સ્ટેને સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ખેલાડી એબી ડિવિલિયર્સ સાથેની વાતચીતમાં કહ્યું, 'ઘણાને હજી પણ સાઉથ આફ્રિકનોને ચૉકર્સ કહેવાનું મન થઈ રહ્યું હશે, પણ હું કહું છું કે અમારા કરતાં પણ વધુ વખત ફાઇનલ્સમાં પહોંચીને હારી ચૂકેલા કિવીઓ પ્લીઝ, અમદાવાદમાં આજે ભારત સામેની ફાઇનલમાં જીતી જ લેજો. જો ન્યૂ ઝીલૅન્ડ નહીં જીતે તો હું મારા તરફથી ચૉકર્સનો ટૅગ તેમને લગાવી દેવાનો છું. આઇ લવ ન્યૂ ઝીલૅન્ડ, પરંતુ મને લાગે છે કે તેઓ ભારતને નહીં હરાવી શકે.' ■

## સબ યે સેમ લાઇન ચિપકા રહે હૈ, કુછ તો નયા બોલોઃ સૂર્યકુમાર

અમદાવાદઃ ૨૦૨૩માં જેમ ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન પૅટ કમિન્સે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ક્રાઉડને શાંત પાડી દેવાની ખાતરી આપ્યા પછી ભારતને પરાજિત કર્યું હતું એ રીતે હવે ન્યૂ ઝીલૅન્ડનો સુકાની મિચલ સૅન્ટનર પણ એવું જ બોલ્યો છે જેમાં તેણે અમદાવાદના હજારો પ્રેક્ષકોને શાંત કરી દેવાની શેખી કરી છે.

આ વિશે પત્રકાર પરિષદમાં પૂછાતાં સૂર્યકુમાર યાદવે બધાને હસાવતાં કહ્યું, 'સબ યે સેમ લાઇન ચિપકા રહે હૈ, કુછ તો નયા બોલો.'

સૂર્યાએ જર્નલિસ્ટોને કહ્યું, 'ટીમ ઇન્ડિયાનો દરેક ખેલાડી ખૂબ ઉત્સાહિત છે. કૅપ્ટન પર માનસિક બોજ તો હોય જ, પરંતુ વર્લ્ડ કપની ફાઇનલ અને એ પણ ભારતમાં! આવી મૅચ રમવામાં ગજબનો ઉત્સાહ હોય જે અમારા બધામાં છે.' ■

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૪૫૦૦થી વધુ પોલીસ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રવિવાર, ૮ માર્ચે ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચનો મહામુકાબલો યોજાનાર છે. મેચને પગલે સમગ્ર અમદાવાદમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ મેચ જોવા માટે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ અમદાવાદ પહોંચવાના હોવાથી પોલીસ તંત્ર દ્વારા જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે સમગ્ર સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારમાં કુલ અંદાજે ૪૫૦૦ જેટલા પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવશે. આ બંદોબસ્તમાં ઉચ્ચ અધિકારીઓથી લઈને મેદાન સ્તરના કર્મચારીઓ સુધીનો મોટો કાફલો સામેલ રહેશે. સુરક્ષા વ્યવસ્થામાં ૧ જેસીપી, ૮ ડીસીપી, ૧૫ એસીપી, ૩૦ પીઆઈ અને ૯૧ પીએસઆઈ સહિત કુલ ૧૨૧થી વધુ પોલીસ અધિકારીઓ ફરજ બજાવશે. તેમના ઉપરાંત ૨૨૦૦થી વધુ પોલીસકર્મીઓને સ્ટેડિયમ અને તેની આસપાસના વિસ્તારોમાં તહેનાત કરવામાં આવશે. ■

## બાબર માટે મોહમ્મદ આમિરનું ટીવી શૉમાં ફિક્સિંગ, ભાન થયું એટલે મત બદલી નાખ્યો

નવી દિલ્હી ૨૦ વર્ષ અગાઉ ઇંગ્લૅન્ડમાં સલમાન બટ સાથે મળીને સ્પૉટ ફિક્સિંગ કરવા બદલ સજા ભોગવી ચૂકેલા તેમ જ કરીઅર બરબાદ કરનાર પાકિસ્તાની પેસ બોલર મોહમ્મદ આમિરે એક લાઈવ ટૉક શૉ પર બૅટ્સમૅન બાબર આઝમના વિષયમાં અક્કલનું પ્રદર્શન કર્યું એ બદલ સોશ્યલ મીડિયામાં તેની ખૂબ ટીકા થઈ રહી છે.

મોહમ્મદ આમિરે જે ટિપ્પણી કરી એના પરથી અંદાજ આવી જાય છે કે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં ફિક્સિંગ થવું કંઈ નવી વાત નથી લાગતી. થોડા જ દિવસમાં પીએસએલની નવી સીઝન શરૂ થવાની છે.

ટૉક શૉ દરમિયાન એક ચાહકે મોહમ્મદ આમિરને પૂછ્યું કે 'બાબર ઘણા સમયથી ફૉર્મમાં નથી અને ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ તે સારું નહોતો રમ્યો પણ હવે પીએસએલમાં તમે તમારી બોલિંગમાં તેને ત્રણથી ચાર ચોગ્ગા મારવા દેશો કે જેથી તેનો આત્મવિશ્વાસ પાછો આવી જાય?'

મોહમ્મદ આમિરે ખુલ્લેઆમ ઓફર થયેલા આ ફિક્સિંગને નકારી કાઢવાને બદલે બેવકૂફીથી જવાબ આપ્યો હતો જેમાં આમિરે એ ચાહકને વચન આપ્યું હતું. એ પ્રૉમિસ મજાકમાં હતી કે કેમ એ તે જ જાણે.

આમિરે પાકિસ્તાનની એક જાણીતી ચેનલ પરના ટૉક શૉમાં ચાહકને (હસતાં) જવાબમાં કહ્યું, 'ડન.. હું અમારા બંને વચ્ચેની ટક્કરમાં હારી જઈશ, બસ!'

જોકે પોતે બોલવામાં મૂર્ખાઈ કરી એનું ભાન થતાં જ આમિરે ફેરવી નાખતાં કહ્યું કે 'અરે... બાબર તો મહાન ખેલાડી છે. તે પોતે જ મારી બોલિંગમાં ત્રણ-ચાર ચોગ્ગા મારી શકે એમ છે.'

આમિરના જવાબથી સોશ્યલ મીડિયામાં ખૂબ ટ્રોલ થયો હતો અને ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન અહમદ શેહઝાદ પણ આ વિષયમાં જોડાતા આ મુદ્દો વધુ રોમાંચક બન્યો હતો, કારણકે એમાં અહમદે કહ્યું, સોદો થઈ ગયો લાગે છે. મને લાગે છે કે બાબરને આમિર ઇરાદાપૂર્વક ત્રણ-ચાર ચોગ્ગા મારવા દેશે.' ■

## ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ઃ શું આ વખતે ભારતને ફળશે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ?

અમદાવાદઃ શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ રમાશે. ૧.૩૨ લાખ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ વખતે ભારત



આજે અમદાવાદના મેદાન પર ભારતીયો ઐતિહાસિક જીત મેળવી શકશે? (પીટીઆઇ)

જીતશે તેવી ચાહકો આશા રાખી રહ્યા છે જે પાછળનું કારણ ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં આ મેદાન પર ભારતની થયેલી હાર તેમ જ વર્તમાન ટૂર્નામેન્ટમાં સાઉથ આફ્રિકા સામે થયેલો પરાજય છે.

૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ટીમ ૫૦ ઓવરમાં ૨૪૦ રનમાં સમેટાઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ ૪૩ ઓવરમાં ચાર વિકેટે ૨૪૧ રન બનાવીને મેચ જીતી લીધી હતી. કાંગારૂ ટીમ માટે ટ્રેવિસ હેડે ૧૪૧ રનની મેચ વિનિંગ ઇનિંગ રમી હતી.

લાબુશેને અણનમ ૫૮ રન બનાવ્યા હતા. તે સમયે ભારત ટૂર્નામેન્ટમાં ફાઈનલ પહેલાની તમામ મેચ જીત્યું હતું અને ખરાખરીના મુકાબલામાં જ હાર્યું હતું.

૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં આ સ્ટેડિયમમાં રમાયેલી સુપર આઠ મેચ સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ટીમ ઈન્ડિયાને ૭૬ રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ આ મેચ લગભગ એકતરફી જીતી લીધી હતી. દક્ષિણ આફ્રિકા પ્રથમ બેટિંગ કરતાં સાત વિકેટના નુકસાન પર ૧૮૭ રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૧૧ રનમાં ખખડી ગઈ હતી.

### ભારત અને ન્યૂ ઝીલેન્ડનો કેવો છે દેખાવ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર ભારતનો રેકોર્ડ ઘણો સારો છે. ભારત આ મેદાન પર ૧૦ ટી-૨૦ રમ્યું છે, જેમાં ૭માં જીત મેળવી છે. બીજી તરફ ન્યૂ ઝીલેન્ડનો અહીંયા રેકોર્ડ ખરાબ છે. કિવી ટીમે અહીં બે મેચ રમી છે અને બંનેમાં હારનો સામનો કરવો પડ્યો છે.



**આ બે બળિયાથી ચેતજોઃ** ફિન ઍલને સાઉથ આફ્રિકા સામેની સેમિમાં ૩૩ બૉલમાં રેકૉર્ડ-બ્રેક સેન્ચુરી કરી હતી. ટિમ સિફર્ટથી પણ ભારતે ચેતવું પડશે.

### પ્રથમ બેટિંગ કરતી ટીમની જીતની શક્યતા વધારે

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઝાકળ મહત્ત્વનું પરિબળ છે, પરંતુ ટાર્ગેટનો પીછો કરનારી ટીમને ખાસ ફાયદો થતો નથી. ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં અહીં પ્રથમ બેટિંગ કરનારી ટીમોએ ૧૩માંથી આઠ મેચ જીતી છે, જ્યારે ટાર્ગેટનો પીછો કરનારી ટીમ પાંચ વખત વિજેતા બની છે.

### મોદી સ્ટેડિયમની ખાસિયત

૬૩ એકરના કેમ્પસમાં ઘેરાયેલા આ આખા સ્ટેડિયમને બનાવવા માટે કુલ ૮૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમાં ચાર ડ્રેસિંગ રૂમ છે અને આ સ્ટેડિયમમાં હૉકી અને ફૂટબૉલ મેદાન પણ બનાવવામાં આવ્યા છે. આ સિવાય બૉક્સિંગ, બેડમિન્ટન અને ટેનિસ માટે પણ અલગ-અલગ કોર્ટ બનાવવામાં આવી છે. આ સ્ટેડિયમમાં ઓલિમ્પિક સાઇઝનો સ્વિમિંગ પૂલ પણ છે.

આ ઉપરાંત મોટેરા સ્ટેડિયમમાં ૧૧માંથી છ પિચ બનાવવા માટે કાળી માટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીની પાંચ પિચ બનાવવા માટે લાલ માટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્ટેડિયમમાં મુખ્ય મેદાન સિવાય બે પ્રેક્ટિસ ગ્રાઉન્ડ પણ બનાવવામાં આવ્યા છે. આ બંને પ્રેક્ટિસ ગ્રાઉન્ડમાં નવ-નવ મલ્ટિપલ પિચ બનાવવામાં આવી છે જેમાં પાંચ પિચો લાલ માટીમાંથી અને ચાર પિચો કાળી માટીમાંથી બનાવવામાં આવી છે.

મોટેરા સ્ટેડિયમમાં કુલ ૭૬ કોર્પોરેટ બોક્સ બનાવવામાં આવ્યા છે, જેમાં દરેક બોક્સમાં પચીસ બેઠકો છે. આમ, મોટેરા સ્ટેડિયમના કોર્પોરેટ બોક્સમાં કુલ સીટો ૧૯૦૦ છે. આ સીટો પર વીઆઇપી અને સેલિબ્રિટીઝ બેસીને મૅચ નિહાળે છે.

### કાળી માટીની પિચ પર શું પડે છે મુશ્કેલી?

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચ કાળી માટીથી બનેલી છે જે મેચ આગળ વધવાની સાથે ધીમી થતી જાય છે, જેના કારણે ટાર્ગેટનો પીછો કરનારી ટીમને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં આ મેદાન પર કુલ છ મેચ રમાઈ છે, જેમાંથી ત્રણ ટીમે પ્રથમ બૅટિંગ કરતા જીત હાંસલ કરી છે. ■

## ભાઈ, તારે હવે વર્લ્ડ કપમાં નથી રમવાનું!



રોહિત શર્માએ ગઈ કાલે દાદરમાં શિવાજી પાર્કના ગ્રાઉન્ડ પર બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી. તે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ગયો છે. છેલ્લે ૨૦૨૪માં તેના સુકાનમાં જ ભારત ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું. (પીટીઆઇ)

## ત્રણ ટીમના ખેલાડી હજી ભારતમાં જ, આઇસીસીએ ચાર્ટર ફ્લાઇટની વ્યવસ્થા કરી

નવી દિલ્હીઃ ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડ સામે પરાજિત સાઉથ આફ્રિકાની ટીમ તેમ જ ભારત સામે છેલ્લી બે મૅચમાં હારનાર વેસ્ટ ઇન્ડિઝ તથા ઇંગ્લૅન્ડની ટીમના ખેલાડીઓ મધ્ય પૂર્વમાં ચાલતા યુદ્ધને કારણે હજી ભારતમાં જ છે અને તેમને શનિવાર-રવિવારે ચાર્ટર ફ્લાઇટ દ્વારા સ્વદેશ પહોંચાડવાની આઇસીસીની યોજના છે.

ઇરાન સામેના અમેરિકા અને ઇઝરાયલના યુદ્ધને લીધે વિમાની મુસાફરીના રૂટમાં મોટા ફેરફાર થયા છે અને અનેક દેશોમાં ફ્લાઇટોના શેડ્યૂલ બદલવામાં આવ્યા છે. પીટીઆઇને એક આધારભૂત સૂત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે ઇંગ્લૅન્ડના ખેલાડીઓ ગુરુવારે ભારત સામેની વાનખેડે સ્ટેડિયમ ખાતેની સેમિ ફાઇનલમાં હારી ગયા હતા, પરંતુ તેમને તરત જ સ્વદેશ પાછા નથી જવા મળ્યું. વેસ્ટ ઇન્ડિઝ અને સાઉથ આફ્રિકાના ક્રિકેટરોને એક સાથે કોલકાતા ખાતેથી ચાર્ટર ફ્લાઇટમાં સ્વદેશમાં પાછા મોકલવાની યોજના વિચારવામાં આવી હતી. આ ફ્લાઇટ પહેલાં જોહનિસબર્ગ પહોંચશે અને ત્યાર પછી વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીઓને ઍન્ટિગા પહોંચાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સાઉથ આફ્રિકાના અમુક ખેલાડીઓ (કેશવ મહારાજ, જેસન સ્મિથ અને જ્યોર્જ લિન્ડે) ન્યૂ ઝીલૅન્ડ જશે જ્યાં રવિવાર, ૧૫મી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ શરૂ થશે. ■

## લક્ષ્ય સેન ભૂતપૂર્વ ચૅમ્પિયનને હરાવી સેમિમાં અને પછી ફાઇનલમાં પણ પહોંચ્યો

બર્મિંગમઃ અહીં પ્રતિષ્ઠિત ઑલ ઇંગ્લૅન્ડ ઓપન બૅડમિન્ટન ચૅમ્પિયનશિપમાં ભારતનો લક્ષ્ય સેન ત્રીજી વખત સેમિ ફાઇનલમાં પહોંચ્યો હતો અને પછી ફાઇનલમાં પ્રવેશ્યો હતો. પી. વી. સિંધુએ મધ્ય પૂર્વના યુદ્ધને કારણે દુબઈમાં અટવાઈ ગયા બાદ ભારત પાછાં આવવું પડ્યું છે, પણ લક્ષ્ય સેન આ ચૅમ્પિયનશિપમાં ભાગ લઈને ભારતનું નામ રોશન કરી રહ્યો છે. તેણે ક્વૉર્ટરમાં ભૂતપૂર્વ ચૅમ્પિયન ચીનના લી શિફેન્ગને સળંગ ગેમમાં ૨૧-૧૩, ૨૧-૧૬થી હરાવી દીધો હતો. લક્ષ્ય સેને એક કલાક, ૩૭ મિનિટ સુધી ચાલેલી સેમિ ફાઇનલમાં કૅનેડાના વિક્ટર લૅઇને ૨૧-૧૬, ૧૮-૨૧, ૨૧-૧૫થી હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ■


મુંબઈ સમાચાર
માતૃભાષા ભાગવત સપ્તાહ
તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦
Supported by:
adani
શ્રીમદ્ ભાગવતના
દરેક હૃદયસ્થ કથાકાર
પરમપૂજ્ય રમેશભાઈ
ઓઝા ભાઈશ્રી દ્વારા
સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ
ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]
SKYLINE
INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)
મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય
મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન
૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્ભુત પહેલ
સવારેઃ ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા
સાંજેઃ ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ
પ્રસાદઃ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.
gandhar
Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)
▸ શ્રી પોથીજી ▸ ઝાંખી
▸ ઉત્સવ ▸ સેવા ▸ મનોરથ
★★★★★
દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન
★★★★★
ઉત્સવ, મનોરથ, ઝાંખી અને
અન્ય સેવાઓ માટે
સંપર્કઃ
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯
માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.
માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.
આયોજક
મુંબઈ સમાચાર
પ્રેરિત
માતૃભાષા પ્રતિષ્ઠાન
★ શ્રી નીલેશ દવે
★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંગ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા
★ શ્રી અરવિંદ શાહ ★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી ભાર્ગવ પટેલ ★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)
સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્કઃ ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩
★ વિશેષ આભાર ★
★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા
AJMERA
BUILT ON TRUST
MICL
LIVE BETTER
NATUREPURE
Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
NEELKANTH
Building Trust Since 1938
Formerly known as:
Velji Harkha Patel & Sons.
Neela Film Productions
SILVER
BUILDING LANDMARKS SINCE 1986

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દશાવિલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# નસીબના ખેલ: વ્યાપાર ક્ષતિગ્રસ્ત થાય ત્યારે નવા સ્રોત શોધી નવી દિશા આપવી

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

માનવ જિંદગીમાં ગમે તેટલું પ્લાનિંગ કરે પણ જરૂરી નથી કે દરેક વખતે પ્લાનિંગ પ્રમાણે જ બધું થાય અને જિંદગીની વાસ્તવિકતા છે એટલે તે કહેવાય છેને કે મેન પ્રપોઝીસ ઍન્ડ ડિસ્પોઝીસ.

ઈરાન સાથેના ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેના યુદ્ધમાં પાડાની લડાઈમાં ઝાડનો ખો તેમ કોઈ કારણ વગર અખાતના અન્ય દેશો જેવા કે યુએઈ, સાઉદી અરેબીયા, કતાર અને બહેરીન આ યુદ્ધમાં જાનમાલની ખુવારી ભોગવે છે તેઓનો વાંક એટલો જ છે કે તેઓના દેશમાં અમેરિકાનો મિલિટરી બેઝ છે અને આ મિલિટરી બેઝનો ઉપયોગ ઈરાન ઉપર મિલિટરી અને હવાઈ યુદ્ધ કરવા માટે થાય છે જે ઈનડાયરેકટલી અમેરિકાને લડાઈમાં સહાય કરે છે તેવો મતલબ ઈરાન કાઢે છે અને કંઈક અંશે તે વાત સાચી જ છે. અમેરિકાની દોસ્તી કે દુશ્મની બન્નેથી સંભાળવા જેવું છે.

શુક્રવારે બહેરીનમાં હીલ્ટન હોટલ ઉપર ડ્રોનનો એટેક થયેલો છે અને હજુ જાનમાલની ખુવારીના આંકડા આવવાના બાકી છે પણ હોટલ હીલ્ટનની વાત આવતા યાદ આવે છે હીલટનની દાસ્તાન!

૧૮૮૭માં જન્મેલ કોનાર્ડ હીલ્ટન ૧૯૧૯માં અમેરિકાના રાજ્ય ટેક્સાસમાં ઓઈલબુમનો લાભ લેવા ફાઈનાન્સના કામમાં ઝંપલાવવાના ઈરાદા સાથે ટેક્સાસમાં એક બેંક ખરીદવા નીકળ્યા હતા. (એ જમાનામાં બેંકો કોમોડિટીની જેમ ખરીદાતી હતી!) પણ ટ્રાન્ઝેક્શન સફળ નહીં થતા ચાલવા લાગ્યા અને રસ્તામાં એક હોટલ જોવા મળી. ટેક્સાસના સીસકોમાં આવેલી આ હોટલનું નામ હતું મોબલી હોટલ. હોટલમાં મોટી ચહેલપહેલ થતી હોવાના કારણે થયું કે આ ધંધામાં પૈસા છે એટલે ૪૦ રૂમની આ હોટલ ખરીદી લીધી. ઓઈલબુમના કારણે હોટેલ રૂમ્સની એટલી મોટી ડિમાંડ ઊભી થયેલી હતી કે એક રૂમ ૨૪ કલાકમાં ૩ રાઉન્ડમાં ઓક્યુપાઈ થતા હતા. ઈવન ડાયનિંગ હોલ પણ રાત્રી મુકામ માટે ભાડે આપવા છતાં રૂમ્સની ડિમાંડ ઓછી ન્હોતી થતી. હોટેલના ધંધામાં તેજી અને હોટેલ રૂમની અછતને પૂરી કરવા અને તેનો લાભ લેવા ટેક્સાસમાં નાની હોટેલ્સ હીલ્ટન ખરીદવા લાગ્યા અને હોટલ બિઝનેસમાં આવ્યાના માત્ર ૬ વર્ષમાં તો ૧૯૨૫માં હાઈરાઈઝ ડલાસ હીલ્ટન, ૧૯૨૭માં એબીલીન હોટલ, વાકો હીલ્ટન ૧૯૨૮માં અને અલ પાસો હીલ્ટન ૧૯૩૦માં ઊભી કરી દીધી હતી. ૧૯૩૯માં પહેલીવાર ટેક્સાસની બહાર ન્યુ મેક્સિકોમાં હોટલ શરૂ કરી. બધુ બરાબર ચાલી રહ્યું હતું ત્યાં ૧૯૩૦ની મહામંદી આવી. કોનાર્ડ હીલ્ટનની હોટલો એક પછી એક પાણીના ભાવે વેંચાવા લાગી પણ હિંમત નહીં હારતા હોટલમાં જનરલ મેનેજરની નોકરી સ્વીકારીને જેમ પરિસ્થિતિ થાળે પડતી ગઈ તેમ એક પછી એક એમ ૮ હોટલો ખરીદી લીધી.

મહામંદી પૂરી થતા અને ત્યારબાદ દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી અમેરિકન ઈકોનોમીમાં જે તેજી આવી એનો પૂરો લાભ હીલ્ટને લીધો અને અમેરિકાનાં અન્ય શહેરોમાં હોટલો સ્થાપવા લાગ્યા. ધંધામાં ફાવટ આવી ૫૦ અને ૬૦ દશકામાં દુનિયાના અન્ય દેશોમાં પણ હીલ્ટન હોટલો એસ્ટાબ્લીશ કરી દીધી.

હીલ્ટનની અભૂતપૂર્વ સફળતાનાં ગીતો અમેરિકન યુનિવર્સિટીમાં ગાવા લાગ્યા અને કેટલીય યુનિવર્સિટીઓએ માનદ્ ડિગ્રીઓ આપીને તેનું સન્માન કર્યું.

આજે દુનિયાના ૧૦૦ જેટલો દેશોમાં હીલ્ટન હોટલના લાખો રૂમ છે જેમાં લાખો લોકો નોકરી કરે છે અને અબજો રૂપિયાની કમાણી કરે છે.

હીલ્ટનની સફળતાનું મુખ્ય કારણ છે કે ગ્રાહકોની સુવિધા માટે કોનાર્ડ હંમેશાં જાગૃત રહેતા અને નવી નવી સવલતો આપવા માટે પ્રયત્નશીલ રહેતા હતા.

૧૯૨૭માં તો હીલ્ટને ઠંડા પાણી અને પબ્લિક એરિયા સહિત બધે એરકન્ડિશનિંગ ઈન્ટ્રોડ્યુસ કરી દીધું હતું.

૧૯૪૬માં દુનિયામાં હીલ્ટન એક પહેલી હોટલ કંપની હતી જે અમેરિકન સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ હતી. ૧૯૪૭માં હીલ્ટન દુનિયાની પ્રથમ હોટેલ ચેઈન હતી કે જેણે ગેસ્ટ રૂમમાં ટેલિવિઝન સેટ ઈન્સ્ટોલ્ડ કરેલા હતા.

૧૯૪૮માં મલ્ટી હોટલ રિઝર્વેશન સિસ્ટમ ચાલુ કરનાર હીલ્ટન પહેલી હોટલ ચેઈન હતી.

૫૦ના દશકમાં ન્યુયોર્કની ફેમસ વોલ્ડરોફ એસ્ટોરીયા હોટલ ખરીદી લીધી અને ૧૯૫૪માં ૧૧૧ મિલિયનમાં સ્ટેટલર હોટલ એકવાયર કરેલી જે તે સમયે હોટલ ઈન્ડસ્ટ્રીનું સૌથી મોટું ડીલ હતું.

આજ જે માણસ બેંક ખરીદવા નીકળેલો તે ડીલ ફેઈલ જતા નિરાશ થયા વગર ઓપન માઈન્ડથી અલટરનેટીવ ઓપોર્ચ્યુનિટી શોધીને કેરિયરને નવો વળાંક આપીને જે લાઈન મળી તેમાં ૨૪ કલાક ઓતપ્રોત રહીને ધંધાનો કેમ વિકાસ કરવો અને દરેક સર્વિસમાં કેમ પાયોનિયર થવું અને સાથે રિસ્ક લઈને ધંધાનો કેમ વિકાસ થાય તેવા દૃઢ સંકલ્પથી દુનિયામાં અદ્ભુત સફળતાના નિશાનો છોડતા ગયા આજે જ્યારે એઆઈએ દુનિયાને ચકરાવે ચડાવ્યું છે ત્યારે શક્ય છે કે કેટલાય ઉદ્યોગો કે વ્યાપાર બહુ ક્ષતિગ્રસ્ત થાય ત્યારે હિંમત હાર્યા વગર કોનાર્ડ હીલ્ટનની જેવા નવાં સ્રોતો શોધીને કેરિયરને નવી દિશા આપવાની જરૂર છે.

કપાળે હાથ દઈને બેસવાથી કશું વળવાનું નથી કારણ કે ‘‘હોપ ઈઝ ધ લાસ્ટ થીંગ એવર લોસ્ટ.’’ ■

# નિકાસકારોને આરઓડીટીઈપીનાં સંપૂર્ણ લાભ આપવા વાણિજ્ય મંત્રાલયની બાંયધરી: ફિઓ

નવી દિલ્હી: હાલમાં પશ્ચિમ એશિયાના દેશોમાં પ્રવર્તી રહેલી કટોકટીને કારણે નિકાસકારો પડકારોનો સામનો કરી રહ્યા છે આથી નિકાસકારોને ટેકો આપવા માટે વાણિજ્ય મંત્રાલયે નિકાસને ટેકો આપતી સ્કીમ આરઓડીટીઈપી (રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સીસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ) હેઠળનાં તમામ લાભો આગામી પહેલી એપ્રિલથી પુનઃ અમલ કરવાની બાંયધરી આપી હોવાનું ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)એ જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે સરકારે ગત ૨૩મી ફેબ્રુઆરીથી કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ચીજોને બાદ કરતાં તમામ ચીજો પર આરઓડીટીઈપી સ્કીમ હેઠળ ડ્યૂટી દરમાં મળતા લાભ અડધા અથવા તો ૫૦ ટકા કરી નાખ્યા હતા. જોકે, હવે નિકાસકારો માટે ખુશખબર એ છે કે આરઓડીટીઈપીના હાલના ૫૦ ટકાના દર માત્ર ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી અમલી રહેશે અને આગામી પહેલી એપ્રિલથી આરઓડીટીઈપી સ્કીમ હેઠળનાં સંપૂર્ણ લાભ મળતા થશે જેથી નિકાસકારોને આવશ્યક એવો ટેકો મળશે, એમ ફિઓના પ્રમુખ એસ સી રલ્હને જણાવતા ઉમેર્યું હતું કે આ બાંયધરી ફિઓ સાથે સાથે ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ સાથે થયેલી બેઠકમાં આપવામાં આવી છે.

અગાઉ નિકાસકારોએ સ્કીમ હેઠળના દરમાં કરવામાં આવેલા ઘટાડા અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને વાણિજ્ય મંત્રાલયને આ નિર્ણય અંગે ફેરવિચારણા કરવાનો પણ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ સ્કીમ વર્ષ ૨૦૨૧માં અમલી કરવામાં આવી હતી. તેમ જ આ સ્કીમ અંતર્ગત નિકાસકારો દ્વારા ચીજોનું ઉત્પાદન, પ્રક્રિયા અને વિતરણ કરતી વખતે ભરવામાં આવેલ ડ્યૂટી, વેરા અને લેવીઓ જેનું કેન્દ્ર, રાજ્ય અથવા સ્થાનિક સ્તરે રિફંડ ન મળતું હોય તેનું ૦.૩થી ૩.૯ ટકા સુધીનું રિફંડ આપવામાં આવતું હતું.

જોકે, વર્ષ ૨૦૨૫-૨૬નાં અંદાજપત્રમાં આ સ્કીમ હેઠળ થતી ફાળવણી જે રૂ. ૧૮,૨૩૨ કરોડની હતી તે વધારીને રૂ. ૨૧,૭૦૭ કરોડ કરવાનો પ્રસ્તાવ હતો, પરંતુ અંદાજપત્રીય ફાળવણી રૂ. ૧૦,૦૦૦ કરોડની થઈ હતી. સૂત્રોના જણાવ્યાનુસાર વાણિજ્ય મંત્રાલયે એક્સપેન્ડિચર ફાઈનાન્સ કમિટી (ઈએફસી)ને ફાળવણી વધારવા માટે નોટ્સ મોકલવામાં આવી છે.

અગાઉ નિકાસકારો અમેરિકી ટૅરિફના પડકારોનો સામનો કરી રહ્યા હતા, જ્યારે હવે ગયા મહિનાના અંતે અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કર્યા હોવાથી પશ્ચિમ એશિયાના દેશોની કટોકટીનો સામનો કરી રહ્યા છે. આ વિવાદને કારણે દરિયાઈ તથા હવાઈ નૂર ભાડામાં વધારો થયો છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તો વૈશ્વિક બજારમાં ભારતીય નિકાસકારોને ભાવસ્પર્ધાત્મકતાનો વધુ સામનો કરવો પડશે. નોંધનીય બાબત એ છે કે ભાવ સંવેદનશીલ ક્ષેત્રોમાં થતી નિકાસમાં એકથી બે ટકાનો ભાવવધારો પણ નિકાસ પર માઠી અસર પાડતો હોય છે. ■

# દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૮ અબજ ડૉલર ઊછળીને નવી ટોચે

મુંબઈ: ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૮૫ અબજ ડૉલર ઉછળીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની નવી ટોચે પહોંચી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૧૧૯ અબજ ડૉલર ઘટીને ૭૨૩.૬૦૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. તેમ જ આ પૂર્વે ગત ૧૩મી ફેબ્રુઆરીના રોજ અનામત ૭૨૫.૭૨૭ અબજ ડૉલરની ઊંચી સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૫૬.૧ કરોડ ડૉલર વધીને ૫૭૩.૧૨૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયા સામે થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૪.૧૪૧ અબજ ડૉલર વધીને ૧૩૧.૬૩૦ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૬ કરોડ ડૉલર વધીને ૧૮.૮૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧૫.૮ કરોડ ડૉલર વધીને ૪.૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# દૈકિન ઈન્ડિયા નવી ઉચ્ચ-કાર્યક્ષમતા રૂમ AC રેન્જ અને AI - પાવર્ડ VRV આલ્ફા સિરીઝ સાથે ઠંડકના ભવિષ્યને વ્યાખ્યાચિત કરે છે



જાપાનની દૈકિન ઈન્ડસ્ટ્રીઝ લિ.ની ૧૦૦% સબ્સિડિઅરિ, દૈકિન એરકન્ડિશનિંગ ઈન્ડિયા પ્રા. લિ. આજે તેની ખૂબ જ અપેક્ષિત ૨૦૨૬ પ્રોડક્ટ લાઈનઅપના લૉન્ચની જાહેરાત કરી, જે ઊર્જા કાર્યક્ષમતા અને સ્માર્ટ કલાયમેટ કંટ્રોલમાં નોંધપાત્ર છલાંગ દર્શાવે છે. નવી શ્રેણીમાં રૂમ એરકન્ડિશનર્સ (RA)ની સંપૂર્ણપણે સુધારેલી શ્રેણીનો સમાવેશ થાય છે જે નવીનતમ BEE ૨૦૨૬, સ્ટાર રેટિંગ ધોરણો સાથે સુસંગત છે અને અગ્રણી VRV અલ્ફા સિરીઝ, જે દૈકિન પૅટેન્ટેડ VRV ટૅક્નોલૉજીમાં અદ્યતન AI અને IOT ક્ષમતાઓને એકીકૃત કરે છે.

દૈકિન ઈન્ડિયાની ૨૦૨૬ રૂમ AC રેન્જને બ્યૂરો ઑફ એનર્જી એફિશિયન્સી (BEE)ના કડક નવા ISEER થ્રેશોલ્ડને પાર કરવા માટે ચોકસાઈ-એન્જિનિયર્ડ કરવામાં આવી છે, જે બ્રાન્ડના ‘‘જવાબદાર કૂલિંગ’’ ફિલોસોફી સાકાર બનાવે છે. તેના મૂળમાં દૈકિનની સિગ્નેચર નવીનતાઓ- અપવાદરૂપ હવા શુદ્ધિકરણ અને કાર્યક્ષમતા માટે પેટેન્ટેડ સ્ટ્રીમર ડિસ્ચાર્જ અને સ્વિંગ કોમ્પ્રેસર, સ્માર્ટ IOT કનેક્ટિવિટી, DNNS એન્ટી-કોરોઝન કોટિંગ અને હાઈ-એમ્બિયન્ટ પર્ફોર્મન્સ ટેક્નોલૉજી જે ૫૪°C સુધીના ભારતીય ઉનાળામાં પણ વિશ્વસનીય કૂલિંગ પ્રદાન કરે છે. ૫-સ્ટાર ઈન્વર્ટર મૉડેલ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને, લાઈનઅપ નવા સ્પિલ્ટ ACsની શ્રેણી રજૂ કરે છે જે અલ્ટ્રા-શાંત કામગીરી, ઝડપી કૂલિંગ અને શ્રેષ્ઠ ઊર્જા બચતનું મિશ્રણ કરે છે. ■

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે કામકાજો અત્યંત પાંખાં રહ્યાં હોવાથી વપરાશકારોની માગ તથા સ્ટોકિસ્ટોની લે-વેચને ધ્યાનમાં લેતા વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ અને રૂ. પાંચનો તેમ જ નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને નિકલમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની પ્રબળ લેવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. નવનો ઉછાળો આવ્યો હતો અને ઔદ્યોગિક માગને ટેકે ઝિન્કના ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૪૭૪૪ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૨૬૫ના મથાળે રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે છેલ્લા ચાર સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૬૯નો કડાકો બોલાઈ ગયો છે. વધુમાં આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૧૯૫, રૂ. ૧૧૯૦ અને રૂ. ૧૬૩૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. નવના ચમકારા સાથે રૂ. ૩૪૫ના મથાળે રહ્યા હતા અને ઝિન્ક સ્લેબમાં એલૉય ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે રૂ. ૩૨૭ના મથાળે રહ્યા હતા, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં છૂટીછવાઈ માગ રહેતાં ભાવમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું. ■

# અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવતા આર્થિક મંદીની ભીતિ હેઠળ સપ્તાહના અંતે વૈશ્વિક સોના-ચાંદીમાં ચમકારો

## સ્થાનિકમાં નબળી માગે સોનાના ભાવ વૈશ્વિક ભાવની તુલનામાં ૨૮ ટકા ડિસ્કાઉન્ટમાં ઓફર કરતાં ડીલરો

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

ગત ફેબ્રુઆરી મહિનામાં અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટાની થયેલી જાહેરાતમાં બજાર વર્તુળો રોજગારોની સંખ્યામાં ૫૯,૦૦૦નો વધારો થવાની ધારણા મૂકી રહ્યા હતા, પરંતુ તેની સામે ૯૨,૦૦૦નો ઘટાડો જોવા મળ્યો હતો. આમ રોજગારીમાં જોવા મળેલા ઘટાડાને ધ્યાનમાં લેતા અમેરિકન અર્થતંત્ર મંદ પડવાની ભીતિ સપાટી પર આવી હતી. આમ રોજગારીના નિરુત્સાહી અહેવાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સપ્તાહના અંતે સલામતી માટેની માગને ટેકે સોનાના હાજર ભાવમાં ૧.૮૩ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૨.૬ ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો. જોકે, તે પૂર્વે સપ્તાહ દરમિયાન અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર સંયુક્તપણે હુમલાઓ કર્યા હોવાથી યુદ્ધના માહોલામાં સ્ટ્રેઈટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ થવાથી અખાત તરફથી સ્ટીમરો અટવાઈ જતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઉછળીને બેરલદીઠ ૯૦ ડૉલર સુધી પહોંચ્યા હતા. તેમ જ યુદ્ધની સ્થિતિમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓના ભાવ બેતરફી વધઘટે અથડાતા રહ્યા હતા. એકંદરે જોઈએ તો ડૉલર ઈન્ડેક્સ મજબૂત થવાથી પડતરો વધી આવતા સોનાના ભાવ પર અમુક અંશે દબાણ આવ્યું હતું, પરંતુ ક્રૂડતેલના ભાવ વધી આવતા વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ભીતિને કારણે ફુગાવા સામેની હેજરૂપી છૂટીછવાઈ માગનો ટેકો પણ મળી રહ્યો હતો. એકંદરે સપ્તાહના અંતે સોનાના ભાવ વધી આવ્યા હોવા છતાં ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવમાં પાંચ સપ્તાહમાં પહેલી વખત ૨.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

મધ્યપૂર્વના દેશોમાં તણાવમાં વધારો થવાથી વૈશ્વિક બજારમાં ગત સપ્તાહે સોના-ચાંદીના ભાવમાં જોવા મળેલી બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના અંતે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૭મી માર્ચના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૯,૦૯૭ના બંધ સામે ઉછાળા સાથે રૂ. ૧,૬૬,૪૬૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૬૭,૪૭૧ અને નીચામાં રૂ. ૧,૫૮,૭૫૧ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે સાપ્તાહિક ધોરણે રૂ. ૩૪૬ના સાધારણ ઘટાડા સાથે સપ્તાહની નીચી રૂ. ૧,૫૮,૭૫૧ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત શુક્રવારના રૂ. ૨,૬૦,૬૬૭ સામે ઝડપી ઉછાળા સાથે રૂ. ૨,૮૬,૯૩૬ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૨,૮૯,૮૪૮ અને નીચામાં સપ્તાહના અંતે રૂ. ૨,૬૦,૭૨૩ના મથાળે બંધ રહ્યા હતા. આમ ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૫૬નો સાધારણ સુધારો નોંધાયો હતો.

એકંદરે ગત સપ્તાહે સોનાના ભાવમાં ભારે ચંચળતાને કારણે સ્થાનિકમાં સાર્વત્રિક સ્તરેથી નબળી માગ ઉપરાંત મધ્યપૂર્વના દેશોમાં યુદ્ધને કારણે હવાઈ માર્ગો પણ બંધ થવાથી પુરવઠામાં પણ ઘટાડો થયો હતો. વાસ્તવમાં જોઈએ તો સોનાના ભાવમાં રિટેલ સ્તરે જોવા મળેલી તેજી રિટેલ ગ્રાહકો પચાવી નથી શક્યા અર્થાત્ સોનાના ભાવ પોસાણક્ષમતાની બહાર હોવાનું કેરળ સ્થિત એક જ્વેલરે જણાવતા ઉમેર્યું હતું કે નબળી માગને કારણે હાલ સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૮ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ૧૦ મહિનાની ઊંચી ઔંસદીઠ ૬૫ ડૉલરની સપાટીએ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ભારતનો સોનાનો મુખ્ય પુરવઠાકાર દેશ યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ) છે અને મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ હોવાથી યુએઈની ઘણી ફ્લાઈટ કેન્સલ થઈ હતી અને એરસ્પેસ પણ બંધ થવાથી પુરવઠાસ્થિતિ તંગ થવાને કારણે પણ ડિસ્કાઉન્ટમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવતા ઉમેર્યું હતું કે હજુ લગ્નસરાની મોસમ ચાલુ હોવા છતાં બન્ને કિંમતી ધાતુઓની ઊંચી ભાવસપાટી અને ભાવમાં ભારે ચંચળતા રહી હોવાથી ઘણાં ગ્રાહકોએ ખરીદી મોકૂફ રાખી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભૂરાજકીય મોરચે ગત સપ્તાહના અંતે અમેરિકાએ મંત્રણાઓનો અસ્વીકાર કરીને ઈરાનને બિનશરતી શરણાગતિની ઓફર આપી હતી અને કહ્યું હતું કે તહેરાન વિના શરતે શરણે નહીં થાય ત્યાં સુધી તેની સાથે કોઈ સમજૂતી નહીં કરવામાં આવે. ઈઝરાયલે લેબનીઝ રાજધાનીના સમગ્ર દક્ષિણ ભાગનાં ઉપનગરોને અભૂતપૂર્વ રીતે ખાલી કરાવવાનો આદેશ આપ્યા પછી બૈરુત પર હુમલો કર્યો હતો, જે યુદ્ધના વિસ્તરણનો સંકેત આપે છે. વધુમાં મધ્યપૂર્વના તણાવને પગલે ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં સાપ્તાહિક ધોરણે એક વર્ષનો સૌથી મોટો ઉછાળો આવ્યો હોવાથી સોનાની પડતર વધી આવતાં ભાવમાં સુધારો મર્યાદિત માત્રામાં રહ્યો હતો. હવે તમારી પાસે અલ્ગોરિધેમિક વેચાણકર્તાઓ છે, જે ડૉલર મજબૂત થતાં વેચાણ કરતા હોવાથી ગત સપ્તાહે એકંદરે સોનામાં નબળી કામગીરી જોવા મળી હોવાનું એક ટ્રેડરે જણાવ્યું હતું.

હવે રોકાણકારોની નજર આગામી ૧૭-૧૮ માર્ચના રોજ મળનારી ફેડરલ ઓપન માર્કેટ કમિટીની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખવામાં આવે અને આ વર્ષમાં પહેલી વખત વ્યાજદરમાં કાપ જુલાઈ મહિનામાં મૂકવામાં આવે તેવી શક્યતા મુકાઈ રહી છે. તેમ છતાં બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે કોઈ સંકેતો આપે છે કે કેમ તેના પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત રહેશે.

એકંદરે હાલના તબક્કે વૈશ્વિક સ્તરે મધ્યપૂર્વના દેશોમાં યુદ્ધ અને ક્રૂડતેલના ભાવમાં ઉછાળાને કારણે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેશે તેમ છતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ સોનામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૪૯૮૦ ડૉલરની સપાટી ટેકાની અને ૫૪૨૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૭૮થી ૯૮ ડૉલરની રેન્જમાં રહી શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૫,૯૦૦થી ૧,૬૪,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૪૯,૦૦૦થી ૨,૮૫,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. ■

# વર્તમાન ૨૦૨૬-૨૭ની મોસમમાં 3.03 કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો સરકારી લક્ષ્યાંક

નવી દિલ્હી: વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭ની રવી માર્કેટિંગ મોસમમાં સરકારે ૩.૦૩ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક મૂક્યો હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવાયું છે.

નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડિપાર્ટમેન્ટ ઑફ ફૂડ ઍન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન (ડીએફપીડી)નાં સચિવના વડપણ હેઠળ વિવિધ રાજ્યોના અનાજ ખાતાના સચિવની બેઠકમાં પ્રાપ્તિનો આ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સામાન્યપણે ઘઉંની પ્રાપ્તિ એપ્રિલથી જૂન મહિના દરમિયાન થતી હોય છે, જ્યારે અન્ય પાકની પ્રાપ્તિ માર્ચ સુધી થતી હોય છે.

વર્ષ ૨૦૨૫-૨૬ની રવી ડાંગરની પ્રાપ્તિ ૭૬ લાખ ટનના સ્તરે અને બાજરી સહિતના જાડા અથવા તો કડ ધાન્યની ૭.૭૯ લાખ ટનની પ્રાપ્તિ રાજ્યો દ્વારા કરવામાં આવી છે. એકંદરે આ વર્ષે ઘઉંનો વાવેતર વિસ્તાર વધીને ૩.૩૪૧ કરોડ હેક્ટર રહ્યો હતો. તેમ જ હવામાન પણ અનુકૂળ રહેતાં ઉત્પાદન ગત સાલના ૧૧.૭૯૪ કરોડ ટનના વિક્રમ આંકને વટાવીને ૧૨ કરોડ ટન રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

વધુમાં ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા પાસે આગામી પહેલી એપ્રિલ, ૨૦૨૬ના રોજ સ્થાનિક આવશ્યકતા પૂરતો પર્યાપ્ત ૧.૮૨ કરોડ ટન ઘઉંનો સ્ટોક રહેવાનો અંદાજ છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ફેબ્રુઆરી મહિનામાં ભારતે ઘઉં અને ઘઉંની બનાવટો પર ચાર વર્ષથી મૂકેલો નિકાસ પ્રતિબંધ દૂર કર્યો હતો અને ૨૫ લાખ ટન ઘઉં અને પાંચ લાખ ટન ઘઉંની બનાવટોના શિપમેન્ટને મંજૂરી આપી હતી.

# મધ્ય પ્રદેશ સરકારની ઘઉંની પ્રાપ્તિમાં ક્વિન્ટલે ₹ ૪૦ના બોનસની જાહેરાત

ઈન્દોર: મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે ગત શુક્રવારે જાહેરાત કરી હતી કે રાજ્યના ખેડૂતોને ઘઉંના લઘુતમ ટેકાના ભાવ ઉપરાંત બોનસ પેટે ક્વિન્ટલે રૂ. ૪૦ની ચુકવણી કરવામાં આવશે.

નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલે રૂ. ૨૫૮૫ નિર્ધારિત કર્યા હોવાથી રાજ્યના ખેડૂતોને ટેકાના ભાવ ઉપરાંત બોનસ પેટે ક્વિન્ટલે રૂ. ૪૦ સાથે કુલ રૂ. ૨૬૨૫ની ચુકવણી કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૬ને ખેડૂત કલ્યાણ વર્ષ તરીકે ઉજવી રહી છે અને સરકાર સતત ખેડૂતના હિતાર્થમાં પગલાં લઈ રહી છે.

વધુમાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ઘઉંની સરકારી પ્રાપ્તિ માટે ખેડૂતોને રજિસ્ટ્રેશન કરાવવા માટેની અંતિમ તારીખ જે સાતમી માર્ચ હતી તે હવે ૧૦મી માર્ચ સુધી લંબાવવામાં આવી છે. ખેડૂતોને રાત્રે સિંચાઈ માટે તકલીફ થતી હોવાથી સરકાર ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી પૂરી પાડવાની કોશિશ કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

# અંતે બિહાર નીતીશ કુમારના ભરડામાંથી છૂટ્યું...

## હવે... ?





નીતીશ કુમારે રાજ્યસભાની ચૂંટણી માટે ફોર્મ ભરીને બિહારનું મુખ્યમંત્રીપદ છોડવાની જાહેરાત કરી તેના પગલે દેશના રાજકારણમાં અચાનક ગરમાવો આવી ગયો છે. બિહારની ગાદી પર છેલ્લાં ૨૦ વર્ષથી જામીને બેસી ગયેલા નીતીશ કુમાર આમ અચાનક મુખ્યમંત્રીપદ છોડી દેશે એવી કોઈને કલ્પના નહોતી તેથી નીતીશની જાહેરાતે સૌને ચોંકાવી તો દીધા જ છે, પણ આ જાહેરાત સાવ અનપેક્ષિત પણ નથી.

ભાજપે બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો પછી તરત જ નીતીશને ઘરભેગા કરવાની બાજી ગોઠવવા જ માંડેલી. ત્રણ મહિનાની મહેનત પછી એ બાજી ગોઠવાઈ જતાં નીતીશને અલ્ટિમેટમ અપાયું ને નીતીશ પાસે બીજો આરો નહોતો તેથી તેમણે માનભેર ખસી જવાનું સ્વીકારી લીધું. નીતીશ માનભેર ખસી રહ્યા છે એવું ચિત્ર ઊભું કરવા રાજ્યસભામાં જવાની ઈચ્છાનો બકવાસ દાવો કર્યો છે પણ વાસ્તવમાં ભાજપે જોરદાર સ્ટ્રેટેજી બનાવીને એમને સત્તા પરથી ઉખેડી નાખ્યા છે.

ભાજપે બહુ સિફતપૂર્વક નીતીશની ગેમ કરી નાખી છે. બિહારમાં છેલ્લી બે ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો, પણ પોતાની તાકાત પર સરકાર રચી શકે તેમ ના હોવાથી પરાણે નીતીશને મોટા ભા બનાવીને ગાદી પર બેસાડવા પડતા હતા. 'પલટુરામ' તરીકે વગોવાયેલા નીતીશને મુખ્યમંત્રી ના બનાવાય તો એ લાલુપ્રસાદના દીકરા તેજસ્વી યાદવ સાથે હાથ મિલાવીને સત્તા જાળવી રાખે એવો ખતરો હોવાથી ભાજપ કમને તેમને નિભાવતો હતો. તેના કારણે ભાજપના સ્થાનિક નેતાઓમાં અસંતોષ પણ હતો, પણ ભાજપ પાસે બીજો વિકલ્પ નહોતો તેથી ભાજપ પોતાની ઈચ્છા પ્રમાણેની બાજી રમી શકતો નહોતો.

ત્રણ મહિના પહેલાં યોજાયેલી બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોએ ભાજપને પોતાની રીતે રમવાની સગવડ કરી આપી. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી ભાજપે ૮૯ અને જેડીયુએ ૮૫ બેઠકો જીતીને સપાટો બોલાવી દીધો. ભાજપના સાથી ચિરાગ પાસવાનની એલજેપીએ ૧૯, જીતનરામ માંઝીની ૫ તથા ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠક જીતીને એનડીએની બેઠકોનો આંકડો ૨૦૦ને પાર કરાવી દીધો.

ભાજપે ચૂંટણી પહેલાં નીતીશ કુમારને મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરેલા તેથી એ વખતે તો કશું ના કહ્યું પણ પછી નીતીશ પર દબાણ શરૂ થયું. ચિરાગ પાસવાન પહેલેથી ભાજપની પંગતમાં છે તેથી તેની ચિંતા નહોતી. ભાજપે માંઝીને નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રીપદ આપી દીધેલું તેથી એ પણ ભાજપની પંગતમાં હતા. સવાલ કુશવાહાનો હતો. કુશવાહાને રાજ્યસભાના સભ્ય બનાવીને લટકાવી રખાયેલા ને હવે લાગ જોઈને તેમને મંત્રીપદની ઓફર કરી દેવાઈ તેમાં કુશવાહા પણ પીગળી ગયા.

આમ ભાજપના પોતાના ૮૯, ચિરાગના ૧૯, માંઝીના પાંચ અને કુશવાહાના ચાર મળીને અત્યારે ભાજપ પાસે ૧૧૭ ધારાસભ્યો છે. સ્પષ્ટ બહુમતી માટે ભાજપને બીજા પાંચ ધારાસભ્યનો ટેકો જોઈએ. ભાજપે જેડીયુના ૧૦ ધારાસભ્યોને રાજીનામાં માટે તૈયાર કરી દીધા છે તેથી નીતીશ ના માને તો પણ પોતાની તાકાત પર સરકાર રચી શકે. ભૂતકાળમાં ભાજપે કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં આ જ ખેલ કરીને કૉંગ્રેસની સરકારો ગબડાવેલી. નીતીશ સામે પણ એ જ કાર્ડ રમવાની ધમકી અપાઈ પછી નીતીશ પાસે ખસવા સિવાય વિકલ્પ નહોતો.

નીતીશની બિહારમાંથી વિદાય સાથે જ બિહાર પર છેલ્લા સાડા ત્રણ દાયકાનો એકહથ્થુ શાસનનો ભરડો પણ છૂટશે. ભાજપે લાલુ યાદવનો ખેલ પહેલાં જ ખતમ કરી નાખ્યો છે ને હવે નીતિશનો ખેલ પણ ખતમ થશે. નીતિશને મોદી સરકારમાં મંત્રીપદ મળી શકે છે પણ તેમને કોઈ મહત્ત્વનું ખાતું મળવાની સંભાવના નથી. નીતિશ પાસે લોકસભામાં ૧૨ સભ્ય છે, પણ ભાજપ નીતીશ પર સંપૂર્ણ નિર્ભર નથી તેથી નીતીશને રાજી રાખવા જરૂરી નથી. બીજું એ કે, નીતીશ પોતે અત્યારે ૭૫ વર્ષના છે તેથી હવે પહેલાં જેવી એનર્જી ઊર્જા સાથે કામ કરી શકે તેમ નથી. આ સંજોગોમાં બહુ ભોગવ્યું ને હવે જે મળે એ સોનાનું એમ સમજીને એ પણ નિરાંતે બેસી જાય એમાં જ એમનું ભલું છે..

નીતીશના સ્થાને બિહારના મુખ્યમંત્રીપદે કોણ આવશે એ ખબર નથી, પણ નીતીશના દીકરા નિશાંતને જ બેસાડાશે તો બિહારમાં વંશવાદી શાસનનો સિલસિલો આગળ વધશે, પણ નિશાંતને મુખ્યમંત્રીપદ મળે એવી શક્યતા ઓછી છે કેમ કે મુખ્યમંત્રીપદ ભાજપ પાસે જ જશે. એ સિવાય આ બધો ખેલ શું કરવા કરે? અલબત્ત, નિશાંતને નાયબ મુખ્યમંત્રીપદ મળી શકે પણ ભાજપે એ પણ કરવા જેવું નથી કેમ કે તેના કારણે ભવિષ્યમાં બિહારમાં ફરી વંશવાદી શાસનની શક્યતા ઊભી થઈ જશે.

બિહારમાં ૧૯૯૦થી લાલુપ્રસાદ યાદવ અને નીતીશ કુમારનું શાસન રહ્યું છે. ૧૯૯૦થી ૧૯૯૭ લગી લાલુ પ્રસાદ મુખ્યમંત્રી હતા ને પછી ઘાસચારા કૌભાંડમાં સંડોવણી બહાર આવતાં પોતાની પત્ની રાબડીદેવીને ગાદી પર બેસાડી દીધી હતી. રાબડી તો નામનાં મુખ્યમંત્રી હતાં. બાકી ખરો કારભાર તો લાલુ જ ચલાવતા હતા. લાલુ અને તેમના પરિવારના ભ્રષ્ટાચારનો પાપનો ઘડો છલકાયો એટલે બિહારની જનતાએ નીતીશ કુમાર પર કળશ ઢોળ્યો. નીતીશ કુમાર ૨૦૦૫માં મુખ્યમંત્રી બન્યા પછી ૨૦૧૪માં રાજીનામાનું નાટક કરીને ખસી ગયેલા અને જીતનરામ માંઝીને ગાદી પર બેસાડેલા.

માંઝી ૨૦ મે, ૨૦૧૪થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ એટલે કે ૯ મહિના માટે ગાદી પર રહ્યા પણ પછી પાછા નીતીશ મુખ્યમંત્રીપદે આવી ગયેલા ને ત્યારથી એ જ ગાદી પર છે. મતલબ કે, નીતીશે છેલ્લા બે દાયકામાં ૧૯ વર્ષથી વધારે સમય મુખ્યમંત્રીપદ ભોગવ્યું છે. માંઝીના ૯ મહિનાને બાદ કરો તો છેલ્લાં ૩૫ વર્ષમાં ૩૪ વર્ષથી વધારે સમય આ બે પરિવાર જ સત્તામાં રહ્યો છે. નીતીશની વિદાય સાથે એ સમય પૂરો થશે, પણ નિશાંતની એન્ટ્રીથી ભવિષ્યમાં તેજસ્વી અને નિશાંત હાથ મિલાવીને ફરી વંશવાદી શાસન લાવે એવો ચાન્સ ખરો.

> **વર્ષો સુધી બિહાર લાલુપ્રસાદ યાદવના સકંજામાં રહ્યું. કાળક્રમે એનાથી છુટકારો મળ્યો પછી સત્તાસ્થાને નીતીશ કુમારે ૧૦ વાર મુખ્યમંત્રી બનીને ૨૦ વર્ષ સુધી એવો અડિંગો જમાવ્યો કે કોઈ પણ પક્ષ એમને સત્તાભ્રષ્ટ ન કરી શક્યા અને અચાનક નીતીશે બિહારનું રાજકારણ છોડીને કેન્દ્ર તરફ એમનું સુકાન ફેરવવું પડ્યું એની પાછળ ભાજપની કુશાગ્ર રાજનીતિ કામ કરી ગઈ છે... આમ છતાં હજુ કેટલાક પ્રશ્ન નિરુત્તર જ રહ્યા છે.**

નીતીશ અને ભાજપ ભલે તેમના શાસનમાં બિહારનો વિકાસ થયો હોવાના દાવા કરે પણ આ વાતોમાં દમ નથી. લાલુએ બિહારને અતિ પછાત કરી નાખેલું. બિહારના રાજકારણને હળાહળ જ્ઞાતિવાદી બનાવેલું ને અપરાધીઓને રાજકારણમાં લઈ આવેલા. નીતિશ કુમારે લાલુની એ પરંપરાને જાળવીને જ્ઞાતિવાદને વધારે વકરાવ્યો છે. નીતીશે તો મતબેંકના રાજકારણને ખાતર દલિતોમાં પણ મહાદલિતનો નવો ફાંટો ઊભો કરીને ભાગલા કરી દીધા. રાજકારણના અપરાધીકરણમાં પણ નીતીશ એમના પુરોગામી લાલુને સારા ના કહેવડાવે તો કંઈ નહીં પણ ખરાબ ના કહેવડાવે એવા તો સાબિત થયા જ છે.

હવે જો નીતીશના સ્થાને તેમનો દીકરો ગાદી પર બેસે તો આ જ રાજકારણ આગળ વધશે ને બિહાર જ્ઞાતિવાદ ને અપરાધીકરણની ચુંગાલમાંથી બહાર નહીં આવી શકે. આ કારણે બિહારને સુધારવું હોય તો નીતીશના વંશને કોરાણે મૂકવો પડશે. અત્યારે જે સ્થિતિ છે તેમાં તો મોટા ભાગે ભાજપનો જ કોઈ નેતા ગાદી પર બેસશે. ભાજપ પણ બહુ વખાણવા જેવો તો છે નહીં કેમ કે ભાજપ પણ ઓબીસીઓને પટાવવા હિંદુઓમાં ભાગલાનું ગંદું રાજકારણ રમી જ રહ્યો છે પણ કમ સે કમ બિહારને એકહથ્થુ કુશાસનમાંથી મુક્તિ તો મળશે... ભાજપ નીતીશના પડછાયામાંથી બહાર નીકળીને પોતાનું વર્ચસ્વ જમાવવા માટે કંઈક તો સારું કરશે જ એ જોતાં અત્યારની પરિસ્થિતિમાં બિહારની ગાદી ભાજપના કોઈ નેતાને મળે એ જ શ્રેષ્ઠ વિકલ્પ દેખાઈ રહ્યો છે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@
bombaysamachar.com

# ગૂગલ સાચવશે ટ્રાવેલ્સ મેમરિઝ

## ટ્રાવેલ કરતી વખતે લો, હવે ફોટો-વીડિયો સાચવવાની ઝંઝટ ખતમ !




બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ હરવા-ફરવા કે રખડવાનું પ્લાનિંગ પાઈપલાઈનમાં હશે. પરીક્ષા બાદ મોજ-મજા અને ફરવાની યાદી તૈયાર કરવાનો ઉત્સાહ પણ અનોખો હોય છે. અગાઉ મોબાઈલ ફોન કે દુનિયા ડિજિટલ ન હતી એ સમયે નકશા પરથી યાદી તૈયાર થતી. આ નકશા એટલે ગ્લોબલ એટલાસ- વર્લ્ડ એટલાસના નકશા. સમય બદલાયો એમ ટ્રાવેલ્સના ક્ષેત્રમાં તૈયારીથી લઈને ફાઈનલ ડેસ્ટિનેશન સુધી બધું જ બદલાયું. અગાઉ પણ ક્યારેક મસ્ત રોડ ટ્રીપ કે રેલ મુસાફરી કરી હશે તો એની યાદ પણ તાજા થઈ જશે. ગૂગલ મેપ્સને ભોમિયો બનાવીને રખડપટ્ટી કરતો એક આખો વર્ગ છે. ઘરેથી નીકળતી વખતે, ટ્રાવેલ કરતી વખતે, હોલ્ટ લેતી વખતે, નાસ્તા-પાણી કરતી વખતે, એડવેન્ચર કરતી વખતે આ તમામ સમયે એક એક ક્ષણને કેદ કરવામાં આજની યુવા પેઢી માને છે. મુશ્કેલી ત્યાં થાય જ્યારે આવા ફોટો-વીડિયો ફોનની જગ્યા પર કબજો કરી લે, સામ્રાજ્ય જમાવી દે અને ફોન બોલી ઊઠે કે ભાઈ, હવે મને શ્વાસ લેવા માટેની પણ જગ્યા આપો.

આવું દરેક લોકોને ક્યારેક તો થયું જ હશે. આવા સમયે ફરી એકવાર ફોન પર ગુસ્સો આવે અને નવો મસ્ત વધારે સ્પેસવાળો ફોન ખરીદવા માટેનો ખોટો થનગનાટ ઊપડે. એ નવા ફોનની પણ પાછી એક મર્યાદા હોય છે. ગૂગલની વિવિધ સર્વિસના સહારે ફોટો અને વીડિયોનો લોડ ઘટી શકે છે. ઈન્ટરનેટ ન આવતું હોય કે ફોન અંદર લઈ જઈ શકાય એમ ન હોય તો પણ એ ક્ષણ મેમરિઝ બની શકે છે. ટૂરની તૈયારી કરતી વખતે થોડો સમય કાઢીને કેટલીય ડિજિટલ તૈયારીઓ પણ કામ આસાન કરી શકે છે. આ માટે વ્યવસ્થિત ઈન્ટરનેટ હોય એ પ્રાથમિક શરત છે. એની સાથે આ ત્રણેક ડિજિટલ ટિપ્સથી ટૂર યાદગાર બનશે.

### નેટ ક્નેક્ટિવિટી અને શેડ્યૂલ

ઘરે કે ઓફિસ, જ્યાં પણ સારી નેટ ક્નેક્ટિવિટી આવતી હોય ત્યાં બેસીને મેપમાં રૂટ સેટ કરી દો. રોડ ટ્રીપ હોય તો ડેસ્ટિનેશન પર લોકેટ કરી એના ફોટો સાથે એ સ્ક્રીન શોટ લઈ લો. ટૂર શરૂ થાય ત્યારે ફોટો ક્લિક કરીને મેપ સાથે પોતાના જ વોટ્સએપમાં સેન્ડ કરી દો. પછી એને ચાલુ ટૂરમાં પણ પોસ્ટ મૂકી શકાશે. દરમિયાન કોઈ સારી હોટેલ, ધાબુ કે હોલ્ટ આવે તો ઈન્ટરનેટ નહીં હોય તો પણ મેપમાં એ લોકેશન સેવ કરી શકાશે. અહીં પણ મસ્ત સેલ્ફી લીધી હોય તો અપલોડ કરવાની ઉતાવળ કરવાના બદલે વોટ્સએપમાં પોતાને જ મેસેજ કરી દો. પછી ચાલુ ટૂરમાં ઈટ્સ ગોઈંગ ઓન સેવા કેપ્શન સાથે પોસ્ટ કરી શકાશે. હવે એકવાર સોશ્યલ મીડિયામાં પોસ્ટ કર્યા બાદ આ ફોટો વીડિયો ડિલિટ પણ કરી શકાય. અન્યથા ડ્રાઈવ સ્પેસમાં સ્ટોર કરી દો, ડેટ એન્ડ ટાઈમ ઓટોમેટિક લઈ લેશે. અગાઉનો મેપ્સનો સ્ક્રીનશોટ પણ નાંખી દો.આવું કરવાથી ડેટા સેવ થશે અને મેમરિઝ પણ સચવાશે

### જસ્ટ વન ક્લિક

સામાન્ય રીતે કોઈ ફોટો પાડવાનો થાય ત્યારે એક જ ફ્રેમ, લોકેશન કે ફેસના એકથી વધારે ફોટો ક્લિક કરવાની આદત દરેકને હોય છે. આવું કરવાના બદલે માત્ર એક કે બે ક્લિક જ કરો. આમ કરવાથી ફોટોમાં વિવિધતા પણ આવશે અને સરળતાથી ડુપ્લિકેટ ફાઈલ બનતી અટકાવી શકાશે. હવે આવી ફાઈલ્સ જ્યારે ડ્રાઈવ કે આલ્બમમાં અપલોડ કરશો ત્યારે બેસ્ટ કઈ એ મુંઝવણ ઓછી થશે.

મેમરિઝ ફૂલ થશે ત્યારે ડુપ્લિકેટ ફાઈલની એરર પણ નહીં આવે. ફોટો ક્લિક કરવામાં ભલે થોડીવાર લાગે પણ બેસ્ટ ક્લિક કરો. ઉતાવળ હોય ત્યારે જે તે મોમેન્ટનું શૂટિંગ કરી લો. રીલ્સ બનાવવા પણ કામ આવશે અને ડાયરેક્ટ સ્ટેટસ પણ મૂકી શકાશે. વીડિયો સેવ કરવા માટે હવે 'ટેલિગ્રામ' જેવી એપ્સ સૌથી સરળ અને વન ક્લિક સમાન છે.

### મેમરીઝ મેનેજમેન્ટ

ટૂરમાં જતા પહેલા ફોનમાંથી નક્કામી ફાઈલ્સ, ફોટો કે પીડીએફ દૂર કરી દો. મહત્ત્વની હોય તો ટેબ કે લેપટોપમાં સેવ કરી રાખો. ટૂર શરૂ થાય એ સમયે ફોનમાં ઓછામાં ઓછી ૮ જીબી સ્પેસ હોવી અનિવાર્ય છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*નવેમ્બર ૨૦૨૨માં ચેટજીપીટી શરૂ થયું એ સમયે એનું નામ ચેટબોટ હતું, જેમાં ઈનપુટ તરીકે માત્ર કોમ્પ્યુટર અલ્ગોરીધમ સર્ચ થયું હતું.*

સૉલ ઓફ ટૂર

**અનિશ્ચિત સંજોગોની પેલે પારનો પ્રવાસ-બદલાતી દુનિયામાં વિચારપૂર્વક પ્રવાસ કરનારાઓને વિશ્વ હજુ પણ આવકારી રહ્યું છે**



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા




છેલ્લા થોડાં વર્ષોમાં દુનિયાનો માહોલ થોડો ભારે લાગવા લાગ્યો છે. સમાચાર સતત યુદ્ધો, સંઘર્ષો, રાજકીય તણાવ અને આર્થિક ચિંતાઓ વચ્ચે દોડતા રહે છે. ઘણા લોકો માટે એવું લાગે છે કે દુનિયા થોડી સંકુચિત અને વધુ નાજુક બની ગઈ છે. આવા સમયમાં સ્વાભાવિક રીતે અનેક પ્રશ્નો ઊભા થાય છે.આવા જ પ્રશ્નોના જવાબ આપવા માટે અમારી સાથે છે ઔરોરા ટ્રાવેલ્સના મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા.

★ **પ્રશ્નઃ વિશ્વભરમાં ચાલી રહેલી પરિસ્થિતિને જોતા શું આ સમયમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરવો યોગ્ય છે?**

**ધવલભાઈઃ** છેલ્લા થોડાં વર્ષોમાં દુનિયાનો માહોલ સામાન્ય કરતાં વધુ ભારે લાગવા લાગ્યો છે. સમાચારની ગતિ એટલી ઝડપી થઈ ગઈ છે કે એક સંકટ પૂરુ થાય તે પહેલાં બીજું શરૂ થઈ જાય છે. ક્યાંક યુદ્ધ, ક્યાંક સંઘર્ષ, ક્યાંક રાજકીય તણાવ અને ક્યાંક આર્થિક અનિશ્ચિતતાઓ.પરંતુ પ્રવાસનો ઇતિહાસ બતાવે છે કે યાત્રા હંમેશા અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ચાલુ રહી છે. લોકો પ્રવાસે નીકળ્યા છે કારણ કે દુનિયા સંપૂર્ણ શાંત હતી એટલા માટે નહીં, પરંતુ કારણ કે માનવીનું મન નવી દૃષ્ટિ શોધવા માંગે છે. પ્રવાસ આપણને યાદ અપાવે છે કે સમાચારના શીર્ષકોની બહાર પણ એક વિશાળ અને જીવંત દુનિયા છેસંસ્કૃતિઓ, પરંપરાઓ, અલગ જીવનશૈલીઓ અને એવી અનેક વાર્તાઓ સાથે જે સરહદો પાર કરીને પણ લોકોને જોડે છે. ઘણા અર્થમાં પ્રવાસ આજના સમયમાં નકારાત્મક વાતાવરણ સામે એક નાનકડા ઉપચાર સમાન છે. તે આપણને રોજિંદા ચિંતાઓમાંથી થોડો વિરામ આપે છે અને યાદ અપાવે છે કે જીવનમાં હજુ પણ સુંદરતા અને શોધવા માટે ઘણું બધું છે.



★ **પ્રશ્નઃ હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે કયા પ્રદેશો વધુ અનુકૂળ ગણાય?**

**ધવલભાઈઃ** ૨૦૨૬માં પ્રવાસના નકશામાં એક રસપ્રદ પરિવર્તન જોવા મળી રહ્યું છે. ઘણા પ્રવાસીઓ હવે પૂર્વ એશિયાની તરફ આકર્ષાઈ રહ્યા છે.જાપાન, ચીન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો ભારતીય પ્રવાસીઓ માટે ખૂબ જ સ્વાગતસભર અને સ્થિર ડેસ્ટિનેશન તરીકે ઉભરી રહ્યા છે. આ દેશોએ લાંબા સમયથી સમજ્યું છે કે ટુરીઝમ માત્ર એક ઉદ્યોગ નથી, પરંતુ સંસ્કૃતિઓ વચ્ચેનો એક મહત્વપૂર્ણ સેતુ છે.અહીં પ્રાચીન સંસ્કૃતિ અને આધુનિક વિકાસ બંને સહજ રીતે જોવા મળે છે. ક્યાંક સદીઓ જૂના મંદિરો છે તો ક્યાંક આધુનિક શહેરોની ગતિ. કુદરતી સૌંદર્ય, સંસ્કૃતિ અને સુવિધાઓનું અનોખું સંયોજન પ્રવાસીઓને એક વિશેષ અનુભવ આપે છે.

★ **પ્રશ્નઃ અનિશ્ચિત સમયમાં પ્રવાસીઓ પોતાના નિર્ણયમાં વિશ્વાસ કેવી રીતે મેળવી શકે?**

**ધવલભાઈઃ** આજના સમયમાં વિશ્વાસનું મૂળ છે વિચારપૂર્વકની તૈયારી અને વિશ્વસનીય સાથ. આધુનિક પ્રવાસ હવે માત્ર ફ્લાઇટ અને હોટેલ બુક કરાવવાનો મુદ્દો નથી રહ્યો. જરૂરી છે એવા લોકો સાથે યાત્રા કરવી જે વૈશ્વિક પરિસ્થિતિઓ પર નજર રાખે અને દરેક મુસાફરને યોગ્ય માર્ગદર્શન આપે.પ્રવાસ દરમિયાન ઘણી નાની મોટી બાબતો અનુભવને અસર કરે છે મુસાફરીની વ્યવસ્થા, રહેઠાણ, સમયપત્રક, સ્થાનિક માર્ગદર્શન અને શક્ય પરિસ્થિતિઓ માટેની તૈયારી.ઔરોરા ટ્રાવેલ્સમાં અમે ઘણીવાર કહીએ છીએ કે અમે માત્ર યાત્રાનું આયોજન નથી કરતા અમે પ્રવાસીઓ માટે માનસિક શાંતિનું આયોજન કરીએ છીએ.

★ **પ્રશ્નઃ વિદેશમાં પ્રવાસ દરમિયાન સુરક્ષાની લાગણી આપવા માટે શું વ્યવસ્થાઓ મહત્વપૂર્ણ બને છે?**

**ધવલભાઈઃ** પ્રવાસીઓ માટે સૌથી મોટી શાંતિની વાત એ હોય છે કે તેઓ અજાણી જમીન પર એકલા નથી.અમારી યાત્રાઓમાં ભારતીય ટૂર મેનેજર સમગ્ર પ્રવાસ દરમિયાન સાથે રહે છે. એરપોર્ટ પ્રક્રિયાથી લઈને રોજિંદા કાર્યક્રમ સુધી તેઓ માર્ગદર્શન આપે છે. ભાષા અને સંસ્કૃતિની સમજ સાથેનો આ સાથ પ્રવાસીઓને આત્મવિશ્વાસ આપે છે.આ સિવાય અમારી યાત્રાઓમાં રસોઇયા પણ સાથે હોય છે, જે પ્રવાસ દરમિયાન તાજું ભારતીય ભોજન તૈયાર કરે છે. ઘણા પ્રવાસીઓ માટે ખાસ કરીને પરિવાર અને વયસ્કો માટે આ એક મોટી સુવિધા બની રહે છે. નવી જગ્યાઓ શોધવાનો ઉત્સાહ અને ઓળખીતા સ્વાદનો આરામ બંને મળીને પ્રવાસને વધુ આનંદદાયક બનાવે છે.

★ **પ્રશ્નઃ આજના પ્રવાસના માહોલમાં ફ્લેક્સિબિલિટી કેટલી મહત્વપૂર્ણ બની ગઈ છે?**

**ધવલભાઈઃ** ફ્લેક્સિબિલિટી હવે આધુનિક પ્રવાસનો એક મહત્વપૂર્ણ આધાર બની ગઈ છે. દુનિયા ઝડપથી બદલાઈ શકે છે અને ટુરીઝમ ઈન્ડસ્ટ્રીએ સમય સાથે અનુકૂલન કરવાની કળા શીખી લીધી છે.ક્યારેક યોજનાઓમાં ફેરફાર કરવાની જરૂર પડે છે. છેલ્લી ઘડીના ડાયવર્ઝનને સરળ બનાવવા અને અમારા ગ્રાહકોના અનુભવને સુરક્ષિત રાખવામાં અમને અમારા ક્લાયંટ્સ અને પાર્ટનર્સ તરફથી મળતો સહયોગ ખરેખર ભાગીદારીમાં એક માસ્ટરક્લાસ જેવો રહ્યો છે.યોગ્ય આયોજન અને સહયોગ દ્વારા અમે હંમેશા એક જ બાબત સુનિશ્ચિત કરીએ છીએપ્રવાસનું સ્વપન અખંડિત રહે.

★ **પ્રશ્નઃ બદલાતી પરિસ્થિતિ હોવા છતાં શું લોકો હજુ પણ આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે ઉત્સુક છે?**

**ધવલભાઈઃ** હા, કદાચ પહેલા કરતાં પણ વધુ. છેલ્લા થોડાં વર્ષોમાં ઘણા લોકોને એક મહત્વપૂર્ણ સત્ય સમજાયું છેપરિવાર સાથે પસાર કરેલો સમય અમૂલ્ય છે.આજનો પ્રવાસ માત્ર સ્થળોની યાદી પૂર્ણ કરવાનો મુદ્દો નથી. તે જીવનના ખાસ ક્ષણોને ઉજવવાનો માર્ગ છે. નવી જગ્યાઓ, નવી સંસ્કૃતિઓ અને નવી યાદો માણસના દૃષ્ટિકોણને વિસ્તૃત કરે છે.

★ **પ્રશ્નઃ અંતમાં, આજના સમયમાં પ્રવાસની ફિલસૂફી શું છે?**

**ધવલભાઈઃ** પ્રવાસ આજના સમયમાં દૃષ્ટિકોણનો એક માર્ગ બની ગયો છે. સમાચાર ઘણીવાર દુનિયાને વિભાજિત બતાવે છે, પરંતુ જમીન પર લોકો હજુ પણ અજાણ્યા મહેમાનોને આવકારવા તૈયાર હોય છે.કદાચ એ જ કારણ છે કે દુનિયા કેટલી પણ બદલાયમાનવ મન હંમેશા ક્ષિતિજની પેલે પાર શું છે તે જોવા માટે ઉત્સુક રહે છે.અને કદાચ એ જ ઉત્સુકતા આપણને ફરી ફરી મુસાફરી તરફ લઈ જાય છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# હિન્દુસ્તાનથી ખોમેની- ખામનેઈ સુધી....

## સૈયદ અહેમદ મુસવી ‘હિન્દી’ની એક વણકહી કહાની

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામનેઈની અમેરિકન-ઇઝરાયલના આક્રમણમાં શહાદત સાથે મધ્યપૂર્વના ક્ષેત્રમાં ફરી એકવાર અસ્થિરતા પેદા થઇ છે. ૮૬ વર્ષીય ખામનેઈ એક ધર્મગુરુ હતા. ૧૯૮૯થી ઈરાનના ‘સુપ્રીમ લીડર’ પદ પર હતા. તેમણે ઈરાનમાં ઇસ્લામી ગણરાજ્યના સ્થાપક આયાતોલ્લાહ રુહોલ્લાહ ખોમેનીના અવસાન પછી આ પદ સંભાળ્યું હતું. ખોમેનીએ ૧૯૭૯માં ઇસ્લામી ક્રાંતિનું નેતૃત્વ કર્યું હતું, જેમાં અમેરિકાની ‘કઠપૂતળી’ મનાતા મોહમ્મદ રેજા પહલાવીને સત્તામાંથી બહાર કરી દીધા હતા.

ઈરાનના ઈતિહાસમાં બે જ સુપ્રીમ લીડર થયા છે : આયાતોલ્લાહ ખોમેની અને આયાતોલ્લાહ ખામનેઈ...દોઢસો વર્ષ પહેલાં ઈરાની લોકો અટક રાખતા નહોતા. એટલે એકબીજાથી અલગ ઓળખ માટે તેઓ જ્યાં જન્મ્યા હોય એ સ્થળ તેનું નામ તેમના નામ પાછળ લગાવતા હતા. એટલે આયાતોલ્લાહ રુહોલ્લાહએ મધ્ય ઈરાનના તેમના જન્મના ગામ ‘ખોમેની’ને તેમના નામ પાછળ જોડ્યું હતું, જ્યારે આયાતોલ્લાહ અલીએ અઝરબૈજાનના ઉત્તરપશ્ચિમી પ્રાંતના તેમના વતન ‘ખામનેઈ’ની અટક સ્વીકારી હતી.

જોકે એક સરખા નામવાળા આ નેતાઓની કહાનીમાં ભારતનો એક સંબંધ રોચક છે. અને તેમાં એક ત્રીજા નેતાની પણ ભૂમિકા છે એ છે સૈયદ અહેમદ મુસવી હિન્દી.

આ કહાની આપણને લગભગ બસો વર્ષ પાછળ લઇ જાય છે, ઓગણીસમી સદીના શરૂઆતી ભારતમાં. તે સમયે ઉત્તર ભારતમાં અવધનો ઇલાકો શિયા મુસ્લિમ વિદ્વાનોનું એક મોટું કેન્દ્ર હતો. લખનઊ અને તેની આસપાસના ઇલાકાઓ શિયા સંસ્કૃતિ અને ફારસી પરંપરાથી સમૃદ્ધ હતા એટલે ઈરાન અને ભારત વચ્ચે વિદ્વાનોની અવરજવર સામાન્ય હતી. બંને ક્ષેત્રોની ભાષાઓ- સંસ્કૃત અને અવેસ્તા- એક જ ઈન્ડો-ઈરાની ભાષા પરિવારમાંથી નીકળી હોવાનું મનાય છે. ઋગ્વેદ અને અવેસ્તા અનેક સાંસ્કૃતિક તેમ જ ભાષાઈ સમાનતાઓ તરફ સંકેત કરે છે.

આજે જે બારાબંકી જિલ્લો કહેવાય છે, તેના એક નાનકડા કસ્બા કિન્તુરમાં એક પ્રતિષ્ઠિત શિયા પરિવાર રહેતો હતો. આ પરિવારના પૂર્વજ ૧૮મી સદીમાં ઈરાનના નિશાપુરમાંથી સ્થળાંતર કરીને અહીં આવ્યા હતા. ત્યાં તેઓ નિશાપુરી સૈયદ કહેવાતા હતા. આ કિન્તુરમાં ઝયાન અલ-અબિદીન અલ-મુસવીનો જન્મ થયો હતો, જે પછીથી કિન્તુરના સૈયદ તરીકે ઓળખાયા. તેમની ત્રીજી પેઢીમાં સૈયદ અહેમદનો જન્મ થયો.

યુવાન સૈયદ અહેમદ પણ અહીં આ ધાર્મિક અને બૌદ્ધિક વાતાવરણમાં મોટો થયો હતો, પરંતુ ૧૯મી સદીના શરૂઆતી દાયકાઓમાં ભારતની રાજનૈતિક પરિસ્થિતિઓ તેજીથી બદલાઈ રહી હતી. અહીં બ્રિટિશ હકૂમત મજબૂત થઇ રહી હતી અને જૂની



રિયાસતો કમજોર પડી રહી હતી. એ દૌરમાં, ગુલામીના શાસનમાંથી છટકવા માટે, મુસવી પરિવારના ફરઝંદે એક લાંબી ધાર્મિક યાત્રા કરવાનો નિર્ણય કર્યો.

લગભગ ૧૮૩૦ની આસપાસ તેણે ભારત છોડ્યું. સૌથી પહેલાં આ યુવાન ઈરાકના પવિત્ર શહેર નજફ પહોંચ્યો, જે શિયા ઇસ્લામનાં સૌથી મોટાં કેન્દ્રોમાંથી એક હતું. ત્યાં ઈમામ અલીના મકબરાની જિયારત કરીને તે આગળ વધ્યો અને અંતતઃ ઈરાનના એક નાનકડા ગામ ખોમેનીમાં જઈ વસ્યો. ૧૮૩૪ની આસપાસ અહીં તેણે એક ઘર ખરીદ્યું અને પછી ખેતીની જમીન ખરીદી. આ સંપત્તિ આજે પણ તે પરિવાર પાસે છે.

અહીંથી ઈતિહાસનો એક નવો અધ્યાય શરૂ થાય છે. ઈરાનમાં સ્થિર થયા પછી તેણે તેના મૂળ વતન હિન્દુસ્તાનની ઓળખ જાળવી રાખવા માટે તેના નામની સાથે ‘હિન્દી’ શબ્દ જોડ્યો (અથવા બીજા લોકોએ તેને એ નામથી બોલાવાનું શરૂ કર્યું). આ કોઈ ભાષાનો સંકેત નહોતો, ભૌગોલિક ઓળખનું પ્રતીક હતું. તે સમયે ફારસી પરંપરામાં એ વાત સામાન્ય હતી કે લોકો નામની સાથે મૂળ સ્થળનું નામ જોડે એટલે ‘હિન્દી’નો અર્થ ‘હિન્દુસ્તાન આવેલો માણસ.’

વાસ્તવમાં, એવું કહેવાય છે કે સૈયદ અહમદ મુસવીને તેના ભારતીય અતીત માટે ગર્વ હતો. એટલા માટે તેણે તેના નામમાં ‘હિન્દી’ને હંમેશાં બનાવી રાખ્યું, જેથી એ યાદ રહે કે તેનાં મૂળિયાં હિન્દુસ્તાનની ભૂમિમાં હતાં.

ઈરાનના ગામ ખોમેનીમાં સ્થાયી થયા પછી તેનો પરિવાર ધીરે-ધીરે ત્યાંના ધાર્મિક સમાજનો હિસ્સો બની ગયો. ૧૮૪૧માં, તેણે એ જ ગામની ત્રણ સ્ત્રી : શિરીન ખાનુમ, બિબી ખાનુમ અને સકીનાને બીબી બનાવી. તેનાથી તેને પાંચ બાળક થયાં. સકીનાએ દીકરાને જન્મ આપ્યો હતો; સૈયદ મુસ્તફા મુસવી નામનો આ દીકરો મોટો થઈને એક સન્માનીય ધાર્મિક વિદ્વાન બન્યો. ત્યારે કોને ખબર હતી કે આ મુસ્તફાને જે દીકરો થશે, તે આગળ જઈને ઈરાનમાં રાજાશાહીનો અંત લાવશે, ઇસ્લામિક ક્રાંતિ કરશે, અને ઈરાનનો પહેલો સુપ્રીમ લીડર બનશે- આયાતોલ્લાહ રુહોલ્લાહ ખોમેની.

કહેવાય છે કે આયાતોલ્લાહ ખોમેની ગઝલો પણ લખતા હતા અને તેમની અમુક ગઝલોમાં તેઓ ‘હિન્દી’ તખલ્લુસ વાપરતા હતા. તેમનો એક ભાઈ નુરૂદ્દીન હિન્દી નામથી જાણીતો હતો. એટલે એ કેટલી રોચક વાત છે કે ૧૯૭૯થી ૧૯૮૯ સુધી ઈરાનમાં રાજ કરનારા ખોમેનીના પૂર્વજોનાં મૂળિયાં ભારતની જમીનમાં હતાં. આજે બારાબંકીના એ કિન્તુર કસ્બામાં કેવળ પાંચ જ શિયા પરિવારો રહ્યા છે. તેમાંથી એક, કાઝમી પરિવારને ગૌરવ છે કે તેમના પૂર્વજોનું લોહી ઈરાનના સર્વોચ્ચ ધર્મગુરુ ખોમેનીની રગોમાં દોડતું હતું.

તમને સવાલ થાય કે આ કહાનીમાં અલી ખામનેઈની (જેમણે હમણાં શહાદત વહોરી) ક્યાંથી આવે છે?

આ ખામનેઈનો સીધો સંબંધ મુસવી હિન્દી વંશ સાથે નથી, પરંતુ તેઓ એ જ ક્રાંતિકારી પરંપરા સાથે જોડાયેલા હતા જેને ખોમેનીએ સ્થાપિત કરી હતી. ખોમેનીનું જ્યારે અવસાન થયું, ત્યારે ખામનેઈ તેમના ધાર્મિક અને રાજકીય ઉત્તરાધિકારી બન્યા હતા.

ઈતિહાસ ક્યારેક આવી રીતે કામ કરતો હોય છે. ભારતના એક નાનકડા ગામમાંથી નીકળેલો એક માણસ, ધાર્મિક યાત્રા પૂરી કરીને એક એવા અંદોલનનો હિસ્સો બની જાય છે જે પૂરા દેશની રાજનીતિને બદલી નાખે છે. અમેરિકા-ઇઝરાયલના આક્રમણમાં આ હિસ્સો કાયમ માટે કપાઈ ગયો છે.

આ રીતે, ‘હિન્દી’ શબ્દ કેવળ એક ઉપનામ નથી, પણ એક લાંબી યાત્રાની નિશાની છે, જે કિન્તુરથી ખોમેન અને ભારતથી ઈરાન સુધી ફેલાયેલી છે અને કદાચ આ કારણથી જ સૈયદ અહમદ મુસવી હિન્દીનું નામ આજે પણ બે દેશોના સહિયારા ઈતિહાસની સ્મૃતિમાં દર્જ છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# શૅરબજારના સોદાઓથી લઈ તમામ ખેલાડી પર - AIની અસર કેવી થઈ શકે?

## AIના નામે શૅરબજારમાં તાજેતરમાં ગાબડાં પડ્યા, વિવિધ સવાલ ઊભા થયા, અનિશ્ચિતા વ્યક્ત થઈ, પરંતુ માર્કેટ માટે AI અનેકવિધ રીતે ઉપયોગી પણ થશે... કઈ રીતે એ જાણવું-સમજવું જરૂરી છે...

**શૅરબજારમાં** ઓટોમેશન-કોમ્પ્યુટરાઈઝડ ટ્રેડિંગ દાખલ થયાને ત્રણ દાયકાથી વધુ સમય થઈ ગયો, જેને લીધે શૅરબજારના એક સદીના ઈતિહાસમાં પરિવર્તન આવી ગયું. હવે શૅરબજારમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ની ભૂમિકા જોરદાર અને દમદાર બનવા જઈ રહી છે, જે શૅરબજાર સાથે સંકળાયેલા તમામ વર્ગ માટે એક નવી ક્રાંતિ હશે, કેવા ફેરફાર થશે એઆઈના વ્યાપક અમલથી નાના-રિટેલ રોકાણકારોથી લઈ બ્રોકરો, કંપનીઓ, સલાહકારો, રિસર્ચર્સ, એનાલિસ્ટ વર્ગ, ટ્રેડિંગથી લઈ ઈન્વેસ્ટમેન્ટમાં કેવા પરિવર્તન જોવાશે તેની ઝલક જાણવા- સમજવા જેવી છે.

ટૅકનોલૉજીનું બીજું નામ જ પરિવર્તન છે. આ પરિવર્તનના મોટેભાગે બે પાસાં હોય છેઃ એક સારા -બીજા બૂરાં. આમ તો આટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની અસર શૅરબજાર પર ધીમી પણ મકકમ ગતિએ શરૂ થઈ, જે હવે પુરપાટ વેગ પકડવાની તૈયારીમાં છે. આગામી પાંચથી દસ વરસમાં તો શૅરબજારનું કામકાજ, સિસ્ટમ અને રોકાણકારોની વિચારવાની તેમ જ સોદા કરવાની પધ્ધતિમાં ધરખમ પરિવર્તન જોવાશે. છેલ્લા કેટલાંક સમયથી શૅરબજારમાં અલ્ગોરિધમ ટ્રેડિંગ શબ્દ પણ બહુ જ પ્રચલિત થયો છે. ગ્લોબલ સ્ટોક ટ્રેડિંગ અલ્ગોરિધમનો હિસ્સો બહુ મોટો છે, જેની ગતિ માણસોની સોદા કરવાની ગતિથી અનેકગણી વધુ ઝડપી હોય છે. હાલ તો BSE NSE (બોમ્બે સ્ટોક એકસચેંજ અને એન નેશનલ સ્ટોક એકસચેંજ)માં પણ ફંડસ અને ટ્રેડર્સ લોકો બજાર પર જમાવટ કરશે.

**રિટેલ ઈન્વેસ્ટર્સ તથા AI**

મજાની વાત એ છે કે નાના-રિટેલ ઈન્વેસ્ટર્સ પણ એઆઈનો ઉપયોગ કરતા થઈ જશે. એઆઇ રોકાણકારોને સ્ટોક સિલેકશનમાં, પોર્ટફોલિયો એલોકેશનમાં અને રિસ્ક મેનેજમેન્ટમાં સહાય કરશે. એઆઇ પાવર્ડ એપ્સનું ચલણ વધશે, જે પરંપરાગત બ્રોકરો અને એડવાઈઝર્સનું સ્થાન લઈ લેશે, અત્યારે પણ ઘણી એપ્સ એવી આવી ગઈ છે, જે એક જ એપ અનેક બ્રોકરોનાં ધંધા મંદા અથવા બંધ કરી નાંખવા સક્ષમ છે. એક ઉલ્લેખનીય વાત એ પણ છે કે નવી આવતી એપ્સ અથવા આવનારી એપ્સ માત્ર સુવિધા નહીં, તે એવી યુઝર્સ ફ્રેન્ડલી રહે છે કે સામાન્ય રોકાણકારો પણ તેને પસંદ કરે છે.

**માર્કેટમાં ગરબડ ઘટશે?**

એઆઈને લીધે બજારમાં પ્રાઈસ ડિસ્કવરી ઝડપી બનશે, જેનો લાભ વિશાળ વર્ગને મળશે, કારણ કે સમાચારો, કમાણીની જાહેરાત, સોશ્યલ મીડિયા, આર્થિક ડેટા, વગેરેનું પ્રોસેસિંગ એઆઇ કરીને આપશે. માર્કેટમાં પ્રાઈસ મેનિપ્યુલેશન કઠિન બનશે, પ્રાઈસ રિગિંગ (ભાવ ઉછાળવાની પ્રવૃત્તિ) પણ ઘટશે અથવા તેને તરત પકડી શકાશે. શૅરોના ભાવો પર કોઈ બાબતની અસર જોવા-જાણવાનું કલાકોમાં નહીં, બલકે મિલિસેકન્ડસમાં સંભવ બનશે. અનુભવીઓ માને છે કે બજારમાં પ્રવર્તતી અનેક પ્રકારની બિનકાર્યક્ષમતા દૂર થશે યા ઓછી થશે. એને પગલે માનવીય ભુલો ઘટશે. જોકે માર્કેટમાં કયારેક વોલેટિલિટી વધી શકવાનીસંભાવના વધશે. માર્કેટ ક્રેશની ઘટનાઓ ઝડપથી ફલેશ થાય એવું બની શકે. એવું પણ બની શકે કે કોઈ સમાચારો દરમિયાન શોર્ટટર્મ વોલેટિલિટી તોફાની બની શકે.

અહીં એક ઈન્ટરેસ્ટિંગ -ઉપયોગી બાબત એ બનશે કે બજારમાં કૌભાંડ અને ઈન્સાઈડર ટ્રેડિંગને પકડી પાડવાનું કાર્ય ઝડપી બનશે. નિયમન સંસ્થા ‘સેબી’એ એકસચેંજીસને એઆઇનો અસરકારક સદુપયોગ કરવાની સલાહ આપી જ છે. માર્કેટ સર્વેલન્સ સઘન બનશે, સાયબર સલામતી વધુ સક્ષમ બનશે. એઆઇનની એક કમાલ એ પણ હશે કે તે માર્કેટ ક્રેશની, સેકટર બબલ અને સિસ્ટેમિક રિસ્કની ચેતવણી વહેલી આપશે, જોકે એઆઇ ચોકકસ ઘટનાઓની આગાહી કરી શકશે નહીં. વધુ પડતી નિર્ભરતા નુકસાનકારક પણ બની શકે.

મ્યુચ્યુઅલ ફંડ્સ અને હેજ ફંડસ પણ એઆઈનો ઉપયોગ કરવા લાગશે, જેનો આ ફંડ્સ પોર્ટફોલિયોની રચનામાં, રિસ્કનું સંચાલન કરશે. પરંપરાગત ફંડ્સ એઆઇ આધારિત પોર્ટફોલિયો રચવાનું પસંદ કરશે. રિસર્ચનો ખર્ચ ઘટશે, કારણ કે અમુક માહિતી ઓટોમેટિક ઉપલબ્ધ થશે. ઓટોમેટેડ પોર્ટફોલિયો મેનેજમેન્ટ સંભવ બનતા આમ થશે. જોકે બધાં જ લોકો એઆઈનો ઉપયોગ કરતા થશે તેમ તેની અસરો પણ સરખી જોવાશે અને એઆઈ પર વધુ પડતી નિર્ભરતા મોંઘી પણ પડી શકે, કેમ કે તેમાં જોખમને ઘણીવાર સમજી શકાશે નહીં.

અલબત્ત, સંસ્થાકીય રોકાણકારોને તેનો લાભ વધુ મળશે. જયારે કે રિટેલ રોકાણકારોને ઓછો મળશે. જેથી માર્કેટ પર મોટા-સંસ્થાકીય ઈન્વેસ્ટર્સનું વર્ચસ્વ વધતું જશે.

**AIના સિગ્નલ**

મોટાભાગની એઆઈ સિસ્ટમ્સ સમાન હશે, જે એકસાથે બાય-સેલ કર્યા કરશે, જેની અસરમાં પ્રવાહિતા કથળી શકે, નિયમનકાર સેબીએ એઆઇ સર્કિટ બ્રેકર્સ લાગુ કરવાના થઈ શકે. માર્કેટમાં માનવીઓ દ્વારા થતી એનાલિસિસ, ટેકનિકલ ચાર્ટસ અને ફંડામેન્ટલ્સ રિસર્ચની પદ્ધતિમાં બદલાવ આવી શકે, તેને સ્થાને એઆઇ સિગ્નલ આવી શકે, સેન્ટીમેન્ટ એનાલિસિસ આવી શકે, ટ્રેડિંગ સંસ્થાકીય ડ્રિવન રહેવાને બદલે ડેટા સાયન્સ ડ્રિવન બનશે. યાદ રહે,

એઆઇના રાજમાં પણ લોંગટર્મ રોકાણનું મહત્ત્વ ઊંચું રહેશે, શોર્ટટર્મ માટે રિસ્ક વધુ રહેશે. સરળ તકો ઘટશે. પ્રોફેશનલ એઆઇ રિટેલ ટ્રેડર્સ કરતા વધુ સારી કામગીરી બજાવી શકશે. AIને કારણે સેમિકન્ડકટર્સ, ડેટા સેન્ટર્સ, કલાઉડ કોમ્પ્યુટિંગ, રોબોટિકસ, ડિફેન્સ અને ઓટોમેશાન તેમ જ હેલ્થકેર જેવા સેકટરને જબ્બર બુસ્ટ મળશે. આગામી ૧૦-૨૦ વરસમાં સ્ટોક એકસચેંજીસ ફુલ્લી ઓટોમેટેડ ટ્રેડિંગ ડેસ્ક ધરાવતા થઈ જશે. એઆઇ પેન્શન ફંડ્સ પણ મેનેજ કરશે. માર્કેટ વધુ કાર્યક્ષમ બનવા સાથે વધુ કોમ્પ્લેકસ પણ બનશે.

યાદ રહે, એઆઈનો ટુલ તરીકે ઉપયોગ કરવામાં સાર્થકતા રહેશે, તેને નિર્ણય કરનાર બનવા દેવાય નહીં.

ઈન શોર્ટ, હવેથી દરેક ખેલાડીએ પરિવર્તન સાથે અને સામે સજ્જ થવું જોઈએ. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# તેલંગણાના રામપ્પા મંદિરની ઈંટો પાણીમાં ડૂબતી નથી, તરે છે!



આજકાલના રોડ બનવા સાથે તૂટવા માંડે છે, પુલ ઉદ્ઘાટન પહેલા બેસી પડે છે અને સિમેન્ટની ઇમારતોનું આયખું દાયકા કે દશકને બદલે વર્ષમાં ગણવાની નોબત આવી પડી છે. આની સામે એક મંદિર ૮૦૦ વર્ષથી ગૌરવપૂર્વક અડગ ઊભું હોય એ કેવું આશ્ચર્યચકિત કરી મૂકે ને? ક્યારેક તો થાય કે નવી વિદેશી ટેકનોલોજીને ફંગોળી દઈને પોતાની પ્રાચીન તકનીક ફરી અપનાવીને એ ટકાઉ જ્ઞાન પર ગર્વ અનુભવવો જોઈએ.

૮૦૦ વર્ષ જૂના મંદિરનો ઉલ્લેખ કર્યો એ છે રામપ્પા મંદિર. દક્ષિણ ભારતના તેલંગણા રાજ્યના મુલુગુ જિલ્લામાં આવેલા પાલમપેટ ગામમાં સ્થિત આ મંદિર રુદ્રેશ્વર મંદિર તરીકે ય ઓળખાય છે. વરંગલથી આશરે ૬૬ કિમી દૂર આવેલું આ પ્રખ્યાત શિવ મંદિર છેક ૧૩મી સદીની કાકતિય વંશની ભવ્ય સ્થાપત્યકળાનો ઉત્તમોત્તમ નમૂનો છે.

આજે ય એ દુનિયાભરને અચંબિત કરે છે. એનું એક પ્રમાણ છે ૨૦૨૧માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ પ્લેસ (વિશ્વ ધરોહર સ્થળ) તરીકેનો ટેગ મળવો. આ ભારતનું ૩૯મું વિશ્વ ધરોહર સ્થળ બન્યું હતું.



આવા મહત્ત્વપૂર્ણ સ્થાનની ભૂગોળ થોડી વધુ વિગતે સમજીએ. સરનામું છે પાલમપેટ, વેંકટપુર મંડલ, મુલુગુ જિલ્લો, તેલંગણા.

વરંગલથી લગભગ ૬૬-૭૫ કિમી તો હૈદરાબાદથી આશરે ૨૦૯ કિમી દૂર. તે મુલુગુ જિલ્લાના વેંકટપુર મંડલના પાલમપેટ ગામની એક ખીણમાં સ્થિત છે. આજે ભલે આ નાનું ગામ હોય, પરંતુ ૧૩મી અને ૧૪મી સદી દરમિયાન તેનો ઇતિહાસ અત્યંત ગૌરવપૂર્ણ હતો.

આ મંદિર ભગવાન શિવ (રામલિંગેશ્વર સ્વામી)ને સમર્પિત છે. એની વિશેષતા છે એકદમ હળવી ઈંટોનો ઉપયોગ. એ ય પાછી વજનમાં એટલી હલકી કે પાણીમાં તરે! જો આપણે રોજિંદા વપરાશની સામાન્ય ઈંટને પાણીમાં ફેંકીએ તો તે ડૂબી જ જાય, પરંતુ રામપ્પા મંદિરમાં વપરાયેલી ઈંટો પાણીમાં તરે છે!

આવી ઈંટ શા માટે વપરાઈ? અને બનાવાઈ કેવી રીતે? છેક ૧૩મી સદીમાં કાકતિય વંશના શિલ્પકારોએ માટી, લાકડાના ભુક્કા અને અમુક જડીબુટ્ટીઓના મિશ્રણથી એવી છિદ્રાળુ ઈંટો બનાવી હતી, જે વજનમાં પંખીની પાંખ જેવી હલકી અને મજબૂતીમાં પથ્થર જેવી મજબૂત હતી. આ ઈંટોનું ઘનત્વ પાણી કરતાં પણ ઓછું છે. આવું શા માટે વિચાર્યું? મંદિરના સમગ્ર ઢાંચાને એકદમ હળવું રાખવા કે જેથી ભૂકંપના આંચકા-ઝાટકા વચ્ચે ય મંદિર અખંડ રહે, સુરક્ષિત રહે. આજે નાનો ટેક્નોલોજી તરીકે ઓળખાતા વૈજ્ઞાનિક વિચારનો ભારતની પ્રાચીન કળામાં સદીઓ પહેલા ઉપયોગમાં લેવાયો હતો. મેરા ભારત મહાન.

આ ઉપરાંત રામપ્પા મંદિર તેની અત્યંત સુક્ષ્મ કોતરણીવાળા સ્તંભો અને પિરામિડ જેવી છત માટે પ્રસિદ્ધ છે. આ મંદિરનું નામ શિલ્પકાર રામપ્પાના નામ પરથી પડ્યું છે, તેથી તેને રામપ્પા મંદિર કહેવામાં આવે છે.

રામપ્પા મંદિર ૬ ફૂટ ઊંચા તારાના આકારના ચબૂતરા પર ભવ્ય રીતે ઊભું છે. ગર્ભગૃહના આગળ આવેલા મંડપમાં અનેક સુંદર કોતરણીવાળા સ્તંભો છે, જેમની રચના એવી રીતે કરવામાં આવી છે કે પ્રકાશ અને અવકાશનું અદ્ભુત સંયોજન સર્જાય છે. મંદિરની મુખ્ય રચના લાલ બાલુઆ પથ્થરથી બનાવવામાં આવી છે, જ્યારે બહારના સ્તંભો લોખંડ, મેગ્નેશિયમ અને સિલિકા સમૃદ્ધ કાળા બેસાલ્ટ પથ્થરના મોટા ખંડોથી બનાવવામાં આવ્યા છે.

મંદિર પર પૌરાણિક પ્રાણીઓ તેમજ મહિલા નૃત્યાંગનાઓ અને સંગીતકારોની સુંદર મૂર્તિઓ કોતરવામાં આવી છે. આ મૂર્તિઓને ‘કાકતિય કળાની શ્રેષ્ઠ કૃતિઓ’ ગણવામાં આવે છે, જે પોતાની સૂક્ષ્મ કોતરણી, આકર્ષક મુદ્રાઓ અને લાંબા શરીર તથા



માથાની રચના માટે જાણીતી છે. આ બધા કારણોસર જ શિલ્પકાર રામપ્પાના નામ પરથી રાખવામાં આવ્યું અને કદાચ ભારતનું આ એકમાત્ર મંદિર છે જે તેનું નિર્માણ કરનારા શિલ્પકારના નામ પરથી ઓળખાય છે.

મંદિર પરિસરમાં આવેલા એક શિલાલેખ મુજબ આ મંદિરનું નિર્માણ ઈ.સ. ૧૨૧૩માં કાકતિય વંશના શાસક ગણપતિ દેવના શાસનકાળમાં તેમના સેનાપતિ રેચર્લા રુદ્ર દેવ દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ મંદિર એક શિવાલય છે જ્યાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે પ્રખ્યાત પ્રવાસી માર્કો પોલોએ કાકતિય સામ્રાજ્યની મુલાકાત દરમિયાન આ મંદિરને ‘મંદિરોની આકાશગંગાનો સૌથી તેજસ્વી તારો’ ગણાવ્યું હતું.

આવી અદ્ભુત કળા અને ટેકનિકને પુનર્જીવિત ન કરવી જોઈએ? ■

# સત્ય નોખા છે હરએકના...

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

*મારી સાથે આ પૂરો સંસાર હસતો જાય છે*
*કોણ છે? જે ભીતરે બેસી વરસતો જાય છે*

*ધુમ્મસોમાં એવું કૈં ત્રાટક રચે છે વાદળાં*
*એમ લાગે જાણે આખો પહાડ ખસતો જાય છે*

*મંદિરો-મસ્જિદ ઉપર તો યાચકોની છે કતાર*
*તું છે સોહમ્, ભીડમાં તું ક્યાં અમસ્તો જાય છે?!*


*સત્ય એક જ છે કે નોખાં સત્ય છે સૌનાં અહીં*
*ડંખ છે જીવલેણ તારે, સાપ ડસતો જાય છે*

*બંધ પૂરું એકસાથે થાય છે ચોમેરથી*
*એ ક્ષણે તારા સુધી નવજાત રસ્તો જાય છે*

'મરીઝ'નો એક મક્‌તઆ જે બિલકુલ નોંધાયા વગર પસાર થઈ ગયો એ ગઝલના અતિશય સુંદર-ગોપિત-અદ્‌ભુત મત્લઆને લીધે...

*જાણે છે સૌ ગરીબ કે વસ્તુ ઘણી મરીઝ*
*ઈશ્વરથી પણ વિશેષ નિરાકાર હોય છે*
(અલ્લાહથી વિશેષ નિરાકાર હોય છે)

મને ઘણી વખત સિંગલ મોલ્ટની સાંજને રંગિનિયત ધરતાં વધુધનિકોની વર્તણુંક વિચારમાં મુકી દે છે, જ્યારે એવા શબ્દો ગેલેરીમાં સિગરેટના ધુમાડા સાથે ઊડતા જોઉં છું: 'અરે એ એરિયાને? ત્યાં તો પાન્સો પાન્સોમાં વોટ ખરીદવામાં મદદ કરે એવા એજન્ટ પડ્યા છે. કેવા ગોબરા છે આ બધા? યાર વોટ જેવી વસ્તુ વેચે છે?' અને કદાચ આ એ જ હોઈ શકે કે એનો જો રૂા. એક લાખ મળે ને વોટ વેચવાના, તો એ વેચી નાખે. મિસ્ટર સિંગલ મોલ્ટની લિમીટેડ બુદ્ધિની બહારની વાત છે આ વાત સમજવી કે એને માટે એક લાખ રૂા.નું જે મૂલ્ય છે, ગરીબને રૂા. ૫૦૦/-નું મૂલ્ય એથી અનેક ગણું વધારે છે. પરમ દિવસે ફાટી ગયેલી દીકરીની સ્કૂલ બેગથી લઈને બે-ત્રણ ડબલ ઘોડાના પેગ ૭-૮ દિવસ સુધી એને પરવડી શકે છે, રૂા. ૫૦૦માં. ઈશ્વર, અલ્લાહ, જિસસ ઈત્યાદિની ઝંખનામાં વ્યસ્ત આખી માનવજાતને પરમ આશિષ મળ્યા છે એક જ: ફાટેલા ગજવા તરફ નહીં જોવાનાં... કયું પૂણ્ય કમાવા નીકળી પડી છે આખી માનવજાત કે જેરુસલમ, મક્કા મદિના, રામ જન્મભૂમિ, દ્વારકા, નીસડન, ન્યુ જર્સી કે અન્ય 'પરમ' ધામોમાં બારે માસ તેજી-ફક્ત તેજી, જૂના મુંબઈ સમાચારની ભાષામાં કહું તો આગઝરતી તેજી જ હોય છે. ગરીબીના એ લેવલ પર ગરીબને



લઈ જવામાં આવ્યો છે, એને એવો તો તોડી નાંખવામાં આવ્યો છે કે એ પાંચ સોમાં વેચાવા મજબૂર થઈ જાય... (તુમ્હે યાદ હૈ વો ઝમાના જબ હમ હરરોઝ ખાના ખાયા કરતે થે?!) 'મજા' પરમ છે આઝાદીની એ જ કે ૪૭થી ગરીબ એ તળ સુધી પહોંચી ગયો છે જ્યાંથી એને ખરીદવો આસાન થઈ પડે. કેજરીવાલ છૂટ્યો ભલે, પણ એણે મફતનો ખરીદાઉ દૌર ચાલું કર્યો એનો સૌથી મોટો માર પડ્યો છે ૫% ઈન્કમ ટેક્સ ભરનારાઓને બાકીના બધા પગારદાર કે નાના વેપારીઓના બરડે સોળ ઊપસી આવ્યા છે અને આપણી બેન નિર્મલાને જાણ જ નથી કે આ ટિમ્પાટિયા ટેલિવિઝન કલ્ચરને લઈને બજેટ વખતે બેસી તો જાય છે બધા પણ ટેક્સ ભરનારામાંથી માંડ ૫-૭%ને રસ હોય છે બધુ ઊંડાણથી જાણવામાં. પાછી આ વાત આજે કરી કારણ કે

*તું પરેશાન બહુત હૈ, તું પરેશાન ન હો*
*ઈન ખુદાઓંકી ખુદાઈ નહીં જાનેવાલી*
*દુષ્યન્તકુમાર*

દસ વર્ષની એક છોકરી એક વકતૃત્વ સ્પર્ધામાં એવું જલદ, કારમું અને તેજાબી બોલી છે કે વાંચો તો તમારી આંખે ભાર વરતાય. 'હું તમને મોકળાશ આપવા માટે અહીં નથી ઊભી, હું અહીં ઊભી છું તમને ઉપરતળે કરવા. પ્રજાસત્તાક દેશ દુશ્મનનાં હુમલે નથી ખતમ થતો, એ ગડગડી જાય છે ત્યારે જ્યારે એના લોકો સવાલો પૂછવાનું બંધ કરે છે. કહેવા પૂરતું, બંધારણ પ્રમાણે તો છે જ કે કાયદાની આંખે બધા સરખા. સરસ વાક્ય. પણ શું એ જીવતું જાગતું સત્ય છે કે મરી ગયેલા અક્ષર? સામ્ય જો ખરેખર હોય તો હજી છોકરીને જ કેમ એનાં સપનાં પર કાપ મુકવાનું કહેવામાં આવે છે? વ્યક્તિ સન્માનનો માપદંડ હજી આજે પણ નાણાંના રૂપે કેમ તય કરાય છે.? ત્વચાના રંગને જ ગુણવત્તામુલક કેમ ગણવામાં આવ છે? એકતા આપણે જરૂર ઉજવીએ છીએ, પણ ક્યાં? કાગળ પર... રોજિંદી જિંદગી તપાસો આપણા બધાની તો જાણશો કે કેટલા ભેદભાવનો સડો પડ્યો છે દિમાગમાં અને વહેવારમાં... શા માટે આપણે પ્રજાસત્તાક તરીકે ઓળખાઈએ છીએ જ્યારે આપણામાંથી જ થોડા અવાજો ખૂબ મોટા અને કર્કશ લાગતાં હોય, જ્યારે કેટલીક જિંદગીની કંઈ કરતાં કોઈ કીમત જ ન હોય. સમાજ! તારે માટે મને એક પ્રશ્ન છે, આપણા જાહેરજીવન તો સમાનતાથી ભરેલાં છે પણ લગભગ દરેક ઘરમાં ખાનગીમાં નફરતના બીજ રોપાય છે. બાજુમાં કંઈક અમંગળ બન્યું નથી અને આપણે ત્યાંથી મોં ફેરવ્યું નથી કે એમાં મારું શું? મારે શું? બંધારણને ક્યારેય દોષ દેતા જ નહીં. બહુ મજબૂત છે. ખામી આપણામાં છે. તમાકુ ખાવાનું મેલું ઘરેથી સવારે પ્લાસ્ટિકની બેગ લઈને તમે નીકળ્યા છો એમાં નાખો તો તમે પ્રજાસત્તાકના પ્રતિનિધિ ખરા. અન્યાયને સામાન્ય ગણનાર આપણે એની સામે સવાલો પૂછીશું ત્યાં માંડ આપણે કશેક પહોંચીશું. નાગરિકો જે દિવસે સર ઝુકાવાને બદલે ઊંચું રાખીને એસ્ટાબ્લીશમેન્ટને, નેતાને સવાલો પૂછશે ત્યારે ખરી આઝાદી મેળવી ગણાશે.' નબળામાં નબળા કોશિયાજન સુધી મૂળભુત જરૂરિયાતો પહોંચશે એ દિવસે પેટ્રોલપંપ પર પેટ્રોલની ચોરી, મફત રાશન વહેંચતા સરકારી અધિકારીને મળતો CUT, હા જી હા કરતા મિનિસ્ટરો અને સરખી ઝાળ લાગવાના ઓથારથી એવા બિલને પાસ થતું અટકાવા માટે એક થઈ જતાં શાસક અને વિરોધ પક્ષ, બધું એક સાથે ગાયબ થઈ જશે.'

આજે આટલું જ... ■

# મનોરોગી ભાઈ-બહેનની સેવા કરી 'હેપ્પી મેમરી' સર્જતી સંસ્થા

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

આ ગાંડાઓને ફરવા લઈ જઈને શું ફાયદો? કંઈ સમજતાં તો છે નહીં! તીર્થ કરાવીને શું ફાયદો? પાપ-પુણ્ય કે ભગવાનની કોઈ ગતાગમ તો તેમને છે નહીં! સમાજમાં આવા પ્રશ્નો ક્યારેક સાંભળવા મળે છે, પરંતુ આ પ્રશ્ન પાછળ માનવીય સમજણનો અભાવ વધુ હોય છે. કારણ કે માનવીનું જીવન માત્ર સમજશક્તિ કે બુદ્ધિથી જ માપી શકાય એવું નથી. મનુષ્યનું જીવન લાગણીઓ, અનુભવો અને સ્મૃતિઓથી પણ સમૃદ્ધ બને છે.

માનસિક આરોગ્યના અભ્યાસમાં એક મહત્ત્વનો વિચાર છે હેપ્પી મેમરી એટલે કે સુખદ સ્મૃતિઓ. જીવનમાં જેટલી આનંદદાયક યાદો વધુ હોય, માનસિક સ્વાસ્થ્ય પણ તેટલું સંતુલિત રહે છે. માનવ મગજની રચના એવી છે કે ઘણીવાર દુઃખદ અનુભવો સમય સાથે ધીમે ધીમે ધૂંધળા પડી જાય છે, જ્યારે સુખદ ક્ષણો લાંબા સમય સુધી સ્મૃતિમાં જીવંત રહે છે. બાળપણના મિત્રોની યાદો વર્ષો સુધી જીવંત રહે છે, કોઈ સુંદર પ્રવાસ કે મળેલી સ્નેહભરી ક્ષણો જીવનભર મનમાં તરંગો પેદા કરે છે.

જોકે સમાજના એક એવા વર્ગ માટે આ હેપ્પી મેમરીનો ખજાનો લગભગ ખાલી જ રહે છે તે છે મંદબુદ્ધિ મનોરોગી દિવ્યાંગો.

આવા લોકો ઘણીવાર સમાજની અવગણના, અજ્ઞાનતા અને ગેરસમજનો ભોગ બને છે. તેમની સાથે ઘણીવાર કરુણાની જગ્યાએ ઉપેક્ષા જોવા મળે છે. પ્રેમાળ વર્તનની અછત, અસ્તિત્વનો અસ્વીકાર અને સતત થતી અવહેલના તેમની દુનિયાને વધુ સંકુચિત બનાવી દે છે. પરિણામે તેમના જીવનમાં આનંદની પળો ખૂબ ઓછી જોવા મળે છે. આવા લોકો માટે જો કોઈ થોડા દિવસ માટે પણ ખુશીભર્યો અનુભવ સર્જે, તો તે માત્ર એક કાર્યક્રમ કે પ્રવાસ નથી રહેતો તે તેમના જીવનમાં સ્મૃતિનો પ્રકાશ બની જાય છે.

કચ્છના રાપરમાં કાર્યરત શ્રી ગ્રામ્ય સેવા સંગઠન વર્ષોથી આવા દિવ્યાંગ મનોરોગી ભાઈ-બહેનોની સેવા માટે કાર્યરત છે. સંસ્થા માત્ર આશ્રય પૂરું પાડતી નથી, પરંતુ તેમની અંદર માનવીય ગૌરવ અને આત્મસન્માન જાળવવાનો પ્રયાસ પણ કરે છે.



આ સંસ્થામાં રહેતા લોકો માટે દુનિયા ઘણીવાર સંસ્થાની ચાર દીવાલોમાં જ સીમિત થઈ જાય છે. બહારની દુનિયાની હલચલ, પ્રકૃતિની વિવિધતા, તીર્થસ્થળોની આધ્યાત્મિકતા આ બધું તેમના માટે અજાણ્યું રહે છે.

એટલા માટે સંસ્થાની સાથે સંકળાયેલા એક સદગૃહસ્થ દ્વારા દર વર્ષે એક અનોખો પ્રયત્ન કરવામાં આવે છે. તેઓ પોતાના જીવનના નિવૃત્તિ સમયને માત્ર પોતાના માટે નહીં, પરંતુ આવાં દિવ્યાંગ ભાઈ-બહેનોને ખુશીના પળો આપવા માટે સમર્પિત કરે છે. એ દાતા પોતાના વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધા પછી વર્ષમાં એક વાર શ્રી ગ્રામ્ય સેવા સંગઠન રાપરના મંદબુદ્ધિ મનોરોગી ભાઈબહેનો માટે પ્રવાસ આયોજન કરે છે. દરેક ક્ષણે મંદબુદ્ધિ મનોરોગી ભાઈ બહેનોને કોઈ જાતની અગવડ ન પડે તે માટે સદગૃહસ્થ અને તેમનો સ્ટાફ ખડે પગે ઊભા રહે છે. સ્વાદિષ્ટ અને સમયસર ભોજન, ચાર તારક હોટેલમાં ઉતારો અને તેમનો પરગજુ સ્વભાવે આ પ્રવાસને યાદગાર બનાવી દીધું. આવાં આયોજનો પાછળ કોઈ પ્રચાર કે દેખાવનો ભાવ નથી હોતો પરંતુ માત્ર એટલો વિચાર છે કે આ ભાઈ-બહેનોને પણ જીવનમાં ખુશીના અનુભવો મળવા જોઈએ. આ સંસ્થાના વિકાસ માટે તેઓ અન્ય રીતે પણ સહયોગ આપે છે. સંસ્થાને વીજળી ખર્ચમાં રાહત મળે તે માટે લાખો રૂપિયાના ખર્ચે સોલાર સિસ્ટમની ભેટ આપવી હોય કે અગાઉ દિવ્યાંગ ભાઈ-બહેનો માટે તીર્થપ્રવાસનું આયોજન કરવું આવા પ્રયત્નો તેમની માનવતાની સાક્ષી આપે છે.

પ્રવાસ દરમિયાન તેમને મળતા નાના નાના અનુભવ પણ તેમના માટે અદ્‌ભુત બની જાય છે. બસની બારીઓમાંથી દેખાતાં હરિયાળાં ખેતરો, દૂર સુધી ફેલાયેલા પહાડ, વહેતી નદીઓ, જંગલનાં દૃશ્યો કે માર્ગના વળાંકો આ બધું તેમની આંખોમાં નવી ચમક લાવી દેતા હતા. ક્યારેક માત્ર પવનના ઝોકા સાથે બહારનાં દૃશ્યો જોવાની ખુશી પણ તેમની અંદર બાળસુલભ આનંદ જગાવી રહી હતી.

તીર્થસ્થળો પર જવામાં પણ અહીં એક અલગ હેતુ હતો. કદાચ તેઓ ધાર્મિક તત્ત્વજ્ઞાનને સમજતા ન હોય, પરંતુ પવિત્ર સ્થળોની શાંતિ, ભક્તિનો માહોલ અને લોકોનું સ્નેહભર્યું વર્તન તેમને એક અલગ પ્રકારની ઊર્જા આપી શકે એ માટે આયોજન નિર્ધારિત થયું હતું. ઘણા લોકો માટે તીર્થ માત્ર ધાર્મિક વિધિ હોઈ શકે, પરંતુ આવા દિવ્યાંગો માટે તે એક નવી દુનિયા જોવા જેવો અનુભવ બની જાય છે.

સમાજમાં ઘણીવાર પ્રશ્ન થાય છે આ બધું કરીને શું ફાયદો?

પરંતુ કદાચ સાચો જવાબ એ છે કે માનવતાનું મૂલ્ય હિસાબથી માપી શકાય એવું નથી. જ્યારે કોઈ માણસ પોતાના સ્વાર્થથી ઉપર ઊઠીને અન્ય લોકોના જીવનમાં આનંદની થોડી પળો ઉમેરે છે, ત્યારે તે કાર્યનો પ્રભાવ શબ્દોથી ઘણો મોટો હોય છે. મંદબુદ્ધિ મનોરોગી દિવ્યાંગો માટે આ પ્રવાસ કદાચ માત્ર થોડા દિવસનો હતો, પરંતુ તે તેમની સ્મૃતિમાં એક સુંદર હેપ્પી મેમરી બની રહેશે. શૈલેષભાઈ કોઠારીએ સંસ્થા તરફથી આપેલી માહિતીના આધારે આ માનવીય પ્રયત્નને શબ્દોમાં વ્યક્ત કરવાનો નાનો પ્રયાસ છે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com

'રાઘવ... ઓ રાઘવ....અરે યે છોરા કહાં મર ગયા....ગૌઆ કો ચારા દિયા કી નહીં...?'

'બાબુજી, અહીં છું.....' રાઘવ ઝડપથી બર્નર મોબાઇલ છૂપાડીને બહાર આવ્યો. ગાયોને ચારો નાખતા બોલ્યોઃ 'આજે તો મંદિરમાં પહોંચતા જ બધું દૂધ વેંચાઇ ગયું. લો આ રૂપિયા.' કમર પરની ખેંસમાંથી રૂપિયા કાઢીને આપ્યા. બાબુજી ભન્નાલાલજીએ રૂપિયા ગણ્યા વિના જ સદરાના ગજવામાં સરકાવ્યા.

'બાબુજી ગણી લો....રૂપિયા ગણીને આપવાના અને ગણીને લેવાના...' રાઘવ બોલ્યો.

'અરે...મેરી આંખે કમજોર હૈ....મગર નજર તેજ હૈ. મૈં આદમી કો પહેચાનને મેં ધોખા ના ખાઉં...' ભન્નાલાલ બોલ્યા.

માણસને ઓળખી જવાનો માણસનો દાવો ખોટો છે, ભન્નાલાલજી. રાઘવ કહેવા ગયો, પણ શબ્દો ગળી ગયો.

'તન્ને ગોપાલાએ મોકલ્યો...બાકી ઇસ ઉંમર મેં ગાયો કો સંભાલના બડો મુશ્કિલ કામ....મેરે સે ના હોવે....ચાર બજે ઉઠો....ચારા ડાલો....ગોબર સાફ કરો... દોહો....મંદિર મેં દૂધ બેચને જાઓ. છોરા રણછોડ અકેલે સે ના હો પાવેગા. ગાયોને વેંચી દઉં તો કો પાપમાં પડું.' મારવાડી ભન્નાલાલજી વચ્ચે વચ્ચે ગુજરાતી પણ બોલી લેતા અને રાઘવ દિવસમાં એકાદ વાર બાબુજીના મનની વાતનું આ રિપિટ ટેલિકાસ્ટ સાંભળતો ને મનમાં હસતો. 'બાબુજી, આપને અભી હમેં પહેચાના નહીં....પહેચાનોગે તબ આપકા ક્યા હાલ હોગા....' એ મનમાં બોલીને રણછોડ તરફ ફર્યો.

'તેરી બાઇક લે જા રહા હું.' રાઘવે બાઇકને કિક મારતા કહ્યું. રણછોડ કાંઇ જવાબ આપે તે પહેલાં એ હવાહવાઇ થઇ ગયો ને કાચા રસ્તા પર બાઇકની પાછળ ધૂળની ડમરી ઉડી.

'બાઉજી, કહાં સે પકડ કે લાયે હો ઇન કો....' વીસેક વર્ષના ભન્નાલાજીના નોકર રણછોડે પૂછ્યું.


'અરે....ખુદ ગોપાલેને ભેજા હૈ ગૌમાતા કી દેખભાલ કે લિયે. તૂ અકેલા કિતના કર પાતા....'

'એસે અજાણ લોગ પે ભરોસા અચ્છા નહીં હૈ બાઉજી.' રણછોડે કહ્યું.

'મુઝે તો મેરે ગોપાલે પે ભરોસા હૈ.' બાબુજી દૂરથી દેખાતી મંદિરની ધજા જોતાં બોલ્યા.

*************

રાઘવે બજાર ચોકમાં બાઇક ઊભી રાખી. એણે બે દર્શનની વચ્ચેના સમયમાં મંદિરના પાંડાઓથી લઇને સિક્યોરિટી સ્ટાફ સુધી તમામની સાથે ચપટીક તમાકુના વહેવારે ઘરોબો બાંધી લીધો હતો. 'જય ગોપાલા' બોલીને હથેળીમાં તમાકુ મસળવાની. પછી જે સામે મળે એને તમાકુની પ્રસાદી આપવાની. મજાની વાત તો એ હતી કે મંદિર પરિસરમાં લોકો આને કોઇ વ્યસન નહીં, પણ ચપટી વહેવાર કહેતા. દિવસભરના તમામ દર્શન કરતો, વહેલી સવારે લાલાને ચડાવવા માટે ભાવિકોને દૂધ વેંચતો, પુરોહિતની




ચા પીતો, હથેળીમાં તમાકુ મસળતો ગૌપાલક રાઘવ એક જાણીતો ચહેરો બની ગયો હતો, પરંતુ એના ઇરાદાની કોઇનેય ભણક નહોતી.

**************

દર્શન કરવા જતી વખતે રાધાની નજર મંદિર બહારના સાંકડા માર્ગ પરની પ્રસાદની દુકાનો પર પડી. રસ્તાની બંને બાજુની લગભગ બધી દુકાનો પર મંદિરના પ્રસાદની અધિકૃત દુકાન એવું લખ્યું હતું. એને આશ્ચર્ય થયું. તો શું અહીં અનધિકૃત પ્રસાદ પણ વેંચાતો હશે. એ હસી પડી. વિવિધ પ્રકારના પ્રસાદ પર બણબણતી માખીઓ, મધમાખીઓ અને મંકોડા મંડરાઇ રહ્યા હતા. દુકાનદારો નેપકીનથી ઉડાડવાનો મિથ્યા પ્રયાસ કરતા હતા....કદાચ એમ માનીને કે પ્રસાદ પર એમનો પણ શ્રદ્ધાળુઓ જેટલો હક છે....ભલે આરોગતા.

> રાધાએ ખતરો અને ત્રાસવાદી શોધવાનો હતો અને આ કામ માટે એને જરૂર હતી સ્થાનિક ખબરીની...

'પરસાદ લે લો....મંદિર કા હૈ......ભોગ ધરાને કે બાદ સીધા હમારે પાસ આતા હૈ...હમ અધિકૃત વિક્રેતા હૈ.' બુઢાકાકાએ રાધાને બોર્ડ તરફ ઇશારો કરતા કહ્યું.

'યે પ્રસાદ કહાં પર બનતા હૈ....?' રાધાએ પૂછ્યું.

'રસોઇઘર મેં....મંદિર કે ઉપર પચાસ-સો આદમી કામ કરતે હૈ...અલગ અલગ મીઠાઇયોં કે સાથ પૂરા ભોજન તૈયાર હોતા હૈ....ગોપાલા કો ભોગ ચડતા હૈ...વહી ભોગ કો પ્રસાદ કહેતે હૈ....કભી પૂરે ભોજન કે પ્રસાદ કા આનંદ ઉઠાના.'

'રસોઇઘર મેં કેસે જા સકતે હૈ...?'

'મંદિર કે પીછે ગુલાબ કુંજ દ્વાર સે....વહીં ઉપર રસોઇઘર હૈ...ઉસ દ્વાર સે ભી લોગ દર્શન કે લિયે જાતે હૈ....વહાં ભી લાઇન લગતી હૈ...આગે વો લાઇન મુખ્ય લાઇન કે સાથ મિલ જાતી હૈ... રસોઇઘર મેં કિસી કો પ્રવેશ નહીં હૈ. ભોગ ચડાને કા સામાન બહાર સે હી લે લેતે હૈ...' બુઢાકાકાએ મંદિરના ગાઇડની જેમ માહિતી આપી. રાધા કોઇ ઊંડા વિચારમાં સરી રડી.

'બહુત ભીડ હૈ......ક્યા આજ કોઇ બડા દિન હૈ....?' યુવતીએ પૂછ્યું.

'ગોપાલા કે મંદિર મેં રોજ બડા દિન હોતા હૈ....ભીડ નહીં હો તો હમેં આશ્ચર્ય હોતા હૈ.'

*************

રાધા આસપાસના લોકોની હિલચાલ જોવા ધીમે ધીમે પુરોહિતની ચા પીતી. એને ક્યારેક બધા ભાવિકો શંકાસ્પદ લાગતા તો ક્યારેક તમામ નિર્દોષ લાગતા. કદાચ મંદિરની ઇન્ટરનલ સિક્યોરિટી ભાવિકોના ભરોસે ને સંપૂર્ણ શ્રદ્ધા પર ચાલતી હતી. જોકે, મંદિરમાં મોબાઇલ લઇ જવાની કે ફોટો-વીડિયો ઉતારવાની ચોખ્ખી મનાઇ હતી. છતાં કોઇ ભાવિક ગોપાલાની મૂર્તિની તસવીર ખેંચવા ચોરીછૂપીથી મોબાઇલથી ફોટો પાડતા પકડાય તો સતર્ક સિક્યોરિટીવાળા એને બહાર મૂકી આવતા. આવા એકલદોકલ કિસ્સા સિવાય કોઇ શંકાસ્પદ હિલચાલ રાધાના ધ્યાનમાં આવી નહીં.

રાધા પાસે મંદિર પર કયા પ્રકારનો ખતરો છે એની કોઇ ચોક્કસ માહિતી નહતી.....ટેરરિસ્ટ ઘૂસી આવ્યો છે કે આવવાનો છે એની પણ કોઇ ગુપ્ત બાતમી નહતી...કાવતરામાં સ્થાનિક માણસનો હાથ છે કે નહીં એનો પણ અંદાજ નહતો.

રાધા આઇબી ચીફના મેસેજની રાહ જોતી, પણ એને આઈબી ચીફના આધારે બેસી રહેવું પાલવે એમ નહતું. એણે ખતરો અને ત્રાસવાદી શોધવાના હતા. અને આ કામ માટે એને જરૂર હતી સ્થાનિક ખબરીની...લોકોને પારખી જતી લોકલ કાબેલ નજરની....પુરોહિત ચાવાળો. એને ઝબકારો થયો. કુલ્લડમાં ચા આપતી વખતે એની અછડતી નજર કરી લેવાની રીત એણે પહેલે દિવસે જ જોયેલી. ક્યારેક અછડતી નજર માણસને પારખી લેતી હોય છે. દિવસમાં બેવાર ચા પીવા જતી રાધા....દિવસમાં ચારવાર જવા લાગી. ચા બનાવવામાં વ્યસ્ત રહેતો પુરોહિત શરૂઆતમાં રાધાનો અવાજ સાંભળીને માત્ર ઝલક જોઇ લેતો હવે નજર મિલાવવા લાગ્યો હતો. ઘરોબો બાંધવાના પહેલા પડાવમાં રાધા કામિયાબ રહી.

'થેન્ક યુ એ દિવસે મને દેવીપ્રસાદજીનું સરનામું આપ્યું.' રાધાએ વાતનો દોર શરૂ કર્યો.

'લાગે છે દેવીપ્રસાદજી તમારા માટે ગોપાલાનું કોઇ ખાસ ચિત્રજી બનાવી રહ્યા છે...કદાચ એટલે જ તમે રોકાયા છો.'

'હા, તેઓ મારા માટે ખાસ ચિત્ર બનાવે છે અને હું એમની પાસે પેન્ટિંગ શીખું છું.'

'દેવીપ્રસાદ બહુ મોટા કલાકાર છે. મોટા ભાગના લોકો એમની પાસેથી ચિત્રો ખરીદે. એના ચિત્રજી આખી દુનિયામાં જાય છે.' ચાવાળા પુરોહિતે દેવીપ્રસાદજીનું ચિત્ર દોરી આપ્યું. જોકે આઇબી ચીફ અભયસિંહ રાઠૌડે રાધાને દેવીપ્રસાદનો આખો પ્રોફાઇલ આપી જ દીધો હતો, પણ આઇબી ચીફ દેવીપ્રસાદજીને કઇ રીતે ઓળખે એ વાતથી રાધા અજાણ હતી. પરંતુ દેવીપ્રસાદે એક સાંજે પોતાની સામે બેસીને ગોપાલાનું ચિત્ર દોરી રહેલી રાધાને આઇબી ચીફ સાથેના પરિચયનો કિસ્સો કહ્યો હતો.

**************

'એક દિવસ દર્શન કરવા આવેલું એક દંપતી મારી પાસે ગોપાલાનું ચિત્રજી ખરીદવા આવ્યું. પતિ-પત્ની બેઠાં....ઘણાં ચિત્રજી જોયાં....ખૂબ ગમ્યાં....અંતે પત્નીએ એક ચિત્રજી પસંદ કર્યું. ચિત્રજીની સાઇઝ ઘણી મોટી હતી. એટલે મેં કહ્યું કે સામાન્ય રીતે હું સલામત રીતે કુરીઅરથી મોકલું છું. મને સરનામું આપો. ત્યારે પત્નીએ પતિ સામે જોયું. કદાચ તેઓ સરનામું આપવા વિશે શંકામાં હતાં. રાઠૌડ સાહેબે સરનામું આપતાં પોતાનો પરિચય આપ્યો. મેં રૂપિયા લેવાની ઘણી ના પાડી, પણ એમણે પત્નીના હાથે અપાવ્યા. જતાં જતાં મેં કહ્યુંઃ ' મારું ક્યારેય કામ પડે તો બેધડક કહેજો. ત્યારે મને ખબર નહોતી કે હું અદનો કલાકાર દેશકાજે કામ આવીશ.'

આઇબી ચીફે જે રીતે બેજલમેડના મંદિરમાં હ્યુમન એસેટ ઊભી કરી એ જ તરાહ પર રાધા ચાવાળા પુરોહિત નામની હ્યુમન એસેટ ઊભી કરી રહી હતી. ઇન્ટેલિજન્સ ઓફિસરોને અપાતી આ તાલીમ આઇબીની અસલી તાકાત હોય છે.

*************

'કેટલા કમાઇ લો છો....?' બપોરના સમયે ચાની ઘરાકી ન હોય ત્યારે રાધાએ પુરોહિતને પૂછ્યું.

'દાલબાટી જેટલું કાઢી લઉં છું. સાચું કહું તો ભક્તોની સેવા અને ગોપાલાની ભક્તિ છે.' પુરોહિતે કહ્યું.

આસપાસ કોઇ નથી એની ખાતરી કરીને રાધા બોલીઃ 'તમારો ચાનો ધંધો અને ગોપાલાની ભક્તિ બંને ચાલુ રહે એવું કામ કરશો?'. ચાના તપેલામાં ઘૂમી રહેલો પુરોહિતનો કડછો થંભી ગયો. પુરોહિતની નજર રાધા પર ચીટકી ગઇ. પહેલીવાર કોઇ અજાણી વ્યક્તિ અને એ પણ કોઇ બાઇમાણસે... પચાસેક વર્ષના અજાણ્યા આદમીને કામની ઓફર કરી હતી. સ્વાભાવિક શંકા જવા માટેનું આ સચોટ કારણ હતું.

'કામ ગેરકાનૂની હોય તો મારી ચા પીવા પણ આવતા નહીં....' પુરોહિતે રોકડું પરખાવ્યું.

રાધા હસી. 'તમે અને હું મંદિરના આંગણે ઊભા છીએ એટલે....'

'કામ બોલો....' પુરોહિત બોલ્યો.

'આમ રસ્તા વચ્ચે વાત નહીં થાય....' રાધાએ કહ્યું.

'મારા ઘરે પધારો....સાંજે છ પછી. વિઠ્ઠલ મંદિરની ગલીમાં....કોઇને પણ નામ પૂછી લેજો.'

રાધાએ પીઠ ફેરવી ને પાછળથી અચાનક આવેલા રાઘવે હથેળીમાં તમાકુ ચોળીને જમણા હાથની પહેલી બે આંગળીઓ વડે એને થપથપાવી.

'લો મારાજ પરસાદ....' રાઘવે પુરોહિતને તમાકુની ચપટી ભરીને આપી....ફાળિયું ઝાટકીને કમરે બાંધ્યું....અને ધીમે ધીમે ઢાળ ઊતરી રહેલી રાધાને જોઇ રહ્યો. (ક્રમશઃ)■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આ આર્થિક ભૂતનાં તૂત કેવાંક ખતરનાક છે?

**અત્યારે આભાસી નાણું ક્રિપ્ટો કરન્સીની કોન્ટ્રોવર્સી ચાલી રહી છે . એ વિવાદના સમાંતરે NFT- નોન ફંગિબલ ટોકનનું નવું તૂત પણ ઉમેરાયું છે ...આ NFT શું છે અને એ રોકાણકારો માટે કેવુંક ઉપકારક અને કેટલું જોખમી છે એ ગીધ નજરે જાણવું જરૂરી છે...**

આપણી આસપાસ આજે કેટલું બધું બની રહ્યું છે રોજિંદી જિંદગીમાં ય ધારી નહોતી એટલી બધી ઘટના બની રહી છે... ડોનલ્ડ ટ્રમ્પના તરંગી ટૅરિફની સાથે અમેરિકા -ઈઝરાયલ -ઈરાક યુદ્ધ ... એમાંય તમે જો અખબાર જગત સાથે સંકળાયેલા હો તો ઘાંઘાં થઈ જાવ એ ઝડપે બધું બનતું રહે છે. જેનો પહેલાં સરવાળો થતો હતો એ બધાનો હવે ગુણાકાર થવા લાગ્યો છે.!

આ બધા વચ્ચે આર્થિક આપઘાત કરવાના ખુવાર થવાના ઘણા રસ્તા છે. એમાંય બે બે રસ્તા આજે એવા પણ છે, જેમાં તમે અચૂક સફળ નીવડો. આર્થિક આપઘાતના એ બે રસ્તામાંથી એક છે શૅરબજાર અને બીજો છે ક્રિપ્ટોકરન્સી!

શેરબજાર તમને આર્થિક રીતે આબાદ કરી શકે એમ ખુવાર પણ કરી શકે છે. એવું જ આજનું નવું દૂષણ છે આભાસી નાણું ક્રિપ્ટો.

આર્થિક જગત અને શૅરબજારમાં જેમની ઓળખ સૌથી ડાહ્યા માણસ અને સૌથી સ્માર્ટ ઈન્વેસ્ટર તરીકે છે એવા ૯૫ વર્ષીય વૉરેન બફેટને તો આજના નવા આર્થિક દૂષણ એવા ક્રિપ્ટો કરન્સી પર સખત નફરત છે. આજે આશરે ૧૭૦ અબજ ડૉલરની માલ-મિલકત સાથે સક્રિય બિઝનેસમાંથી લગભગ નિવૃત્તિ લઈ ચૂકેલા વૉરેન બફેટ કહે છે કે 'બિટકોઈન તો મૂષક મારવાની ઝેરી દવા જેવો છે હું તો મારી મિલકતમાંથી ૨૫ ડૉલર જેવી મામૂલી રકમ સુધ્ધાંનું ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ ન કરું, કારણ કે આ આભાસી નાણું તો ચેપી ગુપ્ત રોગ જેવું છે!'

બીજી તરફ, બીજા દેશોની જેમ આપણી સરકાર પણ અવઢવમાં છે કે ક્રિપ્ટો કરન્સીને સત્તાવાર માન્યતા આપવી કે નહીં. આપણી રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રા જેવા અનેક આર્થિક નિષ્ણાતો પણ આ ક્રિપ્ટો કરન્સીને લેભાગુ પોન્ઝી સ્કીમ જેવી ગણે છે. ગમે ત્યારે એનો પરપોટો ફૂટી શકે છે..

આજકાલના સાંયોગિક પુરાવા પણ તે તરફ દોરી જાય તેવા છે. જે રીતે ક્રિપ્ટોની બજાર અને શૅર માર્કેટમાં અવારનવાર અંધાધૂંધી ફેલાઈ જાય છે એ જોઈને ભલભલા ખાંટી રોકાણકારોનાંય હ્રદયનાં પાટિયાં બેસી જાય ક્રિપ્ટો અને શૅરબજારના તો પળે પળે પલટાતાં વલણ કાંચિડાનેય શરમાવે તેવાં છે.

આ બધા વચ્ચે, એવી ઝડપથી ઘણું નવું નવું ઉમેરાઈ રહ્યું છે કે આભાસી નાણાં ક્રિપ્ટોની દુનિયા ભૂલભૂલૈયા જેવી બની ગઈ છે. ક્રિપ્ટોના આ ધંધામાં પૂરતા જ્ઞાન-સમજ વગર રસ ધરાવતા લોકો સહેજ ફાયદો-પ્રોફિટ મળતાં ગેલમાં આવી જાય છે. આ વલણ ખતરનાક છે, કારણ કે સરકારી નિયમન વગર ચાલતી આ માર્કેટમાં આંધળું ઈન્વેસ્ટમેન્ટ આત્મઘાતી પુરવાર થઈ શકે. ફરી શાણા અને સફળ રોકાણકાર વૉરેન બફેટના શબ્દો ટાંકીએ તો કહી શકાય : 'અજ્ઞાન અને ઉધારના પૈસામાં લાલચ ભળે તો એ ડેડલી કોકટેલ બની જાય.'

આટ આટલાં ભયસ્થાનો હોવા છતાં શૅરબજારની જેમ આજે ક્રિપ્ટોનો ક્રેઝ-ગાંડપણ પણ વધી રહ્યું છે. બધાને રાતોરાત અઢળક કમાઈ લેવું છે. સદીઓ પહેલાં આવો જ એક વાયરો જોરશોરથી ફૂંકાયો હતો એને આજે આપણે ક્રિપ્ટો કરન્સી સાથે સરખાવી શકીએ.

મધ્યયુગનો એ માયાવી વાયરો હતો ટ્યૂલિપ ફલાવરનો. જે આપણે ત્યાં 'કંદ પુષ્પ' તરીકે ઓળખાય છે એ મૂળ તો તુર્કીનું ફૂલ. યુરોપના શ્રીમંતો એની પાછળ પાગલ. પોતાના માણસોને ખાસ તુર્કી મોકલી ટ્યૂલિપ મંગાવતા. યુરોપના શ્રીમંતો પોતાનાં વૈભવી મહાલય ટ્યૂલિપ ફલાવરથી શણગારતા. આ એક 'સ્ટેટસ સિમ્બોલ'- વિશેષ સામાજિક મોભો ગણાતો. પાછળથી એની ખેતી યુરોપમાં-ખાસ કરીને હોલેન્ડમાં થવા લાગી. શરૂઆતમાં આ પુષ્પો ધનવાનોને પોષાતા. પછી મધ્યમ વર્ગમાંય એની ઘેલછા શરૂ થતાં એનો વેપાર ઝડપથી વધવા લાગ્યો એટલે ઊંચી કિંમતે એની લે-વેંચ થવા માંડી. એ વખતે ટ્યૂલિપની લોકપ્રિયતા એવી વધી ગઈ કે લોકો માનવા માંડ્યા કે આ ફલાવરના ચાહક છે એ વિદેશના શ્રીમંતો એની ખરીદી માટે હોલેન્ડ આવશે.



NFT દ્વારા સૌથી મોંઘી કિંમતે વેંચાયેલું પેન્ટિંગ The Merge

પરિણામે લોકો પોતાના મૂળ કામ ધંધાને છોડીને ટ્યૂલિપના વેપારમાં લાગી ગયા. એ વખતે ટ્યૂલિપ ફૂલની માંગ એવી વધી કે જોઈતી ખપતની સામે માલની જબરી અછત સર્જાઈ. ટ્યૂલિપ ફૂલના આગોતરા સોદા થવા લાગ્યા પરિણામે એની માર્કેટમાં ગજબની તેજી આવી અને પછી આવી દરેક તેજીમાં થાય છે એમ એની પરાકાષ્ઠાએ ટ્યૂલિપના શાણા સટોડિયાઓએ એના નો સઘળો માલ બજારમાં વહેલો ફૂંકી માર્યો ને માર્કેટ ધડાકાબંધ કડડભૂસ તૂટી પડી, જેમાં હોલેન્ડના અસંખ્ય લોકો પાયમાલ થઈ ગયા.

નાણાંનું આયોજન કઈ રીતે કરવું એના મુંબઈના જાણીતા આર્થિક સલાહકાર ગૌરવ મશરૂવાળા ટ્યૂલિપના એ વર્ષો જૂના ફિયાસ્કાને યાદ કરાવતા ઉમેરે છે કે સમજ્યા-વિચાર્યા વિના ક્રિપ્ટો કરન્સીમાં આજે જે રોકાણ કરવાની ઘેલછા છે એ પેલા ટ્યૂલિપમેનિયા જેવી જ છે. ક્રિપ્ટોનું જો બરાબર નિયમન નહીં થાય તો એની દશા-અવદશા ટ્યૂલિપના વાસી-ગંધાતાં ફૂલ જેવી થઈ જશે..!

કોવિડ વખતનું લૉકડાઉન ઘરબંધીને લીધે ડિજિટલ આર્થિક વ્યવહાર વધ્યો એને પગલે સાઈબર ક્રાઈમમાં પણ વધારો થયો. હવે દૃશ્યમાં વર્ચ્યુલ કરન્સી ક્રિપ્ટોના પ્રવેશ પછી આ સાઈબર ક્રાઈમવાળા ક્રિપ્ટો ક્રાઈમ તરફ વળી ગયા છે. એ જ રીતે, ક્રિપ્ટોની લે-વેચ કરતા બોગસ ક્રિપ્ટો એક્સચેન્જમાંય ઉછાળો આવ્યો છે. આ બે ભયસ્થાનની અડફેટમાં કેમ ન આવવું એ વિશે વિચારીએ સમજીએ એ પહેલાં આપણે ત્યાં એક ત્રીજી જ ભયની સીસોટી-ઘંટી વાગવાની શરૂ થઈ ગઈ છે.

એ છે NFT એટલે કે 'નોન ફંગિબલ ટોકન' (કોઈ આનો ઉચ્ચાર'ફંગિબ્લેસ' પણ કરે છે). એને સરળ શબ્દોમાં સમજાવીએ તો એ એક એવું ટોકન-નિશાની છે, જે બ્લેકચેન તરીકે ઓળખાતી ડિજિટલ માધ્યમથી તૈયાર થાય છે. આ અદ્વિતીય ડિજિટલ ટોકન -સંપત્તિમાં કોઈ ફેરફાર શક્ય નથી. તમે કોઈ પણ કલાકૃતિ-તસવીર-વીડિયો, મ્યુઝિક , ઈત્યાદિને NFT માં પલટાવી ને એને વેંચી શકો. શરત માત્ર એટલી જ કે એનું વેંચાણ માત્ર ક્રિપ્ટો કરન્સીમાં જ થઈ શકે છે.



કવિ પિતાની કવિતાનું વાંચન કરતા અમિતાભઃ આમાંથી પણ કમાણી થાય...!

ઉદાહરણ તરીકે, તમારે કોઈ જાણીતું પેન્ટિંગ તમારા સ્વજન કે મિત્રને ભેટ આપવું હોય તો એને NFT માર્કેટપ્લેસમાંથી ક્રિપ્ટો કરન્સી દ્વારા એ ખરીદી શકો. આવા જ ક્રિપ્ટો તથા NFT ના સંયોજન દ્વારા કાળાં નાણાંની હેરાફેરી હવાલાથી આતંકવાદીઓ સુધી પણ પહોંચી શકે.કઈ રીતે પહોંચે છે એ સમસ્ત પ્રક્રિયા અટપટી છે. કાયાદાના સકંજામાં સહજતાથી એ આવતી નથી, છતાંય આપણી સરકારે અગાઉ એક ક્રિપ્ટો એક્સચેન્જ દ્વારા રૂપિયા સાડાચાર કરોડના ગેરકાનૂની વ્યવ્હારને આંતર્યા હતા...

છેલ્લાં એકાદ વર્ષમા-૨૦૨૫માં ૩૫ અબજ ડૉલરનો ધંધો NFT માર્કેટમાં થયો છે, જે એક ધારણા મુજબ ૨૦૨૬ના અંત સુધીમાં વધીને ૬૧ અબજ ડૉલરનો આંક વટાવી જશે... !

આ માર્કેટમાં ખાસ કરીને મોંઘાં ગણાતાં પેન્ટિંસના જ વધુ વેચાણ થયાં છે. પાંચેક વર્ષ પહેલાં ડિજિટલ આર્ટ કેટેગરીમાં 'The Merge' નામનું એક પેન્ટિંગ ૯૧.૮ મિલિયન (૧ મિલિયન= ૧૦ લાખ ) ડૉલરમાં વેંચાયું હતું. આ અત્યાર સુધીની એ સૌથી વધુ કિંમતે વેંચાયેલું પેન્ટિંગ છે. એ પછી 'એવરીડેઝઃ ધ ફર્સ્ટ ૫૦૦૦ ડેઝ' નામનું ડિજિટલ પેન્ટિંગ પણ વિક્રમસર્જક ૬૯.૩ મિલિયન ડૉલર (આશરે રૂપિયા પાંચ અબજ ૪૦ કરોડ)માં વેંચાયું છે.

હોલિવૂડની જેમ આપણે ત્યાં પણ અમિતાભથી લઈને રજનીકાંત જેવા સુપરસ્ટાર NFT દ્વારા એમની 'ચીજ'ની રોકડી કરી રહ્યા છે. અમિતજીએ એમના સ્વરમાં રેકોર્ડ કરેલી એમના પિતા હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા' કવિતાઓનું વેચાણ કર્યું હતું. પિતાની કવિતા વત્તા ઓટોગ્રાફ કરેલાં પોતાની જાણીતી ફિલ્મ્સ પોસ્ટર્સનાં ડિજિટલ વેંચાણ દ્વારા અમિતજી રૂપિયા ૭ કરોડ ૧૭ લાખ કમાયા હતા. રજનીકાંત - સલમાન -અક્ષય કુમાર સુધ્ધાંએ આવાં NFTના સેલમાં ઝુકાવ્યું છે!

જો કે આ ક્રિપ્ટો કરન્સી અને NFT થી થતી કમાણી પહેલી નજરે ભલભલાને ચલિત કરી દે એવી છે, છતાંય આર્થિક નિષ્ણાતોના મતે આ બધા ખેલ આખરે તો ખતરનાક જ છે! ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# માણસની સંવેદનાને બુઠ્ઠી કરી રહ્યાં છે આવાં વર્તમાન યુદ્ધ!

**વર્ષની** શરૂઆતમાં એલઓસી કારગીલ કરતાં પણ હથોડા છાપ એવી ફિલ્મ 'બોર્ડર-ટુ' આવી. નવ્વાણુંની 'બોર્ડર' નું અમર ગીત 'સંદેસે આતે હૈ' ને નવેસરથી સરસ રીતે નબળું બનાવીને આ નવી ફિલ્મમાં પણ મૂકેલું. વોર ફિલ્મની વાત તો અહીં નથી કરવી, પણ પોઇન્ટ એ છે કે 'સંદેસે આતે હૈ, હમે તડપાતે હૈ..' એ સમય ગયો. ગીતમાં પ્રગટ થતી આ લાગણી અત્યારે આઉટડેટેડ છે. 'ચિઠ્ઠી આઈ હૈ ...' ગઝલ સાથે આજની જેન-ઝી કનેક્ટ થઈ શકશે ખરી ? કારણ કે હવે તો નોટિફિકેશન આવે છે અને ઢગલા બંધ નોટિફિકેશન વચ્ચે આવા યુદ્ધના નોટિફિકેશન સખત અવગણના પામે છે. આ છે નયા વિચાર, નયા ઝમાના, ન્યુ નોર્મલ. એવું નોર્મલ જેમાં યુદ્ધ માત્ર એક નોટિફિકેશન- મનોરંજનનું એક માધ્યમ બની ગયું છે.

થોડાક વર્ષ પહેલાં જ આ ચિઠ્ઠીઓના જમાનામાં શું થતું? અડોશી-પાડોશી પૂછતાં રહે કે - તમારો દીકરો મિલિટરીમાં છે તો આ બધું બરાબર છે ને? જવાનના પિતા જવાબ આપે કે - બરાબર જ હશે પણ અમારા સુધી હજુ કોઈ ખબર પહોંચી નથી. ગઈ સદીમાં બે વિશ્વયુદ્ધ ઉપરાંત કેટલાં બધાં યુદ્ધો થયાં. બીજે દિવસે છાપામાં માત્ર મર્યાદિત ફોટો આવે એ જોવા માટે આખી રાત ચિંતામાં પસાર કરવાની થતી. રેડિયો હતા પણ રેડિયો પરના ન્યુઝ એકદમ ટૂંકા અને સીમિત માહિતી આપે એવા. આ પ્રકારનાં માધ્યમોને કારણે એવું થયું કે તે સમયના લગભગ દરેક નાગરિકને યુદ્ધ નામની જણસ બહુ દૂર લાગતી. બધા માટે યુદ્ધ તો બહુ જ દૂરના અંતરે આવેલો એક 'ઘટના' માત્ર હતી. યુદ્ધનાં દૃશ્યોની જોયેલી જૂજ ફિલ્મો કે વાંચેલી વાર્તાઓ ને મળેલા ખબર પરથી માત્ર કલ્પના કરવાની રહેતી. હવે સરહદ પારનું યુદ્ધ બિગ બોસનો સેટ બની ગયો છે. લાઈવ સ્ટ્રીમિંગ થઈ રહ્યું છે. ત્રણ હજાર કિલોમીટર દૂર કોઈ મિસાઈલ ફૂટે અને ત્રણ મિનિટ પછી આપણે ખુદ એ વીડિયો જોઈને નીચે કમેન્ટ કરીએ છીએ. ક્રિકેટની મેચનું સ્કોરબોર્ડ અને વોરમાં ફૂટેલા બોમ્બ કે મરેલા માણસોના આંકડાઓ વચ્ચે શું ફરક રહ્યો છે? ભૂતકાળમાં વોરઝોન તો બાઉન્ડ્રીહતી ને, આપણી ટાઇમલાઈન યુદ્ધક્ષેત્ર બની ગયું છે, જેની આપણે મજા લઇ રહ્યા છીએ. ક્યાંય કોઈ ઘાયલ થાય, કોઈ કાટમાળ નીચે રડતા બાળકનો અવાજ સંભળાય, કોઈ અધમુવી સ્ત્રી વિધવા થઈ ગઈ હોય - આ બધા વિષયો



છે, લાઇક્સ અને વ્યૂઝ વધારવા માટે.

પ્રાચીન સમયમાં રોમનો પ્રજાની આ વૃત્તિ સમજી ગયેલા. (પૂરક માહિતીઃ- એ જમાનામાં ઇન્સ્ટાગ્રામ ન હતું.) રોમ સામ્રાજ્યનું શાસન કરતા કરતા જો અંદરોઅંદર ડખા થઈ જાય ત્યારે રાજદરબારમાંથી અમુક વાતો લીક થઈને પ્રજા સુધી પહોંચે અને પછી એ ગોસીપમાં મસાલો ભળીને મોટી અફવા બને. પ્રજા એકદમ અસ્વસ્થ થઈને બળવો કરે એ પહેલા જ રોમન રાજા કોલોઝિયમમાં ગ્લેડીએટરની ફાઈટનું ફંક્શન ગોઠવી દે. જે મરી જાય એ હાર્યું. હજારો લોકો આવી ફાઈટ જોવા માટે તે વિશાળ કોલોઝિયમ- સ્ટેડિયમમાં ભેગા થાય. લોકો મનોરંજન મેળવે. મૂળ રાજકીય પ્રશ્ન વિસરાઈ જાય. પરિણામે, જે તે રાજા વધુ સમય સુધી ગાદી પર કબજો જાળવી શકે.. રોમન સામ્રાજ્યના બે હજાર વર્ષ પછી પણ આ કહેવાતા સુધરેલા માણસોની વૃત્તિમાં ખાસ કંઈ ફેર નથી પડ્યો. સ્થળ બદલાઈ ગયું છે. કોલોઝિયમનું સ્થાન હવે પોતપોતાના ફોનની સ્ક્રીને લઈ લીધું છે.

ટેક્નોલોજી કંઈ વિલન નથી. પણ આજના માણસ માટે ટ્રેજેડી અને મદારીનો શો બંને સરખા થઈ ગયા છે. ત્રાહિત માણસની પીડા સતત સામે દેખાયા કરે ત્યારે આપણું મનોમસ્તિષ્ક ડિફેન્સ મિકેનિઝમ ઊભી કરે. માણસ અચાનક અસંવેદનશીલ થઈ જાય. પહેલો ધડાકો અંદરથી હલબલાવી મૂકે. દસમો ધડાકો સંભળાય પણ નહીં એવું બને. અને એકસોમો ધડાકો માત્ર મનોરંજન બનીને રહી જાય. આ દુનિયાને અત્યારે મનોરંજન તો જોઈએ છે. વિશ્વયુદ્ધ સમયે સૈનિકોની ખેંચ પડતા 'નેશન વોન્ટ્સ યોર સપોર્ટ' ના પોસ્ટર લાગેલા. આજની પ્રજા ત્યાગ કે બલિદાનમાં નથી માનતી એવું નથી. વર્તમાન સમયમાં કંઈક અઘટિત બને તો તરત લોકો બ્લેક પ્રોફાઈલ પિક્ચર મૂકી દે છે, પોતાના મંતવ્યનો વીડિયો શેર કરે છે, યુદ્ધ ઉપરનો કોઈ મેસેજ કે સ્વલિખિત કવિતા ફોરવર્ડ કરી આપે છે. કેટલું સરસ!

અનુભવ સિંહાની 'અસ્સી' ફિલ્મનો એક ડાયલોગ તમાચા જેવો છે. કોર્ટના અનુભવી ન્યાયાધીશ કોર્ટમાં બેઠેલાં નાનાં બાળકોને કહે છે - ડુ બેટર ધેન અસ... અમારી પેઢીએ તો કંઈ ખાસ ઉકાળ્યું નથી પણ તમે લોકો આ દુનિયાને બેહતર બનાવજો...!

કેવી ક્રૂર કઠણાઈ છે આ. બધા ઉંમરમાં મોટા અને અનુભવી લોકો લડી રહ્યા છે. માનવ બળ અને કુદરતી સંપત્તિનો કચ્ચરઘાણ વાળી રહ્યા છે. ધર્મના નામે કે પૈસાના નામે લોકોની કત્લેઆમ ચાલે છે. શું આવો સમય જોવા માટે આપણે સૌ સવારથી સાંજ આટલી માથાકૂટ કરી રહ્યા છીએ? શું આ સમય લાવવા માટે સદીઓથી અનેક પેઢીઓએ આ દુનિયા બનાવવાની જહેમત ઉપાડી હતી? સ્ત્રીઓની આબરૂ કાઢવા માટે શું AI ડેવલપ કરવામાં આવે છે? ઊડતી ટેક્સીઓ તો શરૂ ન થઈ, પણ આ ઉડતા ડ્રોન તબાહી મચાવે છે શું એના માટે દુનિયાનો દરેક નાગરિક ટેક્સ ભરે છે? હવેનાં બધાં શસ્ત્રો હાઈ ટેક છે. ઈન્ટરનેટ અને સોફ્ટવેર સાથે જોડાયેલાં છે. કમ્પ્યુટર બન્યું અને એના આટલા વર્ષ સુધી કરોડો યુવાનોએ આઈ-ટી ક્ષેત્રમાં પોતાની જિંદગી પસાર કરી છે. બની શકે કે ગાઇડેડ મિસાઈલ ફોડતો સોફ્ટવેર ડેવલપ કરવામાં કે ડ્રોનના એક્સપ્લોઝનમાં આપણા મિત્રોએ લખેલા કોડ પરોક્ષ રીતે જવાબદાર હોય. યુદ્ધના આપણે પણ નાછૂટકે હિસ્સેદાર હોઈએ. આપણે કંઈ કરીએ કે ન કરીએ, આપણી આત્માનો એક નાનોશો અંશ આપણે દરરોજ ગુમાવી રહ્યા છીએ. ■

કરિયર

નિધી ભટ્ટ
feedback@bombaysamachar.com

# ધોરણ ૧૨ પછી આર્ટ્સના વિદ્યાર્થીઓની કારકિર્દીને વેગ આપશે આ કોર્સ...

ધોરણ ૧૨મા પછી યોગ્ય કોર્સ પસંદ કરવાથી વિદ્યાર્થીની કારકિર્દીની દિશા નક્કી થાય છે. આજે એન્જિનિયરિંગ અને મેડિકલ ઉપરાંત લો, ડિઝાઇન, અર્થશાસ્ત્ર, હોટેલ મેનેજમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ અને પત્રકારત્વ જેવા ઘણા નવા વિકલ્પો ઉપલબ્ધ છે. આ વિશે વિગતવાર જાણીએ.

૧૨મા ધોરણ પછી યોગ્ય કોર્સ પસંદ કરવો એ દરેક વિદ્યાર્થીના ભવિષ્ય માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. આજે કારકિર્દીના વિકલ્પો હવે ફક્ત એન્જિનિયરિંગ અને મેડિકલ પૂરતા મર્યાદિત નથી રહ્યા, પરંતુ લો, ડિઝાઇન, અર્થશાસ્ત્ર, ડિજિટલ માર્કેટિંગ અને પત્રકારત્વ જેવા ઘણા નવા અને ઝડપથી વિકસતાં ક્ષેત્રો ઊભરી આવ્યા છે. આ કોર્સ વિદ્યાર્થીઓને તેમની રુચિઓ અને ક્ષમતાઓ અનુસાર વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત બનવાની તક આપે છે.

વિદ્યાર્થીઓ માત્ર સારી નોકરી જ મેળવી શકતા નથી, પરંતુ યોગ્ય માહિતી અને માર્ગદર્શન સાથે તેમના પસંદ કરેલા ક્ષેત્રમાં સફળ કારકિર્દી પણ બનાવી શકે છે.

## કાયદાના ક્ષેત્રમાં મજબૂત કારકિર્દી

ઇન્ટિગ્રેટેડ એલએલબી એ પાંચ વર્ષનો કોર્સ છે જે વિદ્યાર્થીઓ ૧૨મા ધોરણ પછી સીધા જ અનુસરી શકે છે. આ કોર્સ બીએ એલએલબી અથવા બીબીએ એલએલબી જેવા વિકલ્પોમાં ઉપલબ્ધ છે. તેમાં બંધારણ, કાનૂની પ્રક્રિયા, ન્યાયિક પ્રણાલી અને કાનૂની તર્ક જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ ડિગ્રી પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ વકીલ બની શકે છે, કોર્પોરેટ કંપનીઓમાં કાનૂની સલાહકાર તરીકે કામ કરી શકે છે અથવા ન્યાયિક સેવા પરીક્ષાની તૈયારી કરી શકે છે. આ કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે આદર્શ છે જેઓ ચર્ચા, દલીલ અને સામાજિક મુદ્દાઓમાં રસ ધરાવતા હોય છે.

## સર્જનાત્મક વિદ્યાર્થી માટે તકો

ઇ.ઉયત એવા વિદ્યાર્થીઓ માટે યોગ્ય છે જેઓ સર્જનાત્મક વિચારસરણી અને ડિઝાઇનમાં રસ ધરાવતા હોય. આ કોર્સ ફેશન ડિઝાઇન, ઇન્ટિરિયર ડિઝાઇન, પ્રોડક્ટ ડિઝાઇન અને ઞડ/ઞઈ ડિઝાઇન જેવી વિશેષતાઓ પ્રદાન કરે છે. ડિઝાઇનર્સ નવી પ્રોડક્ટ્સ, ડિજિટલ એપ્લિકેશન ઇન્ટરફેસ અથવા કંપનીઓ માટે રહેવાની જગ્યાઓ ડિઝાઇન કરે છે. આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ મોટી ડિઝાઇન કંપનીઓ, ફેશન બ્રાન્ડ્સ અથવા ફ્રીલાન્સર્સ તરીકે કામ કરી શકે છે.

## વૈશ્વિક સ્તરે કારકિર્દી

આ કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે સારો વિકલ્પ છે જેઓ આંતરરાષ્ટ્રીય રાજકારણ, વિદેશ નીતિ અને વૈશ્વિક ઘટનાઓમાં રસ ધરાવતા હોય. તે રાષ્ટ્રીય સંબંધો, આંતરરાષ્ટ્રીય વેપાર અને વૈશ્વિક સંગઠનોની ભૂમિકા વિશે શીખવે છે. આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ દૂતાવાસો, આંતરરાષ્ટ્રીય સંગઠનો અને બિન-સરકારી સંગઠનો સાથે કામ કરી શકે છે. આ કારકિર્દી બંને આદરણીય છે અને વિશ્વભરના વિવિધ દેશો સાથે કામ કરવાની તક આપે છે.



## વધતી માગનું ક્ષેત્ર

અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે બેંકિંગ, સરકારી નીતિ, સંશોધન અને કોર્પોરેટ ક્ષેત્રમાં અસંખ્ય તકો છે. જો વિદ્યાર્થીઓ ડેટા વિશ્લેષણ પણ શીખે છે, તો તેઓ બજારનાં વલણો અને ગ્રાહક વર્તણૂકને સમજવામાં નિષ્ણાત બની શકે છે. આજે કંપનીઓ અને સરકાર બંને એવા નિષ્ણાંતોની માગ કરી રહ્યા છે જે ડેટાના આધારે જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરી શકે.

## પર્યટન ઉદ્યોગમાં સંભાવના

હોટેલ મેનેજમેન્ટ અભ્યાસક્રમો પ્રવાસન, હોટેલ અને ખાદ્ય ઉદ્યોગો સાથે સંબંધિત છે. વિદ્યાર્થીઓને હોટેલ કામગીરી, ગ્રાહક સેવા અને ઇવેન્ટ મેનેજમેન્ટમાં તાલીમ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ મોટી હોટેલ, રિસોર્ટ, ક્રૂઝ લાઇન અથવા એરલાઇન્સમાં કામ કરી શકે છે. વધુમાં પોતાનો રેસ્ટોરન્ટ અથવા હોસ્પિટાલિટી વ્યવસાય શરૂ કરવાની તકો છે.

## ઓનલાઇન વિશ્વમાં ઊભરતી કારકિર્દી

ઇન્ટરનેટના વધતા ઉપયોગને કારણે ડિજિટલ માર્કેટિંગની માગ ઝડપથી વધી છે. આ ક્ષેત્રમાં કંપનીઓની વેબસાઇટ્સ, સોશ્યલ મીડિયા અને ઓનલાઇન જાહેરાતનું સંચાલન શામેલ છે. વિદ્યાર્થીઓ કન્ટેન્ટ રાઇટિંગ, સોશ્યલ મીડિયા મેનેજમેન્ટ અને ઓનલાઇન બ્રાન્ડ પ્રમોશન જેવી કુશળતા શીખે છે. આ ક્ષેત્ર ટૂંકા ગાળામાં આશાસ્પદ કારકિર્દીની તકો પ્રદાન કરે છે.

## મીડિયામાં કારકિર્દીની તક

પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશન કોર્સ સમાચાર, લેખન અને મીડિયામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે યોગ્ય છે. આ કોર્સ રિપોર્ટિંગ, ડિજિટલ મીડિયા, ટીવી અને રેડિયો બ્રોડકાસ્ટિંગ અંગે માહિતી પ્રદાન કરે છે. આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ રિપોર્ટર, ન્યૂઝ એન્કર, કન્ટેન્ટ ક્રિએટર્સ અથવા સોશ્યલ મીડિયા મેનેજર તરીકે કામ કરી શકે છે. આ વ્યવસાય સમાજને સચોટ માહિતી પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ઉર્દૂ - ગુજરાતીના શાયર ચિનુ મોદીનું વિશિષ્ટ પ્રદાન

**આંસુ ઉપર આ કોના નખની થઈ નિશાની?**
**ઈચ્છાને હાથપગ છે, એ વાત આજે જાણી.**

ગુજરાતી ગઝલકારોમાં કોઈ એવા વિશિષ્ટ કવિઓ છે જે બહુઆયામી છે. સાહિત્યના તમામ પ્રકારોમાં જેમની ગતિ રહી છે એવા થોડાક સર્જકોમાં એક નામ છે ચિનુ મોદી. દરેક ગુજરાતી ગઝલકારે ઉર્દૂ વાંચતા-લખતા શીખીને ઉર્દૂ ગઝલગોઈ જાણવી જોઈએ. ગઝલ લખવા માટે આ અનિવાર્ય નથી પણ પરંતુ વધુ સારી ગઝલ લખવા માટે જરૂરી છે. માત્ર છંદો જાણવાથી ગઝલ બનતી નથી. છંદો તો બાહ્ય દેહ છે, એના અંતરંગની જાણકારી હોવી જોઈએ.

ગુજરાતી ગઝલનું સદ્ભાગ્ય છે કે ઉર્દૂમાં ગઝલ લખતા શૂન્ય પાલનપુરી જેવા મોટા ગજાના કવિએ ગુજરાતીમાં માતબર પ્રદાન કર્યું છે. ઘાયલ સાહેબનો ગહન અભ્યાસ હતો. મરીઝ, બેફામ, સૈફ, ગનીભાઈથી લઈને નવી કેડી કંડારનાર આદિલ મન્સૂરી સુધીના ગઝલકારોને ઉર્દૂ ગઝલનો અભ્યાસ હતો. આદિલ અને ચિનુ મોદી બન્નેએ ગુજરાતી અને ઉર્દૂ ગઝલો લખી છે પણ ચિનુનું પ્રદાન વિશેષ છે. ઉર્દૂની બારીકાઈ સાથે ચિનુ મોદી ગુજરાતી ગઝલમાં સાદગી લાવ્યા, સરળતા સાધી અને કહેવાની રીત બદલાવી નાખી.

ચિનુ મોદી એક અચ્છા ગઝલકાર છે એટલા જ ઉમદા કવિ છે. નવલકથાકાર, નાટ્યકાર, નિબંધ લેખક એમ સાહિત્યનાં તમામ ક્ષેત્રોમાં ચિનુ મોદી છવાઈ ગયા છે. એ બોલતા હોય તો લાગે કે કવિ શિખરિણી છંદમાં બોલે છે. આટલો બધો સહજ છે એમનો આ છંદ.

ચિનુ મોદી ભાવકની અપેક્ષાને સારી રીતે સંતોષે છે. જ્યારે પરંપરાગત ગઝલમાં ફારસી. ઉર્દૂ શબ્દો સહજતાથી ગોઠવાઈ જતા હતા ત્યારે ચિનુ મોદી અને એમના સમકાલીનોએ ગઝલને નમણી ગુજરાતી ભાષાના સર્વાંગસુંદર જરકશી જામ પહેરાવ્યા. એ આધુનિક ગઝલના આંતરઅ: બાહ્ય સૌંદર્યને નિખાર આપીને ગઝલ સ્વરૂપને એક નવા મકામ તરફ લઈ જાય છે. ગઝલ એ શબ્દની રમત નથી. પણ શબ્દની ક્ષમતાને નાણી-પ્રમાણીને ગઝલના રંગમાં રંગવાની હોય છે. આને આકાર કહો કે સ્વરૂપ કહો પણ ચિનુ મોદીએ આ નકશીકામ બહુ સરસ રીતે કર્યું છે. શબ્દોની વાત ચિનુ આ રીતે કરે છે:

**કદી આંસુઓનું લઈ રૂપ આવે,**
**કદી ફૂલ પેઠે પરોવાય શબ્દો.**



**કદી મૌનનો એક સાગર છલકતો,**
**કિનારે રહીને તરી જાય શબ્દો.**

ગઝલકારની કસોટી દરેક શેરમાં થતી હોય છે. ગઝલિયત એટલે ગઝલના રંગની અને શેરિયત એટલે કાવ્ય તત્ત્વની - એવી રીતે ગઝલે સામાન્ય અને વિદગ્ધ ઊભય પ્રકારના ભાવકની રસવૃત્તિને સંતોષવાની બેવડી જવાબદારી અદા કરવાની હોય છે. ગઝલની વાત કરતી વખતે એક મહત્ત્વનો મુદ્દો ધ્યાનમાં રહેવો જોઈએ કે બહિરંગ અને અંતરંગ પૈકી માત્ર એકની સિફારસ કરવાથી એના સ્વરૂપનું અલગપણું સિદ્ધ થતું નથી. ઘાયલ સાહબે સાચે જ કહ્યું છે કે દેખાવે સરળ અને સ્વભાવે સુકુમાર લાગતી ગઝલ એ તો ભલભલા કવિનો કસ કાઢતી હોય છે. આ કસોટી આકરી છે. એ કવિ પાસેથી ઉચ્ચ કાવ્ય તત્ત્વની અપેક્ષા રાખે છે. ગઝલિયત અને શેરિયત ચિનુ મોદીના સર્જનમાં કેવી રીતે આકાર પામે છે એની વાત કરવી જરૂરી છે.

ચિનુ મોદી પાસે કહેવાની રીત નવી રીત મળે છે. આંતરિક રીતે એ ગઝલના તગઝ્ઝુલને નિભાવે છે. શેરિયત સાચવે છે. સંવેદનાને સંવારે છે અને સૌંદર્યને સંગોપે છે. રદીફ સાર્થક રીતે પ્રયોજે છે. લાગણીના પ્રાક્ટ્યમાં પરિપક્વત દાખવે છે. ભાષા સરળ, સચોટ અને વેધક બનીને અનુભવજન્ય સચ્ચાઈની ખાતરી કરાવે છે. વિચારોમાં બળકટતા જણાય છે. ઈશ્કે-મિજાજીની જેમ ઈશ્કે-હકીકીમાં આ શાયર તેજસ્વી ચિંતન આપે છે:

**સાંજ છે સવારો છે,**
**શ્વાસનો પથારો છે.**
**જિંદગી બીજું શું છે?**
**ઘેલીનો ગવારો છે.**
**ઝાંઝવા અસલમાં તો**
**પાણીનો ઠઠારો છે.**

અહીં પાણીનો ઠઠારો અને ઘેલીના ગવારો જેવા બોલચાલના શબ્દોથી જિંદગીની વ્યાખ્યા કેવી સચોટ બને છે, આપણે સુગંધની પહેચાન છે અને સુગંધ શબ્દ વાંચ્યા પણ છે, ઘણી ગઝલોમાં સુગંધી શબ્દ ચિનુ મોદી પ્રયોજે છે. કારણ કે સુગંધીનું શીલ સુગંધ છે, વાયુ હોય તો મહેક વહે. વાયુ એટલે પવન વગર પમરાટનું વહેવું શક્ય નથી માટે વાયુ સાથે કોઈ સ્પર્ધા સુગંધી કરે નહીં. આ અતૂટ મૈત્રીનો મર્મ ચિનુ મોદી આ રીતે સમજાવે છે:

**વાયુને હંફાવવા બળ ના કરે**
**એ સુગંધી છે, કદી છળના કરે.**

આવી જ રીતે સવારે ઝાકળ પડે છે. પુષ્પ અને ઝાકળની મૈત્રી કાયમી છે પણ સૂર્યના પહેલાં કિરણ સુધીનું અસ્તિત્ત્વ લઈને આવેલું શબનમ, પુષ્પ પરના પોતાના સૌંદર્યને અંકે કરવા માગતું નથી એટલે ફૂલને પ્રફુલ્લિત કરીને પોતે વિલય પામે છે. શેર છે:

**પુષ્પ પર ડાઘો પડ્યાની બીકથી**
**જીવવાની જીદ ઝાકળ ના કરે.**

પ્રતીકોના યોગ્ય ઉપયોગથી અર્થગંભીરતા પ્રકટાવીને ચિનુ મોદીએ ભાવ અને વિષયને અનુરૂપ ગઝલો લખી છે. આધુનિક અભિગમ છતાં પરંપરા સાથેનો નાતો નિભાવવો સહેલી વાત નથી. ચિનુ મોદીએ આ કામ સારી રીતે કર્યું છે. ગઝલ લખવાનું કારણ આપે છે:

**આ ગઝલ લખવાનું કારણ એ જ છે**
**આંખને ખૂણે હજીયે ભેજ છે.**

ચિનુ મોદી ‘ઈર્ષાદ’ ઉપનામથી લખતા. ‘ઈર્ષાદગઢ’નો રાજવી કવિ ‘ઈર્શાદનામા’માં નામ અને ઉપનામને સાર્થક કરે છે. ઉપનામનો ઉપયોગ એ કેવી ખૂબીથી નિભાવે છે તે જોઈએ:

**નામ-સરનામાં હવે ‘ઈર્શાદ’ના શા પૂછવા?**
**સાત સૂકાં પાંદડાં પર આંસુઓની છાપ છે.**

સિત્તેરની એટલે કે સાત દાયકાની જીવનયાત્રાને ચિનુ મોદી સાત સૂકાં પાંદડાં કહે છે. આમ પણ મનુષ્યે પાંદડા જેમ ખરવાનું હોય છે અને ખરે ત્યારે આંસુઓની નિશાની અચૂક હોય છે.

ચિનુમાં આંતર-બાહ્ય ગઝલપદાર્થનું રસમિલન એટલું ઔચિત્યપૂર્ણ હોય છે કે એ ચોટ સિદ્ધ કરે છે. ચિનુની વેદના-સંવેદના મુખર નથી થતી. સહજતાથી બધું આવ્યા કરે છે. આ સ્વરૂપમાં જેટલી શક્યતાઓ છે તેને એ નાણ્યાં કરે છે. ચિંતન અને તત્ત્વશીલતા ચિનુની ગઝલોમાં અનાયાસે આવે છે:

**શ્વાસની ઈચ્છા જરા ટૂંકાવ જે**
**આમ અજરામર થવાનું ટાળજે.**

**ચિનુ મોદીની વિશેષતા એ છે કે પોતાના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થતાં ચિંતનને કે વિચારોને કવિતા કે ગઝલ પર હાવી થવા નથી દેતા.**

નવી એટલે કે આધુનિક ગઝલની વાત આવે ત્યારે બહુ સ્વાભાવિક છે. આપણે શરૂઆતમાં આદિલ મન્સૂરીને યાદ કરીએ. આદિલની સાથે સાથે જ કેટલાંક મહત્ત્વનાં નામો છે એમાં ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ અને મનોજ ખંડેરિયાને ભૂલી ન શકાય. મેં ગઝલ ૧૦૧ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે એક જમાનો એવો હતો જ્યારે ફક્ત ગઝલ કહેનારા શાયરો હતા. તેઓ સાહિત્યનાં બીજાં સ્વરૂપોમાં કે કાવ્યના બીજા પ્રકારોમાં ગઝલ જેટલા કાર્યરત ન હતા. સૈફભાઈ જેવા એક બે અપવાદ હોઈ શકે. ત્યાર પછી એવો તબક્કો આવ્યો કે જેમાં કવિઓ ઉત્તમ ગઝલો પણ લખે પણ એમની પ્રતિભા ગઝલ પૂરતી સીમિત ન રાખે. ગીત, સૉનેટ, અછાંદસ, છંદોબદ્ધ કાવ્યો આપે. ખંડકાવ્યો લખે, નવલિકા, નવલકથા અને નાટકમાં પણ એટલી જ સરળતાથી વિહાર કરે. આવાં થોડાંક નામો છે એમાં ચિનુ મોદી સહેલાઈથી સમાઈ શકે છે.

ચિનુ મોદી સારા વિવેચક હોવા ઉપરાંત નાટક પણ એમની અભિવ્યક્તિનું માધ્યમ રહ્યું છે. નાટક લખવાં અને ભજવવા એ એમની ખાસિયત છે. પ્રયોગો કરવાની એમની વૃત્તિ નિરામય છે, અને એટલે જ ‘રાઈનો પર્વત’ના આધારે એ ‘જાલકા’ લખી શકે છે. ચિનુ ખંડકાવ્યના અભ્યાસુ છે એટલું જ નહીં પણ એમણે આધુનિક રીતે ‘બાહુક’ જેવું ખંડકાવ્ય આપ્યું છે. કેટલાયે એકાંકી સંગ્રહો અને ૧૧ નવલકથાઓનું માતબર સર્જન કર્યું છે. કુલ ૧૮ જેટલાં નાટકો એમની કલમે મળ્યાં છે.

ચિનુ મોદીએ પરંપરાગત પ્રણાલિને કોરાણે મૂકીને પ્રયોગો કર્યા છે પણ પ્રયોગબાજી નથી કરી.

આવા જ એક પ્રયોગમાંથી નીપજેલા પાણીદાર શેરો જોઈએ:

**આંસુ ઉપર આ કોના નખની થઈ નિશાની?**
**ઈચ્છાને હાથપગ છે, એ વાત આજે જાણી**
**આ શ્વાસની રમતમાં હારી ગયો છું તો પણ**
**મારા ઘરે પધારો ઓ ગંજીપાની રાણી.**
**ક્યારેક કાચ સામે, ક્યારેક સાચ સામે,**
**થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી.**

આમાં રદીફ નથી ફક્ત કાફિયા છે. પ્રાસ છે, અનુપ્રાસ એટલે દરેક બીજી પંક્તિમાં આવતો રદીફ નથી. આ સંદર્ભમાં આ શાયરનો શેર યાદ આવે છે:

**કાફિયા પેઠે જીવન બદલી શકત**
**પણ રદીફ નક્કી કરી શકતો નથી.**

દરેક કળીને ખીલીને ફૂલ બનવું છે. ઝાકળના મોતીઓનો શણગાર સજીને કળી સ્મિત કરે અને ફૂલ બની જવાની તૈયારી કરે ત્યાં સુધીમાં ઝાકળ ઊડી જાય છે. ઝાકળ ઝાંઝવાનું સ્વરૂપ ધારણ કરે તો શું થાય? અને આ ઝાંઝવા પાછાં સરોવર લાગે ત્યારે શું કરવું? આ વાત ચિનુભાઈના શબ્દોમાં:

**તું મને મળતી ખરી પણ મન વગર**
**ઝાંઝવા બનતાં સરોવર જળ વગર**
**સૂર્ય સ્પર્શે ઓસ તો ઊડી ગયું**
**હું તને મળતો રહ્યો કારણ વગર**

- અપૂર્ણ ■

---


સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# પોતાની જાત પર શ્રદ્ધા રાખો...

થોડા દિવસ અગાઉ ગુજરાતમાં એક યુવાન વાચક મળી ગયો. તેણે કહ્યું કે મારે અભિનયક્ષેત્રે આગળ વધવું છે એટલે મારે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નસીબ અજમાવવા મુંબઈ આવવું છે, પરંતુ સફળતા ન મળે તો શું કરવું એ ચિંતા મને સતાવે છે. હું અત્યારે નોકરી કરું છું. મારે મુંબઈ આવવું હોય તો અત્યારની નોકરી છોડવી પડે અને નવી નોકરી શોધવી પડે. ત્યાં મને અત્યારે મળે છે એટલો પગાર ન મળી શકે તો મારા માટે મુંબઈમાં ટકી રહેવાનું મુશ્કેલ થઈ જાય....

તેની વાત સાંભળીને મેં તેને કહ્યું કે કશું પણ કામ શરૂ કરતી વખતે પોતાની જાતમાં શ્રદ્ધા રાખીને આગળ વધવું જોઈએ. ગુજરાતીમાં એક કહેવત છે કે ‘રોતો જાય તે મૂઆના જ ખબર લાવે’ એટલે તારે મક્કમ મનોબળ સાથે આગળ વધવું જોઈએ અને સંઘર્ષની માનસિક તૈયારી સાથે જ મુંબઈ આવવું જોઈએ. હા, તારે જો સલામતી જોઈતી હોય તો નોકરી ન છોડવી જોઈએ...


મેરિલ સ્ટ્રીપ

એ પછી મેં તેને હોલિવૂડની ગઈ સદીની એક અભિનેત્રીનો કિસ્સો કહ્યો. હોલીવૂડના ફિલ્મ નિર્માતા ડિનો દ લોરેન્ટિસે ૧૯૭૬માં ‘કિંગ કોન્ગ’ ફિલ્મ પ્રદર્શિત કરી હતી. લોરેન્ટિસે એ ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું એ પછી એ ફિલ્મનાં પાત્રો માટે કલાકારોના ઑડિશન લેવાનું શરૂ કર્યું. એ દિવસોમાં લૉરેન્ટિસના પુત્રએ એક નાટક જોયું હતું. એ નાટકમાં એક અભિનેત્રીનો અભિનય જોઈને તે પ્રભાવિત થઈ ગયો હતો. તેણે પિતાને સૂચન કર્યું કે આ અભિનેત્રીને આપણી નવી ફિલ્મની હીરોઈન બનાવવી જોઈએ.

લૉરેન્ટિસે પુત્રના આગ્રહથી પેલી અભિનેત્રીને ઑડિશન માટે બોલાવી, પણ તે અમેરિકન અભિનેત્રી ઑડિશન માટે પહોંચી ત્યારે તેને જોઈને લૉરેન્ટિસ અકળાઈ ઊઠ્યા. અભિનેત્રી અમેરિકન હતી એટલે લોરેન્ટિસે અંગ્રેજીને બદલે પોતાની માતૃભાષા ઈટાલિયનમાં પુત્રને ખખડાવી નાખ્યો : ‘બેવકૂફ, આવી કદરૂપી છોકરીને તું હીરોઈન બનાવવા મારી પાસે ઉપાડી આવ્યો?’

પેલી અમેરિકન અભિનેત્રીએ ઈટાલિયન ભાષામાં કહ્યું, ‘હું તમારી ફિલ્મ માટે પસંદ થઈ શકું એટલી સુંદર નથી એ માટે હું દિલગીર છું!’ ફિલ્મ નિર્માતા લૉરેન્ટિસ સડક થઈ ગયા. તેમને કલ્પના પણ નહોતી કે તે અમેરિકન અભિનેત્રી ઈટાલિયન ભાષા જાણતી હશે, પણ પેલી અભિનેત્રી અકળાયા વિના સ્મિત કરીને જતી રહી.

લૉરેન્ટિસે ‘કિંગ કોન્ગ’ ફિલ્મ માટે પોતાને હીરોઈન તરીકે પસંદ ન કરી અને ઉપરથી કદરૂપી યુવતી ગણાવી એથી તે યુવતી થોડા દિવસો અપસેટ રહી, પણ પછી તેણે હોલિવૂડમાં અભિનયની તક શોધવા માંડી. ‘કિંગ કોન્ગ’ ફિલ્મ રિલીઝ થઈ એ પછી બીજા વર્ષે એટલે કે ૧૯૭૭માં તેને ‘જુલિયા’ ફિલ્મમાં અભિનયની તક મળી અને હોલિવૂડમાં તેનું નામ જાણીતું થવા માંડ્યું. ૧૯૭૯માં તેને ખ્યાતનામ અભિનેતા ડસ્ટિન હોફમેન સાથે ‘ક્રેમર વર્સસ ક્રેમર’ ફિલ્મમાં ચમકવાની તક મળી અને એ ફિલ્મ માટે તેને ‘બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ‘નો એવોર્ડ પણ મળ્યો.

એ પછી તો તે અભિનેત્રી પાછળ પ્રેક્ષકો પાગલ બન્યા. તેનાં સૌંદર્યને કારણે લાખો યુવાનો તેના ચાહક બની ગયા. તે યુવતીએ તેના સૌંદર્ય અને અભિનય પ્રતિભાના જોરે ત્રણ ત્રણ ઓસ્કર એવોર્ડ અને આઠ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ સહિત કુલ ૧૫ એવોર્ડ જીત્યા. તે ઓસ્કર માટે ૧૯ વાર અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ માટે ૨૯ વાર નોમિનેટ થઈ અને તેને કુલ ૪૦૨ વખત એવોર્ડ માટે નોમિનેશન મળ્યું. જીવનના સાત દાયકા વિતાવ્યા પછી પણ તેને સતત ફિલ્મ્સ મળતી રહી!

તે યુવતી એટલે જગવિખ્યાત અભિનેત્રી મેરિલ સ્ટ્રીપ!

હા, મેરિલ સ્ટ્રીપને કદરૂપી ગણીને ‘કિંગ કોન્ગ’ ફિલ્મમાં અભિનયની તક આપવાની ના પાડવામાં આવી હતી એ જ મેરિલ સ્ટ્રીપે અભિનય પ્રતિભા થકી હોલિવૂડમાં આગવું સ્થાન બનાવ્યું.

મેરિલ સ્ટ્રીપને પોતાની અભિનય પ્રતિભામાં શ્રદ્ધા હતી એટલે તે હોલિવૂડની ખ્યાતનામ અભિનેત્રી બની શકી.

આમ પોતાની જાતમાં શ્રદ્ધા હોય અને સંઘર્ષ કરવાની તૈયારી હોય એવી વ્યક્તિને કોઈ અવરોધ અટકાવી શકતા નથી, પણ જો પોતાની જાત પર શ્રદ્ધા ન હોય તો માણસને નિષ્ફળતાથી વિશેષ કંઈ ન મળે એવી પૂરી શક્યતા છે. ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઇન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક-એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખુ!

---

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ગીત ગાયા પથ્થરોંને.... ‘સ્ટેચ્યૂ’ ઈન્ડિયા

*ટાઈટલ્સ:*
*દરેક શિલ્પ, પથ્થર પર રચાયેલું કાવ્ય છે. (છેલવાણી)*

આજે ‘મહિલા દિન’ છે એટલે બે દેવીની દંતકથા યાદ આવે છે. ‘એથીના’ નામની ગ્રીક દેવીએ એક બીજી ખૂબ સુંદર દેવી ‘મેડૂસા’ને શાપ આપેલો કે ‘જો કોઈપણ માણસ મેડૂસાની આંખમાં જોશે તો પથ્થર બની જશે!’ એક કિંવદંતી એ પણ છે કે દેવી મેડૂસા એટલી બધી સુંદર હતી કે એને જોનાર વ્યક્તિ જોતાંવેત જ સ્તબ્ધ કે મંત્રમુગ્ધ થઈને પથ્થરની મૂર્તિ બની જતી. દેવી એથીનાની મદદથી પર્સ્યૂઅસ નામના યોદ્ધાએ દેવી મેડૂસાને એક ચમકતા આયના જેવી ઢાલ દેખાડીને એને જ પથ્થર બનાવી દીધી અને પછી મેડૂસાનું માથું કાપીને પર્સ્યૂઅસે એના દુશ્મનોને દેખાડીને સૌને પથ્થરની મૂર્તિ બનાવી નાખેલા!

આપણો દેશ પણ મૂર્તિઓનો દેશ છે. જેવું ઇલેક્શન આવે કે દર વખતે કર્ણાટકમાં શિવાજી અને ટીપુ સુલતાનની મૂર્તિઓ વિશે વિવાદ વારે વારે ઊપડે રાખે છે. થોડા વરસ અગાઉ મુંબઇના દરિયામાં શિવાજીની વિશાળ મૂર્તિ બનાવવાની યોજના જાહેર થયેલી. ઘણાં કહે છે કે આંબેડકરજીની પણ વિશ્વમાં સૌથી ઊંચી મૂર્તિ બનવી જોઈએ. ક્યારેક દક્ષિણમાંથી કોઈ કહેશે પેરિયાર કે એન. ટી. આર.ની સૌથી ઊંચી મૂર્તિ બનાવો. આ દેશમાં મૂર્તિઓ, પથ્થરોમાંથી અંગડાઈ લઈને આકાશમાં ઊગતી રહેશે. વોટબેંકનો ખેલ રમાતો રહેશે. બીજી બાજુ ગાંધી-નેહરૂની પ્રતિમા કે પ્રતિભાને તોડવાનું છાનેપગલે કામ ચાલે જ રાખશે. બસ, મૂર્તિ બનાવો ને મૂર્તિ તોડો!

૧૯૬૪માં ફિલ્મકાર વી. શાંતારામે મૂર્તિકારના જીવન પર ‘ગીત ગાયા પથ્થરોંને’ ફિલ્મ બનાવેલી. એમાં શીખાઉ એક્ટર જીતેન્દ્ર હતો. ફિલ્મ આવી ત્યારે જીતેન્દ્રની ખરાબ એક્ટિંગ જોઈને લોકોએ મજાકમાં કહ્યું કે ‘ગીત ગાયા પથ્થરોંને.’માં જીતેન્દ્રના એકદમ પથ્થર જેવા જ સ્થિર હાવભાવ હતા. આને કહેવાય ‘પરફેક્ટ કાસ્ટિંગ!’!

મૂર્તિઓનો આ જ તો પ્રોબ્લેમ છે, એકવાર એમાં કોઇ ભાવ કોતરી લો, પછી એ કદીયે બદલાય જ નહીં. માણસનો ચહેરો, ઉંમર સાથે બદલાતો રહે છે. હાલાતનાં થપેડા, લાગણીઓની લીપાપોતી અને આરઝુઓનાં ઓથારથી ચેહરો પળપળ બદલતો રહે, પણ સમય વીતે, યુગો વીતે તોયે મૂર્તિઓના હાવભાવ બદલાય નહીં. હા, જો કે ભારતમાં મૂર્તિઓમાં જાન આવી શકે છે- ખાસ કરીને ઈલેક્શન સમયે.



***ઈન્ટરવલ:***
***અય ખુદા, રેત કે સેહરા કો સમંદર કર દે,***
***યા છલકતી હુઈ આંખો કો ભી પત્થર કર દે. (શાહીદ મીર)***

મંદિરમાં પૂજા-પ્રાર્થના કરવા ઇશ્વરની મૂર્તિઓ શોભે પણ આપણે તો માણસને ઈશ્વર બનાવવા ઠેર ઠેર મૂર્તિઓ બનાવીએ છીએં. આપણાં વર્તમાનને ઢાંકવા ભૂતકાળની ગરિમાને યાદ કરીએ છીએ અને એ પણ પાછું દિલથી નહીં, દિમાગથી કે ગણતરીથી. ગાંધીજી કે સરદાર પટેલ જેવી વિભૂતિઓનાં સ્મારક બને એ તો સારી જ વાત છે પણ યુ.પી.માં માજી મુખ્યમંત્રી માયાવતીએ જીવતાં જીવત પોતાનાં જ અનેક પૂતળાં બનાવી નાખેલાં. વળી જે પૂતળાં સારાં નહોતાં દેખાતાં એને તોડી પાડીને ફરી ફરી બનાવેલાં.! આવું માત્ર આપણે ત્યાં જ શક્ય છે. દક્ષિણમાં એક મંદિર છે જ્યાં કોઇ મૂર્તિ જ નથી, ત્યાં માત્ર એક અરીસો છે. ભક્તે અરીસા પર જઈને પુષ્પમાળા પહેરાવવાની અને ‘અહમ્-બ્રહ્માસ્મિ’ બોલીને પોતાના પ્રતિબિંબને વંદન કરવાના. કદાચ માયાવતીએ કે પછી રોડ પર ઠેર ઠેર પોતાના રંગીન ફોટા મુકનારા રાજકારણીઓએ ‘અહમ્-બ્રહ્માસ્મિ’વાળા મંદિરમાંથી જ પ્રેરણા લીધી હોવી જોઈએ.

મૂર્તિ એટલે શું? મહાન શિલ્પકાર હેન્રી મૂર કહે છે કે શિલ્પ તો દરેક પથ્થરમાં હોય છે. મૂર્તિકાર માત્ર આસપાસની માટી-પથ્થર-કંકર હટાડીને એને બહાર કાઢે છે... શિલ્પકાર શિલ્પ ઘડતો નથી, એને માત્ર પ્રગટ કરે છે!

એક મૂર્તિકારે એક સેનાપતિનું વિચિત્ર પૂતળું બનાવ્યું. બે પગ પહોળા કરીને એ સેનાપતિ જાણે કમોડ પર જાજરૂ માટે બેઠો હોય એવો એનો પોઝ હતો. મૂર્તિનું અનાવરણ થયું ત્યારે આવી વિચિત્ર મૂર્તિ જોઇને લોકોએ પૂછયું: ‘આ શી મજાક છે? મહાન સેનાપતિ આવી કઢંગી હાલતમાં કેમ ઊભો છે?’ ત્યારે મૂર્તિકારે કહ્યું, ‘એક્ચ્યુઅલી. સેનાપતિને ઘોડા પર બેસાડવાનો હતો પણ સરકારે કહ્યું એટલું બધું બજેટ નથી એટલે મેં ઘોડા વિનાનો સેનાપતિ બનાવ્યો છે. સેનાપતિની ટાંગો નીચે ઘોડા તમે કલ્પી લેજો..’

બીજી બાજુ, આપણે ત્યાં તો કરોડો-અરબોનું બજેટ મળી રહે છે એટલે ચિંતા નથી. જે બજેટમાં અનેક સ્કૂલો કે હોસ્પિટલો બની શકે એને બદલે ઠેર ઠેર મૂર્તિઓ બનતી જ રહે છે.

એક સમયનો આદર્શવાદી શિક્ષક એક નાચનારીના પ્રેમમાં પડીને એના ગ્રુપમાં ભળી જાય છે. ત્યાં શરાબ-જુગાર વગેરે લતમાં ખૂંપીને અપમાનો સહે છે. પછી એક ખૂનનાં આરોપસર ફરાર થઈને સાવ ગુમનામ મુફલિસીવાળું જીવન જીવવા લાગે છે. વર્ષો પછી ભિખારી જેવા બદલાયેલા વેશમાં એ શિક્ષક જ્યારે પોતાના જ ગામમાં ફરી પ્રવેશે છે ત્યારે એ જુએ છે કે ગામના લોકોએ, એને મરેલો માનીને એની ‘મહાન માસ્તર’ તરીકે મૂર્તિ બનાવી છે અને એનું અનાવરણ કરી રહ્યાં છે! એક ભાગેડુ ગુનેગાર પોતાના જ ભવ્ય ભૂતકાળની મૂર્તિને જોઈને ભાંગી પડે છે. પથભ્રષ્ટ માણસ પોતાની જ જૂની મૂર્તિ જોઈને જે રીતે દુ:ખી થાય છે એવી જ હાલત વિતેલા સમયના મહામાનવોની મૂર્તિઓમાં સતત રાચનારા સમાજોની પણ થતી હોય છે.

યાદ છે, નાનપણમાં આપણે એક રમત રમતાં ‘સ્ટેચ્યૂ’ નામની? જેમાં સામેનો ખેલાડી ‘સ્ટેચ્યૂ’ કહે એટલે તમારે જ્યાં હોવ ત્યાં મૂર્તિ કે સ્ટેચ્યૂની જેમ સ્તબ્ધ થઈ જવાનું. ચૂંટણીઓ આવે કે ત્યારે આપણે સૌએ પણ બધાં પ્રશ્નો ભૂલીને ઈતિહાસની યાદમાં થઈ જવાનું- ‘સ્ટેચ્યૂ’!

***એન્ડ ટાઈટલ્સ:***
***ઇવ: મારી મૂર્તિ સુંદર બનશે?***
***આદમ: ઈશ્વરની ભૂલને કોણ સુધારે?*** ■




# અનંત શક્યતાઓનું બીજું નામ એટલે સ્ત્રી!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ક્યારેય એકલા પુરુષોનું નગર જોયું છે? ધારો કે દુનિયામાં સ્ત્રીઓનું અસ્તિત્વ જ ના હોય તો શું થાય? સ્ત્રીઓ વિનાનું જીવન ગમે ખરું? સહજીવનમાં ભલેને જેની સાથે ગમે એટલું ના ફાવે, માથાકૂટો થાય, લડાઈ- ઝગડા થાય, પણ એ ઘરમાં ના હોય તો બિલકુલ ના ચાલે - એ સ્ત્રી! ભારતીય સંસ્કૃતિમાં દેવી, માતા, પત્ની અને દીકરી તરીકે સ્ત્રીઓનાં વિવિધ રૂપ પૂજાય છે. પણ હવેનાં સમયમાં શું સ્ત્રીઓને પૂજવાની જરૂર છે કે પછી?

જેમ સ્ત્રી અને પુરુષ બે અલગ જાતિ છે તેમ એ બંનેનાં કાર્યક્ષેત્ર પણ અલગ ગણાય છે. સમય બદલાતાં સ્ત્રીઓ પુરુષ સમોવડી કે કોઈ ઠેકાણે એમનાં કરતાં પણ આગળ જોવા મળે છે.

અહીં વાત સ્ત્રી પુરુષની તુલનાની નથી. વાત છે સ્ત્રીઓનાં સમાન અધિકારની, દરજ્જાની. જ્યાં હક્ક આવે ત્યાં ફરજ પહેલાં આવે. આજકાલ સ્ત્રીઓને અનુલક્ષી અમુક શબ્દો ખૂબ પ્રચલિત થયા છે, જેમકે ફેમિનિસમ, વીમેન્ઝ રાઈટ્સ, જેન્ડર ઈક્વાલીટી વગેરે. આ બધાં જ શબ્દોનો એક જ અવાજ છે જે છે સ્ત્રી સશક્તીકરણ. જો તે પુરુષ સમોવડી હોય તો તેનાં માન-મોભો, ગમો-અણગમો, વિચારોની મૌલિકતા, સમાજમાં સ્થાન, ઘરમાં તેનાં મંતવ્યો, નોકરીની સમાનતા વગેરેને તેનાં હક્ક તરીકે સ્વીકારી તેને મળવા જોઈએ. આવી બધી ચર્ચાઓ સમાજમાં ઠેર ઠેર અને એ પણ અવિરત ચાલતી હોય છે. પહેલાનાં સમયની તુલનામાં સ્ત્રી સશક્તીકરણ થયું પણ છે. તેમ છતાં આજેય સ્ત્રીને અબળા તરીકે કેમ જોવામાં આવે એ છે?

સમગ્ર વિશ્વમાં ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસે કોઈ જગ્યાએ મહિલાઓનું સન્માન થાય તો ક્યાંક તેમનાં માનમાં મનોરંજનનાં વિવિધ કાર્યક્રમો યોજાય. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું આટલું બધું મહત્ત્વ કેમ છે? કહેવાય છે કે પહેલાંના સમયમાં સ્ત્રીઓને પુરુષોની સરખામણીએ ઊતરતી ગણવામાં આવતી. પુરુષ કમાય, ઘર ચલાવે માટે તેને વધુ માન અને મહત્ત્વ મળતું. એટલી હદે કે સ્ત્રીઓને પોતાની મૂળભૂત જરૂરીયાતો વિષે વિચારવાની ના તો સૂઝ પડતી કે ના કંઈ માંગવાની હિમ્મત થતી. એમ લાગતું કે જાણે તે પરવશ થઈને જીવતી. કામકાજે હોંશિયાર હોવા છતાં સ્ત્રી અને પુરુષનાં હક્કમાં ઘણું અંતર રહેતું. સહનશીલતાની મૂર્તિ એવી સ્ત્રીને જેમ જેમ સમાજનું આ અસંતુલન અસહ્ય લાગ્યું તેમ તેમ દરેક દિશામાંથી અવાજ ઊઠવા લાગ્યો.

અને આ અવાજ વિશ્વ સુધી પહોંચાડવા માટે એક દિવસ નક્કી થયો ૮ માર્ચ કે જે દિવસે સમગ્ર વિશ્વમાં સ્ત્રીત્વની ઊજવણી કરવામાં આવે છે.

હાલનાં સમયમાં પહેલા કરતાં પરિસ્થિતિ ખૂબ જ બદલાઈ છે. સમાજમાં, ઘરમાં સ્ત્રીનું સ્થાન બદલાયું છે. સમાન હક્કની સાથે તેઓને સ્વમાન અધિકાર પણ મળે છે. દીકરાની મનાતી ફરજો હવે દીકરીઓ પણ નિભાવે છે. પહેલાં

જેવા કડક નિયમો નથી, રોક ટોક પહેલા કરતાં ઓછી છે, તે પોતાના નિર્ણયો જાતે લઈ શકે એટલી સક્ષમ તો કદાચ પહેલા પણ હશે, પરંતુ હવે તે તેને અમલમાં મૂકી શકે છે. પોતે કમાય, ઘરમાં આર્થિક જવાબદારી લે, શોખ પૂરા કરે, વિચાર અને વાણી સ્વાતંત્ર્ય ભોગવે, ભણે- ગણે, મુક્ત બની વિહરે આ છે અત્યારની નારી. જે પોતાની જાતને ઓળખી પોતાની જાતને વધુ પ્રેમ કરે છે, મનનું ધાર્યું કરે છે. તે કેવી લાગે છેનો જવાબ પતિ કે પરિવાર નહિં પણ આયના પાસેથી લે છે.

જીવન સાર્થક ત્યારે થાય છે જ્યારે આહારની જેમ મન, વચન અને કર્મનું સંતુલન હોય. અતિ સર્વત્ર વર્જયેત ની જેમ માત્ર સ્વતંત્રતા સ્વચ્છંદિતામાં પરિણમે છે. આમ સ્ત્રી હોય કે પુરુષ, જીવનમાં લાગણી, સ્વાતંત્ર્ય અને જવાબદારીનું સંતુલન લાવી શકે તો ભવ સુધરી જાય છે. બધું જોતા કહી શકાય કે અત્યારની નારી અબળા નહીં પણ સબળા છે. એને દેવી તરીકે પૂજવાની નહીં પણ સદેહ સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકારવાની જરૂર છે. એ એકલી નહીં પણ એક હજારા છે. નારી તરીકેનો જન્મ અને એના માનમાં ઉજવાતા નારી દિવસ વિશે બોલો,

**તમે શું કહો છો?** ■

# તોરી છોરી મેં તો ગજબ કી ટૅલન્ટ હૈ

## દેશમાં અનેક ક્ષેત્રે મહિલાઓ પુરુષોની સમોવડી છે તો અમુક ક્ષેત્રોમાં તેમનાથી આગળ નીકળી ગઈ છે

ફોકસ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com


કર્નલ સોફિયા કુરેશી


વિંગ કમાંડર વ્યોમિકા સિંહ


મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના


સુનીતા વિલયમ્સ (અવકાશયાત્રી)

પરોઢિયે ચાર વાગ્યા છે અને આ છે હરિયાણાનું એક નાનું ગામ જેમાં ૧૯ વર્ષની એક છોકરી પોતાના શૂઝ સાફ કરી રહી હતી અને એની દોરી કસીને સરખી કરી રહી છે. તેની આ પ્રવૃત્તિ જોવા માટે સામે ન તો કોઈ દર્શક છે અને કોઈ કૅમેરા. બસ, ફક્ત એક લાંબો રનિંગ ટ્રૅક છે અને તેના દિલોદિમાગમાં છે એક મસ્તમજાનું સપનું. આ સપનું છે દોડવાની હરીફાઈમાં કંઈક કરી બતાડવાનું. આ સપનું માત્ર કોઈ એક હરિયાણવી છોકરીનું નહીં, પરંતુ ભારતની લાખો યુવા મહિલાઓનું છે એવું જ માની લો.

આપણા મહાન દેશની લાખો યુવાન મહિલાઓની આંખોમાં ખેલકૂદથી લઈને સંરક્ષણ ક્ષેત્ર તથા વિજ્ઞાન જેવા ક્ષેત્રે યોગદાન આપવાનું સપનું છે અને આપણે એ જ વાત અહીં પેલી હરિયાણવી છોરીનું ઉદાહરણ લઈને કરી રહ્યા છીએ. આ તમામ જટિલ ક્ષેત્રે એક સમયે પુરુષોનું વર્ચસ્વ હતું જેમાં હવે મહિલાઓ પણ પોતાની ક્ષમતા અને કૌશલ્ય બતાવી રહી છે.

આ સંબંધમાં વર્ષ ૨૦૨૬નું ભારત ઐતિહાસિક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, કારણકે આજે એવું એકેય ક્ષેત્ર નથી જેમાં યુવા મહિલાઓએ પડકાર ન ફેંક્યો હોય. દેશમાં હવે એવું એક પણ ક્ષેત્ર નથી જેને એક્સક્લૂઝીવલી પુરુષોના પ્રભુત્વવાળું ક્ષેત્ર ગણાવી શકાય. આજે તમામ ક્ષેત્રે ભારતીય પુરુષો સાથે દેશની મહિલાઓ ખભેખભા મિલાવીને ઊભી છે. તો ચાલો, કેટલાક ક્ષેત્રે યુવા મહિલાઓએ કેવી રીતે સફળતાની પરિભાષા જ બદલી નાખી છે.

### રમતગમત

આ એવું ક્ષેત્ર છે જેમાં દાયકાઓ સુધી પુરુષોનું વર્ચસ્વ રહ્યું હતું. વધુ સારા શબ્દોમાં કહીએ તો એવું જ મનાતું હતું કે આ ક્ષેત્ર તો પુરુષોનું જ કહેવાય, પરંતુ (આજના આંતરરાષ્ટ્રીય મહિલા દિને ખાસ કહેવાનું કે) થોડા દશકાઓમાં યુવા મહિલાઓએ એ ધારણા બદલી નાખી છે.

હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પૂર્વોત્તર ભારત વગેરે રાજ્યોની યુવા મહિલા ઍથ્લીટોએ ઑલિમ્પિક્સ, એશિયન, કૉમનવેલ્થ સ્પર્ધાઓ તેમ જ વિશ્વ સ્પર્ધાઓમાં સફળતાનો ડંકો વગાડ્યો છે. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતની મહિલા ખેલાડીઓએ અમુક ચંદ્રકો જીતવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું અને એ અગાઉ કેટલીક વિશ્વ સ્પર્ધાઓ એવી થઈ ગઈ જેમાં ભારતને મહિલાઓએ જ સફળતા અપાવી હતી.

આજે બૅડમિન્ટન, શૂટિંગ, ક્રિકેટ, હૉકી, મુક્કાબાજી, વેઇટલિફ્ટિંગ વગેરે ક્ષેત્રે ભારતની છોકરીઓનું શાસન છે. હવે તો દેશને ગામડાંઓ યુવા મહિલા પહેલવાન અને મુક્કાબાજો આપી રહી છે. રમતગમતમાં વધુને વધુ મહિલાઓ ભાગ લઈ રહી છે અને પોતાની અનોખી ટૅલન્ટ બતાવી રહી છે એનું એક મહત્ત્વપૂર્ણ કારણ છે.

રમતોમાં હવે જે અનેક સંગીન સરકારી યોજનાઓ શરૂ કરવામાં આવી છે એનાથી મહિલા સમુદાયને અને ભારતીય રમતગમત ક્ષેત્રને ઘણો ફાયદો થયો છે. એમાં મુખ્ય યોજના છે, ખેલો ઇન્ડિયા. આ યોજનામાં વધુ સારા પ્રશિક્ષણને લીધે ભારતીય છોકરીઓ દુનિયામાં ઠેર-ઠેર પોતાની ટૅલન્ટ બતાવી રહી છે અને કારકિર્દીને સફળ બનાવી રહી છે. ૨૦૨૫ના અંતમાં અને ૨૦૨૬ના આરંભ સુધીના ગણતરીના મહિનાઓમાં ભારતની મહિલાઓ બબ્બે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી હતી. પહેલાં તો હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતે પહેલી જ વખત વન-ડેનો વિશ્વ કપ જીતી લીધો હતો અને ત્યાર બાદ જોઈ ન શક્તી મહિલાઓ માટેના બ્લાઇન્ડ વર્લ્ડ કપમાં ભારતે પહેલી વખત ટ્રોફી પર કબજો કર્યો હતો.

છોકરીઓ તો પોતાની ક્ષમતા અને કૌશલ્ય બતાવી જ રહી છે, સૌથી મોટું પરિવર્તન એ આવ્યું છે કે આવી છોકરીઓના પરિવારની માનસિકતામાં બદલાવ જોવા મળ્યો છે. હવે તો ગામડાંઓમાં પણ દીકરીઓને તેમના મમ્મી-પપ્પા ખેલનાં મેદાનોમાં ખુશીથી મોકલી રહ્યા છે. એક સમય હતો જ્યારે તેમને માત્ર લગ્ન માટે જ ઉછેરવામાં આવતી હતી. હવે છોકરીઓ ખેલકૂદ ક્ષેત્રમાં કુશળતા બતાવીને અને એમાં બે પૈસા કમાઈને તેમના પરિવારોને મદદરૂપ થઈ રહી છે. ગામડાંઓમાં તેમ જ નાનાં શહેરોમાં છોકરીઓની સફળતા જોઈને તેમના પરિવારોને લોકો કહી રહ્યા છે, 'તોરી છોરી મેં તો ગજબ કી ટૅલન્ટ હૈ'.

### લશ્કર સહિતનું સંરક્ષણ ક્ષેત્ર

ઘણા દાયકાઓ સુધી આ ક્ષેત્રે ભારતીય મહિલાઓનું નહીં જેવું યોગદાન હતું, પણ થોડા દાયકાઓથી સ્થિતિમાં ઝડપથી ફેરફાર આવ્યો છે. હવે તો યુવા મહિલાઓ સંરક્ષણ ક્ષેત્રે જોડાયા બાદ બહુ ઝડપથી (ગણતરીનાં વર્ષોમાં) સૈન્યની અધિકારી બની રહી છે. એટલું જ નહીં, ફાઇટર પ્લેન પણ ઉડાવી રહી છે. ભારતના હવાઈ ક્ષેત્રે મહિલા ફાઇટર વિમાનોની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૦૩ની સાલમાં મહિલાઓએ નૅશનલ ડિફેન્સ ઍકેડમી (એનડીએ)માં પ્રવેશ કર્યો ત્યાર બાદ એમાં ઝડપથી બદલાવ જોવા મળ્યો છે.

હવે તો ૧૮-૧૯ વર્ષની છોકરીઓ સીધી એનડીએમાં પ્રશિક્ષણ લઈને લશ્કરની અધિકારી બનવા લાગી છે. રમતગમતની જેમ સંરક્ષણ ક્ષેત્રે પણ છોકરીઓના પ્રવેશની બાબતમાં સામાજિક વિચારધારા બદલાઈ છે. એક સમય હતો જ્યારે લશ્કર (આર્મી) સંપૂર્ણપણે પુરુષો માટે જ ગણાતું હતું, પરંતુ હવે તો એમાં પણ પુરુષો સાથે મહિલાઓ ખભેખભા મિલાવીને દેશની રક્ષામાં યોગદાન આપી રહી છે.

નૌકાદળમાં પણ મહિલાઓ યુદ્ધની સંભાવના ધરાવતા સરહદી ક્ષેત્રે ફરજ બજાવી રહી છે. આ ક્ષેત્ર એટલે લાંબી-લાંબી સમુદ્ર યાત્રાઓ અને એમાં મહિલાઓ પણ પોતાની શારીરિક અને માનસિક ક્ષમતા પુરવાર કરી રહી છે. બીજી રીતે કહીએ તો તેઓ પુરુષોથી જરાય ઊતરતી કહેવાય એવી નથી.

### વિજ્ઞાન

વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે પણ દેશની યુવા મહિલાઓ ભાગ લઈને બહુ ઝડપભેર પ્રગતિ કરી રહી છે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો), ડિફેન્સ રિચર્સ ઍન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) તથા વિભિન્ન વૈજ્ઞાનિક સંસ્થાનોમાં મહિલાઓનું યોગદાન ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે એ ઉપરાંત અમુક ક્ષેત્રે તો તેઓ પુરુષોથી પણ આગળ વધી ગઈ છે. થોડા સમયથી ચંદ્રયાન અને મંગલયાન જેવા સ્પેસ મિશનમાં ભારતની મહિલા વિજ્ઞાનીઓની સફળતા જોવા મળી રહી છે. એ જ કારણસર દેશના વિજ્ઞાન ક્ષેત્રે ઝુકાવવા માગતી મહિલાઓની લાંબી લાઇન લાગે છે.

ભારત અવકાશી સંશોધનોમાં ખૂબ સક્રિય છે, અનેક દેશો વતી સેટેલાઇટ બનાવીને સફળતાપૂર્વક એને અવકાશમાં પહોંચાડી રહ્યું છે અને એમાં ભારતીય મહિલાઓનું પણ સારું એવું યોગદાન જોવા મળી રહ્યું છે. આઇઆઇટી, આઇઆઇએસસી તથા અન્ય મુખ્ય વિજ્ઞાન સંસ્થાનોમાં જઈને જોશો તો પુરુષો જેટલી જ હાજરી મહિલાઓની જોવા મળશે. ક્યાંક તેમની હાજરી ઓછી જણાશે, પરંતુ મહિલાઓ વિજ્ઞાન-ટેક્નોલૉજી ક્ષેત્રે માત્ર સર્વોત્તમ અભ્યાસ જ નથી કરતી, અન્ય ક્ષેત્રોની જેમ આમાં પણ તેમની ટૅલન્ટ જોવા મળી રહી છે.

### માનસિકતા હવે બદલાઈ ગઈ છે

દેશના અને દુનિયાના વિકાસ માટે જરૂરી ગણાતા વિવિધ ક્ષેત્રોમાં આપણી યુવા મહિલાઓની હાજરી અને સફળતા વધી છે તો એ પાછળ સમાજની વિચારધારાનું પણ યોગદાન છે. અગાઉ દેશની દીકરીઓ માટે વિકલ્પો સીમિત હતા. હવે દરેક ક્ષેત્રે મહિલાઓ પોતાની ઓળખ બનાવવા લાગી છે. એમાં જ સાબિત થાય છે કે પુરુષોની જેમ મહિલાઓમાં પણ ટૅલન્ટ છે જેનો દેશને ફાયદો થઈ રહ્યો છે. ગામડાં અને નાનાં શહેરોમાંથી આવતી છોકરીઓ હવે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મંચ પર પ્રતિભા બતાવી રહી છે.

આ પરિવર્તનમાં ડિજિટલ શિક્ષણ, ઇન્ટરનેટ, સોશ્યલ મીડિયાની પણ સારી એવી ભૂમિકા રહી છે. વાત અહીં જ નથી અટકતી. હવે તો સમાજના વિવિધ મંચ પરથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ટૅલન્ટ પાથરતી મહિલાઓ પોતાને ભાવિ રોલ મૉડેલ માની રહી છે જે એક પ્રકારનો તેમનો આત્મવિશ્વાસ અને જુસ્સો જ છે. પી. વી. સિંધુ, સાઇના નેહવાલ, મનુ ભાકર, મૅરી કૉમ, નિખત ઝરીન તેમ જ મિતાલી રાજ, ઝુલન ગોસ્વામી, હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રૉડ્રિગ્સ વગેરે ઍથ્લીટો અને ખેલાડીઓને આદર્શ ગણીને (તેમના પર્ફોર્મન્સ પરથી મૉટિવેટ થઈને) યુવા મહિલાઓ પોતાના ક્ષેત્રે સફળતા મેળવી રહી છે અને આવનારી પેઢી માટે દૃષ્ટાંત બની રહી છે.

દેશના ખૂણે ખૂણે હવે ખેલકૂદ માટેની માળખાકીય સગવડો ઊભી કરવામાં આવી રહી છે જેને કારણે છોકરીઓ પણ ટૅલન્ટ બતાવી રહી હોવાથી હવે સમાજની નજરમાં છોકરા-છોકરી જેવો કોઈ ભેદભાવ નથી રહ્યો. હવે તો છોકરીઓ પણ છોકરાઓ જેટલું જ સન્માન મેળવી રહી છે. ■

# અમેરિકામાં કયો ધર્મ સૌથી વધુ શિક્ષિત છે?

વિશેષ પ્લસ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

**અમેરિકાના** ધાર્મિક માળખા વિશે એક નવી વાસ્તવિકતા પ્યુ રિસર્ચ સેન્ટરના એક અહેવાલમાં બહાર આવી છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શિક્ષણની દ્રષ્ટિએ એક ચોક્કસ ધર્મ અમેરિકાના અન્ય તમામ જૂથોને પાછળ છોડી ગયો છે.

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાને 'તકની ભૂમિ' કહેવામાં આવે છે, જ્યાં વિશ્વભરના લોકો તેમના સપના પૂરા કરવા માટે આવે છે. પરંતુ શું ધર્મ અને શિક્ષણ વચ્ચે કોઈ ઊંડો સંબંધ હોઈ શકે છે?

પ્યુ રિસર્ચ સેન્ટરના તાજેતરના 'ધાર્મિક લેન્ડસ્કેપ સ્ટડી' એ આ વાતનો ખુલાસો કર્યો છે. આ ચોંકાવનારો અહેવાલ અમેરિકામાં રહેતા વિવિધ ધાર્મિક જૂથો વચ્ચે શૈક્ષણિક સ્તરમાં મોટો તફાવત દર્શાવે છે. જ્યારે કેટલાક લઘુમતી સમુદાયો શિક્ષણની દ્રષ્ટિએ સરેરાશ અમેરિકન નાગરિક કરતાં ઘણા આગળ નીકળી ગયા છે, ત્યારે કેટલાક પરંપરાગત જૂથો માટે આ યાત્રા પડકારજનક રહે છે.

### અમેરિકામાં શિક્ષણનું ધાર્મિક ગણિત

પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં બહાર આવ્યું છે કે યુનાઇટેડ સ્ટેટ્સમાં હિન્દુઓ અને યહૂદીઓ ચાર વર્ષની કોલેજ ડિગ્રી પ્રાપ્ત કરવામાં અન્ય તમામ ધાર્મિક જૂથો કરતાં વધુ દરે છે. માહિતી અનુસાર યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેતા ૭૦ ટકા હિન્દુઓ પાસે સ્નાતકની કે તેથી વધુ ડિગ્રી છે.

હિન્દુઓ પછી યહૂદી સમુદાય આવે છે, જેમાં ૬૫ ટકા લોકો ઉચ્ચ શિક્ષણ ધરાવે છે. આ આંકડો નોંધપાત્ર છે કારણ કે એકંદર યુએસ સરેરાશની તુલનામાં ફક્ત ૩૫ ટકા અમેરિકન પુખ્ત વયના લોકો પાસે કોલેજ ડિગ્રી છે. આનો અર્થ એ છે કે હિન્દુ સમુદાયનો શિક્ષણ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા બમણો છે.



### ખ્રિસ્તી સમુદાયોમાં શિક્ષણમાં ભિન્નતા

ખ્રિસ્તી ધર્મ યુનાઇટેડ સ્ટેટ્સમાં સૌથી મોટો ધાર્મિક જૂથ છે, પરંતુ તેના વિવિધ પેટાજૂથોમાં શિક્ષણનું સ્તર નોંધપાત્ર રીતે બદલાય છે.

મુખ્ય પ્રોટેસ્ટંટ જૂથોમાં ૪૦ ટકા કોલેજ સ્નાતક છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા થોડું સારું છે. ખાસ કરીને એપિસ્કોપલ ચર્ચના સભ્યોનો સાક્ષરતા દર ૬૭ ટકા જેટલો ઊંચો હોવાનું જણાય છે, જે યહૂદીઓની નજીક છે. તેનાથી વિપરીત ઇવેન્જેલિકલ પ્રોટેસ્ટંટમાં આ આંકડો ઘટીને ૨૯ ટકા અને ઐતિહાસિક રીતે કાળા પ્રોટેસ્ટંટ ચર્ચમાં માત્ર ૨૪ ટકા થાય છે. કેથોલિક સમુદાયમાં ૩૫ ટકા કોલેજ સ્નાતક છે, જે બરાબર રાષ્ટ્રીય સરેરાશ છે. જો કે કેથોલિકોમાં નોંધપાત્ર વંશીય અસમાનતાઓ જોવા મળે છે. ૫૩ ટકા એશિયન કેથોલિક અને ૪૩ ટકા શ્વેત કેથોલિક ઉચ્ચ શિક્ષિત છે, જ્યારે હિસ્પેનિક કેથોલિકોમાં આ દર માત્ર ૨૦ ટકા છે.

### મુસ્લિમો અને અન્ય ધર્મોની સ્થિતિ

અહેવાલ મુજબ યુનાઇટેડ સ્ટેટ્સમાં મુસ્લિમ સમુદાય અને અન્ય ધાર્મિક જૂથો (જેમ કે બૌદ્ધ અને રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓ) નો સાક્ષરતા દર ૩૫ ટકાથી ૪૫ ટકા સુધીનો છે. મુસ્લિમ સમુદાયનો સાક્ષરતા દર રાષ્ટ્રીય સરેરાશની નજીક અથવા તેનાથી થોડો સારો રહે છે.

જો કે હિન્દુઓની તુલનામાં આ તફાવત નોંધપાત્ર રીતે મોટો છે. તે જ સમયે, જે લોકો કોઈ ધર્મનો દાવો કરતા નથી (નાસ્તિક અને અજ્ઞેયવાદી), શિક્ષણનું સ્તર પણ ઘણું ઊંચું છે. ૫૩ ટકા અજ્ઞેયવાદી અને ૪૮ ટકા નાસ્તિક કોલેજ ગ્રેજ્યુએટ છે. તેનાથી વિપરીત, જેઓ 'ખાસ કંઈ નહીં' તરીકે ઓળખાવે છે, તેમાં ફક્ત ૨૯ ટકા ડિગ્રી ધરાવે છે.

### આ શિક્ષણ અંતર પાછળનાં મુખ્ય કારણ

નિષ્ણાતો માને છે કે હિન્દુઓના ઉચ્ચ શિક્ષણ દર પાછળ પસંદગીયુક્ત ઇમિગ્રેશન મુખ્ય કારણ છે. ભારતમાંથી અમેરિકા સ્થળાંતર કરનારા મોટાભાગના લોકો ડોક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક અથવા આઇટી પ્રોફેશનલ્સ છે જેમની પાસે પહેલેથી જ ઉચ્ચ શિક્ષણની ડિગ્રીઓ છે. યુએસ વિઝા નીતિઓ પણ ઘણીવાર ઉચ્ચ કુશળ વ્યક્તિઓને પ્રાથમિકતા આપે છે.

યહૂદી સમુદાય હંમેશા શિક્ષણને ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ આપે છે, જે તેમના આંકડાઓમાં પ્રતિબિંબિત થાય છે. બીજી બાજુ સામાજિક-આર્થિક પરિબળો, સંસાધનોની મર્યાદિત પહોંચ અને ઐતિહાસિક અસમાનતાઓ કેટલાંક જૂથોમાં શિક્ષણના અભાવ માટે જવાબદાર હોઈ શકે છે. ■

હાસ્ય વિનોદ

# -તો લો, આ તમારું વાર્ષિક ભવિષ્ય...

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

(એમ કહેવાય છે કે જ્યોતિષીઓએ કરેલ આગાહીઓમાંથી માત્ર ૬ ટકા આગાહીઓ જ સાચી પડી છે, કિન્તુ પ્રખર જ્યોતિષી શ્રી વિનોદ ભટ્ટ વિનોદાચાર્યે અગાઉ કરેલી તમામ આગાહીઓ આશ્ચર્યજનક રીતે સાચી પડી છે. જેમ કે સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઑગસ્ટે જ આવશે, ગુડ ફ્રાઈડે શુક્રવારના દિવસે આવશે, ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીના દિવસે અચૂક આવશે અને ચન્દ્રગ્રહણ રાત્રે જ થશે - એમાં કોઈ મીનમેખ નહીં થાય. આવી બધી આગાહીઓ અક્ષરશઃ સચોટ પુરવાર થઈ છે. આ કારણે આજે તે વાચકો માટે વાર્ષિક ભવિષ્યકથન કહેવા તૈયાર થયા છે. અત્રે તમામ રાશિવાળાઓનું વાર્ષિક ભવિષ્ય આ લેખમાં સમાવી દેવામાં આવ્યું છે. જોકે વિનોદાચાર્ય છાતી ઠોકીને જણાવે છે કે આમાંની કેટલીક આગાહીઓ કેટલાકને માટે સચોટ પુરવાર થશે, મોટાભાગનું ભવિષ્યકથન ઘણાંબધાંને લાગુ નહીં પડે, અમુક આગાહીઓ અમુક જણને અવશ્ય સ્પર્શશે એ વાત નક્કી... તો લો, આ તમારું વાર્ષિક ભવિષ્ય...)

- ગત વર્ષની જેમ આ વર્ષે પણ આવક કરતાં ખર્ચ વધારે રહેશે. જોકે તમે આવક અને જાવકનાં પાંસા (કાગળ પર) સરખાં રાખી શકશો.

- આગામી ફેબ્રુઆરી માસમાં (માત્ર અઠ્ઠાવીસ દિવસ હોવાથી) અન્ય મહિનાઓના મુકાબલે ભ્રષ્ટાચાર ઓછો થશે.

- આ વર્ષે જીવનજરૂરિયાત ચીજવસ્તુઓના ભાવ ઘટશે એવી ખોટી કલ્પનાઓ કે ભ્રમણાઓમાં રાચશો તો માનસિક સ્વાસ્થ્ય બગડશે.

- જ્યાં વરસાદ નહીં પડે ત્યાં ત્યાં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થશે અને બારે મેઘ ખાંગા થશે ત્યાં નદીઓમાં ભારે પૂર આવશે, ગામડાં ડૂબી જશે.

- નવું બજેટ ભારે કરવેરાવાળું આવશે, જેને વિરોધ પક્ષવાળા દર વર્ષની જેમ નિરાશાજનક અને ગરીબો માટે કમરતોડ તરીકે જાહેર કરશે. જોકે આ બજેટ ગરીબો તેમજ ભિક્ષુકોને ખાસ સ્પર્શી નહીં શકે - લંગોટી તથા ભીખનાં શંકોરાં યાને હાંડલાં પર કોઈ કરબોજ નહીં પડે.

- તમને પટકવા શત્રુઓ ભયંકર ચાલ રમી રહ્યા છે એમ માની તેમના પ્રત્યે રોષ દાખવવો નહીં, કેમકે મિત્રો પણ એ કામ વફાદારીપૂર્વક કરી શકે છે. મિત્રોમાં તમારા માટે થયેલી કેટલીક ગેરસમજો દૂર થશે ને થોડીક નવી ગેરસમજો ઊભી થશે. મિત્રોને ઓળખી લેશો, પણ એ સાથે મિત્રો તમને ઓળખી ન જાય એનો ખાસ ખ્યાલ રાખશો.

- તમે વેપારી હશો તો આ વર્ષે તમારા યશ-પ્રતિષ્ઠામાં વધારો થશે. ઈન્કમટેક્સ ખાતાની રેડને કારણે સમાજમાં તમારી આબરૂ વધશે. તમે ભાગીદારી પેઢી ચલાવતા હશો તો તેમાં ડખો થશે - તમારો 'સ્લીપિંગ પાર્ટનર' જાગી જશે.

- તમે નવો ધંધો શરૂ કર્યો હશે તો રેડિયો પર આવતા ધીમી ગતિના સમાચાર જેવી પ્રગતિ થશે અને જેટલું વ્યવસ્થિત આયોજન કરવા પ્રયાસ કરશો એટલા પાછા પડશો. ધંધાના વિકાસ માટે નવી યોજનાઓ ઘડવી નહીં - પંચવર્ષીય યોજના જેવું થશે. ધંધામાં સફળતા હાથવેંતમાં છે એમ જણાશે ને આખા વરસ સુધી હાથવેંત જ દૂર રહેશે.

- આ વર્ષે એકાદ મોટા ઑપરેશનનો યોગ છે, મેડિક્લેમ હશે તો તમને ફાયદો થશે પણ તે નહીં હોય તો પણ ઑપરેશન કરનાર ડૉક્ટરને તો અવશ્ય ફાયદો થશે.

- આ વર્ષે મોટું સાહસ કરવા જેવું નથી - જે સ્થિતિમાં હોઈએ એ સ્થિતિમાં સંતોષ માનવો. કુંવારા પુરુષોએ 'રામ રાખે તેને કોણ ચાખે' એ કહેવત બબડી રાજી થવું.

- તમે જીવનમાં ઘણાં કડવાં સત્યોનો સામનો કર્યો હશે તો કડુ-કરિયાતું પીધા વગર પણ ડાયાબિટીસમાં રાહત જણાશે.

- તમે રાજકારણમાં પડ્યા હશો તો તમારું હૃદય પરિવર્તન થશે. અર્થાત્ તમે એક પક્ષ પરથી બીજા - દુધાળા પક્ષમાં જશો ને આથી તમને વિશેષ લાભ થશે.

- સત્કાર્યો દ્વારા તમે સોનામાં સુગંધ ભેળવવા પ્રયાસ કરશો નહીં, નહીં તો ભેળસેળના ગુનાસર તમારા પર ફોજદારી કાનૂન હેઠળ કામ ચાલવાના યોગ છે.

- જીવનમાં ગણતરીપૂર્વક વર્તવાનું રાખશો. જરૂર જણાય તો સાચી ગણતરી માટે એકાદ કેલ્ક્યુલેટર વસાવી લેશો.

- ફાગણ - ચૈત્રમાં અગ્નિ, ઈલેક્ટ્રિક ઈસ્ત્રી તેમજ પોતાની સ્ત્રીથી ખાસ સંભાળવું, દાઝી જવાના યોગ છે.

- તમારા માટે આ વર્ષે વિદેશ પ્રવાસનો યોગ છે, પરંતુ ભારતમાં જ ક્યાંક પ્રવાસ કરવો હશે તો તમાર માટે તે અનેક મુશ્કેલીઓને યાતનાઓથી ભરપૂર રહેશે - કાશ્મીર તેમજ બિહારનો પ્રવાસ ટાળવો, બિહારનો બિલકુલ.

- તમે જે ચાહશો તે મેળવી શકશો, પણ જેને ચાહો છો તેને મેળવવાની લેશમાત્ર ઈચ્છા ન રાખશો. નરકસ્થ થવા જેટલી યાતના ભોગવશો.

- એકાદ આકસ્મિક લાભ થવાનો યોગ છે - મોટું વાહન અથડાવાથી થયેલ ઈજાનું ઘણું સારું આર્થિક વળતર મળવાના યોગ છે.

- તમારા ખિસ્સાથી ખિસ્સાકાતરુની ગરીબી દૂર થવાના યોગ છે.

- ભૂતકાળના નાણાકીય તંગીના દિવસોનો અંત આવશે, ને તમને નાણાં ધીરનારની તંગીના દિવસો શરૂ થશે - જો કે તે કોઈ કૉ-ઑપરેટીવ બૅંક સાથે જોડાયેલ હશે સરવાળે તેનોય વાળ વાંકો નહીં થાય.

- તમે સરકારી નોકરી કરતા હશો તો આ વર્ષે પગારવધારો થશે, એટલે કે તમે જે કામ કરો છો (અથવા તો નથી કરતા) એની સરખામણીમાં તમને જે મળે છે તે પગાર વધારાનો મળે છે એવું તમારા અંતરાત્માને સતત લાગ્યા કરશે.

- તમારી નોકરીમાં તમને એક મહત્ત્વનો ચાન્સ મળશે, પણ તે ઝડપી લેતાં તમને કોઈ ઝડપી ન લે તેની ખાસ કાળજી રાખશો.

- તમે સરકારી ખાતામાં હો તો અગત્યના નિર્ણય લેશો નહીં, નિર્ણય કરવાનું કામ અન્ય પર છોડી દેશો તો બબાલમાંથી બચી જશો.

- કારતકથી ચૈત્ર અને વૈશાખથી આસો માસ અનુકૂળ નથી - અન્યની પત્નીથી સંભાળવું.

- વિદ્યાર્થીઓ માટે આ વરસ સારું રહેશે - હડતાળો પડવાનો. પરીક્ષાનાં પેપરો ફૂટવાનો ને ક્યાંક ક્યાંક સુપરવાઈઝર્સનાં માથાં ફૂટવાનો યોગ છે. નહીં ભણવાની વૃત્તિવાળાઓ માટે આ વર્ષ સાનુકૂળ રહેશે.

- વિદ્યાર્થી-વર્ગના ગ્રહો પરીક્ષા સુધી સારા રહે, પછી બગડે. ફૂટેલાં પેપરો હાથમાં ન આવે.

- વિદ્યાર્થીઓએ રતન જેવી આંખની ખાસ સંભાળ રાખવી - બહુ વાંચવું નહીં, મનને સારું લાગતું હોય તો ટી.વી.ની મનગમતી સિરીયલો જોવી, પરિણામ તો જે આવવાનું હશે એ જ આવશે - તેમાં ખાસ ફેર પડવાનો નથી.

- સાસુઓ માટે વરસ ખરાબ, અપયશ તેમજ જેલયોગ છે. કેરોસીનનો ડબ્બો પુત્રવધૂની આંખની સાવ નજીક, આંખવગો ન રહે એની ખાસ તકેદારી રાખવી.

અને છેલ્લે - તમામ રાશિવાળી વ્યક્તિઓએ પોતાની માનસિક સ્વસ્થતા જાળવી રાખવી હોય તો આ પ્રકારનાં અખબારી ભવિષ્ય વાંચવાં નહીં અસ્તુ. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પાણી ચોરે ઘડિયાળ ને માર ખાય ઝાલર



ઉનાળો બેસી ગયો છે. હોળી - ધુળેટી જાય એટલે ગરમી પડવાની શરૂઆત થાય. ગરમી નામ પડતા પહેલા પાણી યાદ આવી જાય. **નીર, ઉદક, સલિલ** પાણીના પર્યાયવાચી શબ્દો છે. પાણીના રૂપ કેટકેટલા છે. આકાશમાંથી વરસે તો **વરસાદ**. આકાશ તરફ ઊડે તો **બાષ્પ**. જમીને પડે તો **કરા** ને પડીને જામી જાય તો **બરફ**. ફૂલ પર હોય તો **ઝાકળ**, પણ ફૂલમાંથી નીકળે તો **અત્તર**.

એકઠું થાય તો **ખાબોચિયું અથવા તળાવ - સરોવર**, પણ વહેવા લાગે તો **નદી**. હદમાં રહે તો **જીવન**, પણ હદ તોડે તો **પ્રલય**. આંખમાંથી નીકળે તો **આંસુ**, પણ શરીરમાંથી નીકળે તો **પરસેવો**. **પાણી ચડવું** એટલે જુસ્સો આવવો અથવા ઉશ્કેરાઈ જવું, પણ **પાણી ચડાવવું** એટલે પાનો ચડાવવો, ઉશ્કેરવું કે ઉત્તેજન આપવું. હથિયારને પાણી ચડાવવું એટલે એને ધારદાર બનાવવું. **પાણીમાં રહેવું ને મગર સાથે વેર** (જેની સત્તા હેઠળ રહેવાનું હોય એની સાથે દુશ્મનાવટ ન રખાય) અને **પાણી પહેલા પાળ બાંધવી** (મુશ્કેલી આવે એ પહેલા જ ઉપાય કરી લેવો) બહુ જ જાણીતી કહેવતો છે. વાંક કોઈનો હોય અને સજા કે શિક્ષા અન્યને થાય એ ભાવાર્થની કહેવત છે **પાણી ચોરે ઘડિયાળ ને માર ખાય ઝાલર**. અહીં ઝાલરનો અર્થ છે હથોડી જેવું લાકડાનું ઘંટ વગાડવાનું ઓજાર. ગધેડા માટે ખર શબ્દ પણ છે. **પાણી પીને પૂછે ઘર તે પહેલો ખર** એટલે કે ગધેડા જેવો એવી કહેવત છે. ટૂંકમાં કામ શરૂ કરતા પહેલા જે તકેદારી રાખવી જોઈએ એ બાબતે બેદરકારી. **પાણી પ્રમાણે પોયણી** કહેવત સમજવા જેવી છે. પોયણી એટલે કમળની વેલ. પોયણીનું ફૂલ પાણીના સ્તર સાથે ઉપર-નીચે થાય એ જ રીતે માણસે જીવનમાં બદલાતા સંજોગો સાથે જાતને બદલતી રહેવી પડે.

પાણીનો સંદર્ભ ધરાવતી નાનકડી કથા થોડામાં ઘણું કહી જાય છે. એક ઘરમાં નોળિયો હતો, બાળક ઘોડિયામાં ઊંઘી રહ્યું હતું. બાળકની મા પાણી ભરવા ગઈ એ વખતે અચાનક ઘરમાં સાપ ઘૂસ્યો અને બાળકને કરડવા ઘોડિયા ઉપર ચઢ્યો. નોળિયાના ધ્યાનમાં આવતા તેણે સાપને મારી નાખી બાળકનું રક્ષણ કર્યું. જોકે, સાપ સાથે નાનકડા યુદ્ધમાં એનું મોં લોહિયાળ થઈ ગયું. પાણી ભરી મા પાછી આવી અને નોળિયાના મોઢા પર લોહી જોઈ એણે બાળકને મારી નાખ્યું એવું માની લીધું. ક્રોધાવેશમાં આવી માએ નોળિયાને મારી નાખ્યો. પછી ઘોડિયામાં જોયું તો બાળક હસતું હતું. ઘણો પસ્તાવો થયો, પણ એનો કોઈ અર્થ નહોતો.

## લોકબોલીનાં રત્નો

પાણીના સંદર્ભમાં વપરાતા કેટલાક લોકબોલીનાં રત્નો જાણીએ. ગ્રામ્ય જીવનની રહેણી કરણી જાણતા હશો તો **પવાલું, ડોયો, પાણિયારું, હાંડો, બોઘરણું** શબ્દોથી થોડા ઘણા પરિચિત હશો અથવા આ શબ્દો સાંભળ્યા હશે. અર્થ ખબર નહીં હોય અથવા ભૂલી ગયા હશો. **પવાલું:** ગામમાં કોઈના ઘરે પરોણો (અતિથિ કે મહેમાન) આવે એટલે યજમાન તરત જ કૂખે કે 'પાવલું પાણીનું આપજો'. પાવલું એટલે પાણી પીવાનું તાંબા કે પિત્તળનું નાનકડું વાસણ. **ડોયો:** આ શબ્દ ડોઈ તરીકે પણ ઓળખાય છે. ડોયો એટલે લાંબા દાંડાનું પાણી કે અન્ય પ્રવાહી કાઢવા માટેનું એક ખાસ સાધન. અગાઉના સમયમાં માટલાને નળ નહોતા. એટલે પીવાનું પાણી માટલામાંથી કાઢવા માટે ડોયાનો ઉપયોગ કરવામાં આવતો હતો.સિવાય દાળ શાક વગેરે હલાવવાનો અને પીરસવાનો લાકડાનો હાથાવાળો કડછો પણ ડોયા તરીકે ઓળખાતો હતો. **પાણિયારું:** પાણી અથવા પાણી ભરેલાં બેડાં, માટલાં વગેરે રાખવાની ઘરની ખાસ ઓરડી અથવા ચોકડી વગેરે સાથે ઈંટ અને ચૂનાથી બાંધેલી જગ્યા. સામાન્ય રીતે ઘરમાં પાણીનાં વાસણ રાખવાની જગ્યા પાણિયારું તરીકે ઓળખાય છે. એના પરથી એક વિશિષ્ટ રૂઢિપ્રયોગ છે **પાણિયારાનો મુનશી**. એનો અર્થ છે ઘરકૂકડો માણસ. ઘરમાં બેસીને જ ફડાકા મારનારો પણ બહાર જેનાથી કંઈ બોલાતું ન હોય એવો માણસ. **બોઘરણું** એટલે પહોળા મોઢાવાળું ધાતુનું વાસણ જે વટલોઈ તરીકે પણ જાણીતું છે. ગોવાળો ગાય - ભેંસ દોહતી વખતે જે પાત્રનો ઉપયોગ કરતા હોય છે એ પણ બોઘરણું તરીકે ઓળખાય છે. એને સમાંતર બીજા બે શબ્દો છે **વટલોઈ અને દેગડો**. વટલોઈ એટલે મોટા પેટાળવાળો લોટો. મતલબ કે એ ઊંડું હોવાથી એમાં વધુ પ્રવાહી સમાઈ શકે. દેગડો એટલે નીચેથી પહોળું અને ઉપરથી સાંકડા મોઢાવાળું વાસણ.

સગ્ગી બહિણ

## तंत्रज्ञान संबंधित शब्द

મરાઠીઓમાં ભાષાપ્રેમ અનન્ય હોય છે. મરાઠીઓ વ્યવહારમાં ચલણી બની ગયેલા અનેક અંગ્રેજી શબ્દોનું મરાઠી સંસ્કરણ વાપરવા માટે જાણીતા છે. ક્રિકેટ એનું પ્રચલિત ઉદાહરણ છે. **फलंदाजाने या षटकात चेंडू चार वेळा सीमापार पाठवला असून धावसंख्येत चांगली भर पडली आहे.**ગુજરાતીમાં આપણે કહીએ કે આ ઓવરમાં બેટ્સમેને બોલને ચાર વાર બાઉન્ડરી બહાર મોકલી દેતા સ્કોરમાં સારો વધારો થયો છે. નોંધનીય છે કે બેટ્સમેન, બોલ, ઓવર, બાઉન્ડરી, સ્કોર વગેરે સહજ વપરાશના અંગ્રેજી શબ્દો માટે મરાઠી શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટેક્નોલોજી સંબંધિત કેટલાક મરાઠી શબ્દો પણ ખાસ્સા ચલણમાં છે. ટેક્નોલોજી માટે મરાઠીમાં **तंत्रज्ञान** શબ્દ વપરાય છે. ઈન્ફર્મેશન ટેક્નોલોજીની આજના સમયમાં બોલબાલા છે અને અનેક લોકો એમાં કારકિર્દી બનાવવા ઉત્સુક હોય છે. મરાઠી અખબારો અને ચેનલો એને માટે **माहिती तंत्रज्ञान** શબ્દો વાપરતા અચકાતા નથી. એ પ્રમાણે કમ્યુનિકેશન ટેક્નોલોજી **संप्रेषण तंत्रज्ञान** નામે ઓળખાય છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ માટે **कृत्रिम बुद्धिमत्ता** પ્રયોગ વપરાય છે. ફિફટી પ્લસ લોકો જ નહીં યુવા વર્ગ પણ કમ્પ્યુટર માટે **संगणक** શબ્દ વાપરતો જોવા મળે છે. કમ્પ્યુટરના વપરાશકારો માટે ઈન્ટરનેટ અત્યંત મહત્ત્વની બાબત છે. એને માટે મરાઠીમાં **आंतरजाळ** (ઈન્ટર એટલે **आंतर** અને નેટ એટલે **जाळ**) શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો વપરાશ કરનારા જુદી જુદી વેબસાઇટનો ઉપયોગ કરતા જ હોય છે. વેબસાઈટ માટે વપરાતો મરાઠી શબ્દ છે **संकेतस्थळ.** ગણતરી કરવા માટે કમ્પ્યુટરમાં જ કેલકયુલેટર હોય છે. એને માટે **गणना सारणी** એવો સાંભળવામાં મીઠો લાગતો શબ્દ વપરાય છે.

राष्ट्र भाषा

## गर्मी की कहावतें



ગરમી માટે હિન્દીમાં પણ ગરમી અથવા ગર્મી શબ્દ છે. **गर्मी को तपिश भी कहते हैं जो फारसी शब्द है. गर्मी या तपिश से संबंधित हिंदी मुहावरे और कहावतें भीषण तपन, गुस्से या अत्यधिक परेशानी को दर्शाती है। प्रमुख मुहावरों में दिमाग की गर्मी उतारना (घमंड मिटाना,) गर्मी से जवाब देना (गुस्से में बोलना) और आग बबूला होना (बहुत गुस्सा होना) शामिल है.** દિમાગની ગરમી ઊતરી જવી એટલે ઘમંડ ચકનાચૂર થવો. ગરમીથી જવાબ આપવો એટલે ક્રોધિત થઈ કે રોષમાં આવી બોલવું. **दिमाग की गर्मी छंट जाना, मतलब नशा उतर जाना, जोश खत्म हो जाना,** માણસને જો બહુ ગુસ્સો ચડે તો આગ બબૂલા હોના કહેવાય છે. ભીષણ કે અસહ્ય અથવા કાળઝાળ ગરમી માટે **खलिहान जलाने वाली गर्मी** પ્રયોગ વપરાય છે. **खलिहान का अर्थ वह स्थान या भवन है जहां कटी हुई फसल (अनाज) को रखा जाता है.** ટૂંકમાં એવી ગરમી કે કાપણી કરી રાખેલો પાક પણ સળગી ઊઠે. **राहत इंदौरी की पंक्तियां जो अत्यधिक गर्मी का वर्णन करती है: शहर क्या देखें कि हर मंजर में जाले पड गए, ऐसी गर्मी है कि पीले फूल काले पड गए.** અસહ્ય પરિસ્થિતિના રૂપક છે. **गर्मी का फूंके देना मतलब पर्यावरण का तापमान बढने से शरीर का अधिक बेचैनी महसूस करना, बेहद तपिश होना, सख्त गर्मी पडना।** તાપમાનનો પારો વધી જતા અકળામણ થવી એ અર્થ અહીં અભિપ્રેત છે. સૂરજની ગરમીનો સંદર્ભ વાપરી ભગવાન શ્રી રામનો સુંદર સંદર્ભ જોડી કેવી ફિલસૂફી કહેવામાં આવી છે એ જાણવા જેવું છેઃ **सूरज की गर्मी से जलते हुए तन को, मिल जाए तरुवर की छाया। ऐसा ही सुख मेरे मन को मिला मै जब से शरण तेरी आया मेरे राम।** ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હેં એંએં શું કહ્યું? ગટરમાં રૂપિયા?

'ઠક. ઠકઠક'

રાત્રે એક વાગ્યે મારા ઘરનું બારણું કોઇ ઠોકતું હતું. મારા શરીરમાં ભયનું લખલખું આવી ગયું. કોઇ ચડ્ડી -બનિયાનધારી ગેંગ દરવાજો ઠોકીને ચોરી કરવા આવે નહીં. મારા ઘરે બે નંબરી તો ઠીક એક નંબરી રૂપિયાના ફાંફા છે. એટલે ઇન્કમટેકસ મારા ઘરે સપનામાં પણ રેઇડ પાડવાનું વિચારે નહીં. કોઇ લેણિયાત તેનું લેણું વસૂલ કરવા અડધી રાત્રે મારી ખટિયા ખડી કરી શકે.

'ગિધું, ડિયર દરવાજો ખોલો' રાધારાણીએ હુકમ કર્યો.

'કોણ હશે? અડધી રાત્રે? છાપાવાળો છાપાનું બિલ લેવા આવ્યો હશે? વીમાનો એજન્ટ અર્ધી રાત્રે મરણસાથી યોજનાની પૉલિસી વેચવા આવ્યો હશે?' હું લૂંગી સરખી કરતાં સ્વગત બબડ્યો. અડધી રાત્રે કોઇ ઘરનો દરવાજો ખખડાવે તો મગજ બહેર મારી જાય કે નહીં?

'શું ઠોયાની જેમ ઊભા છો? દરવાજો ખોલો. પડશે એવા દેવાશે.' રાધારાણી ઊંઘમાં ખલેલ પડવાથી ચિડાઇ ગયા.


'મને બીક લાગે છે. કોઇ મારા પર હથિયારથી હુમલો કરે અને મને કંઇ થઇ જશે તો તારું શું થશે તેની મને ફિકર થાય છે.' મેં ગભરાઈને કહ્યું.

'તમે નહીં હો તો મારું ફોડી લઇશ. હવે ડર્યા કર્યા વગર દરવાજો ખોલો.'

'અરે, રાજુ તું અત્યારે મારા ઘરે? કાકા કાકીની તબિયત બરાબર છે?' મેં દરવાજો ખોલ્યો. રાજુ મારા ઘરે આવેલો.

રાજુએ બુકાની પહેરી હતી. માથા પર કોલસાની ખાણના ખાણિયા ટોર્ચ વાળી ટોપી પહેરી તેવી ટોપી પહેરેલી. આંખ પર નાઇટ વિઝન ગોગલ્સ હતા. હાથમાં દોરડું હતું. રાજુ 'શહેનશાહ' ફિલ્મના અમિતાભ જેવો લાગતો હતો.

'ભાભી જાગે છે?' રાજુએ ઘરમાં આમતેમ જોયું. તેણે મોં પર આંગળી મૂકી ધીમેથી બોલવા સૂચવ્યું.




'રાજુ, શું વાત છે?' શું ક્યાંય ધાડ પાડવાનો ઇરાદો છે?' મેં મજાક કરી.

'ગિરધરલાલ, તમે અબઘડી મારી સાથે ચાલો. રસ્તામાં બધું કહું છું.' હોઠ ફફડાવીને રાજુએ ધીમેથી કહ્યું.

'આ તમારી ટણક ટોળી અડધી રાત્રે કયાં ઉપડી?' રાધારાણીએ જાગી જઇને અમારી ઊલટ તપાસ હાથ ધરી.

'ભાભી, અમે ખાનગી કામે જઇએ છીએ.' રાજુએ લાળા ચાવ્યા.

'રાજુભાઇ, ચાર બોટલ વોડકા કામ, મેરા રોજકા એવું તો ખાનગી કામ નથી ને? તમે મારા ગિધુને બગાડો છો.' રાધારાણીએ જોરથી બારણું બંધ કરીને નારાજગી જાહેર કરી. જ્યારે હું અને રાજુ રાત્રે બહાર જઇએ ત્યારે રાધારાણી કકળાટ કરે. હું પાછો આવું ત્યારે પણ દરવાજો ખોલતી સમયે કાબરની જેમ કલબલાટ કરે. હું ક્યારેક છાંટોપાણી કરું પણ બધું માપમાં. મેં પીધા પછી રાજુની જેમ રાજાપાઠમાં કદી સીન ક્રિએટ કર્યો નથી.'

'આપણે કયાં જઇએ છીએ? મેં ટુ વ્હીલરની પાછલી સીટ પરથી રાજુને પૂછ્યું.

'ગિરધરલાલ, આપણા નસીબ આડેથી પાંદડું હટી ગયું છે.' રાજુના અવાજમાં આનંદ છલકાતો હતો.

'હું કાંઇ સમજ્યો નહીં.' મેં મારી મૂંઝવણ છતી કરી.

'આજે લક્ષ્મી આપણને ચાંલ્લો કરવાની છે.' રાજુ માનો કે સાતમા આસમાનમાં વિહરી રહ્યો હતો.

'મને તો ક્યાંય અપ્સરા પણ દેખાતી નથી. રસ્તો તો સૂમસામ છે.

'તમે થોડી વાર શાંતિ રાખો.' આમ કહી રાજુ ટુ વ્હીલર ચલાવતો રહ્યો. એક સોસાયટી આગળ ટુ વ્હીલર અટકાવ્યું. ટુ વ્હીલરને સ્ટેન્ડ કર્યું.

રાત્રે બે વાગ્યે અહીં માણસોની હકડેઠઠ ભીડ હતી. લોકો નીચે ઝૂકીને કાંઇક કાઢતા હતા. બેક માણસો કાઢેલ વસ્તુને પંખાથી સૂકવતા હતા. કેટલાક લોકો કોલસાથી ચાલતી ઇસ્ત્રીથી ઇસ્ત્રી પણ કરતા હતા. માહૌલ મારા પલ્લે ન પડયો. ચારેકોર લૂંટાલૂંટ. ચારેકોર છીનાઝપટી. લોકો કયાંકથી હેલોજનનો જુગાડ કરી આવેલ. કોઇ નોટ સાચી છે કે તે ચકાસવાનું મશીન લઇ આવેલ. બાઇકની સીટ પર ગટરમાંથી કાઢેલ નોટ પર એર ફ્રેશનરનો સ્પ્રે મારીને નોટ સૂકવતા હતા. કોલસાની ખાણના ખાણિયા કામ કરતા હોય તેવું લાગે.

'ગિરધરલાલ, પેલું ઢાંકણું ખોલી તમે ચાલુ પડી જાવ.' રાજુએ મને સૂચના આપી.

'રાજુ, આ તો ગટરનું ઢાંકણું છે. મારી ઊંઘ બગાડીને તું ગટરના ઢાંકણા ખોલાવે છે? જો ગટરનું ઢાંકણું જ ખોલવું હતું તો આપણા ઘરની ગટરોના ઢાંકણા શું ખોટા હતા?' મેં રાજુ સમક્ષ આકરો વિરોધ નોંધાવ્યો.

'ગિરધરલાલ, અહીં જે છે તે ત્યાં નથી.' રાજુ કોયડા જેવું બોલી ગયો. રાજુએ ગટરનું ઢાંકણું ખોલ્યું. તેની અંદર બેટરીથી લાઇટ કરી.

'હાઇલા, આમાં તો ગાંધી, પરંતુ, ગટરમાં ચલણી આંધી આવી છે. એટલે કે ગાંધીછાપ નોટ વહે છે.' મેં હરખ કર્યો. ગટરમાં પાંચસો પાંચસોની નોટો વહેતી હતી. ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ એવું સાંભળ્યું હતું, પરંતુ ખુદા ગટરના ઢાંકણા ખોલાવીને દેતા હૈ એવું તો પહેલીવાર જોઇ રહ્યો હતો. આ ગટરનું મૂળ રિઝર્વ બેંક કે બેંકની કોઇ કરન્સી ચેસ્ટમાં તો ખૂલતું નહીં હોય ને? ગટરમાં ચલણી નોટો તરતી તરતી હરતાફરતી હોય તેવું તો પહેલીવાર જોયું.

'આ આંખ ધન્ય છે, આ ગટરજળ ધન્ય છે, ગટરજળમાં વહેતી લક્ષ્મી ધન્ય છે.' એવી કવિતા મને સૂઝી.

'ગિરધરલાલ, ગટરમાં હાથ નાંખી મને નોટો આપતા જાવ. હું નોટો સૂકવવાનો બંદોબસ્ત કરું છું.' રાજુએ મને ગંધારા પાણીમાંથી નોટો કાઢવા કહ્યું. ભારે ધક્કામુક્કી અને ભીડ વચ્ચે અમે સો દોઢસો નોટો ભેગી કરી. ગટરના પાણીની ગંધથી મારું માથું ફાટવા લાગ્યું. બે બાઇક સવાર અમારી નજર સામે ગંદા પાણી ટપકતી બે બોરી ભરીને પાંચસોની ભીની ભીની લીલીછમ નોટો લઇ ગયા.

'આપણે મોડા પડયા. નહીંતર આપણે કરોડપતિ થઇ ગયા હોત.' રાજુએ અફસોસ વ્યક્ત કર્યો. ગટરમાં ચલણી નોટો કેવી રીતે વહેતી થઇ હશે? એવો સવાલે મારા મનોમસ્તિકનો કબ્જો લઇ લીધેલ.

કહે છે કે કોઇક બિલ્ડરને ત્યાં ઇન્કમટેકસની રેઇડ પડવાની હતી. બિલ્ડરને તેની ગંધ આવી ગઇ. બિલ્ડરે બે-નંબરી નાણાંનો નાશ કરવા પાંચસોની નોટો ભરેલા ચાર-પાંચ કોથળા ગટરનું ઢાંકણું ખોલીને વહેતા કરી દીધેલી.

આમે બધા ગટરમાંથી આવી કરન્સી કાઢી રહ્યા હતા ત્યાં પોલીસ ટુકડી ઘટના સ્થળ પર ત્રાટકી અને અમારા બધા પાસેથી પેલી કરન્સી જપ્ત કરી લીધી! ■

# અંધાધૂંધ ગોળીબારથી મુંબ્રા ધણધણ્યું: ગલીઓમાં પીછો કરી પોલીસે શૂટરને પકડ્યો

## સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સરની કાર પર ગોળીબાર કરનારા આરોપીએ બબ્બે પિસ્તોલથી પોલીસ પર પણ ગોળીઓ છોડી: બે રહેવાસી જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબ્રામાં મળસકે તોફાની તત્ત્વોએ કરેલા અંધાધૂંધ ગોળીબારથી ગભરાટ ફેલાઈ ગયો હતો. બિઝનેસમૅન અને સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સરની કાર પર ગોળીબાર કરનારા આરોપીએ પછી બબ્બે પિસ્તોલથી પોલીસ ટીમ પર પણ ગોળીઓ છોડવા માંડી હતી. જોકે જીવસટોસટની કામગીરી બજાવનારી પોલીસ ટીમે ગલીઓમાં પીછો કરીને એક શૂટરને પકડી પાડ્યો હતો.

મુંબ્રા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ શાહબાદ ઉર્ફે શબ્બુ મુન્ના શમશાદ કુરેશી (૨૮) તરીકે થઈ હતી. હાલમાં મુંબ્રાના મહાપે રોડ ખાતે રહેતા કુરેશીની અગાઉ દિલ્હી પોલીસે ધરપકડ કરી હતી. આઠ વર્ષ જેલમાં રહેલા કુરેશી વિરુદ્ધ દિલ્હી અને જાફરાબાદનાં ચાર પોલીસ સ્ટેશનોમાં ગંભીર ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટનાની શરૂઆત શનિવારના મળસકે ૪.૫૦ વાગ્યાની આસપાસ થઈ હતી. આરોપી તેના સાથી સાથે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ધરાવતા સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સર નદીમ મોઈનુદ્દીન ખાન ઉર્ફે બાબા ખાન (૪૫) રહે છે એ મુંબ્રા-કૌસા સ્થિત સોસાયટીમાં ગયો હતો. ખાનના ઘર બહાર પિસ્તોલમાંથી હવામાં એક રાઉન્ડ ફાયર કર્યા પછી બે રાઉન્ડ ખાનની કાર પર ફાયર કર્યા હતા. ગોળીબાર પછી બન્ને આરોપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

દરમિયાન ગોળીબારની માહિતી મળતાં મુંબ્રા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક પૂછપરછ અને પંચનામું ચાલતું હતું ત્યારે ગોળીબારમાં સંડોવાયેલા આરોપી મુંબ્રાની આચાર ગલીમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે એપીઆઈ સાવંત ટીમ સાથે આચાર ગલી તરફ રવાના થયા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસની ટીમ પહોંચી ત્યારે આરોપી કુરેશી ભંગારના એક ગોદામમાં હતો. પોલીસે શરણે આવવાનું કહેતાં આરોપીએ બન્ને હાથમાં બે પિસ્તોલ પકડી એપીઆઈ સાવંતની ટીમ પર ગોળીબાર કરવા માંડ્યો હતો. ગોળીબારના અવાજથી રહેવાસીઓ ગોદામ નજીક એકઠા થઈ ગયા હતા. ભીડનો લાભ ઉઠાવી આરોપી હવામાં ફાયરિંગ કરતો ગોદામમાંથી બહાર નીકળી નજીકના એક ગાળા તરફ દોડ્યો હતો.

ગાળા પાસે ઊભા રહીને આરોપીએ ફરી પોલીસ ટીમ અને રહેવાસીઓની ભીડ તરફ ગોળી છોડવા માંડી હતી. આરોપીને ડરાવવા એપીઆઈ સાવંતે તેની તરફ પિસ્તોલ તાણી હતી, પરંતુ રહેવાસીઓમાંથી કોઈને ઇજા ન થાય તે માટે વળતો ગોળીબાર કર્યો નહોતો.

ગાળા પાસેથી આરોપી એક ગલીમાં દોડ્યો ત્યારે પોલીસની ટીમ અને રોષે ભરાયેલા રહેવાસીઓએ તેનો પીછો કર્યો હતો. દોડતાં દોડતાં આરોપીએ પીછો કરનારા લોકો પર ફાયર કર્યું હતું, જેને પગલે એક રહેવાસીના પેટમાં અને બીજાના હાથમાં ગોળી વાગી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જખમીઓને તાત્કાલિક તબીબી મદદ પૂરી પાડવા પોલીસ ટીમના અમુક કોન્સ્ટેબલ રોકાયા ત્યારે એપીઆઈ સાવંતે બે કોન્સ્ટેબલ અઝીઝ તડવી અને અજિંક્ય મહાડિક સાથે કુરેશીનો પીછો કર્યો હતો. અલગ અલગ ગલીઓમાંથી દોડતા કુરેશી સુધી આખરે પોલીસની ટીમ પહોંચી હતી. પાછળથી ધક્કો મારી કુરેશીની જમીનસરસો કરી કાબૂમાં લેવાનો પ્રયાસ કરાયો હતો.

સાવંતના દબાણથી કુરેશીના એક હાથમાં પિસ્તોલ છૂટી ગઈ હતી, જ્યારે બીજા હાથે પકડેલી પિસ્તોલથી તેણે ગોળીબારનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસની ટીમ અને ગિન્નાયેલા રહેવાસીઓ તૂટી પડતાં કુરેશી નરમ પડ્યો હતો. લોકોના ટોળાએ બામ્બુ અને લોખંડના સળિયાથી ફટકારતાં કુરેશી પણ ઘવાયો હતો.

જખમીઓને સારવાર માટે કાળસેકર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આરોપી પાસેથી બે પિસ્તોલ, ચાર કારતૂસ અને ચાર મૅગેઝિન જપ્ત કરવામાં આવી હતી. આ આખી ધમાલમાં આરોપીએ ૧૨ રાઉન્ડ ફાયર કર્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. ગોળીબાર પાછળનો ઉદ્દેશ તાત્કાલિક જાણી શકાયો નહોતો.

પોલીસે કુરેશીના ફરાર આરોપીની શોધ હાથ ધરી સોશ્યલ ઈન્ફ્લુએન્સર ખાનના નિવાસસ્થાન બહાર કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ■

મહારાષ્ટ્રમાં ધોમ ધખે છે

# મુંબઈ સહિત કોંકણથી વિદર્ભ સુધી ૭૨ કલાક માટે યલો એલર્ટ

મુંબઈ: માર્ચ મહિનાની શરૂઆતમાં જ મહારાષ્ટ્રમાં કાળઝાળ ગરમી પડી રહી છે. છેલ્લા અઠવાડિયામાં રાજ્યમાં તાપમાનમાં ૩-૪ ડિગ્રી ગ્રેડનો વધારો થયો છે. કેટલીક જગ્યાએ પારો ચાલીસને વટાવી ગયો છે અને હવામાન વિભાગે યલો એલર્ટ જારી કર્યું છે. સાતમી માર્ચે રાજ્યમાં હવામાન અને તાપમાનની સ્થિતિ પરથી આ વાત સ્પષ્ટ થાય છે.

મુંબઈ સહિત ઉત્તર કોકણના જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમ અને ભેજવાળા હવામાન માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શનિવારે મુંબઈ, થાણે, રાયગડ અને પાલઘર જિલ્લામાં આ જ હવામાન સ્થિતિ આવી જ રહી હતી અને આગામી ૭૨ કલાક માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચશે અને દરિયાકાંઠાના વિસ્તાર ગરમ અને ભેજવાળા રહેશે.

મધ્ય મહારાષ્ટ્રના પુણે, સાતારા, સાંગલી, કોલ્હાપુર અને સોલાપુરમાં તાપમાનમાં ખાસ્સો વધારો થયો છે. લઘુત્તમ તાપમાન ૧૮-૨૨ ડિગ્રી વચ્ચે છે અને સવારે ઝરમર વરસાદ પડી રહ્યો છે. જોકે, બપોર પછી ગરમી વધી તાપમાન ૩૫-૩૮ ડિગ્રી સુધી પહોંચી જાય છે. મરાઠવાડામાં તીવ્ર ગરમી પડી રહી છે. મે મહિનાની કાળઝાળ ગરમી માર્ચ મહિનામાં જ પડી રહી છે. છત્રપતિ સંભાજી નગર, જાલના, બીડ, લાતુર, નાંદેડ, હિંગોલી અને પરભણી જિલ્લામાં તાપમાનમાં વધારો થયો છે. મહત્તમ તાપમાન ૩૬-૩૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮-૨૨ ડિગ્રી સેન્ટિગ્રેડ આસપાસ રહે છે. નાગપુર અને વિદર્ભના અન્ય જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન શુષ્ક અને ગરમ રહેશે. અમરાવતી જેવા વિસ્તારોમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે. કોકણમાં ગરમ અને ભેજવાળા હવામાનની ચેતવણી જારી કરવામાં આવી છે. ■

# કાંદિવલીમાં પાલિકાના કર્મચારીઓ પર હુમલો: પાંચની ધરપકડ

મુંબઈ: કાંદિવલીમાં ફેરિયાઓ વિરુદ્ધની ઝુંબેશ દરમિયાન પાલિકાના કર્મચારીઓ પર કથિત હુમલો કરવા પ્રકરણે પોલીસે પાંચ જણની ધરપકડ કરી હતી.

શનિવારે પકડાયેલા પાંચેયની ઓળખ કુલદીપ સિંહ (૨૭), મહેન્દ્ર સિંહ ચુડાવત (૩૧), શૌર્ય શૈલેષ ચારલા (૨૯) જશ હિતેશ ચારલા (૨૫) અને અસલમ ઈમ્તિયાઝ શેખ (૨૭) તરીકે થઈ હતી.

મુંબઈ મહાનગરપાલિકાના કર્મચારીઓની ટીમે શુક્રવારની રાતે ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. લોખંડવાલા સર્કલ પરિસરમાં અડ્ડો જમાવીને બેસેલા ફેરિયાઓને ખસેડવા ગયેલી પાલિકાની ટીમ પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો.

હુમલાખોરોથી બચવા કર્મચારીઓ ભાગી રહ્યા હોવાનું અને આરોપી તેમનો પીછો કરતા હોવાનું વીડિયોમાં નજરે પડ્યું હતું. બાદમાં આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ફેરિયાઓને ખસેડવાની કામગીરીમાં જોતરાયેલી અર્થમૂવર મશીનના ડ્રાઈવરની પણ પીટાઈ કરવામાં આવી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. આ પ્રકરણે સમતાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ બાદ પાંચ જણને પકડી પાડવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્ર સરકારની પાક લોન માફી અપૂરતી: ખેડૂત સંગઠન

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્યના બજેટ ૨૦૨૬-૨૭માં ખેડૂતો માટે જાહેર કરાયેલી લોન માફીને ડુંગળી ઉત્પાદકોએ અપૂરતી અને ગેરમાર્ગે દોરનારી ગણાવી છે.

શુક્રવારે બજેટ ભાષણમાં દેવેન્દ્ર ફડણવીસે ખેડૂતો માટે પુણ્યશ્લોક અહિલ્યા દેવી હોળકર શેતકરી કરજ માફી યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના અનુસાર હેઠળ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ૨ લાખ રૂપિયા સુધીની પાક લોન માફ કરવામાં આવશે. આ જાહેરાત ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલા મહાયુતિ પક્ષો દ્વારા આપવામાં આવેલા વચનને પૂર્ણ કરે છે.

મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક સંગઠનના પ્રમુખ ભારત દિઘોળએ શનિવારે આરોપ કર્યો હતો કે સરકાર ખેડૂતોના લોન રેકોર્ડ સંપૂર્ણપણે દૂર કરવાના પોતાના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. આ આંશિક લોન માફી અપૂરતી અને ગેરમાર્ગે દોરનારી છે. સરકારે ખેડૂતોના તમામ દેવા માફ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ વર્તમાન નિર્ણય ફક્ત મર્યાદિત રકમ માફ કરે છે.

દિઘોળએ નિયમિતપણે લોન ભરપાઈ કરતા ખેડૂતો માટે ૫૦ હજાર રૂપિયાની પ્રોત્સાહન સહાયની જાહેરાતની પણ ટીકા કરી હતી. ખેતી ખર્ચ વધી રહ્યો છે અને બજાર ભાવ અનિશ્ચિત છે તેવા સમયે તેને અપૂરતી ગણાવી હતી.

ખેડૂત સંગઠને માંગ કરી છે કે સરકાર ખેડૂતોના તમામ કૃષિ દેવા માફ કરે અને તેમના જમીન લોનના રેકોર્ડ સંપૂર્ણપણે દૂર કરે. નહીં તો રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે એમ પણ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# આપણે શાંતિ માટે પહેલ કરવી જોઈએ: અણ્ણા હઝારેનો વડા પ્રધાનને પત્ર

અહિલ્યાનગર: વિશ્વનું ધ્યાન હાલમાં અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ પર કેન્દ્રિત છે અને દરેક વ્યક્તિ યુદ્ધવિરામની રાહ જોઈ રહ્યું છે. આ યુદ્ધના પરિણામો વૈશ્વિક સ્તરે અનુભવાઈ રહ્યા છે અને હજારો નાગરિકોનાં મોત થયાં છે. ભારતે પણ યુદ્ધના સંદર્ભમાં પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે અને યુદ્ધ બંધ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે. ઉપરાંત, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાડી દેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોની સલામતી માટે ફોન પર સંબંધિત નેતાઓનો સંપર્ક પણ કર્યો હતો. આ દરમિયાન, હવે વરિષ્ઠ સમાજસેવક અણ્ણા હઝારેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં શાંતિ માટે પહેલ કરવા ભારતને વિનંતી કરી છે. ■

# અત્યંત ઠંડા તાપમાનમાં સરહદોનું રક્ષણ કરવા સક્ષમ રોબોનું નાગપુરમાં ઉત્પાદન કરાશે: ફડણવીસ

નાગપુર: મિહાન-એસઈઝેડમાં આગામી રોબોટિક્સ અને યુએવીની સુવિધામાં માઈનસ ૪૦ ડિગ્રી સેલ્સિયસ જેટલા નીચા તાપમાનમાં ભારતીય સરહદોનું રક્ષણ કરવા સક્ષમ રોબોટ્સનું ઉત્પાદન કરવામાં આવશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું અને એવો ઉલ્લેખ કર્યો હતો કે સૈનિકોની જગ્યાએ ચીની બોટ્સ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે.

સોલાર ગ્રુપની પેટાકંપની, સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ, નાગપુરના મિહાન-એસઈઝેડમાં ૨૨૩ એકરનો વિશાળ રોબોટિક્સ અને યુએવી પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે, જે મીડિયમ અલ્ટિટ્યૂડ લોન્ગ એન્ડ્યુરન્સ (મધ્યમ ઊંચાઈવાળા ઘણી સહનશક્તિ-એમએએલઈ) ડ્રોન અને માનવરહિત સિસ્ટમોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

રોબોટિક્સ અને યુએવી પ્લાન્ટ માટે ભૂમિપૂજન કર્યા પછી એક સભાને સંબોધતા, ફડણવીસે કહ્યું કે સમકાલીન યુદ્ધો બધા યુએવી અને ડ્રોન દ્વારા થશે.

'આપણામાંથી ઘણા લોકોએ લગભગ ત્રણથી ચાર મહિના પહેલા સોશ્યલ મીડિયા પર વીડિયો જોયા હતા કે કેવી રીતે ચીની રોબોટ્સ સૈનિકોની જગ્યાએ દેશની સરહદોનું રક્ષણ કરી રહ્યા છે.

આગામી સોલાર યુએવી અને રોબોટિક્સ સુવિધામાં માઈનસ ૪૦ ડિગ્રી તાપમાનમાં ભારતીય સરહદોનું રક્ષણ કરવા સક્ષમ સમાન પ્રકારના રોબોટ્સ બનાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે આગામી ૧,૦૦૦ દિવસમાં, ઉત્પાદનની વર્તમાન પ્રકૃતિ સંપૂર્ણપણે બદલાઈ જશે.

'દુનિયા જે રીતે બદલાઈ રહી છે, એઆઈ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ વિશ્વમાં ઉત્પાદન અને ટેકનોલોજી ક્ષેત્રને ખૂબ જ ઝડપથી બદલી રહ્યા છે.

'એવું માનવામાં આવે છે કે વિશ્વમાં ઉત્પાદન ક્ષેત્રમાં ખૂબ જ ઝડપથી મોટો અવરોધ આવી રહ્યો છે. આગામી એક હજાર દિવસમાં, ઉત્પાદનની વર્તમાન પ્રકૃતિમાં સંપૂર્ણ પરિવર્તન આવશે,' એમ તેમણે કહ્યું હતું. ■

# ૧.૨૫ કરોડની લાંચ માગવા બદલ જીએસટીના ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાશિકના વેપારી પાસેથી ૧.૨૫ કરોડ રૂપિયાની કથિત લાંચ માગવાના કેસમાં ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી) વિભાગના ડેપ્યુટી કમિશનર અને આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ અન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ કાર્યવાહી કરી હતી.

એસીબીના જણાવ્યા મુજબ લાંચની રકમ સ્વીકારનારા ખાનગી ઈસમ અમિત હિરામણ જાધવ (૩૬)ને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા પછી જીએસટીના ડેપ્યુટી કમિશનર સોમનાથ દત્તુ પાગે (૪૭) અને આસિસ્ટન્ટ કમિશનર મચ્છિન્દ્ર વિઠ્ઠલ દોંદે (૫૫) સામે પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદ અનુસાર વેપારીની નાશિકના દામોદર ચોક ખાતેની ઑફિસ પર જીએસટીની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઑફિસની તપાસ વહેલી સમેટી લેવા માટે આરોપીએ ફરિયાદી પાસેથી ૧.૨૫ કરોડ રૂપિયાની માગણી કરી હતી.

જોકે બાદમાં તડજોડ કરી એક કરોડ રૂપિયા સ્વીકારવાનું આરોપીએ નક્કી કર્યું હતું.

ફરિયાદીને લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી તેમણે પહેલી માર્ચે એસીબીની વરલી યુનિટની ઑફિસમાં ફરિયાદ કરી હતી. એસીબી દ્વારા ફરિયાદની ખાતરી કરવામાં આવ્યા પછી શનિવારે ફરિયાદીની દામોદર ચોક ખાતેની ઑફિસમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓ વતી અમિત જાધવ લાંચની રકમમાંના પહેલા હપ્તા કરીકે ૨૦ લાખ રૂપિયા લેવા બપોરે ફરિયાદીની ઑફિસે આવ્યો હતો. એસીબીએ જાધવને લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યો હતો. બાદમાં એસીબીએ આરોપી સોમનાથ પાગેની ઑફિસમાંથી બે લાખ રૂપિયા પણ હસ્તગત કર્યા હતા.

આ પ્રકરણે નાશિકના ઈન્દિરા નગર પોલીસ સ્ટેશનમાં ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. એસીબીએ વધુ તપાસ માટે આરોપીના મોબાઈલ ફોન જપ્ત કર્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# મહારાષ્ટ્ર સરકારે સાસૂન ડોકને આધુનિક બનાવવા માટે ફિનિશ કંપનીઓ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શનિવારે સાસૂન ડોકને આધુનિક બનાવવા અને તેને વિશ્વ કક્ષાના માછીમારી બંદરમાં રૂપાંતરિત કરવા માટે ત્રણ ફિનિશ કંપનીઓ સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા.

મહારાષ્ટ્ર ફિશરીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશને અહીં આયોજિત એક કાર્યક્રમમાં ફિનલેન્ડ સ્થિત કંપનીઓ, હેલ્વર, મિરાસિસ અને રિવર રિસાયકલ સાથે કરાર કર્યો છે. આ પ્રસંગે બોલતા, રાજ્યના મત્સ્યઉદ્યોગ પ્રધાન નિતેશ રાણેએ જણાવ્યું હતું કે સાસૂન ડોક દેશના મુખ્ય માછીમારી બંદરોમાંનું એક છે અને મહારાષ્ટ્રના મત્સ્યઉદ્યોગ અર્થતંત્રમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું હતું કે બંદરમાં હાલમાં લગભગ ૧,૫૬૦ રજિસ્ટર્ડ મિકેનાઇઝ્ડ માછીમારી બોટ છે અને સરેરાશ વાર્ષિક ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ મેટ્રિક ટન માછલીનું ઉત્પાદન નોંધાય છે.

રાણેએ કહ્યું કે બંદરનો વિકાસ રાજ્ય સરકાર માટે પ્રાથમિકતા છે, કારણ કે તે માછીમાર સમુદાય માટે એક મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ધ્યાન દોર્યું કે તાજેતરના વર્ષોમાં બંદર પર અનેક માળખાકીય સુવિધાઓના કામો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં નેટ-મેન્ડિંગ શેડ, વર્કશોપ, ભૂગર્ભ પાણીની ટાંકીઓ, પાણીની પાઇપલાઇનો, પંપ હાઉસ અને રક્ષણાત્મક દિવાલોનું બાંધકામ, જાહેર સુવિધાઓનું નવીનીકરણ સામેલ છે. ■

# ૨૦૧૭માં અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને ૪૬ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આઠ વર્ષ અગાઉ અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને ૪૬.૫૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ૨૬ ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં (જેની નકલ બુધવારે પ્રાપ્ત થઇ હતી) ટ્રિબ્યુનલે વીમા કંપનીને પ્રથમ રૂપિયા ચૂકવવા અને બાદમાં તે જીવલેણ અકસ્માત માટે જવાબદાર વાહનના માલિક પાસેથી વસૂલવાના નિર્દેશ આપ્યા હતા. પ્રમોદ નામદેવ નાઇક (૩૫) જીપમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે પાલઘર જિલ્લામાં બેદરકારીપૂર્વક અને પૂરઝડપે હંકારવામાં આવી રહેલી 'હાયના ટ્રક' સાથે તે અથડાઇ હતી. ■

# તાડોબા જંગલમાં આયર્ન માઈન પ્રોજેક્ટની પરવાનગી રદ કરવા માટે કાર્યકર્તાના ઉપવાસ

ચંદ્રપુર: મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં તાડોબા-અંધારી વાઘ અભયારણ્યને આસપાસના જંગલો સાથે જોડતા તાડોબા કોરિડોરમાં પ્રસ્તાવિત લોહરડોંગરી લોખંડ ખાણ પ્રોજેક્ટની મંજૂરીનો વિરોધ કરતા કાર્યકર્તા બંડુ ધોત્રે દ્વારા શરૂ કરાયેલી ભૂખ હડતાળ શનિવારે ત્રીજા દિવસમાં પ્રવેશી હતી.

ધોત્રેએ પાંચમી માર્ચે જિલ્લા કલેક્ટર કચેરીની બહાર શરૂ કરેલા વિરોધ પ્રદર્શનને પર્યાવરણવાદીઓનો ટેકો હોવાનો દાવો કર્યો હતો. જિલ્લામાં વાઘ-માનવ સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો હતો, ત્યારે ખાણને ખૂબ જ મહત્વપૂર્ણ કોરિડોરમાં વન્યજીવનની પરવાનગી આપવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

ધોત્રેએ એવો આરોપ લગાવ્યો હતો કે સરકાર ચંદ્રપુર જિલ્લામાં વધતા માનવ-વાઘ સંઘર્ષને પહોંચી વળવા માટે ૨૦૨૧માં રચાયેલી સમિતિની કાર્ય યોજના અને ભલામણોનો અમલ કરવામાં નિષ્ફળ ગઈ છે.

'ગ્રામજનો અને વન અધિકારીઓ સાથે પરામર્શ કર્યા પછી, સમિતિએ જાન્યુઆરી ૨૦૨૧માં રાજ્ય સરકારને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

ઓક્ટોબર ૨૦૨૧માં રાજ્ય વન્યજીવન સલાહકાર બોર્ડની ૧૭મી બેઠક દરમિયાન તેની ભલામણોની ચર્ચા કરવામાં આવી હતી, જ્યાં અહેવાલને ઔપચારિક રીતે સ્વીકારવામાં આવ્યો હતો.

જોકે, કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી,' એવો દાવો ધોત્રેએ કર્યો હતો. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**વધારાની લૂપ લાઈન્સની જોગવાઈના સંબંધમાં ટીઆરડી કામ**

**ટેન્ડર નં. ૧૩-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ચુડા, રાનપુર, ઉજલવાવ, આલમપુર ખાતે અને વઢવાણ સિટી તથા સાવરકુંડલામાં ડેડ એન્ડ ખાતે વધારાની લૂપ લાઈન્સ જોગવાઈના સંબંધમાં ટીઆરડી કામ. **ટેન્ડરની રકમ:** ₹ ૫,૬૧,૩૭,૨૭૯.૪૪/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૪,૩૦,૭૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૦૨-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક** સુધી છે. BVP-292

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે બાંધકામ કામો**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, મુંબઈ-૨૦ ટેન્ડર નં.: ડે. ચી. (C)CCG/૩૫૭(EPC) મંગાવે છે. **કામનું નામ:** EPC મોડ પર પશ્ચિમ રેલવે વઢવાણ પોર્ટ & નવી પાલઘર વચ્ચે નવી ડબલ લાઈન સાથેના સંબંધમાં મુંબઈ ડિવિઝનના **વિરાર-સુરત સેક્શન** પર બોઇસર અને વાણગાંવ સ્ટેશનો વચ્ચે ડબલ લાઈન રેલવે ફ્લાયઓવર, ક્રોસિંગનું બાંધકામ. **NIT મૂલ્ય:** ₹ ૫૩૧,૦૯,૫૭,૮૯૦.૩૩. **બારડી:** ₹ ૨,૦૦,૦૦,૦૦૦/-. **ઈ-બીડ બંધ થવાની તારીખ:** ૧૮.૦૬.૨૦૨૬, ૧૧.૦૦ ક. સુધી. **ઈ-બીડ ખોલવાની તારીખ:** ૨૬.૦૬.૨૦૨૬ના ૧૬.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1193

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**ઈન્ટરલોકિંગ અને ભાવનગર ટર્મિનસ સ્ટેશનના પુર્નવિકાસના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નં. ૧૨-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ: ૧)** ભાવનગર ટર્મિનસ (બીવીસી) યાર્ડ ઈન્ટરલોકિંગના રિમોડેલીંગ અને સુધારણા અને **૨)** ભાવનગર ટર્મિનસ : ભાવનગર ટર્મિનસ સ્ટેશનના પુર્નવિકાસના સંબંધમાં TRD કામ. **ટેન્ડર રકમ:** ₹ ૨,૫૭,૩૮,૭૮૭.૦૬/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૨,૭૮,૭૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૩૦-૦૩-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-291

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ**

**EOI નોટીફિકેશન નં. ADI/OPTG/01/2026 તારીખ : ૦૫/૦૩/૨૦૨૬**

**વિગત : ઈ-બિડ**

**કામનું નામ:** અમદાવાદ મંડળ (પ.રે.) ના સંચાલન વિભાગના મલ્ટી-ડિસિપ્લિનરી ડિવિઝનલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ માટે મિનિએચર મોડ્યુલ અને સિમ્યુલેશન-આધારિત મૉડેલ રૂમના વિકાસ માટે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ (EOI) માટે માંગણી.

**ઈ-બિડ જમા કરાવવાની અને તેની ખુલવાની તારીખ અને સમય :- તારીખ : ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે.** અધિકૃત સહીકર્તા દ્વારા યોગ્ય રીતે સહી કરેલ કવર લેટર સહિતની એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ તમામ જરૂરી દસ્તાવેજો સહિત સીલબંધ કવારમાં રજૂ કરવાની રહેશે અથવા eoimrsbt@gmail.com ખાતે ઇમેઇલ દ્વારા અથવા GEM મારફતે ઓનલાઈન મોકલી શકાશે. પ્રસ્તાવોની રજૂઆત અને પુછપરછ માટે ઓફિસની વિગતો નીચે આપવામાં આવેલ છે.

**વેબસાઈટ વિગતો જ્યાંથી બિડ દસ્તાવેજ ડાઉનલોડ કરી શકાશે, ઓફિસનું સરનામું અને નોટીસ બોર્ડનું સ્થાન જ્યાં બિડની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે : વેબસાઈટ :** https://gem.gov.in/ **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઓપરેશન્સ) ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પ્રથમ માળ, ઓપરેટીંગ વિભાગ, ચામુંડા માતા મંદિર પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, પોસ્ટ: સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૫ (ગુજરાત). ADI-301

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**

CAMBRIDGE®
COLABA
MADE TO MEASUREMENTS SUIT
from Raymond fabric
₹4,595/- Onwards



Kartar Bhavan, Opp. H.P. Petrol Pump, S.B.S. Road near Electric House,
Colaba, Mumbai-400 005, Tel: 9619040470 / 9867343234 / 66342437


# મહારાષ્ટ્ર દેશમાં સૌથી વધુ દેવાદાર રાજ્યઃ દેવાનો બોજ ₹ ૧૧ લાખ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચાલુ નાણાકીય વર્ષમાં રાજ્ય પર ૯ લાખ ૩૭ હજાર કરોડનું દેવું હતું, પરંતુ આગામી નાણાકીય વર્ષમાં દેવાનો બોજ ૧૧ લાખ કરોડને વટાવી જશે. નાણા વિભાગના અધિકારીઓ કહે છે કે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી સહિત વિવિધ બોર્ડના દેવાને રાજ્યના સંયુક્ત દેવામાં સામેલ કરવામાં આવ્યા હોવાથી એક વર્ષમાં દેવાનો વધારો ૨.૫ લાખ કરોડ થયો છે.

રાજ્યની કુલ રાજ્ય આવકના ૨૫ ટકાની અંદર દેવાનો ગુણોત્તર હોવાના ધોરણો છે. બજેટ દસ્તાવેજોમાં જણાવાયું છે કે આગામી નાણાકીય વર્ષના અંત સુધીમાં રાજ્ય પર દેવાનો બોજ ૨૦.૩૮ ટકા રહેશે. છેલ્લા દસ વર્ષમાં આ સૌથી વધુ દેવાનો ગુણોત્તર છે.

રાજ્ય પર ચાલુ નાણાકીય વર્ષમાં દેવાનો બોજ ૯ લાખ ૩૭ હજાર કરોડ રહેશે. આગામી નાણાકીય વર્ષમાં આ દેવું ૧૧.૦૨ લાખ કરોડ થશે. આમાંથી ૯૦ હજાર કરોડનું દેવું કેન્દ્ર સરકારનું છે અને કેન્દ્ર સરકાર તે રકમ ચૂકવશે, તેથી દેવાનું પ્રમાણ વધે તો પણ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







# આજે મધ્ય અને હાર્બર લાઈનમાં બ્લોક

મુંબઈઃ મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેનના ટ્રેક તેમ જ સિગ્નલ સિસ્ટમ સહિત મહત્વના ટેક્નિકલ મેઈન્ટેનસ વર્ક માટે રવિવારે ૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મધ્ય રેલવે પર માટુંગા-મુલુંડ વચ્ચે સવારે ૧૧ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી અપ ડાઉન ફાસ્ટ લાઈન પર બ્લોક હાથ ધરાશે. બ્લોકના સમયગાળા દરમિયાન માટુંગા અને મુલુંડ વચ્ચે અપ ડાઉન ફાસ્ટ લોકલ ટ્રેનો અપ ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આના કારણે ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતા ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડશે.

હાર્બર લાઈન પર કુર્લા-વાશી વચ્ચે અપ ડાઉન લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી -પનવેલ, બેલાપુર અને વાશી વચ્ચે અપ ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર બંધ રહેશે. જોકે રેલવે દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે સીએસએમટી-કુર્લા વચ્ચે અને વાશી-પનવેલ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે પર દિવસ દરમિયાન કોઈ બ્લોક હાથ નહીં ધરવામાં આવે જેને કારણે રવિવારે પશ્ચિમ રેલવે પર ટ્રેનો નિયમિત સમયપત્રક મુજબ ચાલશે. ■


જીવનધારા વૃધ્ધાશ્રમ પરિવાર દ્વારા ચાલતી પ્રવૃતિઓ
આશીર્વાદ દાતાઃ- પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ (ગુરૂ મા)
શ્રી વાસુપૂજ્ય વિહાર જીન મંદિરના સાનિધ્યમાં
માનવ સેવા તથા જીવદયાના કાર્યો કરતી ગુજરાતની અગ્રગણ્ય સંસ્થાના સુકૃત કાર્યોમાં જોડાવા અપીલ
૩૬૦ વડીલોનું આશ્રયસ્થાન જીવનધારા વૃધ્ધાશ્રમ, હાલ ૨૯૦ થી વધુ વડીલો નાતજાતનાભેદભાવ વિના આશ્રયસ્થાન મેળવી રહેલ છે.
૮૦ થી વધુ પથારીવશ વડીલો, વૃધ્ધાશ્રમોમાં ગુજરાતનું પ્રથમ પેરાલીસીસ રીહેબ સેન્ટર જીવનધારામાં, રોજ ૧ ટાઇમનું ૪૦૦ થી વધુ વ્યક્તિનું શુધ્ધ સાત્વિક જૈન ભોજન પીરસવામાં આવે છે.
ભગવાન મહાવીર મેડીકલ સેન્ટર મહીને ૨૦૦૦ થી વધુની ઓપીડી વિનામુલ્યે તથા રાહત દરે, આશ્રમવાસી વડીલો માટે વિનામુલ્યે
ભગવાન મહાવીર આઇકેર હોસ્પીટલ વાર્ષિક ૧૫૦૦ થી વધુ મોતીયાના ઓપરેશનો, ૧૨૦૦ થી વધુ છારી વેલ ના ઓપરેશનો વિનામુલ્યે તથા રાહત દરે કરવામાં આવે છે.
સિનીયર સીટીઝન ટિફીન સેવા સંસ્થાની આજુબાજુના ૫ કિ.મી વિસ્તારમાં રહેતા સિનીયર સીટીઝનોને વિનામુલ્યે તથા રૂ.૧૦ ના ટોકન ચાર્જ થી ટિફીન ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે.
ભગવાન મહાવીર ફિઝીયોથેરાપી સેન્ટર આશ્રમવાસી વડીલો માટે તદ્દન ફ્રી બહારના સારવાર્થી રાહત દરે
ભગવાન મહાવીર ડેન્ટલ ક્લિનીક આશ્રમવાસી વડીલો માટે વિનામુલ્યે તથા રાહતદરે
વૃંદાવન ગીર ગૌશાળા (જીવદયાનગર):- ખેડા કાજીપુરા મધ્યે વૃંદાવન ગીર ગૌશાળા આવેલ છે. ૧૫૪ થી વધુ ગૌમાતા અને તેમના વંશજો આશ્રય લઇ રહ્યા છે. ૧૦૦૦ થી વધુ ગૌમાતા આશ્રય લઇ શકે તેટલી જમીન સંસ્થા પાસે ઉપલબ્ધ છે. જેનું વિકાસ કાર્ય ચાલુ છે.
લબ્ધિવિક્રમ ખીચડી ઘરઃ-
રોજ ૧૦૦૦ થી વધુ વ્યક્તિને મોબાઇલ વાન દ્વારા ખીચડી પહોંચાડવામાં આવે છે.
જીવનધારા વૃધ્ધાશ્રમ બની રહ્યુ છે જીવનધારા વાત્સલ્યધામ, ૨૫૦૦ વડીલો તથા જરૂરીયાતમંદ માટે નું આશ્રયસ્થાન, પ્રથમ તબક્કામાં ઉષા-જીત ભગવાન મહાવીર હોસ્પિટલ બનશે.
જો આપને યોગ્ય લાગેતો સંસ્થાની વિવિધ યોજનાઓમાં સહકાર આપવા આપાવવા નમ્ર અરજ છે.
સંપર્ક :- ૯૦૯૯૯ ૩૦૫૮૨, ૯૭૨૫૫ ૨૧૧૭૦, ૮૭૫૮૪ ૧૩૫૬૪, ૯૯૭૮૦ ૧૫૪૨૪
જો આપ સંસ્થાની વિઝીટ કરવા માંગો છો તો સંસ્થામાં ફોન ઉપર જણાવશો તો આપને લાવવા લઇ જવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે
ACCOUNT NAME: MANAV SEVA SAMAJ KALYAN TRUST
BANK NAME : Kotak Mahindra Bank
ACCOUNT NO: 9312459209 • IFSC CODE : KKBK0002584
આપની બિનઉપયોગી ચીજવસ્તુ સંસ્થાને આપી શકો છો.
આપના દ્વારા આપવામાં આવેલ દાન કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે. CSR ફંડ સ્વીકાર્ય છે.
જીવનધારા વૃધ્ધાશ્રમ, પદ્માવતીનગર, ઇન્દિરાનગર વિ-૨, લાંભા, અમદાવાદ-૩૮૨૪૦૫



ammpalholidays@gmail.com
We Deliver What We Promise !
We Believe in Providing Luxurious Experiences !
Ammpal HOLIDAYS



KENYA
EXPERIENCE AFRICA'S UNTAMED BEAUTY, NATURE AT ITS MAJESTIC BEST!
8 DAYS TOUR BY AMMPAL HOLIDAYS.
TOUR DATE
May 21st | June 4th (Sold Out) | 18th
NAIROBI • MOUNT KENYA REGION • LAKE NAIVASHA • MASAI MARA
Delic-ious Cuisines Veg & Jain Meals at Hotels | Tour Inclusive of Air Fare* | Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager | Sightseeing in Super Deluxe A/c Luxury Coaches | Stay at Luxurious Hotels
*T & C APPLY.
AMMPAL HOLIDAYS Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઇ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઇ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઇ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઇ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઇડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઇ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઇ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઇ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ 'સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ'ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત